

પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક

કુમાર

સંસ્થાપક : ર. મ. ર.

તંત્રી : ધીરુ પરીખ

સળંગ અંક ૮૯૦ • ફેબ્રુઆરી ૨૦૦૨ વર્ષ ૭૫મું

'કુદરતને ખોળે'
("CHILD CARE")

આ તસવીરને જપાનના ઑશાકા શિમ્બુ તરફથી આ વર્ષે યોજાયેલ ઈન્ટરનૅશનલ ફોટોગ્રાફી હરીફાઈમાં ગોલ્ડમેડલ પ્રાપ્ત થયેલ છે. સમગ્ર વિશ્વના દેશોમાંથી ફોટોગ્રાફરોએ તેમની પ્રિન્ટો દ્વારા તેમાં ભાગ લીધેલો, જેમાંથી અનેક તસવીરોને પસંદ કરવામાં આવેલી. વ્રજ મિસ્ત્રીની આ ડિજિટલ તસવીર કેવી રીતે બની તેની વિગત તેમના શબ્દોમાં આ અંકમાં અન્યત્ર દર્શાવેલી છે.



બેલે નર્તિકાઓ] [ચિત્રકાર : દેગા

ઈ.સ. ૧૮૯૫માં તૈયાર કરેલા બેલે નર્તિકાઓના આ ચિત્રમાં વિશ્વપ્રસિદ્ધ ચિત્રકાર દેગાની નૃત્યાનુરૂપ લયાત્મકતા અને અંતરના આનંદની અભિવ્યક્તિ સમી રંગરમણા તથા આકૃતિ અને રંગોનું સંયોજન ચિત્રકારની સર્જકતાની પ્રતીતિ કરાવે છે. પૅરિસના એક અંગત સંગ્રહાલયમાં આ ચિત્ર સંગ્રહાયેલું છે. (જુઓ આ અંકમાંની કલાવાર્તા)

કુમાર
KUMAR
Editor : DHIRU PARIKH
Phone : 2143745
પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક
An Encyclopedic Family Magazine of High Taste
1454, Raipur Chakla, Ahmedabad - 380 001. INDIA

અનુરોધ-પત્ર

સુજ્ઞ સ્નેહીશ્રી,

આપ ઘણા સમયથી 'કુમાર'ના ગ્રાહક-વાચક રહ્યા છો. આપ એ જાણો છો કે કલાગુરુ રવિશંકર રાવળે ૧૯૨૪માં સ્થાપેલું 'કુમાર' ૭૫ વર્ષ વટાવી ચૂક્યું છે. શ્રી બચુભાઈ રાવતે એને પૂરેપૂરું સંસ્કાર્યું અને સંવર્ધ્યું. પરન્તુ વચ્ચે ત્રણ વર્ષનો આકસ્મિક સ્થગિતકાળ આવી ગયો. આથી ઈ.સ. ૨૦૦૨નું વર્ષ એના પ્રકાશન-સાતત્યનું ૭૫મું વર્ષ હશે.

આ પંચોતેર વર્ષથી 'કુમાર' સંસ્કારપોષક અને જ્ઞાનવર્ધક વાચનસામગ્રી પીરસતું આવ્યું છે. એનું સર્વક્ષેત્રીય કાઠું ઉત્તરોત્તર ગજું કાઢતું રહ્યું છે. વળી, છેલ્લાં પાંચેક વર્ષથી તો કુમાર સરેરાશ વાર્ષિક ૮૦૦ થી વધુ પૃષ્ઠોનું વાચન આપતું આવ્યું છે. એ પૃષ્ઠસંખ્યામાં હજુ પણ વૃદ્ધિ કરવાનો અમારો મનસૂબો છે. અમને શ્રદ્ધા છે કે 'કુમાર'નું વાચન આપને સંતર્પક રહ્યું હશે.

આ ૭૫મા વર્ષના પ્રકાશનપર્વે અમે આપને આ પત્રથી અનુરોધ કરીએ છીએ કે આપ તો ગ્રાહક તરીકે ચાલુ રહો જ અને સાથે સાથે એક નવા ગ્રાહકને નોંધી આપો. આથી આવા સંસ્કાર-પત્રને ચલાવવામાં પ્રોત્સાહન રહેશે.

આ ૭૫મા પ્રકાશનપર્વ નિમિત્તે અને આંતરરાષ્ટ્રિય પુસ્તક વર્ષ નિમિત્તે અમે જે શાળા-મહાશાળા કે વિદ્યાર્થીઓ નવા ગ્રાહક થવા માગતા હશે તેને માટે લવાજમ માત્ર રૂ. ૧૦૦=૦૦ રાખ્યું છે. *શાળા-મહાશાળા કે વિદ્યાર્થીએ શાળાનું પ્રમાણપત્ર મોકલવાનું રહેશે. આ યોજનાનો લાભ કાર્યાલયને સીધું લવાજમ મોકલનાર જ લઈ શકશે.*

આ ૨૦૦૨ના વર્ષ દરમિયાન નવા ગ્રાહક થનારને કે જેમનું લવાજમ જે તે માસમાં પૂરું થતું હોય ત્યારે નવું લવાજમ રૂ. ૧૫૦=૦૦ મોકલી ગ્રાહકપદ ચાલુ રાખનારને લગભગ ૪૦ પૃષ્ઠની એક પુસ્તિકા ભેટ મોકલાશે, જેમાં 'કુમાર'ના છેલ્લા પાને આવેલાં આરોગ્યસૂત્રો સંગૃહીત કરવામાં આવ્યાં હશે.

'કુમાર'નો ૭૫મા પ્રકાશન-વર્ષમાં પ્રવેશ : સ્થાનસમર્પિત યોજના

આ અંકથી 'કુમાર' ૭૫મા પ્રકાશન-વર્ષમાં પ્રવેશે છે એ નિમિત્તે 'કુમાર'ચાહકોને સ્થાનસમર્પિત યોજનામાં સહયોગ આપવા હાર્દિક અપીલ છે.

સ્થાનસમર્પિત આખું પાનું રૂ. ૧૦૦૦/-, અડધું પાનું રૂ. ૫૦૦/-

આ પાના પર આપ જીવનપોષક અવતરણ મૂકી શકશો અથવા અમે તે આપના વતી પસંદ કરીને મૂકીશું.

આપની રકમનો ચેક અથવા ડ્રાફ્ટ 'કુમાર કાર્યાલય લિમિટેડ'ના નામે લખશો અને 'કુમાર'ના સરનામે મોકલી આપશો તેવી વિનંતી.

'કુમાર'નું વાર્ષિક લવાજમ રૂ. ૧૫૦=૦૦ છે તથા પરદેશનું લવાજમ હવાઈ માર્ગે રૂ. ૧૦૦૦=૦૦ અથવા ડૉલર ૨૫ અથવા પાઉન્ડ ૧૫ રાખવામાં આવ્યું છે. આપના લવાજમનો ડ્રાફ્ટ-ચેક 'કુમાર કાર્યાલય લિ.'ના નામનો લખવા વિનંતી છે. બહારગામની બૅન્ક પરના ચેકમાં બૅન્ક કમિશનના રૂ. ૨૫=૦૦ ઉમેરવા. લવાજમ મનિ ઑર્ડરથી પણ મોકલી શકાય છે. રૂબરૂમાં લવાજમ ભરવા માટે કાર્યાલયનો સમય સવારે ૧૧-૦૦થી ૫-૦૦નો રહેશે.

સ્નેહાધીન,

તંત્રી, કુમાર

હીરાલાલ હરિલાલ ભગવતી (ચૅરમેન)
ભાલચંદ્ર રતિલાલ શાહ
બિહારીલાલ પોપટલાલ શાહ
(ડિરેક્ટરો)

વાચકો લખે છે

'કુમાર' અંક ૮૮૮ ડિસેમ્બર ૨૦૦૧માં કમલા પરીખનો 'કાનનદેવી'નો ખૂબ જ માહિતીપ્રધાન લેખ વાંચી ઘણો જ આનંદ થયો. આ લેખની શરૂઆતમાં જે ગીત તેમણે લખી જણાવ્યું છે તે સંગીતકાર કમલદાસ ગુપ્તાએ સંગીત-બદ્ધ કરેલી ફિલ્મ 'હૉસ્પિટલ'નું ગાયિકા અભિનેત્રી કાનનદેવીએ ગાયેલું છે. આ અધૂરું ગીત લખ્યું છે. ગીતની શરૂઆતના શબ્દો 'પ્રભુજી, પ્રભુજી તુમ રાખો લાજ હમારી' છે. તેમજ આ ગીતની બાકીની વચ્ચેની કડીઓ આ પ્રમાણે છે :

'ચેન ન દેખ રહી હૂં સપના
સપના ભી ક્યા હોતા અપના
જો કુછ હુઆ તેરી મરજી સે
મૈં થી ભોલી નારી...
તુમ રાખો લાજ હમારી'

આ હૃદયસ્પર્શી ગીત વાચકો તેમજ સંગીતપ્રેમીઓ પૂરું જાણે તે હેતુથી લખેલ છે. તેમણે અન્ય ગાયેલાં ગીતો જેવાં કે ફિલ્મ 'વિદ્યાપતિ'માં 'હમરી નગરિયા મેં આયે બસો બનવારી' અને 'ડોલે હૃદયકી નૈયા પગ ધરત ડરત હૈ ખેવૈયા' તેમજ ફિલ્મ 'હારજીત'નું 'તુમ મનમોહન તુમ સખિયન સંગ હંસહંસ' ખૂબ જ ભક્તિભાવપૂર્ણ રીતે ગવાયેલાં છે. ફિલ્મ 'સપેરા'માં પણ કાનનદેવીએ ગાયેલાં ગીતો 'પી પી પી ડાલ ડાલ ઔર કૂંજ કૂંજ' અને 'સપનો મેં કોઈ આતા હૈ કુછ ચૂપક સે' ખરેખર સાંભળવા જેવાં છે.

'કુમાર' ઉપર ઑગસ્ટ ૧૯૯૨માં 'કંકાવટી' કૉલમમાં 'એક વિસરાયેલો કંઠ' લેખ 'કાનનદેવી' વિશે માહિતી આપતો હતો, પરંતુ તેના કરતાં કમલા પરીખનો લેખ વધુ વિસ્તૃત છે. 'કુમાર' ૮૮૨ જૂન ૨૦૦૧માં 'વાચકો લખે છે' વિભાગમાં સુરતના રમેશ શાહે કે.સી.ડે.એ ગુજરાતી ભજનો પણ ગાયાં છે. અને તેની રેકર્ડની માહિતી આપી હતી અને સાથે સાથે તેમને તે ગીતો શ્રોતાઓ સાંભળે તેવી ઈચ્છા પણ વ્યક્ત કરી હતી. આ બાબતને અનુલક્ષીને મેં તેમને 'કુમાર' ૮૮૪માં 'વાચકો લખે છે' તેમાં તેમને' કંકૂનો સૂરજ નામે આકાશવાણી અમદાવાદ પરથી દર મંગળવારે સવારે ૮-૩૦ વાગે જૂની ગ્રામોફોન રેકર્ડનો કાર્યક્રમ પ્રસારિત થાય છે તો તેમાં આ ગીતો પ્રસ્તુતકર્તાનો સંપર્ક સાધશો તો સંભળાવશે તેવું જણાવેલું અને મેં આકાશવાણીને આ કાર્યક્રમ બાબતમાં આ ગીતો સંભળાવવા વિનંતી કરતો પત્રવ્યવહાર પણ કરેલો. જ્યારે કે.સી.ડે. એ ગાયેલાં ગુજરાતી ભજનો આકાશવાણી પરથી સાંભળ્યાં ત્યારે 'કુમાર' માસિકના 'વાચકો લખે છે' વિભાગનું મહત્ત્વ ઉમદા સાબિત થયું. વાચકો જ્યારે 'વાચકો લખે છે' તે વિભાગ દ્વારા પોતાની બાબતો રજૂ કરે છે અને જ્યારે તેનો પ્રતિભાવ તેમાં સામેલ કરે ત્યારે ખરેખર ઉપયોગી થઈને આનંદદાયક બની જાય છે.

-ભીખુભાઈ એચ. પરમાર (આણંદ)

*

'કુમાર'નો દીપોત્સવી અંક વાંચ્યો. વરસોથી 'કુમાર'ની ચાહક છું. મારી સાહિત્યરુચિનું મારી સાહિત્ય-પ્રીતિનું પોષક છે. દીપોત્સવી અંકમાંની બધી કવિતાઓ બેનમૂન છે. લેખોમાં 'એક હસીં શામ કો' તથા કલાજગતને લગતા લેખો બધ્ધું સારું હતું પણ શ્રેષ્ઠ તો હતી હરિકૃષ્ણભાઈ પાઠકના 'પીડના દુહા'. એમની પીડ પ્રત્યેની પ્રીતિથી આફરીન થઈ જવાયું. બસમાં મુસાફરી કરતાં કરતાં લગભગ પાંચેક વાર વાંચ્યું કે જેમ પીડ પ્યારી હોય છે એમ આંસુઓ પણ જાણે આત્મીય હોય છે. પાંચમી વારના વંચાણે પીડના દુહા ફરીથી હૃદયે આવીને કોતરાઈ ગયા! એક એક દુહો વેદવાક્ય છે. એમાંયે પીડ ખરી એ જાણવી, જે મૂંગું કોરી ખાય ભીતર સારે શારડી બહાર કશું ન કળાય. અને એ દુહા પર તો આફરીન થઈ જવાયું! ખરેખર પીડા ન હોત તો કદાચ કવિ જ ન હોત ! પીડ અને કવિ એકબીજાંના પર્યાય છે. ભલે પ્રેમ પણ માણસને કવિ બનાવે છે પણ 'પ્રેમ' માણસને 'સ્વ' તરફ વાળે છે જ્યારે પીડા કવિને 'સમષ્ટિ' તરફ વાળે છે.

-ઊર્મિલા જુંગી 'ઉમા' (રાજકોટ)

*

'કુમાર' પદ્ય તથા ગદ્યસામગ્રી સુંદર સુશ્લિષ્ટ વાચન પૂરું પાડે છે. જીવનચરિત્રો એ એની આગવી દેન છે. હમણાં શ્રીમતી કમલા પરીખ દ્વારા બે જીવનચરિત્રો યુથિકા રૉય તથા માર્ગરેટ સેંગર વાંચી સુખદ માહિતી અને જ્ઞાનવર્ધક અનુભવ થયો. આવાં જીવનચરિત્રો માનવીને જીવન જીવવાની રીત તથા બળ પૂરું પાડે છે. કાવ્ય વિભાગમાં આવતી નોંધ અનિયમિત થઈ છે. તે કાયમ આપો તો સારું.

-દેવેન્દ્ર દવે (મહેસાણા)

*

ડિસેમ્બર, ૨૦૦૧નો 'કુમાર'નો અંક સુરુચિપૂર્ણ છે. એમાંય કમલા પરીખ લિખિત 'કાનનદેવી' લેખે ઘણીબધી મીઠી મીઠી પળોનું સર્જન કરી આપ્યું. કેટલાંક સુંદર લોકપ્રિય ગીતો શૈશવમાં ખૂબ લગાવથી મનમાં ને મનમાં ગાયાં છે. કમલાબહેન કાનનદેવી માટે આવું સ-રસ, સભર લખે એમાં કેટલું બધું ઔચિત્ય છે ! ડૉ. નરોત્તમ વાળંદે 'જૂની રંગભૂમિ પર સ્ત્રીઓની અદાકારી' નામે સારો લેખ કર્યો છે. આમાંની કેટલીક અભિનેત્રીઓને રંગમંચ પર જોઈ છે. ડૉ. વાળંદે પરિશ્રમ લઈ લેખ કર્યો છે. આવું આવું ગુજરાતમાં તસવીર સાથે છાપે એનું નામ જ 'કુમાર'.

-દિનકર ભોજક (વિસનગર)

*

'કુમાર' અંક ૮૮૯માં 'અતીતમાં અવગાહન'માં પ્રથમ અંકની થોડી વાનગીઓ જોઈ - એ અંક કેવો હશે એ જાણવાની જિજ્ઞાસા થઈ. પ્રકટ થનાર ૯૦૦મા અંકમાં એ અંક ૧ રી-પ્રિન્ટ ન કરી શકાય ? -ગિરીશ દામાદ્રા (ગોંડલ)

કળજુગનો પર્યાય શું હિંસા જ બની રહેશે ?

રાધેશ્યામ શર્મા

હળાહલ ઝેર જેવો કળજુગ જગતના શરીરની નસેનસમાં, શિરાએ શિરામાં વ્યાપી વળ્યો છે ત્યારે કયું ઔષધ, કયો ઉપચાર કામ લાગશે ? કળજુગનો અર્થ જ આજના સંયોગોમાં હિંસા કરવો ઘટે.

વ્યક્તિગત તેમજ સમસ્ત રાષ્ટ્રના જીવનમાં ચારે દિશાઓ હિંસાના હિંડોળામાં હીંચી રહી છે ! કુટુંબોમાં ક્લેશ-કંકાસની હોળી, સમાજમાં અભાવો-ઊણપો-અસમાનતાની હોળી, રાષ્ટ્રમાં મારા-તારાની રાજરમતોની હોળી અને આંતરરાષ્ટ્રિય કક્ષાએ પોતાની જ સરસાઈ ઘૂંટવાની હઠમાં હત્યાકાંડોની આતંકભીની હુતાશની સળગી રહી છે. માનવજાતનાં ફૂલોનું, મુરઝાઈને નિકન્દન નીકળી જવાના સંજોગો ભાગ્યવિધાતાએ ઘડી આપ્યા હોય એમ કાળનું સત્યાનાશી ચક્ર ચાલી રહ્યું છે. આખી આલમ ચાર પ્રકારના ભાવોમાં રમે અને વિરમે છે. હત્યા-હિંસાના ભાવો, પીડાકર્તા ભાવો, પરસ્પર ઘૃણાતિરસ્કારના ભાવો અને અભાવપ્રેરક ભાવો. માહોલ જ્યારે આવો રચાયો હોય ત્યારે અહિંસાની વાત કેવી દીસે ? હત્યાઓના વરઘોડામાં 'રામનામ સત્ય હૈ' કે 'રામ બોલો ભાઈ રામ' બોલવા જેવી બાબત ગણાય !

પરંતુ મહાવીરથી માંડી મહાત્મા મોહનદાસ ગાંધીએ હિંસાકાંડો અને હત્યાનાં કૌભાંડોની વચોવચ દઢતાથી ઊભા રહી 'અહિંસા શરણમ્ ગચ્છામિ'નો બુદ્ધમંત્ર ઉચ્ચાર્યો હતો. વહેલા કે મોડા મનુષ્યજાતિએ વેરથી અ-વેર તરફ અને હિંસાથી અહિંસા તરફ વળ્યા વિના છૂટકો નથી. વેર અને હિંસાનું બીજ ચિત્તક્ષેત્રમાં એક વાર ફળ્યુંફાલ્યું તો એમાંથી અનેક રાક્ષસો પેદા થવાની શક્યતા છે. સૌની નજર સામે આ હકીકત અનુભવનો આકાર લઈ આજે પ્રકટ થઈ છે. હિંસાનો જન્મ હાથમાં યા હથિયારમાંથી નથી થતો, હૈયામાંથી થાય છે, ભાવમાંથી થાય છે. ભાવમાં હિંસા અવતરે એ પછી જ તે રૂપકરૂપે કર્મહિંસા બની પ્રસરે છે. પૂરણ-ગલનનો સિદ્ધાંત અહીં પ્રવર્તમાન છે. ભગવાન મહાવીરનો અઢારમો ભવ ત્રિપૃષ્ઠ વાસુદેવના નામરૂપકર્મ સાથે જોડાયેલો હતો. તે વાસુદેવ વિષયરસમાં મૂઢ હતા. વૈભવોમાં ગળાડૂબ હતા. એક રાત્રે ગવૈયાઓના સંગીત-જલસામાં એ બેઠા હતા ત્યારે તેમણે શય્યાપાલકને આદેશ આપેલો કે ગાયન સાંભળતાં હું ઊંઘી જાઉં તો સંગીત બંધ કરાવી ગવૈયાઓને વિદાય કરવા. રાજા ઊંઘી ગયા, પાછલી રાતે જાગ્યા તોયે જલસો તો પૂરબહાર ખીલ્યો હતો. શય્યાપાલકને પૂછ્યું, 'મારી આજ્ઞા ભૂલી ગયો ?' ત્યારે પેલો કહે, 'મને ક્ષમા બક્ષો, સંગીતમાં હું જ ગુલતાન થઈ ગયો હતો.' તે વખતે તો ત્રિપૃષ્ઠ કશું બોલ્યા નહિ, પણ બીજા દિવસે રાજ્યસભામાં શય્યાપાલકને બોલાવી ખળખળીને ઊકળેલું તાંબુ એના કાનમાં રેડાવ્યું !

આવી સ્થૂળ હિંસાનું પરિણામ - ભગવાન મહાવીરને પછીના ભવમાં બારમું ચોમાસું ચાલતું હતું ત્યારે – છેલ્લા દારુણ દુ:ખસ્વરૂપે ભોગવવું પડ્યું હતું. પેલો શય્યાપાલક આ અવતારે ગોવાળ થઈ જન્મ્યો. જંગલમાં ધ્યાનસ્થ મહાવીરને પોતાના બળદ સાચવવાનું કહીને તે ગયો અને પાછો આવીને જુએ છે તો તેના બળદો ઝાડીમાં ખોવાઈ ગયા હતા. મહાવીરને પૂછ્યું તો તેમણે સરખો જવાબ ના આપ્યો. તો ગોવાળે મહાવીરના કાનમાં ક્રોધવશ થઈ બંને બાજુ બે શૂળો ખોસી દીધી !

પણ પરમ અહિંસાની દશાને પામેલા મહાવીરે આગળના ભવની હિંસાનો હિસાબ ફરિયાદનો એક હરફ ઉચ્ચાર્યા વગર આપી દીધો. વેરની પરમ્પરાને પોતાની અ-વેરી અહિંસાપૂર્ણ આચરણ વડે અટકાવવાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ અસહ્ય વેદના ખમીને પૂરું પાડ્યું.

આમ, હિંસાની નેગેટિવ ધારાને, અહિંસાના પોઝિટિવ, અપ્રોચ વડે, સર્જનાત્મક વળાંક આપવાની કળા માનવજાત શીખે તો હિંસાની હોળીમાં સળગતો સંસાર અહિંસાની દિવાળી ઊજવી શકશે. ક્ષમા વીરનું જ ભૂષણ છે. બાકી બદલો લેવાની ભાવના બીજાઓમાં બદલો લેવાની કાયરતામાં જ પરિણમશે !

❒

હિમપાત : એક અનુભૂતિ / જયન્ત પાઠક

(શિખરિણી • સૉનેટ)

બધું ટાઢું ટાઢું, જરીક અડી જાતાં જ હિમથી
દઝાઈ જૈએ, આ લગીર સળિયાને અડકતાં
ઝૂલાના જાણે કે વીજળી વીંધીને સોંસરી જતી
બધાં અંગાંગોને, શિરથી પગની આંગળી લગી !
તળાવોની ઊંડી તલથી તટ ભૂમિ બરફની
પુરાઈ પાટોથી ગઈ, લહર ક્યાં, ક્યાં મછલીઓ !
અરે વાયુ વૃક્ષે ઝૂલત ઠરીને ઠીંકરું થયો;
ગયા દાઝી દાણા લહલહ લીલાં ખેતર તણા.
શકે બે ધ્રુવોનો બરફ સળક્યો, ઑગળી વહ્યો,
ચઢી આવ્યો મોજાં ઉપર થઈ મોજાં ભૂમિ પરે
થપાટોથી ઠારી દીધ ગતિ બધી યે જીવનની
દઝાડી દીધું સૌ ચર-અચર આંચે અગનની.
દઝાયા-થીજ્યાની કશી અનુભૂતિ આ બરફમાં :
ચિતામાં છું જાણે ઘડીક, ઘડી જાણે કબરમાં !

અને પછી તો / વિનોદ ગાંધી

(ગાન)

પ્રગટ થશે એ નક્કી !
પ્રથમ પ્રસંગે એમ લાગશે એ થોડું છે જક્કી !
પણ પ્રગટ થશે એ નક્કી !
પહેલા ફેરે શું દેખાશે
પાંખો અથવા આંખો ?
ઘણા સમયથી થર બાઝેલો
ચહેરો ઝાંખો ઝાંખો ?
ધીમેથી પડદો ઊઠશે ને થશે ખાતરી પક્કી !
પ્રગટ થશે એ નક્કી !
બીજા ફેરે દૂરદૂરથી
અજવાળું ફેલાશે,
ધ્વનિ, તેજલય, માટી, જળથી
પિંડપિંડ બંધાશે,
અને પછી તો ધકધક ધબધબ પવન ચાલશે ચક્કી !
પ્રગટ થશે એ નક્કી !

એમાં જઈ ભૂલો પડું ? / નિર્મિશ ઠાકર

(ગઝલ)

સૂર્ય વરસાદી ક્ષણોમાં ન્હાય છે, એમાં જઈ ભૂલો પડું ?
સોનવરણી ચાદરો ધોવાય છે, એમાં જઈ ભૂલો પડું ?
પોષની વ્હેલી સવારો શી છવાતી યાદમાં તારી છબી-
ધુમ્મસોમાં તેજ થઈ ફેલાય છે, એમાં જઈ ભૂલો પડું ?
હું મને છોડી શકું છું ક્યાંય પાછળ, એ રચાતા દૃશ્યમાં-
જોજનોનાં જોજનો દોડાય છે, એમાં જઈ ભૂલો પડું ?
મુગ્ધતાનો આવડો મેળો ઘડે છલકાય, છોરી એવડી !
ગામ આખું જ્યાં જઈ ખોવાય છે, એમાં જઈ ભૂલો પડું ?
શોધતું આવે મને આખુંય ચોમાસું, તમારી આંખમાં-
એક નાનું આભલું દેખાય છે, એમાં જઈ ભૂલો પડું ?

સમયની ફાઈલમાં / ધીરુ પરીખ

(વનવેલી)

ભૂતકાળ વાગોળવો કેટલો મજાનો !
સુવર્ણની દ્વારિકા ને
મોહેં-જો-દડોનો લાધ્યો સમૃદ્ધ ખજાનો;
મિસરના પિરામિડે વણસડ્યાં સંસ્કૃતિનાં શબ.
સમયની ફાઈલમાં
સદીઓનાં ગોઠવાયાં પૃષ્ઠ
હજુ બીજાં ગોઠવાશે.

અમિબા તે ભૂતકાળ
વળી ભૂતકાળ અમિતાભ;
મનુ ભૂતકાળ અને
માનવીઓ આજે કંઈ હરેફરે
વર્તમાને ભૂતકાળ,
ભવિષ્યની જેમને છે ફાળ.
કેટલાક વળી ફિદા અનાગતે,
જેઓ સકલને કહે અલવિદા !
ગત અનાગત ને આગત કાળખંડ
પેઢી-દર-પેઢી થતું ભલે કાળ સામે બંડ.

સમયની ફાઈલમાં માનવની સંસ્કૃતિનાં
કેટલાંય પૃષ્ઠો કંઈ સડ્યે જાય.
બીજાં નવાં જડ્યે જાય.
સડેલાં પૃષ્ઠોમાં જે જે અટવાય
કાળનો કોળિયો થઈ ઝપટાય.

પથ્થરેથી ઊઠી યંત્રપાંખે ઊડી જે સંસ્કૃતિ
તેનાં નવાં નવાં ઊઘડશે કેટલાં આકાશ !
આંખોમાં ઘૂવડ પાળી બેઠેલા જે મનુવંશો
કાળ ના કરશે કંઈ એમની જ તમા
ભાંડતા ભલે રહે તે કાળના વિધ્વંશો :
સમયની ફાઈલમાં જડશે ના
એમના કદીયે અશ્મીભૂત અંશો.

•

આ માસમાં નેવું વર્ષ જેઓ પૂરાં કરે છે તે કર્તવ્યતત્પર લોકસેવક રાજકારણી




બાબુભાઈ જશભાઈ પટેલ

— કમલા પરીખ —

આપણે ત્રિવેણી-સંગમ શબ્દ તો સાંભળ્યો છે. આપણામાંથી ઘણાએ તો આ સંગમનાં દર્શન કર્યાં હશે અને સ્નાન પણ કર્યું હશે. ત્રિવેણી-સંગમનાં દર્શનાર્થે આપણે અલ્હાબાદ જવું પડે, પણ મારે તમને એટલે દૂર લઈ જવા નથી. આવા અનેરા સંગમનાં દર્શન આપણે અહીં રહીને જ કરીએ તો કેવું ? અનેક ત્રિવેણીસંગમથી ભર્યાં ભર્યાં આ દર્શન ખરેખર જાણવા જેવાં અને માણવા જેવાં છે. તો આવો આપણે એક એવી વ્યક્તિની વાત કરીએ કે જેમનામાં અનેક પ્રકારના ત્રિવેણીસંગમ સમાયેલા છે. આ વ્યક્તિ છે આપણા ગુજરાતના એક સમયના મુખ્યમંત્રી શ્રી બાબુભાઈ પટેલ. કેમ ઓળખાણ પડીને ? તો હવે આપણે એમનામાં રહેલી ગુણત્રયીનાં દર્શન કરીએ. કર્મપરાયણતા, કુશળતા અને કર્તવ્ય-સભાનતા; પ્રેમ, પ્રસન્નતા, અને પ્રામાણિકતા; નિષ્ઠા, નમ્રતા, અને નિરાભિમાનિતા; સહૃદયતા, સૌમ્યતા અને સાહિત્યપ્રેમ; શાંતિ, સજાગતા અને સરળતા : આવી કેટકેટલી ગુણત્રયી એમનામાં સમાયેલી છે ! બાબુભાઈમાં રહેલા આ ગુણોનાં દર્શન કરીને જીવનના ઘડતરમાં જરૂર કંઈક પામી શકીશું. બેઠી દડીનો શરીરનો બાંધો, ખાદીનું ધોતિયું, ખાદીનું પહેરણ અને અંતરની અસ્મિતાને પ્રગટાવતી ચશ્માં પાછળ તેજસ્વી આંખો - આ છે બાબુભાઈની બાહ્ય ઓળખ. મારા તો તે સગા થાય છે. મારાં મોટાંબહેનના બાબુભાઈ જેઠ છે એટલે અનેક વાર તેમને મળવાના સંજોગ પ્રાપ્ત થયેલા. સગાઈના સંબંધે તથા કામ અર્થે ઘણી વાર અમારા કુટુંબનો તેમની સાથે મેળાપ થતો, તેથી મને પણ તેમનો પરિચય મારી નાની ઉંમરથી થયેલો. અને તેમની વાતો માણવાના સંજોગો પ્રાપ્ત થયેલા. ચરોતરની ભૂમિએ કેટકેટલાં મહેકતાં પુષ્પો આપ્યાં છે : સર્વશ્રી વલ્લભભાઈ પટેલ, વિઠ્ઠલભાઈ, ગોપાળદાસ દરબાર, ભક્તિબા, ઈશ્વર પેટલીકર, ભાઈકાકા, મોતીભાઈ અમીન, નરસિંહભાઈ વગેરે ! બાબુભાઈ પણ આ ભૂમિનું જ મહેકતું પુષ્પ છે. વળી, ચરોતરના રૂઢિચુસ્ત છ ગામના આ પનોતા પુત્ર ક્યારેય રીતરિવાજોના બંધનમાં જકડાયેલા નહીં. દહેજથી થતા લગ્નમાં ભલેને તેમના નજીકના સગા હોય તો પણ તેઓ ક્યારેય જતા નહીં. એ જમાનામાં આવી વ્યક્તિ મળવી મહામુશ્કેલ હતી. બાબુભાઈનો જન્મ ૧૯૧૧માં ૯મી ફેબ્રુઆરીએ નડિયાદમાં પ્રાતઃકાલે થયેલો... માતાનું નામ ચંચળબા અને પિતાનું નામ જશભાઈ મકનદાસ પટેલ. નડિયાદમાં કાકરખાડમાં આવેલી દવેપોળમાં જન્મેલા બાબુભાઈએ જીવનને અનોખો ઓપ આપ્યો. પિતાજી જશભાઈ મૃદુ સ્વભાવના અને હાસ્યસભર ચહેરાથી આપણા મન પર સુંદર છાપ પાડતા. મારા પિતાજી નડિયાદની ન્યૂ શોરોક મિલ્સના મૅનેજર હતા. તેમને મળવા જશભાઈ આવે ત્યારે પહેરાવાળાને કહે કે મૅનેજર સાહેબને ખબર આપો કે જશભાઈ મળવા આવ્યા છે. તેમનું નામ સાંભળી પિતાજી તરત જ આવે અને કહે કે, તમે તો મારા વેવાઈ થાવ છો તેથી મારા માટે સાહેબ શબ્દ વાપરવો મને રુચતો નથી. અને ત્યારે જશભાઈ શું કહે તે જાણવું છે ? તો સાંભળો કે તમે મૅનેજરના પદે છો તેથી મારે તમને માનવાચક શબ્દથી જ બોલાવવા જોઈએ. જોયું ? આ પિતાના પુત્ર બાબુભાઈ સંસ્કારી જ હોય ને ? પટેલની ભાષા આમ તો તોછડી ગણાય છે પણ બાબુભાઈને મળેલા પિતૃસંસ્કારે તેમની ભાષાને સંમાર્જી અને વિવેકી બનાવી. પિતાશ્રી વડતાલ સ્વામિનારાયણ મંદિરના

મૅનેજર હોવાથી માતાપિતા મોટે ભાગે વડતાલ રહેતાં. પરિણામે બાબુભાઈ દાદાદાદીની છત્રછાયામાં ઊછર્યા. કુટુંબમાં ચાર ભાઈઓ અને ત્રણ બહેનો. તેમાં સૌથી મોટાં તેમનાં બહેન શાંતાબહેન અને ત્યાર બાદ બાબુભાઈ (ભાઈઓમાં સૌથી મોટા). આમ, સાત ભાઈબહેનોનો આ પરિવાર. સમગ્ર કુટુંબ ધાર્મિક વાતાવરણથી રંગાયેલું પણ એ ધાર્મિકતામાં અપાર સહિષ્ણુતા હતી. તેમના દાદાજી સ્વામિનારાયણ ધર્મ પાળે તો દાદીમા વૈષ્ણવધર્મ પાળે. પિતાજી જશભાઈ સ્વામિનારાયણપંથી તો માતા વૈષ્ણવપંથી, બાબુભાઈ પોતે પણ સ્વામિનારાયણ ધર્મમાં શ્રદ્ધા રાખે, તો તેમનાં પત્ની લીલાબહેનનું પિયરપક્ષ વૈષ્ણવધર્મી તેથી તેઓ વૈષ્ણવધર્મમાં આસ્થા રાખે. પરંતુ કુટુંબમાં ધર્મના ઝગડા ક્યારેય થયા નથી. સહુ પોતપોતાની માન્યતા માટે સ્વતંત્ર. જ્યારે આધુનિક જમાનામાં ધર્મના કેટકેટલા ઝગડા થાય છે ! અરે, નામ, પ્રતિષ્ઠા અને સત્તા જેવી બાબતોમાં ધર્મગુરુઓ પણ કેવા ઝગડે છે ! એટલે જ ગાવું પડે છે 'સબકો સન્મતિ દે ભગવાન'. આ કુટુંબની ધાર્મિક સહિષ્ણુતા પ્રત્યે આપણને જરૂર માન થાય. માતા ચંચળબામાં રહેલી ચીવટ, ચોકસાઈ, વ્યવસ્થા, સ્વચ્છતા અને પ્રેમ સાંગોપાંગ બાબુભાઈમાં ઊતર્યાં છે.

બાબુભાઈનું વિદ્યાર્થીજીવન પ્રથમ કક્ષાનું નહોતું, પણ ભણતર કરતાં તેમણે ગણતરને દીપાવ્યું હતું. એ ગણતરનો લાભ પ્રજાને મળ્યો છે. આ ગણતર આપણે તેમનામાં પ્રથમ વર્ણવેલી ગુણત્રયીથી સુંદર બન્યું છે. ૧૯૨૦-૩૦નો દસકો આઝાદીની ઝુંબેશનો હતો. સ્વદેશપ્રેમી યુવાન- યુવતીઓ આ રંગે રંગાયેલાં હતાં. બાબુભાઈ પણ આ જંગમાં ઝુકાવવા તૈયાર થયા. તે સમયે તેઓ પૂનાની ફર્ગ્યુસન કૉલેજમાં અભ્યાસ કરતા હતા. ૧૯૩૦ની દાંડીકૂચમાં જોડાવા તેઓ ઉત્સુક હતા. ૧૯ વર્ષના આ યુવકને આઝાદીનો એવો તો રંગ લાગ્યો કે બધું છોડી લડતમાં જોડાવા તૈયાર થયા. તેમના પરિવારને તેમનો આ હઠાગ્રહ મંજૂર નહોતો. છેવટે ૧૯૩૦ની ૨૯મી એપ્રિલે સુરત જિલ્લાના કરાડી ગામે તેઓ ગાંધીજીને મળવા ગયા; પણ ગાંધીજીએ તેમને સમજાવ્યા કે અભ્યાસ દરમિયાન સમય મળે તેમાં રાષ્ટ્રની સેવા કરવી. પરિણામે પૂનાની કૉલેજમાં બી.એ.નો અભ્યાસ કરવા માટે પરત ફરવું પડ્યું. પણ હૈયું દેશસેવા માટે થનગનતું હતું એટલે પૂનામાં અભ્યાસ અને આંદોલનનો દોર ચાલુ રાખ્યો. ત્યાં હોસ્ટેલમાં વિદ્યાર્થીઓની સભામાં તેઓ રાષ્ટ્રિય લડત માટે ભાષણો આપતા. પૂનાની કૉલેજ છોડી તેઓ મુંબઈ આવ્યા અને વિલ્સન કૉલેજમાં અભ્યાસ માટે પ્રવેશ મેળવ્યો. તે દરમિયાન બ્રિટિશ સરકારે કૉંગ્રેસ સંસ્થાને ગેરકાયદેસર ઠરાવી કેટલાયે કાર્યકરોની ધરપકડ કરી. બાબુભાઈ આ લડતમાં જોડાયા અને ભૂગર્ભમાં જઈને પણ લડત ચાલુ રાખી. આખરે ૧૯૩૦માં તેમની ધરપકડ થઈ



પ્રસન્નદામ્પત્ય : શ્રી બાબુભાઈ અને લીલાબહેન

ત્યારે તેમની ઉંમર હતી ૨૦ વર્ષ. આ યુવાનો કેટલા જુસ્સા અને દેશભક્તિવાળા હતા તે આવી ધરપકડોથી સાબિત થાય છે. ૧૯૩૧ના જાન્યુઆરીમાં તેમને કેદની સજા ફરમાવવામાં આવી. બાબુભાઈની ઉંમર નાની હોવાથી તેમને 'બાબા બૅરેક'માં રાખવામાં આવ્યા. આ હતી તેમની પ્રથમ જેલયાત્રા. ત્યાં કેટકેટલા સીતમો સહેવા પડેલા તે જાણવા જેવું છે. ત્યાં હમેશ દરેક કેદીને ૨૦ શેર દળણું ભારેખમ ઘંટી ચલાવી ઊભા ઊભા દળવાનું, કાચીપાકી જાડી રોટલી મળે, લાંબો અથવા ટૂંકો માપ વગરનો જેલનો પોશાક પહેરવાનો, ખુલ્લામાં શૌચ માટે જવાનું, શૌચ માટે ચારપાંચ મિનિટનો સમય આપવામાં આવતો. કેટલીક જેલોમાં તો બૅરેકની નજીકમાં મૂકવામાં આવેલા પીપમાં થૂંકવાનું, મોઢું ધોવાનું, પેશાબ કરવાનો અને સંડાસ જવાનું. બ્રિટિશરોએ વર્તાવેલો આ જુલમ યુવાનોએ કેવી રીતે સહન કર્યો હશે તે વિચારતાં રૂંવાડાં ખડાં થઈ જાય છે. પણ બધાની પાછળ દેશની સ્વતંત્રતાની તમન્ના અને ગાંધીજીનું બળ હતું. આઝાદીની ચળવળ દરમિયાન ૧૯૩૧, ૩૨,૩૩,૩૪,૪૦,૪૧,૪૨,૪૩ આટલાં વર્ષોમાં વધતેઓછે અંશે બાબુભાઈ માટે જેલ નિવાસસ્થાન બની હતી. ૧૯૭૫ની કટોકટીમાં પણ તેમને જેલનો અનુભવ કરવો પડેલો. આમ, કુલ મળીને પાંચ વર્ષનો કારાવાસ તેમણે ભોગવ્યો હતો. પણ તેમનું સૂત્ર હતું 'યા હોમ કરીને પડો ફતેહ છે આગે'. જેલવાસ દરમિયાન તેમને સાહિત્યરસ પોષવાનો લાભ મળ્યો. જેલમાં તેમણે કાલિદાસથી શેક્સપીઅર અને નર્મદથી નાનાલાલ સુધીના મહાન સાહિત્યકારોનાં પુસ્તકો વાંચ્યાં.

મુંબઈમાં રહેવા માટે પિતાજી પાસેથી પૈસા મંગાવવાનું તેમને મુનાસિબ ના લાગ્યું તેથી નોકરી કરવાનું વિચાર્યું. મુંબઈમાં બેલતેલનો વેપાર કરતી કર્ણાટકની એક કંપનીમાં માસિક રૂપિયા આઠના પગારની નોકરી સ્વીકારી. પણ તે માફક ના આવતાં તેમણે નોકરીનો ત્યાગ કર્યો. ત્યાર બાદ ભુલાભાઈ દેસાઈના

દીકરા ધીરુભાઈ દેસાઈ, કસ્તુરભાઈ લાલભાઈના પુત્ર શ્રેણિકભાઈ તથા પંડિત નેહરુનાં ભગિની કૃષ્ણા હઠીસિંગનું ટ્યુશનકાર્ય કર્યું. બૉમ્બે મ્યુચ્યુઅલ ઈંસ્યોરન્સ કંપનીમાં નોકરી કરી પણ ફક્ત તેર દિવસ માટે જ. તેમને કંપનીના ડિરેક્ટર બાળાસાહેબ ખેરે ઈન્ટર્વ્યૂ વખતે કહ્યું કે તેમની કંપની એમ.એ. અને પીએચ.ડી. થયેલી વ્યક્તિઓને નોકરીમાં રાખે છે. આમ છતાં બાબુભાઈ બી.એ. હોવા છતાં પણ નોકરી માટે પસંદ કર્યા, પણ કંપનીના મૅનેજર કૉર્ડરોની જોહુકમી અને શોષણખોરી તેમને મંજૂર નહોતી. ઑફિસનો સમય ૯-૩૦ થી ૫-૩૦ સુધીનો હતો, પરંતુ મૅનેજર બે વાગે આવે અને રાત્રે આઠ વાગ્યા સુધી કામ કરે અને સ્ટાફને પણ ત્યાં સુધી રોકી રાખે. આ બાબત માટે બાબુભાઈને મૅનેજર સાથે સંઘર્ષ કરવો પડ્યો. તેમણે નોકરીને અલવિદા કરી, નોકરી ન કરવાનો નિર્ધાર કરી રાષ્ટ્રસેવામાં જીવન સમર્પિત કરવાનું નક્કી કર્યું. આ બાબત માટે તેમણે કંપનીના ડિરેક્ટર બાળાસાહેબ ખેરને કડક શબ્દોમાં પત્ર લખી જણાવ્યું કે 'નવલોહિયા યુવાનોને અભ્યાસ છોડી લડતનું આહવાન આપી તમે શોષણ કરો છો.' આમ, જડબાતોડ જવાબ આપી તેઓ કંપનીને રામરામ કરી નીકળી ગયા. એમની આ હિંમતને દાદ દેવી પડે.

૧૯૩૪માં મુંબઈમાં ભુલાભાઈ દેસાઈના નિવાસસ્થાને ટ્યુશન આપવા જતા ત્યારે ત્યાં સરદાર વલ્લભભાઈના સંપર્કમાં આવ્યા. વલ્લભભાઈ જેવા માણસપારખુએ બાબુભાઈમાં રહેલા હીરને પારખી લીધું, અને આ સંપર્ક તેમના જીવનનું અમૂલ્ય સંભારણું બની ગયું. તેમની છાપ સરદાર પર એવી તો અંકિત થઈ કે ૧૯૩૭માં કૉંગ્રેસે જ્યારે પ્રાંતીય ધારાસભાની ચૂંટણી લડવાનું નક્કી કર્યું ત્યારે વલ્લભભાઈએ બાબુભાઈની નડિયાદની બેઠક માટે પસંદગી કરી, જેમાં દરબાર ગોપાલદાસે પણ સમર્થન આપ્યું. અને ૨૬ વર્ષની ઉંમરે બાબુભાઈએ ચૂંટણીમાં વિજય પ્રાપ્ત કરી રાજકીય જીવનમાં પ્રવેશ મેળવ્યો.

૧૯૩૭માં મુંબઈ રાજ્યમાં મહારાષ્ટ્ર, ગુજરાત, કન્નડ, વિદર્ભ સમાયેલાં હતાં. આ ધારાસભામાં બાબુભાઈ સૌથી નાની વયના ધારાસભ્ય હતા. તેથી 'બેબી મેમ્બર ઑફ ધ હાઉસ' તરીકે બધા તેમને ઓળખતા. તેઓ ધારાસભામાં ચૂંટાયા બાદ એલએલ.બી.ની પરીક્ષામાં પણ ઉત્તીર્ણ થયા. આ ધારાસભામાં અભ્યાસપૂર્ણ રજૂઆત અને તર્કબદ્ધ દલીલોમાં તેમની આગવી પ્રતિભાનાં દર્શન થતાં. તેમનાં અભ્યાસપૂર્ણ પ્રવચનો અને અસરકારક રજૂઆતની એવી તો છાપ ઊપસી આવતી કે પત્રકાર ગૅલરીમાં આનંદની છોળ ઊડતી. ટાઈમ્સ ઑફ ઈંડિયાએ તો લખેલું પણ ખરું કે, **'Without Mr. Babubhai J. Patel the house would be a remarkably dull place.'** જોયું ને, આ નવયુવાનની પ્રતિભાનો પ્રકાશ ચોતરફ કેવો છવાઈ જતો હતો ! આમ, પુત્રનાં લક્ષણ પારણામાંથી એ બાબતની આ રીતે પ્રતીતિ થાય છે.

જાહેર બાંધકામ ખાતું અને નાણાં ખાતું આ બે ખાતાં પ્રત્યે તેમનો લગાવ હતો. રસ્તા, સિંચાઈ અને વીજળીને અગ્રસ્થાન આપવા માટે તેઓ આ ખાતાંની પસંદગી કરતા અને સંસદમાં પ્રવેશ પામ્યા બાદ તેઓ પરોક્ષ-અપરોક્ષપણે બાંધકામ, સિંચાઈ અને નાણાં ખાતા સાથે સંકળાયેલા રહ્યા હતા. મુંબઈ રાજ્યમાં જાહેર બાંધકામ વિભાગના નાયબ મંત્રી તથા ગુજરાત રાજ્યના બાંધકામ વિભાગના સિંચાઈ વિભાગના મંત્રી હતા. તેનો લાભ એ થયો કે મેશ્વો, ઉકાઈ અને મહી આ ત્રણ મહત્ત્વની યોજનાઓ અસ્તિત્વમાં આવી. નાણાં વિભાગના અને નર્મદા વિભાગના મંત્રી તરીકે બાબુભાઈએ પ્રશસ્ય કામગીરી કરી હતી, જેનો પ્રભાવ વિરોધ પક્ષ પર પણ જબરો પડેલો.

ગુજરાતમાં સૌરાષ્ટ્રમાં ૧૯૬૮માં આવેલું પૂર, ભરૂચમાં ૧૯૬૯માં થયેલો ભૂકંપ, ૧૯૭૦માં આવેલું મહાપૂર અને ૧૯૭૯માં મોરબીમાં થયેલી હોનારતના સમયે તેમણે જે રીતે કામ કર્યું છે તેમાં તેમનામાં રહેલી કર્તવ્યનિષ્ઠા અને વહીવટી કાર્યદક્ષતાનાં દર્શન થાય છે. આજે પણ આ પ્રદેશોની પ્રજા તેમણે દર્શાવેલી કાર્યદક્ષતાનાં વખાણ કરે છે. ભરૂચમાં પૂર આવ્યું ત્યારે તેઓ બાંધકામ-સિંચાઈ વિભાગના મંત્રીપદે હતા અને મોરબીની હોનારત વખતે મુખ્યમંત્રીપદે હતા. આવી કુદરતી હોનારત વખતે સ્થળ પર લટાર મારી ફક્ત નિરીક્ષણ કરનાર પ્રધાનો જેવા નહોતા. એઓ તો અસરગ્રસ્ત વિસ્તારોમાં જાતે ઉચ્ચ અધિકારીઓ સાથે ગયા હતા અને ત્યાં ધામા નાખી પરિસ્થિતિનો જાતે અભ્યાસ કરી, પ્રજાનાં દુઃખમાં સહકાર આપી માનવતાની જ્યોત જલતી રાખી હતી. દેશવિદેશથી રાહતફાળામાં આવેલી રકમનો ચોક્કસ અને પાઈએ પાઈનો હિસાબ રાખી સદુપયોગ થાય તેની પૂરતી કાળજી રાખતા. તેમનામાં રહેલી પ્રામાણિકતાનો અને કાર્યદક્ષતાનો આથી વિશેષ કયો પુરાવો હોઈ શકે. તેમણે ક્યારેય 'પૈસો મારો પરમેશ્વર' એ સૂત્ર અપનાવ્યું નથી પણ 'પ્રજા મારી પરમેશ્વર' એ સૂત્રને અણુઅણુમાં અપનાવ્યું હતું. જ્યારે ગાંધીનગરનું બાંધકામ શરૂ થયું ત્યારે તે નક્કી કરેલા સમય કરતાં વહેલું પૂરું થાય તે માટે ત્યાં જ રહેતા અને દરરોજ કામકાજનું નિરીક્ષણ કરતા. તે સમયે તેઓ બાંધકામ ખાતાના મંત્રીપદે હતા અને ત્યારે તેમણે ગાંધીનગરનું બાંધકામ સમય પહેલાં બાંધી એ પદને શોભાવ્યું. આવી ચીવટ તેમના લોહીમાં વણાયેલી હતી.

૧૯૫૬માં ભારત સરકારે ભાષાવાર પ્રાંતની રચના કરવાનો નિર્ણય કર્યો ત્યારે મહાગુજરાત આંદોલનનો જ્વાળામુખી ફાટી નીકળ્યો. પરિણામ સ્વરૂપે નડિયાદમાં બાબુભાઈના

ભાઈઓને માર પડ્યો, એમના પુત્ર સતીશને અગાશી પરથી નીચે નાખી દીધો, જેને તેમના વફાદાર નોકરે બચાવી લીધો, બાબુભાઈના મકાનનો સરસામાન બાળી નાખ્યો અને ભારે નુકસાન કર્યું. ટોળું ભેગું થાય ત્યાંથી બુદ્ધિ ભાગી જાય એ આ બનાવથી પુરવાર થાય છે. પણ આવી વિકટ પરિસ્થિતિમાં બાબુભાઈ ધૈર્ય અને હિંમત દાખવી પોતાની માન્યતામાં મક્કમ રહ્યા. આ આંદોલનને લીધે બાબુભાઈ ૧૯૫૭ની ધારાસભાની ચૂંટણીમાં નડિયાદમાં પરાજય પામ્યા. ત્યાર બાદ ૧૯૬૨માં ધારાસભાની ચૂંટણીમાં ખંભાતમાંથી ઉમેદવાર તરીકે ઊભા રહ્યા પણ પરિણામ પરાજયમાં જ આવ્યું. ૧૯૬૭માં નડિયાદની પ્રજાને પોતાની ભૂલ સમજાઈ અને બાબુભાઈ ભારે બહુમતીથી ચૂંટાયા અને ૧૯૬૭માં રાજ્યના પ્રધાનમંડળમાં તેઓ બાંધકામ, વીજળી, સિંચાઈ અને પુરવઠા ખાતાના પ્રધાનપદે નિમાયા, જ્યાં તેમણે પોતાનામાં રહેલી કાર્યદક્ષતા, ચીવટ અને ખંતથી કામ કરી કાર્યકુશળતાનો સુંદર પરિચય કરાવ્યો. ૧૯૭૨ની ચૂંટણીમાં તેઓ ત્રીજી વાર હારી ગયા, પરંતુ ૧૯૭૩થી ૧૯૭૫ સુધી અમુલ ડેરીના ચૅરમેન પદે રહી ડેરીના વિકાસનું સુંદર કામ કર્યું. એમણે ગીતાના ઉપદેશ પ્રમાણે હંમેશાં કર્મને જ પ્રાધાન્ય આપ્યું છે, પદને નહીં. ગુજરાતમાં ભડકી ઊઠેલા નવનિર્માણના અગ્નિનું પરિણામ એ આવ્યું કે કેટલાક રાજકીય પક્ષો સહિત અનેક સંગઠનોએ જનતા મોરચાની રચના કરી, જેમાં સર્વશ્રી ઉમાશંકર જોશી, ઈશ્વર પેટલીકર, રવિશંકર મહારાજ, પુરુષોત્તમ માવળંકર, ચંદ્રકાન્ત દરુ જેવા બુદ્ધિજીવીઓનું સમર્થન પ્રાપ્ત થયું. પરિણામે ૧૯૭૫માં ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ગુજરાતમાં પ્રથમ વાર બિનકૉંગ્રેસી સરકારની રચના થઈ અને બાબુભાઈ મુખ્યમંત્રીપદે નિમાયા. જ્યારે ૨૬મી જૂન ૧૯૭૫માં દેશભરમાં કટોકટી જાહેર થઈ ત્યારે પણ ગુજરાતની પ્રજાએ, બાબુભાઈના શાસનમાં મુક્ત હવા માણી. ૧૯૭૫ ફેબ્રુઆરીના ગાળામાં થોડાક સમયના અપવાદ સિવાય બાબુભાઈએ ગુજરાતના મુખ્યમંત્રીપદને સંભાળ્યું હતું. જુદા જુદા મતવાળાઓને એકત્ર રાખવાની તેમની કાબેલિયત દાદ માગી લે તેવી હતી.

સમયપાલનમાં તેમના જેવી વ્યક્તિનો જોટો જડવો મુશ્કેલ છે. સમય-પાલનના તેઓ ચુસ્ત આગ્રહી. ઘડિયાળના કાંટા સાથે તેમનો દિવસ ઊગે અને સમય પ્રમાણે જ કામ થાય. કોઈના પત્રનો જવાબ આપવામાં જરા પણ વિલંબ ન થાય. જ્યારે જ્યારે મેં બળેવ પ્રસંગે તેમને શુભેચ્છાપત્ર સાથે રાખડી ટપાલ દ્વારા મોકલેલી ત્યારે તેમના હસ્તાક્ષરમાં મને વળતો જવાબ મળતો. સવારે સાડાદસે સચિવાલયમાં પહોંચી જાય. તેમણે કામને ક્યારેય બોજારૂપ ગણ્યું નથી, પણ કર્તવ્ય તરીકે સ્વીકારી કર્મરત રહ્યા



મુંબઈની પ્રાંતીય ધારાસભાની ચૂંટણીના ઉમેદવાર બાબુભાઈ (૧૯૩૭)

છે. એક વખત તો સૌરાષ્ટ્રનો પ્રવાસ કરી રાતે અગિયાર વાગે ગાંધીનગર પાછા ફર્યા. બીજે દિવસે મદ્રાસ જવાનું હતું એટલે ફાઈલો અને ટપાલોનો સવારના ત્રણ વાગ્યા સુધી નિકાલ કરી, બે કલાકની ઊંઘ લઈ મદ્રાસ જવા પ્રયાણ કર્યું. આવા પ્રધાનો આજે જવલ્લે જ મળે. બાબુભાઈનું સૂત્ર હતું 'કાલ કરે સો આજ કર, આજ કરે સો અબ'. આ હતી તેમની કાર્યશૈલીની વિશિષ્ટતા. છાશવારે કારણ વગર દિલ્હી દોડી જવાની મનોવૃત્તિ તેમના લોહીમાં જ હતી નહીં. આજે તો દિલ્હી શું, પરદેશમાં પણ દેશના પૈસે જવામાં પ્રધાનો પાવરધા થઈ ગયા છે. જ્યારે બાબુભાઈ ૧૯૭૫થી ૧૯૮૦ સુધીના ગાળામાં મુખ્યમંત્રીપદે હતા ત્યારે ફક્ત બાર વખત જ દિલ્હી ગયેલા : પાંચ વખત મુખ્યમંત્રીની બેઠક માટે, બે વખત નૅશનલ ડેવલપમેન્ટ કાઉન્સિલની બેઠક માટે, બે વખત પ્લાનિંગ કમિશનર સાથે ચર્ચા માટે, બે વખત મોરબી હોનારત સમયે મદદ મેળવવા માટે તથા એક વખત વેગન અને કોલસાની ફાળવણી માટે રજૂઆત કરવા. આજે તો દીવો લઈને શોધવા જઈએ તો પણ આવા મંત્રી મળવા શક્ય નથી. મુખ્યમંત્રીપદે તેઓ હતા ત્યારે મોટા ભાગે પ્રવાસનું આયોજન શનિ-રવિવારે રાખતા, જેથી સચિવાલયની કામગીરીમાં કોઈ વિક્ષેપ ન પડે.

નર્મદા-યોજના સાથે તેઓ શરૂઆતથી જ સંકળાયેલા હતા. તેથી મુખ્યમંત્રીપદે નહોતા તે વચ્ચેના ગાળામાં નર્મદા વિકાસ મંત્રીનો હોદ્દો સહર્ષ સ્વીકાર્યો હતો, કારણ કે તેમને માટે ગુજરાતનો વિકાસ કેન્દ્રસ્થાને હતો. તે સમયે તેમની ટીકા પણ થયેલી કે એક વખતના મુખ્યમંત્રી અન્ય મુખ્યમંત્રીના હાથ નીચે બીજું ખાતું સંભાળે છે, પણ તેમણે આવી કોઈ ટીકાની દરકાર



વડાપ્રધાન લાલબહાદુર શાસ્ત્રી સાથે અમૂલના ચેરમેન તરીકે

કરી નહોતી. વળી, નર્મદા વિકાસ મંત્રી તરીકે તેમણે કોઈ વેતન કે ભથ્થું પણ લીધું નથી. ગુજરાતના વિકાસ માટે કામ કરવાની તેમની પ્રબળ ધગશ આ બધી બાબતોથી પુરવાર થાય છે.

જ્યારે તેમણે જાહેરજીવનમાંથી નિવૃત્તિ લીધી ત્યારે ૧૯૯૦માં કેન્દ્રમાં વી.પી.સિંહની સરકાર તરફથી તામિલનાડુ અથવા આંધ્રપ્રદેશના રાજ્યપાલનું પદ સ્વીકારવા બાબુભાઈને ઑફર કરવામાં આવેલી, પણ રાજ્યપાલનું એ પદ પ્રજાસેવાનું ક્ષેત્ર નથી તેવું વિચારી તેમણે તેનો સ્પષ્ટપણે ઇન્કાર કર્યો હતો. એ પદ કરતાં ગુજરાતમાં તેઓ નાનીમોટી સંસ્થાઓ સાથે સંકળાયેલા છે તે વધુ યોગ્ય છે, કારણ કે તે દ્વારા કંઈક સેવા કરવાથી સંતોષ પ્રાપ્ત થશે એ તેમની વિચારણા હતી. આ છે બાબુભાઈ કે જેમણે સત્તાના પ્રલોભનને ફગાવી પ્રજાસેવાનો સ્વીકાર કર્યો. આજે તો સત્તાલક્ષી રાજકારણ ગમે તે રીતે પદપ્રાપ્તિ માટે મથે છે. ગાંધીવાદના રંગે સંપૂર્ણપણે રંગાયેલા બાબુભાઈ આપણા ગુજરાતનું ગૌરવ છે. સ્વભાવે ઓછાબોલા હોવાથી પોતાની પ્રસિદ્ધિથી હમેશાં દૂર રહ્યા છે. મોરબીમાં પૂર સમયે તેમણે તથા તેમનાં મંત્રીમંડળના સભ્યોએ રાહત અને નવનિર્માણનું જે કાર્ય કર્યું હતું તે વહીવટી તંત્ર માટે પુરુષાર્થનો ઉજ્જ્વલ ઇતિહાસ બની ગયો છે. તે સમયે પોતાના સાથીદારોને પોતે અપયશ વહોરીને યશ અપાવેલો. તેમનાં ભાષણોમાં અને લખાણોમાં ક્યારેય કટુતા અને નિંદારસની અભિવ્યક્તિ જોવા મળી નથી.

આવો, આપણે તેમના દામ્પત્ય જીવન તરફ જરી દૃષ્ટિપાત કરીએ. ૧૯૨૯માં અઢાર વર્ષની ઉંમરે તેઓ લીલાબહેન સાથે લગ્નગ્રંથિથી જોડાયા. તે સમયે આઝાદીની ચળવળ ચાલતી હતી. બાબુભાઈ ખાદી પહેરતા હતા તેથી લીલાબહેને પણ ખાદી અપનાવી અને આઝાદીની ચળવળમાં પણ જોડાયાં. ચાર વખત યરવડા અને સાબરમતી જેલમાં જવાનો સંયોગ પણ સાંપડ્યો. દરબાર સાહેબે બાબુભાઈને રેંટિયો કાંતતા શીખવ્યું હતું અને બાબુભાઈએ લીલાબહેનને એ જ રીતે રેંટિયો કાંતતાં શીખવાડ્યું. અનેક પ્રવૃત્તિઓમાં જોડાયેલા બાબુભાઈ માટે લીલાબહેન વર્ષભરનાં કપડાં થાય તેટલું સૂતર રેંટિયો કાંતી ભેગું કરતા. આર્થિક ઉપાર્જન માટે કોઈ વ્યવસાય કે નોકરી નહીં કરવાના બાબુભાઈના જીવનભરના સંકલ્પને સમજીને લીલાબહેને સાદાઈ અને કરકસરથી ઘરનો નિર્વાહ ઘણાં વર્ષો સુધી ચલાવ્યો હતો. પતિના દરેક નિર્ણયમાં તેઓ સાથે રહ્યાં હતાં. આમ, પતિની સફળતામાં પત્નીનો ફાળો પણ મહાન હતો. પણ ૨૧-૩-૧૯૭૩ના રોજ આ દાંપત્યજીવન નંદવાયું. લીલાબહેન જીવનલીલા સંકેલી પરલોકનિવાસી થયાં. તેઓ સૌભાગ્યમયી બની બાબુભાઈના જીવનમાં આવેલાં અને બે પુત્રોની જનની બની અખંડ સૌભાગ્યવતી બની પરલોકે સીધાવ્યાં. બાબુભાઈને જબરો આઘાત લાગ્યો અને ખૂબ મોટી ખોટ જીવનમાં પડી ગઈ તેનો અનુભવ થયો. ૬૨ વર્ષની ઉંમરે તેમણે પત્નીનો સહવાસ ગુમાવ્યો, પરંતુ બે પુત્રો સતીશભાઈ અને કિરીટભાઈ, બે પુત્રવધૂઓ તથા પૌત્રો અને પૌત્રી તેમના કુટુંબનાં અભિન્ન અંગ હતાં તેથી આઘાત જીરવવામાં રાહત થઈ. જો બાબુભાઈને દીકરી હોત તો, તેઓના કહેવા પ્રમાણે, ચરોતરની પટેલ જ્ઞાતિમાં તેઓ જબરદસ્ત ક્રાંતિ લાવી શક્યા હોત. પણ ભગવાનની કૃપા છે કે સતીશભાઈનાં પત્ની ગિરાબહેન દીકરી કરતાંય અદકાં છે. તેમણે બાબુભાઈને દીકરીની ખોટ ક્યારેય સાલવા દીધી નથી. જ્યારે જુઓ ત્યારે તેમનો ચહેરો હાસ્યસભર જ હોય. તેમના બીજા દીકરા કિરીટભાઈ સકુટુંબ અમેરિકાસ્થિત છે તેથી ગિરાબહેન બાબુભાઈની સ્નેહભરી સંભાળ રાખે છે. હજુ દુનિયામાંથી પુણ્ય પરવાર્યું નથી તે આવી પુત્રવધૂ જોતાં સમજાય છે. બાબુભાઈને પ્રસંતાનના વડદાદા બનવાનું પણ સૌભાગ્ય મળ્યું છે.

હવે ફરી આપણે બાબુભાઈની કારકિર્દી તરફ દૃષ્ટિપાત કરીએ. ૧૯૫૮માં તેઓ સરદાર પટેલ યુનિવર્સિટીના ઉપકુલપતિપદે રહ્યા હતા. એ સમયે ભાઈકાકા અને એચ.એમ. પટેલનું વર્ચસ્ વધુ પડતું હતું, જેનું પરિણામ બાબુભાઈને ભોગવવું પડ્યું. બાબુભાઈને ત્યાં કોઈ મકાન ભાડે આપે નહીં અને હોદ્દાની રૂએ મોટર પણ ના મળી. પણ બાબુભાઈ એમ હારે તેવા ક્યાં હતા? સાતઆઠ મહિના સુધી રોજ એક મિત્રની મોટરમાં નડિયાદથી વિદ્યાનગર આવજા કરવાનું રાખ્યું. તેમણે તો આવા અવરોધો વચ્ચે પણ શિક્ષણનાં હિતને જ લક્ષમાં રાખ્યું હતું. રાજ્ય સરકાર, કેન્દ્ર સરકાર, યુ.જી.સી. અને દાતાઓ પાસેથી પોતાની વગનો સદુપયોગ કરી આર્થિક મદદ મેળવી નિર્ધારિત કામો કર્યાં હતાં. ૧૯૫૮થી ૧૯૬૧ સુધી તેઓ ઉપકુલપતિપદે વિદ્યાનગરમાં રહ્યા હતા.

૧૯૭૫નું વર્ષ સરદાર વલ્લભાઈ પટેલનું જન્મશતાબ્દીનું વર્ષ હતું, પણ તેમની સ્મૃતિ સ્વરૂપે કોઈ સ્મારક અમદાવાદ કે દિલ્હીમાં રચાયું નહોતું. બાબુભાઈએ એમના સ્મારકનું બીડું ઝડપ્યું અને ૧૯૭૫માં બાબુભાઈના મુખ્યમંત્રીપદ હેઠળ જનતા સરકારે 'સરદાર સ્મારક'ની રચના કરવાનો નિર્ધાર કર્યો. પરિણામે અવરોધો વચ્ચે પણ શાહીબાગમાં આવેલા રાજભવનને સરદાર સ્મારક મેમૉરિયલમાં પરિવર્તિત કરવામાં આવ્યું અને રાજભવનને ગાંધીનગરમાં સ્થાપિત કરવાનું નક્કી થયું. આ સ્મારકના અધ્યક્ષની જવાબદારી ૧૯૭૮થી ૧૯૯૬ સુધી બાબુભાઈએ સંભાળી. આ સ્મારક પ્રજાના સહકારથી ચાલે તે માટે રૂ. ૨૫ લાખનું ભંડોળ એકઠું કરવામાં બાબુભાઈએ મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો. તેમના જીવન પર મહાત્મા ગાંધીજીની પ્રબળ અસર છે. ઈશ્વર પ્રત્યે પણ તેઓ અગાધ શ્રદ્ધા રાખે છે. ધર્મ એમને મન ટીલાંટપકાં નહીં, પણ આચરણ અને ફરજનો વિષય છે. તેમના મતે ગીતા ધર્મપુસ્તક નથી, પણ સમગ્ર માનવસમાજને જીવન જીવવાની કળા સમજાવતું તથા કલ્યાણનો માર્ગ ચીંધતું પુસ્તક છે. તેઓ કોઈ ધર્મના વાડામાં બંધાયેલા નથી રહ્યા. તેમની સ્મરણશક્તિ બેનમૂન હતી. કાવ્યો અને આંકડા તેમની જીભના ટેરવે રમતાં હતાં. આ સ્મરણશક્તિને તેઓ ઈશ્વરદત્ત ગુણ તરીકે સ્વીકારતા. ગાંધીજી એકમાત્ર તેમનો આદર્શ. ૧૫મી ઑગસ્ટ ૧૯૪૭નો દિવસ તેમના માટે અતિશુભ દિવસ હતો, કારણ કે ભારતની સ્વતંત્રતાનો સૂર્યોદય આ દિવસે થયો હતો. બાબુભાઈ રાજકારણી ઉપરાંત સાહિત્યપ્રેમી પણ ખરા. શેક્સ્પીઅર, કાલિદાસ, ગોવર્ધનરામ, કનૈયાલાલ મુન્શી તેમના પ્રિય સાહિત્યકારો. તેમને ખાદીબોર્ડના ચૅરમેન બનવા માટે રૂ. હજારનો પગાર અને મોટર આપવાની વાત જ્યારે કરવામાં આવી ત્યારે તેમનો જવાબ હતો કે ખાદીના કામ માટે પગાર કે મોટર કશું જ લેવાય નહીં. તેમના જેવા કાર્યકર્તાએ ગુજરાતના જાહેર જીવનને ઉજ્જ્વલ બનાવ્યું છે. ૯મી ફેબ્રુઆરી ૧૯૯૫ના રોજ ૮૪ વર્ષ પૂરાં થતાં તેમણે જાહેર જીવનમાંથી નિવૃત્તિ લેવાનો સંકલ્પ કર્યો. નિવૃત્તિ સમયે તેઓ ૪૦થી વધુ સંસ્થાઓ સાથે સંકળાયેલા હતા. સ્વેચ્છાએ નિવૃત્ત થવું એ આપણને અજાયબી પમાડે તેવું નથી લાગતું ? માન, હોદ્દો, સત્તા બધું છોડવા સ્વેચ્છાથી તૈયાર થાય એવી માનવપ્રકૃતિ ક્યાંક જ જોવા મળે. અત્યારે તો આ બધું વધારે પ્રાપ્ત થાય તેની દોડાદોડ હોય છે. પણ બાબુભાઈ વિરલ વ્યક્તિ છે. સાડા છ દાયકાનું જાહેરજીવન સફળતાથી પૂર્ણ કરી નિસ્પૃહભાવે નિવૃત્ત થાય તે ઘટના આશ્ચર્યજનક જ લાગેને ? તેઓ તો સાદાઈ, પ્રામાણિકતા, પ્રજાકલ્યાણ, નિષ્ઠા અને આદર્શને વર્યા છે તેથી સમયસર નિવૃત્તિ લેવી તેમને માટે યોગ્ય વાત હતી. તેમણે ધારાસભ્ય તરીકેનું મુંબઈ



મુખ્યમંત્રીના શપથ લીધા બાદ રવિશંકર મહારાજના આશીર્વાદ મેળવતા બાબુભાઈ (૧૯૭૫)

કે ગુજરાતનું પેન્શન કે ધારાસભ્ય તરીકેનો જમીનનો પ્લૉટ પણ લીધો નથી. સ્વાતંત્ર્ય સેનાની તરીકે ભારત સરકાર તરફથી ઑફર કરવામાં આવેલા પેન્શનનો પણ સવિનય અસ્વીકાર કર્યો છે. ઘણું કરીને બસ, પગપાળા કે રેલવેને એમણે મુસાફરીનાં હાથવગાં સાધનો માન્યાં છે. બેત્રણ અપવાદો બાદ કરતાં તેમણે વિમાની મુસાફરી કરી નથી. નર્મદા વિકાસ મંત્રી તરીકેની કામગીરી દરમિયાન પુત્રના મકાનમાં જ રહ્યા હતા અને હાલ પણ પુત્રના મકાનમાં જ રહે છે. ડાયાબિટીઝના દર્દી હોવાથી પહેલાં તો ત્રણ માઈલ ચાલતા હતા. બજારનું ખાવાનું, ચા, કૉફી ફર્ગ્યુસન કૉલેજમાં હતા ત્યારથી છોડી દીધેલાં. મંત્રીપદે હતા ત્યારે પ્રવાસમાં ઢેબરાં સાથે લઈ જતા જેથી હોટેલનો ખર્ચ કરવો ના પડે, અને એટલે જ તેઓ 'ઠેબરા મિનિસ્ટર'નું બિરુદ પામ્યા હતા. મીટિંગ નિમિત્તે ફાઈવ સ્ટાર હૉટેલમાં જમણવાર હોય તો ઘેરથી જમીને જતા હતા. ગુજરાતને નૂર આપનાર બાબુભાઈએ આજે ડાયાબિટીઝની તકલીફને લીધે બન્ને આંખોનું નૂર ગુમાવ્યું છે, પણ અન્ય રીતે સ્વસ્થ છે. ગુજરાતના આ પનોતા પુત્રનું સમગ્ર ગુજરાત ઋણી છે. આંખોની જ્યોતિ ગુમાવનાર આ બાબુભાઈએ ગુજરાતના વિકાસની જ્યોત જલતી રાખી છે તે એમનું અનન્ય પ્રદાન છે. આપણે કેટલા સદ્ભાગી છીએ કે આવા નિઃસ્વાર્થી મંત્રી આપણને મળ્યા હતા, જેમણે હમેશાં દેશ અને જનતાને જ લક્ષમાં રાખી નિષ્ઠાપૂર્વક સેવા કરી હતી ! તેમના અણુઅણુમાં જનતા-જનાર્દન એ સૂત્ર હમેશાં વણાયેલું રહ્યું છે. ગુજરાતનું ગૌરવ એટલે બાબુભાઈ. આપણે તેમને શબ્દદેહે આ રીતે મળીને આનંદ પામ્યાં તે એક લ્હાવો છે. ચરોતરની ભૂમિને પાવન કરનાર, ગુજરાતની ધરતીને ધન્ય કરનાર, રાજકારણને ઉજ્જ્વલ બનાવનાર, ગાંધીનગરનું ગૌરવ વધારનાર બાબુભાઈનું શેષ જીવન સુખ, શાંતિ અને આનંદમય રહો એવી અભિલાષા અને અપેક્ષા ! ❐

ઊધઈગ્રસ્ત ખાનદાન કુટુંબ

સુરેશ ઓઝા

તેની ગાડી થોડી આગળ ગઈ અને તેના મનમાં કંઈક વિચાર ઝબક્યો. ગાડી ધીમી પાડી. પાછી ઝડપ વધારી. સ્ટોરનું શટર તો બરાબર બંધ કરી દીધું હતું. અત્યારે રાતના નવ વાગી ગયા હતા. તેને હમણાંહમણાં થોડી અકળામણ થતી હતી. તેણે કોઈ દિવસ આવું કામ કર્યું ન હતું. સ્ટોરનું શટર પાડવા માટે પોતાને હાથ ઊંચા કરવા પડે એ અકળામણ તેના મનમાં હીણપત ઉપજાવતી હતી.

તે કંઈક ભૂલી ગયો છે તેવું તેને લાગ્યું. હમણાંહમણાં આવું વધારે લાગતું હતું. દરમ્યાન તે ગાડીમાં ઘણો આગળ નીકળી ગયો. સામેથી સતત આવતાં વાહનોની વણઝાર ઓછી થઈ હતી. શહેરના પૉશ વિસ્તારમાં તે આવી ગયો હતો. તેનાં કપડાં પરથી તે ઘણા જ સુખી કુટુંબનો નબીરો હશે તેવું લાગતું હતું. તેને ખબર હતી કે અત્યારે લગભગ તેમના કુટુંબની જાહોજલાલી અંતિમ તબક્કામાં પ્રવેશી ચૂકી હતી. છતાં હજી ગાડી હતી. પોતાની કારમાં બેસી તે હજી ફરી શકતો હતો. તો પણ મન પર ભાર લાગતો હતો તેને.

તેણે લોખંડનો દરવાજો ખોલી ગાડી અંદર લીધી. પહેલાં જ્યારે બહારથી કોઈ આવતું ત્યારે દરવાજો ખોલવા માણસ રહેતો. જ્યાં લીલોછમ બગીચો હતો તે જગા અત્યારે તેજવિહીન બની ગઈ છે. પહેલાં માળી હતો. આજે અઠવાડિયે એક દિવસ માળી આવે છે. તેણે ગાડી પાર્ક કરી ને તેની નજર અંધકારમાં ઓતપ્રોત થયેલ બગીચા તરફ ગઈ. અહીં કેટલી બધી મિજબાની ગોઠવાતી હતી ! ત્યારે સ્ત્રીઓ, પુરુષો અને બાળકોથી રાતના અજવાળામાં મિજબાની મઘમઘી ઊઠતી. તેના મગજમાંથી આ હજી ગયું ન હતું.

ત્રણ માળના આલીશાન મકાનનાં નકશીકામવાળાં તોતિંગ બારણાં હજી એનાં એ જ હતાં. પણ ઘણા સમયથી રંગ થયો નથી એવાં લાગતાં હતાં. બંને ભાઈઓ અને તેમનાં કુટુંબો સાથે જ રહેતાં હતાં - ઉપરનીચે. રસોઈ નીચે કિચનમાં વારાફરતી બનતી હતી. બંને કુટુંબના જમવાના સમય અલગઅલગ હતા. બંને ભાઈઓ વચ્ચે અંતર જેવું જરા પણ ન હતું. તેમનાં બાળબચ્ચાં કે વહુઓ વચ્ચે ક્યારેય ખટરાગ પેદા થતો ન હતો. આ એક જ માત્ર તેમના કુટુંબની ખાસિયત કે ખાનદાની ટકી હતી. બહારની કોઈ હવા હજી લાગી ન હતી. બંને કુટુંબને આની ખબર હતી.

તેમનાં બા હજી હયાત હતાં. તેમની ઇચ્છા થાય તે કુટુંબ સાથે તે જમે. રહેવાની તેમની અલગ વ્યવસ્થા હતી. તે માત્ર બધાંનાં ખબરઅંતર પૂછતાં અને પોતાની જાતમાં વ્યસ્ત રહેતાં. કોઈના મન પર તેમની હાજરીનો જરા પણ ભાર ન લાગતો. અને અમથુંઅમથું તેમને કોઈ ખલેલ પણ ન પહોંચાડતું. કોઈ કોઈની વાતમાં ખોટો રસ ન લે કે ખોટી ઉપાધિ ઊભી ન કરે.

કિચનના ડાઈનિંગ ટેબલ પર કોઈ ખાવાની વસ્તુ હોય તો તે કોણ લાવ્યું કે કોની છે તેવી પંચાત ન થતી. બંને કુટુંબની તે સહિયારી મિલકત ગણાતી. ખલાસ થયે કોણ ખાઈ ગયું, કોણે ઓછું ખાધું કોણે વધારે, એવો પ્રશ્ન ઊભો ન થતો.

ગાડી તેણે પાર્ક કરી અને મોટાભાઈ હજી નથી આવ્યા તેની નોંધ ગાડી ત્યાં પડી ન હતી તેના પરથી તેનાથી લેવાઈ ગઈ. બંનેએ સાથે વ્યવસાય શરૂ કર્યો હતો તેથી નોંધ લેવાઈ ગઈ. બીજું કંઈ કારણ ન હતું. મોટાભાઈ તેનાથી ચાર વર્ષ મોટા હતા. બંને વચ્ચે ભાઈઓ કરતાં દોસ્ત જેવું વધારે હતું. બાપુજી કઈ રીતે ઘર ચલાવતા હતા તે અંગે બેમાંથી એક પણ જણે રસ બતાવ્યો ન હતો. તેમના બાપુજી હતા જાજરમાન વ્યક્તિ. તે વ્યક્તિત્વની છાયા નીચે બંને ભાઈ વિકસી શક્યા નથી એવું બંનેને અત્યારે સમજાય છે. બાપુજી જમાનાને ઓળખી ગયેલા છે એવું ન હતું, પણ જીવીએ છીએ તો ભરપૂર જીવવું એવો એમનો સ્વભાવ હતો. છોકરાઓને પળોટી તૈયાર કરવા એવી ચિંતા તે ન કરતા.

તેમના દાદાએ આ આલીશાન મકાન બનાવેલું બહુ સસ્તામાં. આજે તેની કિંમત ઘણી મોટી ઊપજે. મકાન ખખડી પડ્યું હતું એવું સાવ ન હતું. પણ સમું તો કરાવવું પડે. પ્લાસ્તર ઊખડેલું દેખાતું તે કરાવી રંગવું પડે. આ કામ જો બંને ભાઈ હાથ પર લે તો પણ સારા એવા ખર્ચમાં ઊતરી જાય. આ વિચાર આવતાં તેઓ અકળાઈ જતા.

દાદા કમાયા પણ સારું અને વાપરી પણ જાણ્યું. બાપા કમાયા તો ખરા પણ વાપરવામાં પણ એવા જ. આ બંનેને કમાણી કેમ કરાય તેની સમજ ન હતી. જે કંઈ બાપદાદાનું હતું તે વપરાતું હતું. ગાડીમાં પેટ્રોલ પુરાવવાની બાબતમાં પણ મનમાં કચવાટ થતો. બેમાંથી એકની ગાડીમાં પેટ્રોલ ન હોય તો બીજાની ગાડી લઈ જતો ને પેટ્રોલ પૂરું કરતો. મનમાં કચવાટ છતાં કોઈ કોઈને કંઈ કહેતું નહિ. રીઝર્વમાં છે, પુરાવી લઈશું, એમ ચાલતું.

નાનાએ ગાડી જ્યારે પાર્ક કરી ત્યારે તેના મનમાં આ વિચાર ઘોળાઈ ગયેલો. તે બે ભાઈઓનું ધ્યાન રાખવા આયા હતી. અત્યારે તેમની માનું ધ્યાન પોતાની બે વહુઓ રાખે છે ! બા માટે પણ માણસને રાખી શકતા નથી. બા એંશી ઉપરનાં હશે છતાં

ચાલી શકે છે. તેમની આવી પડતી થઈ તેનું કારણ ગોતવા જતાં એક વાત સ્પષ્ટ થઈ - કોઈ પણ બાબતમાં રસ નહિ. માત્ર પોતે જ પોતાનું બધું સચવાય એટલે પત્યું. બાપા શું કરે છે કે દાદા શું કરતા હતા તે વિચારવાની કુટુંબમાંથી કોઈને દરકાર ન હતી. બસ, મોજશૉખથી જિવાતું હતું પછી શું ? તેને ખબર હતી કે તેના મોટાભાઈના વિચારો પણ હવે બદલાયા હતા. ખર્ચ કરવા બાબત તે ક્યારેક સલાહ આપતા ત્યારે આ તેમની સામે જોઈ રહેતો - સમજું છું હું એ ભાવથી. પણ ક્યાં કાપ મૂકવો ? કેવી રીતે ? અત્યાર સુધી આવા વિચાર કરવાનો સમય જ તેમની પાસે ન હતો. બંને ભાઈઓ જ્યારે આવી વાત કરતા ત્યારે તેમની નજર સમક્ષ ઘરનું પ્લાસ્તર અને રંગરોગાન દેખાતાં. મકાનનો આગળનો ભાગ પણ રિટાયાર થયેલા કોઈ અમલદારના ઘર જેવો થઈ ગયો છે. ઘરની દશા જોતાં કોઈ તેની જાહોજલાલી કલ્પી ન શકે. ને આજ ઘરમાં હતી પાંચ ગાડીઓ અને ત્રણ ડ્રાઈવર તે ખયાલ સુધ્ધાં ન આવે.

દાદાએ માત્ર ફોન પર માલની હેરફેરના સોદા કરી પૈસા બનાવેલા. જે બચ્યું તેમાંથી માતબર કંપનીઓના શેર ખરીદ્યા. દાદાની વેપારી કુનેહ બાપુજીમાં ઊતરી, પણ તેમનો ઉછેર અઢળક પૈસા વચ્ચે થયેલો એટલે થોડી થપાટો ખાવી પડી. દાદા ગયા ને બધું ડામાડોળ થવા માંડ્યું. બાપા મર્યા ત્યારે હતાશ થઈને મર્યા, કારણ કે તેમના બે દીકરામાંથી એક પણ તૈયાર ન હતો તેમ કહેવું તેના કરતાં તૈયાર થવા માટે તૈયારી પણ બતાવી ન હતી. બાપાને થઈ પણ આવ્યું હતું કે બિનજરૂરી સગવડનું આ પરિણામ છે. કોઈને કોઈની પડી ન હતી. ઘર કેમ ચાલે છે, વહેવાર કેમ ચાલે છે તે સમજવાની કોઈની ઇચ્છા જ નથી. બસ, વાતવાતમાં ગાડી ફેરવો ને પૈસા આપો-અહીં જવું છે ત્યાં જવું છે.

બાપાના ગયા પછી બંને ભાઈઓને પહેલો આ જ ખયાલ આવેલો કે આપણે કંઈ જ શીખ્યા નથી. આ ખયાલ આવતાં જ એમ પણ થયેલું - બાપાએ આપણને કંઈ સમજાવ્યું નથી. આમ કેમ બન્યું તે તેમને ન સમજાયું. બંને એકબીજાનો દોષ જોતા. પણ મનમાં સમજતા, બોલતા નહિ.

અત્યારે ફોનનું બિલ બે-અઢી હજાર આવતું તો કહેતા - તમે કેટલા ફોન કરો છો ? કોને કરો છો ? તેમનું કોઈ સાંભળતું નથી એ તે સમજી જતા. ક્યારેક કહેતા, અમે નહિ હોઈએ ત્યારે તમે કરશો શું ? તેમનું મન આડી વાતે ચડી જાય છે તેવું લાગતું.

મૂળ મુદ્દાની વાત એ હતી કે પૈસા કેમ બનાવવા ?

અત્યારે તો મૂડીના રોકાણ પર ચાલતું હતું. બંને કુટુંબનો ખર્ચ નીકળતો હતો. પૈસા કેમ બચે તે તેમને સમજાતું ન હતું. શેમાં પૈસા રોકી શકાય તે પણ ન સમજાતું. પણ બંને ભાઈઓના વિચાર, હવે કંઈક કરવું પડશે, આમ નહિ ચાલે, ત્યાં આવી અટકી જતા હતા. પૈસા ગુમાવીએ તો ? એવો પ્રશ્ન પણ તેમને માટે હતો. પછી શું ? એ પણ પ્રશ્ન.

તેણે વિચારેલું મોટાભાઈ સાથે વાત કરવી. મોટાભાઈ પણ વિચારતા-નાનાની સાથે વાત કરી કંઈક કરવું. જીવનમાં પહેલી જ વખત તેમને ભવિષ્યનો અને હવે પછીની પેઢીનું શું થશે એ વિચાર આવ્યો. અત્યારે તે પાંત્રીસ-ચાળીસના હતા. હજુ મોડું નથી થયું.

સમય મળે બન્ને જોઈ રહ્યા એકબીજા સામે. બહુ જ ટૂંકી વાત કરી નક્કી કર્યું કે કંઈક બિઝનેસ જેવું કરવું. કયો બિઝનેસ, શેનો બિઝનેસ એ નક્કી ન થઈ શક્યું. પરસેવો વળી ગયો.

બાપાની હયાતીમાં એક ઑફિસ હતી માતબર વિસ્તારમાં. સારા પૈસાની લાલચમાં કાઢી નાખી. અત્યારે તેમની મૂર્ખાઈ સમજાઈ. માત્ર ઑફિસ બંધ રાખી હોત તો પણ અત્યારે કામ આપત. તેમને એમ હતું કે ઘરમાં બેઠાબેઠા કંઈક કરી લઈશું. તેમના દાદાની ઑફિસ હતી તે તો તેમના બાપાએ કાઢી નાખી હતી - બે ઑફિસ રાખીને શું કામ છે ? ધંધો તો ઘરેથી પણ થાય. એ વાત બંને ભાઈઓને અત્યારે યાદ આવી. બાપાએ એમ કરવાની જરૂર ન હતી. રાખવામાં તેમને શું વાંધો હતો ? આજે નાની એવી જગાની શું કિંમત થાય !

આ પરથી એક વાત નક્કી હતી કે બંને હવે કંઈક કરવા ઇચ્છતા હતા. કંઈક નક્કર, પણ શું કરવું ? કેમ કરવું ? એ સવાલ જ મૂંઝવતો હતો. અત્યાર સુધીમાં તેમના દાદાએ કે બાપાએ નાની બાબતમાં હાથ નાખ્યો ન હતો એટલે એવું કંઈક શું કરવું એ તેમને સૂઝતું ન હતું. તેમનાં બાળકો પણ મોટાં થતાં હતાં. કંઈ રીતે કેમ એવો કંઈ તેમને ખયાલ ન આવતો, કે વિચાર પણ ન આવતો. પત્નીઓ મોજમાં હતી. તેમને કોઈ તકલીફ પડશે એવું તેમને લાગતું ન હતું. માત્ર બે ભાઈઓ અત્યારે ચિંતામાં હતા.

આખા ઘરમાં ઊંડાઊંડા શ્વાસ લઈ રહ્યું હોય એવું સુસ્ત અને નિર્જીવ વાતાવરણ પ્રવેશી ચૂક્યું હતું. તે ગાડી પાર્ક કરી ઉપર ગયો ત્યારે આવા જ વિચારોથી ઘેરાઈ તેવા જ વાતાવરણમાં પ્રવેશતો હોય તેવું તેને લાગ્યું. મોટાભાઈ સાથે બેસી કંઈક મેળ બેસાડી કામધંધાની યોજના કરવી. માત્ર ભવિષ્યની જ ને ભવિષ્યમાં ભવિષ્યની પેઢી શું કરશે એ એક જ વિચારની આસપાસ તેનું મન ફરતું હતું. બાપા કે દાદાએ ભવિષ્ય માટે કેમ કંઈ વિચાર્યું નહિ ?

એ પોતે જ અત્યારે ભૂલી ગયો કે પુષ્કળ વૈભવ વચ્ચે તે પોતે જ તૈયાર થવા માગતા ન હતા. બાપાએ ટકોર કરેલી તે તેમને અત્યારે યાદ ન હતી. તેમને એ વખતનું જીવન એટલું બધું ફાવી ગયું હતું કે આનાથી જુદી રીતે જીવી શકાય તેમ તે વિચારી શકતા જ નહિ. આજે પણ તેમનાં બાળકો અને પત્નીની

ભૂતકાળમાં તેમના જેવી મનોદશા હતી એવી જ મનોદશા છે. ભવિષ્યનો જરા પણ અણસાર તેમને આવતો નથી. જમા પાસું એટલું જ કે કોઈ આઉટલાઇનનું નથી થયું કે વ્યસની નથી બન્યું.

વાર્તા હવે શરૂ થાય છે. શટર પાડવાની ઉપાધિમાંથી છૂટવા બીજું કંઈક કરવું એવા મનસૂબા પર તે આવ્યો હતો. આજે તો તે કંટાળી ગયો હતો.

બીજા કે ત્રીજા દિવસે ઉજ્જડ બગીચામાં મોટાભાઈ બેઠા હતા તેમને તે શૂન્યમનસ્ક અને બેધ્યાનથી જોઈ રહ્યો. સામે ટ્રિપોઈ પર ચાનો કપ પડ્યો હતો. તેની ગાડી અને મોટાભાઈની ગાડી પાર્ક થયેલી હતી. બંને ગાડીઓ જૂની છે તેનો અણસાર જોનારને આવી જાય એવા ભાવ અને એવી નજરે મોટી ગાડીઓ તરફ જોઈ રહ્યો હતો. વારાફરતી બંને ગાડીઓ જોયાં કરી ને તેને શું થયું કે ઊભા થઈને નાનાને નીચે બેસવા બોલાવ્યો.

જમાનો ને સમય કેટલાં જલદી બદલાઈ જાય છે તેનો ખયાલ તેના હલનચલન પરથી આવતો હતો. નાનાને બોલાવી તે થોડી વારમાં જ અકળાઈ ગયો. જે વાત બંનેએ કરી તેનો સાર માત્ર એટલો જ હતો – આમ કઈ રીતે હવે જીવી શકાય! નાનાએ, આ શટર પાડવાની વાત તેને ફાવતી નથી માટે બીજુ કંઈક ગોઠવીએ તેમ જણાવ્યું. ઓળખાણો ઘણી છે પણ બાપાના જમાનાની છે. નાનાએ કોઈ બિઝનેસની વાત કરી. હમણાં તો આ ચલાવો. એવું છેવટે નક્કી થયું.

બંને સમજતા હતા કે બંને આળસુ છે. સવારસાંજ ગાડી લઈ આઠદસ માઈલ ફરવા સિવાય કંઈ જ કરતા નથી. પણ હવે તો શું કરીશું? આ છોકરાઓને તૈયાર કરવા પડશેને?

અત્યારે જે વ્યવસાય કરે છે તે જગા સારા લત્તામાં હતી. વળી, બે લાખમાં જ પત્યું હતું. બંનેએ સાથે મળી જોઈ હતી. ગમી પણ ખરી, પણ વાંધો શટરનો આવ્યો. સારો એવો સ્ટોર હતો ને મેઇન રોડ પર હતો. આગળ પાછળ એમ બે રૂમ હતા. શટર પાડો એટલે સ્ટોર બંધ. આ જગા પણ લીધા પછી છ મહિના પડી રહી હતી. શરૂશરૂમાં બેમાંથી કોઈને રસ નથી એવું લાગ્યું. જાણે જગા ખરીદી જ નથી એવું થઈ જતું.

આજુબાજુનાં લોકો પણ મનફાવે તેમ વિચારતાં. અચાનક એક દિવસ બંને જઈ ચડ્યા. સાથે મિસ્ત્રી હતો. માપ લેવાયાં. થડાની ગોઠવણી, ફરતા ઘોડા, અભરાઈ આ બધું વિચારાયું એસ્ટિમેટ થયો ને કામ સોંપાયું. આઠ દિવસમાં બધું તૈયાર.

ફરી પાછા બંને ગાયબ.

ઉપર-નીચે રહે છે છતાં મળતા નથી. દુકાન અંગે વાત કરતા નથી. બેમાંથી કોઈના મગજમાં કંઈ જ પ્લાન નથી. મેડિકલ હૉલ કરવો કે આયુર્વેદિક દવાઓ વેચવી? કટલેરી વેચવી કે ફોટોગ્રાફનો સામાન વેચવો? તૈયાર સિવેલાં કપડાં વેચવાં કે રમકડાં કે પછી પરચૂરણ આઈટમ? બંનેએ સાથે બેસવું કે વારાફરતી? નક્કી એમ થયું કે બંને એકએક અઠવાડિયું બેસે ને થડો સંભાળે, ને એક માણસ રાખવો.

પણ સ્ટોર શેનો કરવો તે અધ્ધર રહ્યું. તેમાં પણ રોકાણ જોઈએ. પાછું ફર્નિચર બનાવતાં ખર્ચામાં ઊતરી ગયેલા.

અઠવાડિયે અઠવાડિયે વારાફરતી બેસવાનું નક્કી થયું ને વળી બધું અટકી ગયું. સારો એવો સમય પસાર થયો. કોઈએ આવી પૂછ્યું પણ ખરું દુકાન વેચવી છે?

વેચવી હોય તો મહેનત શું કરવા કરીએ આટલી?

છેવટે બાળકો માટે ટૉયૂઝ વેચવાં એવું નક્કી થયું. લાંબી માથાકૂટ નહિ. અને એમાંથી આગળ વધવું હોય તો બાળકોનાં સિવેલાં તૈયાર કપડાં વેચાય. આ બાબતે બંને વ્યવસ્થિત હતા એટલે વિચારીને જ કરતા.

પણ હમણાંહમણાંથી શટર નાનાને મૂંઝવતું હતું. હજી સ્ટોર જામતો નહોતો. સવારના તો કોઈ ન આવે. ચારપાંચ પછી ઘરાક દેખાય. તેમાં પણ ખરીદે જ એવું નહિ. આઈટમનાં નામ અને કિંમતમાં ગોટાળા થાય.

મુખ્ય વાત – વકરા તરફ બંનેનું ધ્યાન રહે.

હિસાબ કેમ રાખવો એવી પંચાત નહિ. માત્ર જનરલ નોટબુકમાં ટપકાવતા. મોટા ભાગે તેમાં જમા-ઉધાર સરભર થઈ જતા. નફો દેખાતો નહિ. જે સ્ટોર પર બેસે એ જ થયેલા વેપારની સિલક ગજવામાં નાખે. એનો હિસાબ એકબીજા પૂછે નહિ કે એકબીજાને આપે નહિ.

એક દિવસની વાત. નાનાએ કહ્યું, 'કાલથી તમારે જવાનું છે શટર ખોલવા આઠ દિવસ' મોત માથા પર આવ્યું હોય તેમ મોટાભાઈ જોઈ રહ્યા. કહેવા. મન થયું, હજી અઠવાડિયું તું જાને. તેમ કહેવાને બદલે બોલ્યા, 'હા'.

એક અઠવાડિયું મોટાભાઈ બેસી વકરો ગજવે કરી પાછા આવ્યા. પછી નાનો બેઠો. તેણે પણ તેમ કર્યું. આ જ સિરસ્તો પડી ગયો. પછી તો એક દિવસ તું બેસ ને એક દિવસ હું બેસું એમ નક્કી થયું - એક દિવસનો વકરો નાનો ગજવે કરે ને એક દિવસનો મોટો. જાણે બંને ભાઈ એકબીજાને જાણતા જ નથી એ રીતે.

આ આપણું કામ નથી એ પણ બંનેને સમજાઈ ગયું. માલ વેચાઈ જાય. હિસાબ અધ્ધર રહે. જોઈએ, હવે શું કરશે. નાનાની શટર ઉઘાડબંધની માથાકૂટ જશે એમ લાગે છે. દુકાન કાઢવી તો નથી જ. બંને ન જ કાઢવી એ બાબતે તો સંમત થયા. તો પછી? બસ આ પ્રશ્નથી જ શટર પડી ગયું.

છ મહિના થયા છતાં હજી કોઈએ શટર ઊંચક્યું નથી. જોઈએ હવે. ❐

માનવમગજ-ચેતના વ્યાપારો

રવીન્દ્ર ભટ્ટ

માનવ મગજ દેખાવે અખરોટ (ફોડેલા) જેવું છે અને આશરે ત્રણ રતલનું વજન ધરાવે છે. મગજના મોટા ભાગને અંગ્રેજીમાં **Cerebrum** કહેવાય છે. ગુજરાતીમાં બૃહમસ્તિષ્ક. મગજનો નાનો ભાગ જે પાછળ છે તે **Cerbeltum** - પાર્શ્વ મસ્તિષ્ક. કોઈ પણ કમ્પ્યૂટરથી ચડિયાતું મગજ કેવા વિવિધ ચમત્કારો કરે છે. ગાંધીજીની અહિંસા, આઈન્સ્ટાઈનનો સાપેક્ષવાદનો સિદ્ધાન્ત અને પોતાને જ સમજવા માટે પોતે જ આખું મનોવિજ્ઞાનનું શાસ્ત્ર ઘડી કાઢ્યું. આવું બધું નાના મગજમાંથી જ થાય છે ને !

માનવચિત્તની ત્રણ મુખ્ય પ્રવૃત્તિ ચિંતન, સંવેદન અને સ્મૃતિ—ને મગજ સાથે જ સંબંધ. મગજમાં શરીરના ભાગોના હલનચલનનાં નિયમન-કેન્દ્રો છે તે સાથે સ્વાદ અને ગંધને પારખવાનાં કેન્દ્રો પણ છે. દૃષ્ટિ સંબંધિત કેન્દ્ર પણ છે. મગજની અંદર અબજોની સંખ્યામાં સૂક્ષ્મ ચેતાકોષો છે. અંગ્રેજીમાં **NEURONS** કહે છે મગજમાં મુખ્યત્વે જે ક્રિયા-પ્રક્રિયાઓ થાય છે તે નીચે પ્રમાણે છે.


(૧) જ્ઞાનતંતુના કોષોની રચાતી - જળવાતી રહેતી - વ્યવસ્થિત એવી ગૂંથણીવાળી રચના, (૨) સતત થતા વિદ્યુત સંચારો, (૩) શરીરમાં રહેલા અંતઃસ્રાવી ગ્રંથોમાંથી છૂટતા અને લોહી દ્વારા મગજમાં પહોંચતાં રહેતાં રસાયણો - **hormones,** (૪) મગજને પોષણ આપતાં વિટામિનો અને ક્ષારો.

મગજના ચેતાકોષો અને જ્ઞાનેન્દ્રિયો વચ્ચે ક્રિયા-પ્રક્રિયાઓ કેમ થાય છે તે સમજીએ. ચેતાકોષો બે પ્રકારના : જ્ઞાનેન્દ્રિયથી મગજને પહોંચતા સંદેશગ્રાહકો અને જ્ઞાનેન્દ્રિયને સક્રિય કરવા મગજમાંથી પહોંચતા સંદેશવાહકો. કોઈ પણ એક જાગ્રત થયેલ જ્ઞાનેન્દ્રિય સંબંધિત કાર્યનો સંદેશગ્રાહક ચેતાકોષ તરત પકડે છે અને સતેજ થઈ સૂક્ષ્મ વિદ્યુત સંકેતથી મગજમાં પહોંચી સંદેશ-વાહક ચેતાકોષને યોગ્ય કરવા જ્ઞાનેન્દ્રિય તરફ રવાના કરે છે. પણ ચેતાકોષો વચ્ચે સૂક્ષ્માતિસૂક્ષ્મ રિક્તતા હોય છે, જેને વિજ્ઞાને અંગ્રેજી શબ્દ 'સિનાપ્સ' (**SYNAPSE**) નામ આપ્યું છે. આ રિક્તતાને લીધે વિદ્યુત સંકેતનો માર્ગ રૂંધાય છે. એને તો સળંગ માધ્યમ જોઈએ. તેથી તે આંચકો આખી મગજમાં સંગ્રહાતાં રસાયણો-હોરમોન્સને છૂટા કરી ગતિશીલ બનાવે છે. આ બધું સેકન્ડથી પણ ઘણા ઓછા સમયમાં બની જાય છે. ગતિશીલ થયેલ રસાયણ સંદેશ લઈ જઈ શકે અને એમ સંદેશવાહક ચેતાકોષની મદદે આવે છે અને જ્ઞાનેન્દ્રિયની અભિવ્યક્તિ પૂરી થાય છે.

મગજમાં મોટી સંખ્યામાં આવાં રસાયણો હોય છે અને ચેતાકોષો સાથે સમગ્ર સંકુલ સ્વરૂપે જીવન ધારણાની રચના-વ્યવસ્થાને ટકાવી રાખે છે. સાથે સાથે ચિંતન-સંવેદનની સમતુલાને પણ જાળવી રાખે છે.

ચેતાકોષ અને રસાયણો માટે એક શબ્દ વાપરીએ તો તેને ચેતા-રસાયણો કહી શકાય. મગજમાં મોટી સંખ્યામાં આવાં પ્રસારક ચેતા-રસાયણો હોય છે, જેમાંનું એક અગત્યનું તે ડોપામાઈન. એને કુદરતી રીતે મગજમાં થતા ઉત્પાદનમાં જો કંઈ અવ્યવસ્થા થાય, અયોગ્ય ફેરફાર થાય (જન્મ સાથેની ખોડને લીધે અથવા તીવ્ર આઘાતથી કે માદક પદાર્થના સેવનથી) તો ગંભીર માનસિક કે શારીરિક રોગ આવી પડે, જેમ કે સૂક્ષ્મ ચેતના સ્તરે વિભક્ત મનસ્કતા-આચાર અને ભાવના વચ્ચે વિસંગતિ જેવી સ્થિતિ (અંગ્રેજી **SCHIZOPHRENIA**) અથવા સ્થૂળ શરીરની સ્વાભાવિક હલનચલન ક્રિયામાં મર્યાદા આવી જવી અને કોઈ ભાગમાં જડતા તો કોઈ બીજામાં ધ્રુજારી થતી રહે તેવો રોગ થાય જેને પાર્કિનસનનો રોગ કહે છે.

અલબત્ત, મગજની તંદુરસ્ત અવસ્થા જળવાતી રહે તો સંદેશવહનનું કાર્ય પૂરું થયા પછી ડોપામાઈન (એ જોઈતા



પ્રમાણથી થોડું વધુ ઉત્પન્ન થાય છે) કુદરતી રીતે પાછું ચેતારસાયણોમાં સમાઈ જાય છે.

ડોપામાઈન સિવાય મગજમાં — વિશેષ તો એના ઉપરના પડમાં (જેને CORTEX કહેવાય) બીજાં રસાયણો પણ હોય છે જેવાં કે સેરોટોનીન (SEROTONIN) નૉરેપાઇનેફ્રાઇન (NOREPINEPHRINE) અને બીજાં, આમાં સેરોટોનીનને લીધે આનંદની અનુભૂતિ અને પ્રમાણ ઘટી જાય તો ચિંતાસ્થિતિ થાય. હવે એક દૃષ્ટાંત સતત થતા ચેતના વ્યાપારોનું લઈએ. મગજ અને મન એ બેને જુદાં સંપૂર્ણ ન પાડી શકાય. એટલું જ કે મગજ સ્થૂળ છે અને તેમાં સમાઈ ગયેલ કશુંક સૂક્ષ્મ છે, જે મન છે. મનના બે સ્પષ્ટ ભાગ - જ્ઞાત અને અજ્ઞાત. જ્ઞાત મનને છાતી ઉપરથી મગજ સુધીમાં હોવાનું કલ્પી શકાય. અજ્ઞાત મનને છાતી નીચે. ખરેખર એને જ એમ ન સમજવું કે સ્વીકારી લેવું.

જ્ઞાત મનમાં સતત વિચારો આવે છે. આસપાસથી તેમ જ સ્મૃતિમાં સંગ્રહાયેલા વિચારો પણ આવે છે. ભૂતકાળનું કોઈ મજાનું સ્મરણ - પ્રિયજનનો મેળાપ કે ચિત્તને રોકી લે એવું અદ્‌ભુત કુદરત-દર્શન. સાથે સાથે ભૂતકાળનો ચિત્તને ક્ષુબ્ધ કરી ગયેલો કોઈ પ્રસંગ પણ સ્મરણે ચઢે. જ્ઞાત - જાગ્રત મન એ લોહચુંબક જેવું છે. એ તો બધાં સ્મરણ-વિચારો ઉપર ખેંચે. વાગોળવાં જેવાં સાથે જરા પણ વાગોળવા જેવા નહિ એવાંને પણ. ઈશ્વરે સદ્‌ભાગ્યે વિવેકભાન આપ્યું છે જેને આપણે જ્ઞાત અને અજ્ઞાત મન વચ્ચે એક મજબૂત દીવાલ અને તેના દરવાજા પાસે ઊભેલ અવેક્ષક રૂપે કલ્પી લઈએ. જ્ઞાત મનમાં ન જવા દેવા વિચારને અવેક્ષક પાછો વાળે છે, ઉપર નથી જવા દેતો, દીવાલનો દરવાજો નથી ઉઘાડતો; પણ જો એ અયોગ્ય સ્મરણ-વિચારની તીવ્રતા ઘણી હોય તો પૂરમાં આવેલ નદીનાં પાણી જેમ બંધ તોડી નાખે તેમ પેલો પાછો ફેંકાયેલ વિચાર (એક કે વધુ) અવેક્ષકની હાજરી હોવા છતાં દીવાલને જુદે જુદે સ્થળે તોડી જ્ઞાત મન તરફ ધસી જાય. પરિણામે વહેલી કે મોડી માનસિક વિકૃતિ અને શારીરિક તકલીફ પણ આવી પડે — જેમ કે નૈતિક પ્રમાદ, અપરાધભાવ, જડ થઈ જતું જાગ્રત મન, માથાનો દુ:ખાવો (એ અલબત્ત અન્ય કારણોને લીધે પણ હોય), પક્ષાઘાત, અવસાદ, અતાર્કિક ભીતિઓ વગેરે.

માનવમનમાં આધિભૌતિક સાથે આધ્યાત્મિક અને અહમ્ સાથે પરાહમ્ વલણોનું અને વૃત્તિઓનું જન્મજાત દ્વૈત હોય છે. જન્મ થતાં જ શિશુવયથી જ વિવિધ પરિબળો એનું ઘડતર કરતાં આવે છે, જેમ કે માતાપિતા તથા સ્વજનોનો સ્નેહ, આસપાસનું ભૌતિક વાતાવરણ, વંશજ સંસ્કારો, જ્ઞાનેન્દ્રિયોના અને વૃત્તિઓના આવિષ્કારો અને શિવ તથા સુંદરની પરોક્ષ અનુભૂતિ. એ પરિબળોના યોગ્ય સહઅસ્તિત્વને લીધે સંવાદમય જીવનનું ઘડતર થાય અને પરિબળોમાં સમતુલા ન હોય — એકબે પરિબળોનો અભાવ હોય — તો વિસંવાદી જીવ થાય. આપણી આસપાસ સંસારમાં આપણને આ જોવા મળે છે.

સ્થૂળ મગજનું સંપૂર્ણ પરીક્ષણ આધુનિક ઉપકરણોથી થાય છે અને હવે તો બાલ્યાવસ્થાથી જ (કદાચ ગર્ભાવસ્થાથી પણ) મગજનું પરીક્ષણ કરી શકાય છે અને ખામી હોય તો દૂર પણ કરી શકાય.

પણ ચેતના અને એના વ્યાપારો ? એનો કોઈ નિયમ નથી. એ તો ઈશ્વરની અદ્‌ભુત અને અજબ એવી લીલા છે. ચેતના-વ્યાપાર સહજ અને સતત થતો આવે છે. તો પણ એને સ્વાધીન કરી શકાય એમ પતંજલિ યોગ-અભ્યાસમાં શરૂઆતમાં જ કહે છે કે ચિત્તવૃત્તિઓનો નિરોધ એ જ યોગ. યોગવાસિષ્ઠમાં પણ કહ્યું છે કે વાસનાનાં જળ શુભ અને અશુભ બન્ને માર્ગોએ વહેતાં રહે છે. પ્રયત્નથી અને પુરુષાર્થથી એને શુભ માર્ગે જ યોજવાં જોઈએ. આવાં મજાનાં વિધાનનો વિસ્તાર કરીએ તો પુરુષાર્થથી માનવમાંથી દેવમાનવ થવાનું દૈવિક પરિવર્તન કરી શકાય.

એક અંગ્રેજી લેખકે (હેમિલ્ટન સ્ટાર્ક) એમ કહ્યું છે કે સર્જિત જીવે સર્જક થતા રહેલું અને ધ્યેયહીનતાને બદલે શ્રેયસ્કર ઉદ્યમોમાં પ્રવૃત્ત થવું એ દૈવિક પરિવર્તન.

આમ, ચેતના-વ્યાપારને એક ચોક્કસ શુભ દિશામાં કેન્દ્રિત કરી શકાય છે - સંકલ્પથી, ધીરજથી અને સતત એ વિષે સભાન રહેવાથી. ઉપરાંત સંમોહન શક્તિ પોતાના વિચારો બીજામાં મૂકવાની અથવા બીજાના વિચારોનો અછડતો ખયાલ મેળવી લેવાની વિશિષ્ટ ચેતના જેવું પણ કંઈક છે પણ મનને તંદુરસ્ત રાખી શકે.

ચેતના વ્યાપારો અને મન, એ બે જુદાં એમ સ્પષ્ટપણે ન કહી શકાય. સામાન્ય રીતે આપણે સૂક્ષ્મ મનનું સ્થાન મગજમાં ક્યાંક કલ્પીએ છીએ. કેટલી સાંકડી જગ્યામાં ? તો તેથી ઊલટું પ્રસિદ્ધ અંગ્રેજી ખગોળવિદ્ અને ગણિતશાસ્ત્રી સ્વ. જેમ્સ જીન્સે, પોતાના પુસ્તક 'THE MYSTERIOUS UNIVERSE' માં એમ અનુમાન કર્યું છે કે, 'વિશ્વ એક વિરાટ યંત્રને બદલે એક વિરાટ વિચાર જેવું વધુ દેખાતું થતું જાય છે. !' કેટલી સાંકડી જગ્યામાં આ ઉદ્‌ભવેલો વિચાર કેટલો વ્યાપક-વિરાટને આંબતો એવો વ્યાપક થયો છે ! ઉપનિષદ-વાક્ય 'અહમ્ બ્રહ્માસ્મિ'માં એવો જ વ્યાપક વિચાર છે ને ! □

દલિત કવિ દલપત ચૌહાણને 'કવિ નરસિંહ મહેતા દલિત સાહિત્ય ઍવૉર્ડ'

સર્જનાત્મક દલિત સાહિત્યક્ષેત્રે મહત્ત્વપૂર્ણ અને મૌલિક યોગદાન આપનાર દલિત સાહિત્યકારોને પ્રોત્સાહન આપવાના હેતુથી રાજ્ય સરકાર દ્વારા પ્રતિવર્ષ એક દલિત સાહિત્યકારને કવિ નરસિંહ મહેતા દલિત સાહિત્ય ઍવૉર્ડ પેટે રૂ. ૫૦,૦૦૦નો રોકડ પુરસ્કાર અને પ્રશસ્તિપત્ર આપવાની યોજના અમલમાં છે. તે અન્વયે ૨૦૦૧નો આ ઍવૉર્ડ શ્રી દલપત ચૌહાણને એનાયત કરાયો છે.

એન ફ્રેન્કની રોજનીશી



અનુવાદ
હિના ગોખલે

શુક્રવાર ૧૦મી સપ્ટેમ્બર ૧૯૪૩
પ્રિયતમ કિટી,

દરેક વખતે મેં તને પત્ર લખ્યો છે ત્યારે કોઈ ને કોઈ ખાસ બીના બની ગઈ હોય છે. તે પણ સામાન્ય રીતે અણગમતી ઘટના બની હોય છે. પણ આજે તો સારી ઘટના વિશે લખું છું.

૮મી સપ્ટેમ્બરે બુધવારે સાંજે રેડિયો પરના સાત વાગ્યાના સમાચારમાં અમે સાંભળ્યું - યુદ્ધ દરમ્યાન મળેલા કદાચ સૌથી સારા સમાચાર આ પ્રમાણે છે :

ઇટાલીએ શરણાગતિ સ્વીકારી છે. ઈટાલી બિનશરતે શરણે આવ્યું છે ! ઈંગ્લંડથી આવતા ડચ સમાચારની શરૂઆત હતી : 'શ્રોતામિત્રો, બરાબર સવા કલાક પહેલાં જ્યારે મેં મારા રોજના સમાચાર લખવાનું પૂરું કર્યું ત્યારે જ અમને ઇટાલીના શરણાગતિના સમાચાર મળ્યા. અને સાચે જ મારો લેખ કચરાની ટોપલીમાં ફેંકી દેવાનો મને જે આનંદ થયો છે એવો આનંદ એ કામ કરતાં મેં ભાગ્યે જ અનુભવ્યો હશે.'

પછી 'ગૉડ સેવ ધ કિંગ', અમેરિકન રાષ્ટ્રગાન અને રશિયન 'ઇન્ટરનેશનેલ' વગાડવામાં આવ્યું. હંમેશની મુજબ બાકીનો ડચ કાર્યક્રમ ઉત્સાહી પણ નિરાશાવાદી રહ્યો.

બ્રિટિશ લોકોએ નેપલ્સને કબ્જે કર્યું છે. ઉત્તર ઇટાલી જર્મન લોકોના તાબામાં છે. જે દિવસે બ્રિટિશોએ ઇટાલી કબજે કર્યું એ જ દિવસે શાંતિકરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા. જર્મનો જોરશોરથી ઇટાલીના રાજા ઉપર અને બૅડોગ્લીઓ પર થયેલા અત્યાચારના સમાચાર પ્રસિદ્ધ કરવામાં પડ્યા છે.

સાથે સાથે થોડા માઠા સમાચાર પણ છે. એ છે શ્રી ક્લાઈમનના. તું તો જાણે છે કે અમને ક્લાઈમન કેટલા ગમે છે. એમની તબિયત જરાય સારી નથી. દુઃખાવો રહે છે, જમી પણ શકતા નથી, ચાલી શકતા નથી અને તેમ છતાં આનંદી અને જિંદાદિલ માણસ છે. થોડા દિવસ પહેલાં જ મમ્મી કહેતી હતી : 'શ્રી ક્લાઈમનના આગમન સાથે અહીં સુરખી છવાઈ જાય છે.' ને વાત પણ કેટલી સાચી ?

હવે એમને પેટના મોટા ઑપરેશન માટે હૉસ્પિટલમાં દાખલ થવું પડશે. ચારેક અઠવાડિયાં રહેવું પડશે. વિદાય લેવા આવ્યા ત્યારે એમનું વર્તન એટલું તો સ્વાભાવિક હતું કે જાણે રોજના કામ માટે જ જતા હોય. આ તો તું જુએ તો જ જાણે.

લિ. એન.

ગુરુવાર ૧૬મી સપ્ટેમ્બર ૧૯૪૩
પ્રિયતમ કિટી,

અહીં ગુપ્ત નિવાસમાં એકબીજા સાથેના સંબંધો વણસતા જાય છે. જમતી વખતે તો કોઈ મોં ખોલવાની હિંમત કરતું નથી (મોંમાં કોળિયો ભરવા સિવાય). તમે કાંઈ પણ બોલ્યાં કે કોકને માઠું લાગવાનું જ ને ગમવાનું નહિ. કોક વાર શ્રી વૉસ્કયૂલ અમને મળવા આવે છે. એમની તબિયત જરાય સારી નથી. 'હવે તો મરવાનું છે એટલે કોઈની પરવા શા માટે કરવી' એવું માને છે. આને લઈને એમનાં કુટુંબીજનો કફોડી પરિસ્થિતિમાં મૂકાઈ જાય છે. અહીં અમારા બધાંના મિજાજ જોઈને હું વૉસ્કયૂલ કુટુંબની પરિસ્થિતિની કલ્પના કરી શકું છું.

રોજના ગભરાટ અને હતાશાને દૂર કરવા હું રોજ વૅલેરીન લઉં છું, પણ એમ કરવાથી પછીનો દિવસ ઑર ખરાબ જાય છે. ખરેખર તો મને દિલખુલાસ ખડખડાટ હસવાની જરૂર છે એનો વૅલેરીનનાં દસ ટીપાં કરતાં જરૂર વધારે ફાયદો થશે. પણ અહીં રહીને તો હું જાણે હસવાનું જ ભૂલી ગઈ છું. ઘણી વાર મને લાગે છે કે મારો ચહેરો તો કાયમ માટે રડમસ બની જવાનો ને મોઢું તો હોઠના બંને છેડેથી કાયમનું વાંકું જ બની જવાનું. બાકી લોકોની હાલત પણ આવી જ છે. ઉપરથી બધાં શિયાળા નામના એક જુલમની ચિંતામાં ડૂબ્યાં છે.

એક બીજી વાતની પણ અમને ચિંતા થઈ છે. વખારમાં કામ કરતા શ્રી વૅનમારનના મગજમાં આ ગુપ્તનિવાસની બાબતમાં શંકાનું ભૂત સળવળ્યું છે. હવે જેને થોડીઘણી પણ બુદ્ધિ હોય એને એ વાત પર સહેજે ધ્યાનમાં જાય કે મીપ પ્રયોગશાળાના નામે ઉપર જાય તો બેપ ફાઈલ લેવા જાય ને ક્લાઈમન ઑપેક્ટા સ્ટોરમાં જાય અને અહીં શ્રી કૂગ્લર બજાવે કે ઉપરનો માળ આપણો છે જ નહિ એ તો પડોશની કંપનીનો છે !

આમ તો શ્રી વૅનમારન શું ધારે છે ને શું નહિ એની પરવા કરવાની અમને ખાસ જરૂર તો નથી પણ વાત જાણે એમ છે કે

આ ભાઈનો વિશ્વાસ કરાય એમ નથી અને ભારે ખાંખતિયા છે. પાંગળાં કારણો દઈને સમજાવી દેવાય એવા નથી.

એક દિવસ શ્રી કૂગ્લરે જરા વધારે તકેદારી રાખવાનું નક્કી કર્યું. એટલે બાર ને વીસે કોટ ચડાવીને રસ્તાને નાકે આવેલી દવાની દુકાને જવા નીકળ્યા. પાંચેક મિનિટમાં પાછા ફરી છાનામાના ચોરની જેમ અંદર ઘૂસી અમને મળવા ઉપર આવી પહોંચ્યા. સવા વાગે પાછા જવા નીકળ્યા. ત્યાં રમણામાં જ બેપ મળી ને એણે ખબર આપી કે વૅનમારન તો હજી ઑફિસમાં જ બેઠા છે, એટલે કૂગ્લર પાછા ફર્યા ને દોઢ વાગ્યા સુધી ઉપર જ રહ્યા. છેવટે બૂટ કાઢીને એકલાં મોજાંમાં (એમને શરદી થઈ હતી છતાં પણ) માળના આગલા ભાગમાં જઈને ત્યાંનો દાદરો દબાતા પગે અવાજ ન થાય એની તકેદારી સાથે ઊતરીને બહાર ગયા. નીચે ઊતરતાં એટલું તો ધ્યાન રાખ્યું કે એટલું ઊતરતાં એમને પંદર મિનિટ સહેજે લાગી ગઈ. ને પછી બહારથી ફરી ઑફિસમાં ગયા.

દરમ્યાનમાં બેપે સફળતાપૂર્વક શ્રી વૅનમારનને રવાના કરી દીધા અને ઉપર કૂગ્લરને લઈ જવા આવી પહોંચી, પણ ત્યારે તો કૂગ્લર નીકળીને દાદરો વિના અવાજે ઊતરવામાં પડ્યા હતા. મૅનેજરને બહાર બૂટ પહેરતા જોઈને જતાં-આવતાં કોઈએ શું વિચાર્યું હશે ? એય મોજાંવાળા ભાઈ !

લિ. ઍન.

બુધવાર ૨૯મી સપ્ટેમ્બર ૧૯૪૩

પ્રિયતમ કિટી,

આજે શ્રીમતી વૅનડાનનો જન્મદિવસ છે. એ નિમિત્તે એમને ચીઝ,મટન અને બ્રેડની રેશનની એક કૂપન, સિવાય જામની એક બરણી ભેટ મળ્યાં. એમના વર તરફથી, ડસેલ અને અન્ય ઑફિસના સ્ટાફ તરફથી ફક્ત ફૂલો અને થોડી ખાવા-પીવાની વસ્તુ મળ્યાં. એવી છે અમારી અવસ્થા !

ગયા અઠવાડિયે બેપ ત્રાસી ગઈ હતી, કારણ કે એને માથે ઘણાં ભાગદોડ કરવાનાં કામ આવી પડ્યાં હતાં. દિવસમાં દસ વાર લોકો એને એક યા બીજા કામ માટે બહાર મોકલતાં હતાં. ક્યાં તો કામ બરોબર કર્યું નથી એમ કહીને ફરી ધક્કો ખવડાવતાં હતાં. અને આ ઉપરાંત એને માથે રોજનું ઑફિસનું કામ તો હતું જ. વળી કલાઈમનની માંદગી અને મીપની શરદીને લઈને ગેરહાજરી, એનો પોતાનો પગ મરડાઈ ગયો હતો, એના બૉયફ્રેંડ તરફથી પણ હેરાનગતિ ચાલુ હતી, એના પપ્પાની પણ કચકચ ચાલુ હતી. એટલે છેવટે એની ધીરજ ખૂટી જાય એમાં આશ્ચર્ય શું કરવું ? ત્યારે અમે એને ધીરજ આપતાં કહ્યું કે એણે પણ ક્યારેક દૃઢપણે કહેતાં શીખી જવું જોઈએ કે, 'ભાઈ, આ માટે મારી પાસે વખત નથી.' એની મેળે ખરીદીની યાદી ટૂંકી થઈ જશે.

શનિવારે અહીં એક મોટું નાટક થઈ ગયું. આવું આ પહેલાં ક્યારેય બન્યું નહોતું. વાતની શરૂઆત શ્રી વૅનમારનથી થઈ. અને એનો અંત જોરદાર સામસામી દલીલો અને અશ્રુ ઢાળવામાં આવ્યો. મમ્મી પાસે ડસેલે ફરિયાદ કરી - અહીં પોતે રક્તિપિત્તિયા હોય એવું બધાંનું વર્તન છે. મિત્રભાવના કોઈ દાખવતું નથી. અને એમણે એવું કાંઈ જ કર્યું નહોતું જેથી તેમને આવું સહન કરવું પડે. વળતાંમાં મમ્મીએ કહ્યું કે, એમના વર્તનથી બાકીનાં બધાં જ નાખુશ છે. અને ઘણીય વાર એમનું વર્તન કોઈને ગમ્યું નહોતું. પછી તો ડસેલે વર્તન સુધારવાનાં મોટાં મોટાં વચનો આપ્યાં પણ અત્યાર સુધી સુધારાનો છાંટોય દેખાયો નથી.

મારા ધારવા પ્રમાણે વૅનડાન સાથે અમારો ઝગડો થાય એવાં એંધાણ છે. પપ્પા જરા ગુસ્સે થયા છે કારણ કે એ લોકો અમને છેતરે છે. મટન ને બીજી વસ્તુઓ એ બધાં દબાવી રાખે છે. બાપ રે, થશે ત્યારે એનો મોટો ભડકો થવાનો છે કે બસ ! એમાં હું ન હોત તો કેવું સારું થાત ? અહીંથી ભાગી જવાનું હોત તો ? એ લોકોએ તો અમને ગાંડાં કરી મૂક્યાં છે !

લિ. ઍન.

રવિવાર ૧૭મી ઑક્ટોબર ૧૯૪૩

પ્રિયતમ કિટી,

શ્રી કલાઈમન ફરી આવવા માંડ્યા છે. થોડી ફિક્કાશ છે પણ છતાંય શ્રી વૅનડાનનાં કપડાં વેચવાના કામ માટે નીકળી પડ્યા.

શ્રી વૅનડાનને પૈસાની તાણ પડી ગઈ છે એ એક દુખદ વાત છે. એમના સો ગિલ્ડર વખારમાં ખોવાઈ ગયા. જેને લીધે શરૂ થયેલી તકલીફો હજી પૂરી નથી થઈ. બધા જ કામગારો આશ્ચર્યમાં પડી ગયા કે અચાનક સોમવારે સવારે વખારમાં સો ગિલ્ડર કેવી રીતે આવી પડ્યા. શંકાનું મોજું જ ફરી વળ્યું છે. દરમ્યાનમાં એ સો ગિલ્ડર ચોરાઈ પણ ગયા. ચોર કોણ હશે, કોણ જાણે.

પણ આપણે વાત કરતાં હતાં પૈસાની તંગીની. શ્રીમતી વૅનડાન પાસે ઢગલો એક કપડાં, કોટ ને બૂટ છે. પણ એમાંથી એકેય વિના એમને ચાલે એમ નથી. શ્રી વૅનડાનનો સૂટ વેચવા કાઢવો મુશ્કેલ છે. અને પીટરની સાયકલ વેચવા કાઢી હતી પણ એ આવી પાછી, કારણ કે એને કોઈ ખીરદવા તૈયાર નથી. પણ વાતનો અહીં અંત આવતો નથી. શ્રીમતી વૅનડાન તો કહે-છે કે અહીં રહેવા-ખાવાનો ખર્ચો પેઢીએ જ કરવો જોઈએ જે તદ્દન પાયા વગરની વાત છે. એટલે શ્રીમતી વૅનડાનને એમનો ફરનો કોટ વેચવા સિવાય છૂટકો નથી. આને લઈને એમની વચ્ચે મોટો ઝગડો થઈ ગયો. જેનો હમણાં જ 'અરે મારી પુટ્ટી' અને 'ઑ વ્હાલી કેર્લી'ના સમજૌતામાં આવ્યો.

(અનુસંધાન પૃ. ૯૨)

નેપાળપ્રવાસ

દેવો સદા સમીપે

પ્રીતિ સેનગુપ્તા

૧. મર્ત્યલોકમાં પુનરાગમન

પ્રયાણ-કથા તિબેટ અંગેની માંડી હતી, તેથી પ્રયાણ પૂરું થતાં એમ લાગ્યું કે જાણે કથા પણ પૂરી થઈ ગઈ. પરન્તુ તિબેટ જતાં પહેલાં, તેમજ ત્યાંથી આવ્યા પછી હું કેટલાક દિવસો નેપાલમાં રહી હતી, ને નેપાલ ભલે કોઈ પણ રીતે તિબેટની તોલે ના આવે, પણ નાનકડો, પાડોશી એ દેશ મારા ગમતા દેશોમાંનો છે. કેટલાંક વર્ષો પહેલાં ખાસ નેપાલમાં જ ફરવા હું ગઈ પણ હતી - ને તે પણ સાવ એકલાં જ. બહુ જ ગમ્યું હતું નેપાલમાં ફરવાનું, ત્યાંની પર્વતીય જગ્યાઓ જોવાનું.

તેથી જ, મન કહ્યા કરે છે કે જ્યાંથી તિબેટ જવાનું શક્ય બન્યું તે સ્થાનને પણ શબ્દોથી, અને સંવેદનોથી વધાવી લેવું જોઈએ. વાત સાચી છે, ને મનની પાસે નમતું મૂકવામાં હાર-જીતનો પ્રશ્ન પણ ક્યાં હોય ? તિબેટથી સુખરૂપ પાછાં ઊતરી આવ્યાની રાતથી જ નેપાલમાંના પ્રસંગોને યાદ કરું.

કાઠમંડુના થામેલ વિભાગમાં મારો ઉતારો હતો. તિબેટમાં જેની જરૂર નહોતી તે થોડી ચીજોનો થેલો મેં ત્યાં જ મૂકી રાખેલો. મિનિ-બસને થામેલની ગલીઓમાં જવાની મનાઈ હતી, તેથી મારે સાઈકલ-રિક્ષા કરવી પડેલી. ઉતારે જઈ રૂમ લીધો, સામાન કઢાવ્યો, પછી બાથરૂમમાંનું ગરમ પાણીનું હીટર ચાલુ કર્યું. અડધોએક કલાક પાણી ગરમ થાય એની રાહ જોતાં બેસી રહેવું પડ્યું. માથાથી પગ સુધી ચોખ્ખાં થવાનું હતું. ત્રણ દિવસે નહાવાનો વારો આવ્યો હતો, એટલે ગરમ પાણી આવશ્યક હતું.

કપરી, અઘરી યાત્રા સમાપ્ત થઈ હતી, સફળ થઈ હતી, તેથી હવે હૃદય પર આનંદનો તૉર જ હતો. ને આઠેક વાગ્યે, તિબેટનાં જે પાંચ-છ સાથીઓની સાથે થોડી મૈત્રી થઈ ગઈ હતી તે બધાંને ભોજન માટે મળવાનું નક્કી કર્યું હતું. એ બધાંને પણ સંગ છોડવાની ઇચ્છા નહીં હોય. કાઠમંડુના મુખ્ય એવા દરબાર માર્ગ પર આવેલી અન્નપૂર્ણા હોટેલ આગળની 'ઘર-એ-કબાબ' નામની રૅસ્ટૉરાં અમે પસંદ કરેલી. મારી પાસે ઘડિયાળ હાથવગી નહોતી, તેથી હું જરા મોડી પડી. બધાં ન્હાઇ-ધોઈ, ચોખ્ખાં થઈ, તૈયાર થઈ આવીને બેસી ગયેલાં.

એ છએ જણે જાત-જાતની આમિષ વાનગીઓ મંગાવી. મેં વેઇટરને કહ્યું, 'બટાકાનું સૂકું શાક હશે ?' ને એણે મારે માટે જીરા-આલુ કરાવડાવ્યા. બસ, એટલું એ શાક અને ગરમ-ગરમ નાન મારે માટે પૂરતાં હતાં. મુખ્યત્વે પરદેશી ગ્રાહકોના મનોરંજન માટે સંગીતનું આયોજન કરવામાં આવ્યું હતું. એક વૃદ્ધ કળાકારે સિતાર-વાદન રજૂ કર્યું. ઉદય અને મનિલા નામનાં યુવાન પતિ-પત્ની હિન્દી ફિલ્મોનાં લોકપ્રિય ગીતો અને ગઝલો ગાતાં હતાં. બંને દેખાતાં હતાં પણ સરસ, ને બંનેના અવાજ તથા ગાન-કૌશલ્ય તો લાજવાબ જ હતાં. મારાં પરદેશી સાથીઓ માટે મારે ટૂંકા ભાવાનુવાદ કરતાં રહેવું પડ્યું !

આમ ફરીથી મળ્યાં, નિરાંતે સાથે જમ્યાં, ને પછી છૂટાં તો પડવું જ પડ્યું. અમને બધાંને અઘરું લાગ્યું. હવે ફરી ક્યારે મળવાનાં ? પ્રવાસ દરમ્યાન ક્યારેક સરસ પરિચય થતા હોય છે. એમાંના કેટલાક લાંબા સમય સુધી, ને કદાચ હંમેશ માટે, ટકતા હોય છે - પણ બધા જ નહીં. આ કારણે પ્રવાસ પૂરો થતાં મને બમણું દુઃખ લાગતું હોય છે.

એ રાતે પરસ્પર વિદાય લીધા પછીના દિવસે કાઠમંડુમાં હું એકલી એકલી, ઉદાસ ભાવે ફરતી રહી. રાષ્ટ્રિય સંગ્રહાલયમાં, અને રાજ-પ્રાસાદમાં ઉત્તમ કળાકૃતિઓ જોવામાં ઘણો સમય ગાળેલો, તે યાદ આવે છે. બપોરે મૂશળધાર વરસાદ પડેલો. હું ભીની નહોતી થઈ, કારણ કે બજારમાં હાથ-બનાવટના કાગળ વેચતી એક દુકાનમાં બેસી રહેલી. ભીનાશ તો મારા મનમાં હતી.

છેક મોડી સાંજે ફરીથી મારા ઉતારા પરથી બહાર નીકળી. આખો દિવસ કશું ખાધું નહોતું. કંઈક ખાવું જોઈએ, એ જરૂરી હતું. થામેલના મુખ્ય રસ્તા પર ચાલી તો બેધ્યાન ભાવે, પણ માર્સ્યાન્ગડી હોટેલ નજીક છે એવો ખ્યાલ આવતાં હું અંદર ગઈ. તિબેટ આવેલી ત્રણેય સ્વિસ સ્ત્રીઓ એ હોટેલમાં ઊતરેલી હતી,



કાઠમંડુના થામેલ વિસ્તારના એક રસ્તા પર ફૂલો ને હસતું નેપાળી મુખ

તે મને ખબર હતી. સદ્ભાગ્યે એ ત્રણેય મને મળી ગઈ. માર્ગારિત, મોનિક અને કૅથિન. એ લોકો પણ ખુશ થઈ ગયાં. અમે ચારેય હોટેલની રૅસ્ટૉરાંમાં જ જમવા બેઠાં. ફરીથી મોનિકે મેં જે મંગાવ્યું તે જ મંગાવ્યું ! મારી પસંદગીમાં એને વિશ્વાસ પડી ગયો હતો ! સાથે ફરીથી મઝા આવી, ને મારા મનને જરા સારું લાગ્યું. તિબેટમાં આટલા દિવસ સાથે ગાળ્યા પછી મને ખરેખર એકલવાયું લાગેલું. એ પછીને દિવસે પણ સાંજ પડ્યે હું વળી પાછી એમને મળવા એ જ હોટેલમાં ગઈ. એ રીતે નક્કી જ કરેલું. જમવા માટે હું એમને હોટેલ થામેલમાં લઈ ગઈ. મેં એમને 'મોમો' નામની વાનગીની વાત કરેલી, ને એ જ ખાવાની એમને ઈચ્છા હતી. આપણી 'કચોરી' જેવું લાગે છે, એમ આપણે કહી શકીએ, પણ 'મોમો'નું પડ મેંદાનું, કે ચોખાના લોટનું હોય, અને એ બાફેલાં હોય-તળેલાં નહીં. મને 'મોમો' બહુ ભાવે, ને ભુતાન-નેપાલ જેવી જગ્યાએ શાકાહારી 'મોમો' મળે ત્યારે હું ખાવાનું ચૂકું જ નહીં ! હૉટેલ થામેલમાં બહુ સ્વાદિષ્ટ 'મોમો' હતાં, ને અમને ચારેને બહુ જ ભાવ્યાં.

એ પછીની સવારે એ ત્રણે જણ સ્વિત્ઝરલૅન્ડ તરફ જવા નીકળી જવાનાં હતાં, એટલે વિદાય તો લેવાની ને આપવાની જ હતી. પણ એ ત્રણ મળ્યાં તો મારી બે સાંજ સારી વીતી, ને મન જરા થાળે પડ્યું. બધાંએ એમને ત્યાં જઈને રહેવાનું મને આમંત્રણ આપ્યું. મેં એમને ન્યૂ યૉર્ક આવવાનું કહ્યું.

આવું બધું હંમેશાં શક્ય બનતું નથી હોતું. આવી આશા રાખીને છૂટાં પડવું થોડું સહેલું બનતું હોય છે તે જ.

પૂછતાં પૂછતાં મેં કાઠમંડુમાં બસ-સ્ટેશન શોધી કાઢેલું, પણ જ્યારે જતી ત્યારે જરાક જુદો રસ્તો જ લેવાઈ જતો. પછી થોડો આધાર દિશા-સૂઝનો રહેતો, ને થોડું ફરી પૂછી લેતી ! ટૅક્સી લો તો કેટલું ઝટપટ પહોંચી જવાય. સ્થાનિક યુવા-પ્રજાને તો આમ જ કરતી જોઈ, પણ પ્રજા વધુ ભાગે તો ગરીબ, તેથી બસો લગભગ હંમેશાં ભરેલી જ હોય. ક્યારેક તો એવી ભીડ હોય કે ઊભાં રહેવાનું પણ ના ફાવે. જાહેર વાહનો લેવા હું એથી પ્રેરાતી હોઉં છું કે એ રીતે સ્થાનિક જીવનની ઝાંખી થતી રહે છે.

ક્યારેક એમાં ગોટાળા પણ થાય. ખોટી બસમાં ચડી જાઓ, ક્યાંક બીજે પહોંચી જાઓ ! પણ એની યે મઝા. કાઠમંડુમાં એક વાર બૌદ્ધનાથ નામના અગત્યના, શહેરની બહાર આવેલા, સ્તૂપ જોવા જવા એક બસ લીધી. નકશામાં જોતાં ખયાલ તો આવ્યો કે કઈ તરફ જઈ રહી હતી. આગળ જતાં એનો રસ્તો ફંટાઈ જવાનો છે, તેની ખબર નહીં. ઊતરી ગઈ પછી ઘણું ચાલવું પડ્યું ! છેવટે તળેટીમાં પહોંચી. ત્યાં શાંતિ હતી, ને થોડી હવા હતી, તેથી સારું લાગ્યું. પહેલાં તો હિમાલય રૅસ્ટૉરાંમાં બેસીને શાકાહારી 'મોમો' ખાધાં પછી ઉપર ચઢીને સ્તૂપ સુધી જવા માટે જેવી ઊભી થઈ કે તે જ ઘડીએ અચાનક વરસાદ શરૂ થયો. તે પણ ઝરમર નહીં, પણ મુશળધાર.

ત્યાંથી જે એક મિનિ-બસ મળી તેમાં હું બેસી ગઈ. એ ક્યાં જશે, એની ચોક્કસ ખબર નહોતી. એ વાહન પર 'વાઈપર' પણ નહોતાં. ડ્રાઈવર જાણે આશરે જ ચલાવતો હતો. જ્યાંથી દરબાર માર્ગ જઈ શકાય તેવા કોઈક સ્ટૉપ પર, કોઈને પૂછીને, હું ઊતરી ગઈ. લોકો પુલોની, ઝાડની ને નીતરતાં છાપરાંની નીચે ઊભાં રહી ગયેલાં. છત્રી લઈને નીકળવાની કોઈને અહીં ટેવ જ નથી. વરસાદ એવો તો જોરમાં પડતો હતો કે હું એક ટૅક્સીમાં ચડી ગઈ. એ એક-માર્ગી રસ્તા પર ઊંધી તરફ જતી હતી ! પોલીસની તો શું, અકસ્માતની પણ ચાલકને ચિંતા નહોતી !

પરાણે પણ જરા હસવું આવી જાય, ને દિલ જરા હળવું થઈ જાય ! છતાં પ્રયત્ન તો કર્યા જ કરવા પડે. જેમ કે, વરસાદનો અવાજ બહુ જ ગમે, પણ ત્યારે હજી તિબેટની મૃદુલલિત નિઃસ્તબ્ધતા માટે મન-પ્રાણ ઝંખતાં હતાં. નેપાલ આમ તો ઘણું પ્રિય છે, પણ ત્યારે હજી, એ બધી ધમાલ, ભીડ ને દોડાદોડને બદલે તિબેટનું હૃદ્ય ખાલીપણું સ્મૃતિને સભર કરી રહ્યું હતું.

એક અલૌકિક સ્થાન માટેની યોગ્યતા બાકી નહીં રહેતાં પૃથ્વી પર પાછાં આવી જવું પડ્યું હતું. કોઈ સ્વર્ગ-ચ્યુત અપ્સરાની જેમ જ કે ?! (ક્રમશઃ)

અનુસંધાન] રોજનીશી [પૃ. ૯૦ થી

ગયા એક મહિનામાં આ સભ્ય ઘરમાં કેવા કેવા અપશબ્દો વપરાયા છે, એનો વિચાર માત્ર કરતાં મારું મન બહેર મારી જાય છે. પપ્પા હંમેશાં હોઠ ભીડીને જ ફરે છે. પોતાનું નામ સાંભળતાં જ ચમકે છે કે વળી પાછી કોઈ નાજુક પરિસ્થિતિનું નિરાકરણ કરવા એમને બોલાવ્યા. અતિ માનસિક તણાવને લઈને મમ્મી પણ લાલ લાલ દેખાય છે, માર્ગટ પણ માથાના દુખાવાની ફરિયાદ કરે છે. અને હું તો ગાંડી જ થઈ ગઈ છું. સાચું કહું તો ઘણી વાર મને એ જ સમજાતું નથી કે અમે કોની વિરુદ્ધ છીએ અને કોની વિરુદ્ધ નથી !

આમાંથી બહાર નીકળવાનો એક જ ઉપાય છે અને એ છે ભણવા બેસી જવું જે હું આજકાલ ખૂબ કરું છું. લિ. ઍન.

(ક્રમશઃ)

ફિલ્માકાશ-૧૪

શા માટે 'દેવદાસ' સીમાચિહ્નરૂપ ફિલ્મ ગણાઈ ?

— રજનીકુમાર પંડ્યા —

'હે નારીચરિત્રના પરમ રહસ્યજ્ઞાતા ! અમે તમને અભિવંદન કરીએ છીએ. આ પરાધીન દેશના અધઃપતન પામેલા સમાજની નિઃસહાય શયનખંડમાં પુરાઈ ગયેલી ગૃહિણીઓના હૃદયના મૂંગા આનંદ અને વેદનાને તમે તમારી લેખિની વડે વાચા આપી છે. તેના દુર્ગતિપૂર્ણ જીવનનાં સુખદુઃખોની સર્વ અનુભૂતિઓને તમે નિતાંત સમભાવથી સાહિત્યમાં ઢાળી આપી છે. તમે નારીહૃદયના એની પ્રકૃતિના સાચા જાણભેદુ છો, તમે સન્નારીઓના અંતર્યામી છો, એમના શ્રદ્ધેય ભેરુ છો. તમારું અમે અભિવાદન કરીએ છીએ.'

૧૯૩૩માં સાહિત્યસ્વામી શરદબાબુની સત્તાવનમી જન્મ-જયંતીવેળા સમસ્ત બંગાળના નારીસમાજે તેમને આ શબ્દોથી નવાજ્યા હતા. આ તો મૂળ લખાણનો એક અંશ જ માત્ર છે. પણ આવું લાંબું માનપત્ર એક જાહેર પરિપત્ર દ્વારા બંગાળમાં ઘેરઘેર પહોંચી ગયું હતું. - શરદબાબુના જાદુના ઘણાબધા ચમત્કારોમાંનો આ માત્ર એક જ છે. નારીહૃદયની ગૂઢમાં ગૂઢ માયાનગરીને પોતાના સાહિત્યમાં પ્રતિબિંબિત કરવામાં એમનો જોટો નહોતો.

અને એટલે જ પી.સી. બરુઆએ એ વાતની ખાસ કાળજી લીધી કે નારીહૃદયની જે ગૂઢમાં ગૂઢ, સંકુલ છતાં નિરાળી મનોસૃષ્ટિ છે તે જે કલાકીય નિપુણતાથી શરદબાબુએ કાગળ પર ઉતારી છે તે કચકડાના માધ્યમ પર કૅમરાના કલાકીય કૌશલ્ય દ્વારા હૂબહૂ નિપજાવવી. આને વાસ્તે તેમણે માત્ર સ્ક્રીપ્ટ કે સંવાદોમાં જ નહીં, પણ કટિંગ-ટેઈકિંગ - એડિટિંગમાં પણ એવા એવા પ્રયોગો કર્યા જે આ ૧૯૩૫ની સાલ લગીમાં ફિલ્મોમાં જોવા ના મળ્યા હોય. અલબત્ત, ૧૯૩૪માં આવેલી શાંતારામની 'અમૃતમંથન' ફિલ્મમાં કૅમરાના અનોખા, મૌલિક, નવતર પ્રયોગો જોવા મળ્યા હતા. તેનાથી બરુઆ પ્રસન્ન જરૂર થયા હતા પણ પ્રભાવિત થયા નહોતા. એમણે 'ન્યૂ ટાઈમ્સ' ને ૧૯૪૦માં આપેલા ઈન્ટર્વ્યૂમાં આ વાત સરખી રીતે સમજાવી હતી : 'તમે બપોરે નાટકમાં કોઈનો સુંદર અભિનય જુઓ અને રાતે સર્કસમાં કોઈ ખેલાડીના અદ્‌ભુત અંગપ્રયોગો જોશો, તો તમે ભલે પ્રસન્ન તો એ બન્નેથી થશો. પણ તમને કોની નકલ કરવાનું મન થશે ? બેશક નાટકના અભિનેતાનું જ, નહીં કે સરકસના ખેલાડીનું, આમ કહીને તેમણે નૂતનતા અને નવતરતા વચ્ચેનો ભેદ સ્પષ્ટ કરી આપ્યો. શાંતારામે 'અમૃતમંથન'માં માત્ર એક જ આંખનો આખા પરદા પર છવાઈ રહે તેવો ક્લોઝઅપ, પાંપણનું આખા પરદા પર ફેલાઈ જાય તે રીતે પટપટાવવું વગેરે પ્રયોગો કર્યા હતા. નૃત્યનાં વિવિધ દૃશ્યસંયોજનો, નર્તકોની કતારો દ્વારા સર્જાતા વિવિધ જાતના આકારો આ બધું શાંતારામે અદ્‌ભુત રીતે પ્રયોજી બતાવ્યું હતું. પણ તેનાથી માત્ર રમ્યતા પેદા થતી હતી. બાકી હૃદયની કોઈ અકથ્ય વાત કહેવા માટે તેવા કીમિયા કોઈ કામના નહોતા. બરુઆ, તેમની રીતે સાચા હતા. શાંતારામ બેનમૂન ફિલ્મ-સર્જક હતા. જે આવા બધા ગોઠવેલા પ્રાયોજિત દૃશ્યવૈવિધ્યનું તેમને વળગણ હતું. 'ઝનક ઝનક પાયલ બાજે' (૧૯૫૫) કે 'નવરંગ' (૧૯૫૯) જેવામાં તે બધું પરાકાષ્ઠાએ પહોંચ્યું હતું. બેશક તેમણે એ બધામાંથી પણ એક ભાષા પેદા કરી હતી, એ કબૂલ કરવું જોઈએ. તેઓ પ્રતીકોના ઉપયોગના જબરા પુરસ્કર્તા હતા. મૃત્યુ સૂચવવા માટે દીવો બુઝાઈ જતો બતાવવો એ તેમણે જ શોધેલું પ્રતીક હતું, જે પાછળથી હિંદી ફિલ્મ સર્જકોએ એટલું બધું વાપર્યું કે છેવટે તે અસર ગુમાવી બેઠેલું અને કંઈક અંશે હાસ્યાસ્પદ બની ગયું.

પણ બરુઆ પ્રધાનપણે બંગાળી 'સ્કૂલ'ના હતા ને તેમને બોલકાં પ્રતીકો કરતાં મૂગી લિપિથી કામ લેવું ગમતું.

'દેવદાસ'માં તેમને આવું બધું કરવાની પૂરતી મોકળાશ મળી, જેને ક્રિસ્પ કટિંગ (વાંકડિયા કામ વડે દૃશ્ય વિભાજન) કે ટેલિપથી, અતિશય સૂચક ગણાય તેવાં દૃશ્ય-સંયોજનો 'દેવદાસ'ના હૃદયમાં વ્યાપેલી વેરાનતા, ઉદાસી, જિંદગીની નિઃસારતા : એ બધું બતાવવા માટે તેમણે પ્રકૃતિના લૉંગ શોટ્સ રાત્રીની નિબિડતા, જંગલની નિર્જનતા, નદીકિનારાનાં ઝાડ-પાનનું સુક્કાપણું-આવાં બધાં તત્ત્વોનો ઉપયોગ કર્યો. ભારતીય ફિલ્મોમાં આ બધું પહેલી જ વાર આવ્યું. જાણીને નવાઈ લાગશે કે, ખુદ સત્યજિત રાય પણ આ જ પરંપરાનું દૂરનું અનુસંધાન હતા. તેઓ નાનપણમાં ઘણી વાર ન્યૂ થીએટર્સની ફિલ્મોની શૂટિંગમાં જતા અને નીતિન બોઝના નજીકના



વ્હી શાંતારામ

સગા હોવાને નાતે તેમને સેટ પર બેસીને ચિત્રો દોરવાની પણ છૂટ મળતી. મુગ્ધ વયના સત્યજિત બરુવા અને બીજાની કાર્યપ્રણાલી એકાગ્રતાથી જોયા કરતા, સેટનાં ચિત્રો દોર્યા કરતા. તેમની ફિલ્મોમાં પ્રકૃતિનાં તત્ત્વો, ઝાડ, પાન, પંખી, ટ્રેન, દિવસ-રાતની અલગ અલગ રંગછટાની જે અસરદાર ભાષા જોવા મળે છે તેનાં મૂળિયાં ન્યૂ થીએટર્સની 'દેવદાસ' જેવી ફિલ્મોમાં છે.

આ વાતને વધારે સ્પષ્ટ કરવાને માટે 'દેવદાસ'નાં જ બેત્રણ ઉદાહરણો જોવાં જોઈએ. પારોનું લગ્ન અને એની ડોળી ઊઠવાના દશ્યની સાથે જ જિંદગીમાં પહેલી વાર 'દેવદાસ'નું તવાયફના કોઠામાં બગીમાંથી ઊતરીને પગ દેવાનું દશ્ય-આ બન્ને દશ્યની સન્નિધિ (એક સાથે જ દર્શાવવું તે) મર્મજ્ઞ પ્રેક્ષકના ચિત્તમાં કશું પણ વધારાનું કહ્યા વગર ઘેરી અસર ઊભી કરે છે. તેવી જ રીતે 'દેવદાસ' મદહોશ અવસ્થામાં ફૂટપાથ પર પડ્યો હોય છે તે વેળા ચંદ્રમુખી એની શોધમાં બગીમાં મધ્યરાત્રીએ નીકળે છે. (સોનાગાછી) કલકત્તાની સૂની ગલીઓમાં ઘોડાની ટાપ સાથે પારોની ઉદ્‌ગ્રીવ ચહેરે થતી ચિંતાતુર શોધની ગતિની સમરસતા ઊભી થાય છે એ જ રીતે બગી ઊભી રહે છે ત્યારે તેના પૈડાની આરીઓની આરપાર થતું ચકચૂર 'દેવદાસ'નું મિડશૉટમાં થતું દર્શન જિંદગીની શીર્ણવિશીર્ણતાનો સંકેત આપે છે - આ બધી દશ્ય અસરો ઉપરાંત બરુઆએ ટેલિપથીનો પણ હૃદયદ્રાવક પ્રયોગ 'દેવદાસ'માં કર્યો હતો. અધરાતે જ્યારે દેવદાસ પાંડુઆ સ્ટેશનથી પારોના સાસરવાસ માણિકપુર ગામ સુધીનો દુર્ગમ પંથ વગડો વીંધીને કાપતો હોય છે ત્યારે જોજનો દૂરનો તેનો કણસાટ જાણે કે પોતાને કાને પડ્યો હોય એમ પારો સફાળી નિદ્રામાંથી જાગી જાય છે : પતિ પૂછે છે 'ક્યું ? ક્યા હુઆ ?' ત્યારે બેબાકળી પણ બેખબર પારો પૂછે છે : 'કિસીને મૂઝે પુકારા ?' ત્યારે એનો પતિ કહે છે. 'ઇતની રાત ગયે તૂઝે કૌન પુકારેગા ?' - આ દશ્ય વાસ્તવ જીવનમાં ભલે શક્ય ના હોય પણ બે ઘડી ચિત્ત પર ગહેરી ચોટ જન્માવી જાય તેવું છે. (થોડા સંકોચ સાથે એક-અંગત વાત લખવાની છૂટ લઉં છું તે એ કે ટેલિપથીને કશો વૈજ્ઞાનિક આધાર ન હોવા છતાં મારા જેવા રેશનાલિસ્ટે પોતાની 'કુંતી' નવલકથામાં આવો ટેલિપથીનો સીધો ઉપયોગ એક સ્થળે કર્યો છે તે આ દશ્યના સીધા પ્રભાવને કારણે.)

એ હકીકતની નોંધ લેવી રહી કે ન્યૂ થીએટર્સની આ ફિલ્મ 'દેવદાસ'ના કૅમરામેન બિમલ રૉયે પોતે જ્યારે દિગ્દર્શક તરીકે 'દેવદાસ' ફિલ્મ બનાવી ત્યારે આવાં દશ્યોને એમાં પુનરાલેખિત કર્યાં હતાં. મતલબ કે તેમના વગર ચલાવવાનું તેમને મંજૂર નહોતું એટલી હદે એનો પ્રભાવ એમના ચિત્ત પર ટકી રહ્યો હતો. અલબત્ત, તેમણે પોતાના 'દેવદાસ'માં આ પ્રકારનાં નવાં દશ્યોને પણ ઉમેર્યાં હતાં. ૧૯૫૫ની એમની ફિલ્મમાં જ્યારે ચંદ્રમુખી 'દેવદાસ'ને ગામ જવા પગપાળા નીકળે છે ત્યારે પારો ત્યાંથી પાછી વળીને પાલખીમાં સાસરે જઈ રહી છે. પરસ્પરથી અજાણી બન્ને સ્ત્રીઓ (હિરોઇનો) ભર્યાં જંગલમાં પગદંડી વચ્ચે નાળું ઓળંગતાં પળ-બેપળ માટે સામસામી આવે છે અને એક અર્ધી મિનિટનો દૃષ્ટિપાત એકબીજાં પર કરી લે છે. હૃદયને શારી નાખતું એ દશ્ય પ્રેક્ષકો હજુ નહીં ભૂલ્યાં હોય. એની પશ્ચાદ્‌ભૂમાં જીવનની અકળતાનો અનુભવ કરાવતું 'રાહી ઓ રાહી' ગીત મૂકીને એ દશ્યની ચોટને બિમલ રૉયે દ્વિગુણિત કરી હતી. મોહમ્મદ રફી અને કોરસે એ ગીતમાં સાહિરના શબ્દોને જીવતા કરી આપ્યા હતા. સાવ ટૂંકા તાલમાં પણ એસ.ડી.બર્મને પોતાની કમાલ સિદ્ધ કરી હતી.

અલબત્ત, બરુઆએ એ દશ્ય નહોતું મૂક્યું પણ બીજાં અનેક દશ્યોમાં એમણે આવી રીતે પોતાની પ્રતિભાના ચમકારા બતાવ્યા હતા.

અહીં એક નાનકડી વાત પર લક્ષ-દોરવા જેવું લાગે છે તે એ કે ન્યૂ થીએટર્સના 'દેવદાસ'માં નાયકને સિગારેટ પીતો દર્શાવાયો છે. એનાં ધૂમ્રવલયોનો ઉપયોગ બરુઆએ નાયકની મનઃસ્થિતિમાં હતાશા બતાવવા માટે કર્યો હતો - જ્યારે બિમલ રૉયના 'દેવદાસ'માં નાયકને ક્યાંય સિગારેટ પીતો બતાવવામાં નથી આવ્યો. બલકે એમાં તો એક જગ્યાએ શરાબની પ્યાલીમાં ઘુમરાતા પ્રવાહીનો ઉપયોગ મનની ડામાડોળ સ્થિતિ બતાવવા માટે કરવામાં આવ્યો છે. બિમલ રૉયને લિબર્ટી સિનેમામાં યોજાયેલા એક સમારંભમાં 'દેવદાસ'ને સિગારેટ-મુક્ત રાખવાનું કારણ પૂછતાં તેમણે કહ્યું હતું : '૧૯૩૫ના જમાનામાં સિગારેટ એ સ્ટેટસ સિમ્બોલ ગણાતી, ૧૯૫૫માં એ સ્થિતિ બદલાઈ છે. સિગારેટ કોઈ વિશેષ મોભાની વસ્તુ નથી રહી.'

ગમેતેમ પણ 'દેવદાસ'ની ચર્ચાનું સમાપન કરતાં કહીએ કે એ ફિલ્મમાં તમામ નકારાત્મક તત્ત્વો મોજૂદ હોવા છતાં એ ફિલ્મ બંગાળી-હિંદી બન્નેમાં જબરદસ્ત હિટ, માત્ર આર્થિક ધોરણે જ નહીં પણ સિનેમાનાં કસબ અને કલાના ધોરણે પણ સુપરહિટ રહી. બીજા શબ્દોમાં કહીએ તો વિવેચકો અને પ્રેક્ષકો બન્નેએ એને વધાવી લીધી. બૉમ્બે ક્રોનિકલ નામના વિવેચનના અત્યંત કડક ધોરણો ધરાવતા અખબારે પણ એને માટે લખ્યું : 'હિંદી ફિલ્મોને આ એક અત્યંત તેજસ્વી નજરાણું છે. જોતી વખતે એમ થાય છે કે ફરી વાર આવું શ્રેષ્ઠ સર્જન ક્યારે આવશે ?' અરે, પાછળથી પણ ઋત્વિક ઘટક જેવા દુરારાધ્ય ફિલ્મ-નિષ્ણાતો એને વખાણતાં થાકતા નહોતા અને અવારનવાર પોતાના વિદ્યાર્થીઓને શીખવવા માટે આ ફિલ્મનો સંદર્ભબિંદુ તરીકે ઉપયોગ કરતા હતા. તેઓ કહેતા કે આ તરફ દેવદાસનું ટ્રેનની બર્થમાંથી લથડીને નીચે પડવું અને બીજી તરફ પારોનું પોતાના ઘરમાં પટકાઈ પડવું એ માત્ર ટેલિપથી નહીં પણ મનુષ્યની ઝંખના ઉપર નિયતિના થતા પ્રહારનું સૂચક છે. (ક્રમશઃ)

બાવકાના લુપ્ત વિષ્ણુમંદિરનાં આદ્ય સોલંકીકાલીન શિલ્પો

મુનીન્દ્ર વેણીશંકર જોશી

દાહોદ જિલ્લાના બાવકા (૨૨°૪૫' ઉ. ૭૪°૧૨' પૂ.)માં આવેલું પ્રાચીન શિવપંચાયતન મંદિર વિશેષ કરીને ગર્ભગૃહની તથા મંડપની બાહ્ય દીવાલોના વિવિધ સ્તરોમાં જોવા મળતાં મિથુન શિલ્પોની પ્રચુરતાને કારણે ગુજરાતના ખજૂરાહો તરીકે પ્રસિદ્ધ છે. પરંતુ તાજેતરમાં હાથ ધરાયેલ પુરાતત્ત્વીય મોજણી દરમ્યાન સંભવતઃ અદ્યપિ અજ્ઞાત અને લુપ્ત બની ગયેલ વિષ્ણુમંદિરનાં શિલ્પો તથા અન્ય સ્થાપત્યકીય અવશેષો નોંધવામાં આવેલ છે.

બાવકાના પ્રસિદ્ધ શિવમંદિરથી પશ્ચિમે પાકા માર્ગથી પાછળના ભાગે થોડે દૂર વહેતી નદીના પશ્ચિમ કિનારે આવેલ જોહાધેડ ફળિયામાં સ્થાનિકે સાતમાતેર તરીકે ઓળખાતા સ્થળે પ્રાચીન ઈંટોની ટેકરી પર સદરહુ અવશેષો વેરવિખેર પડેલા છે. આ અવશેષો ગુજરાતની શિલ્પકલાના અભ્યાસીઓ તથા રસજ્ઞો માટે નોંધપાત્ર હોવા સાથે બાવકા તથા આસપાસનો વિસ્તાર શૈવધર્મીઓ ઉપરાંત વૈષ્ણવમતાવલંબીઓના સહઅસ્તિત્વનો નોંધપાત્ર પુરાવો પૂરો પાડે છે.


(૧) શેષશાયી વિષ્ણુ : શેષશાયી ભગવાન વિષ્ણુની પ્રતિમાનો પગના ઘૂંટણથી નીચેનો ભાગ જમીનમાં હોઈ પ્રતિમાની સંપૂર્ણ વિગતો ઉપલબ્ધ નથી. સ્થાનિક સખત પથ્થરમાંથી કંડારાયેલ પ્રતિમાનું માપ ૬૪x૯૫x૩૬ સે.મી. છે. નીચે જમણી તરફ કુડચલવેલ ભાત, નમસ્કાર મુદ્રામાં વીરાસનસ્થ ગરુડપુરુષ, જેના મસ્તક પર મુકુટ, કાનમાં વલયકુંડળ, ગળામાં હાંસડી ધારણ કરેલ છે, અંજલી મુદ્રામાં છે, શેષનાગની નીચે લાંબી ગદાનું અંકન છે. નીચે પ્રથમ અસ્પષ્ટ વસ્તુ છે, જે ગદાને ટેકવે છે. ત્યાર બાદ પણ, સંભવતઃ શંખ તથા ત્યાર બાદ મસ્તક પર ત્રિફણા નાગછત્રયુક્ત અર્ધઅંગ માનવ અને અર્ધઅંગ નાગ સહિત નાગરાજા અને નાગરાણીઓનાં અંકન છે. જમણો હાથ નીચે તરફ છે. ડાબો અભયમુદ્રામાં છે. ઉપરના ભાગે લાંબી ગદા ઉપર ગોમૂત્રિક ભાત કે લૂપઘાટમાં શેષનાગની શય્યા ઉપર ભગવાન વિષ્ણુ શયન-મુદ્રામાં છે. મસ્તક પર અલંકૃત કિરીટમુકુટ છે. ચપટી શાંત મુખાકૃતિ ઘસાયેલ છે. ગળાની ત્રિવલ્લી સ્પષ્ટ છે. ગળામાં પ્રાચીન પરિપાટીનો હાર છે. બાજુબંધ, હસ્તવલય, યજ્ઞોપવિત, ત્રિસેરી કટિમેખલા, એકાવલીના મુક્તાદામ, ઊરુદામ ધારણ કરેલ છે જે, મધ્ય ભાગે લૂપઘાટમાં છે. મધ્યકોર ઝૂલતી છે. જંઘા પર ઉત્તરીય વસ્ત્ર-પટ છે. વનમાલા ધારણ કરેલ છે. દક્ષિણ પાદ પ્રલંબ મુદ્રામાં છે. જ્યારે વામપાદ ઘૂંટણથી વાળેલો છે. ચતુર્ભુજ દેવની છાતી પર ટેકવેલ અધોદક્ષિણ હસ્તમાં પદ્મ છે. જમણો ઉપલો હાથ મસ્તકને ટેકવે છે, જેની મધ્યમાંથી પસાર થતી આડી ગદા છે. વામોદરે હસ્તમાં ચક્ર છે. વામઅધો હસ્ત ખંડિત છે, જેમાં શંખ હશે. મસ્તકના પૃષ્ઠ ભાગે ખંડિત સપ્તફણા નાગછત્ર છે. અધોવામ હસ્ત ઉપર દર્શનીય ત્રિમુખ બ્રહ્મા છે. બ્રહ્માજી પદ્મનાભની નાભીમાંથી નિષ્પન્ન સનાલપદ્મના આસન પર બિરાજેલ છે.

(૨) આદિવરાહ :


સખત પથ્થરમાંથી કંડારેલ આદિવરાહની પ્રતિમા વચ્ચેથી બે ભાગમાં ખંડિત છે. મુખાગ્ર તથા પગ પણ ખંડિત છે. મસ્તક



શેષશાયી વિષ્ણુ



આદિવરાહ



ગરુડ-પુરુષ

પર મધ્યમાં ત્રિવલય-યુક્ત વૃત્તાકાર અલંકરણ છે. નાના કાન, ગળામાં સાદી પટ્ટીકાઓનું આભરણ છે. મસ્તકના ભાગે ઊભી આકૃતિ છે. માપ ૨૩x૬૫x૨૨ સે.મી. છે.

(૩) ગરુડપુરુષ :

શિલ્પસમૂહમાં નોંધપાત્ર અને ગુજરાતમાંથી અદ્યપિ પ્રાપ્ત ગરુડપુરુષની પ્રતિમાઓમાં પણ નોંધપાત્ર ગણી શકાય તેવી પ્રતિમા છે. સાદી પીઠિકા ઉપર પૂર્ણપદ્માસનસ્થ ગરૂડરાજ અંજલીમુદ્રામાં છે. મસ્તક પાછળ પ્રભામંડળ છે. મસ્તક પર વાસ્તવિક મુકુટ જેવી રચના છે. મુખાકૃતિ ઘસાયેલ હોવા છતાં મોટા ડોળા વાસ્તવિક નેત્રો છે, ખભા પર બન્ને તરફ પાંખો દર્શાવેલ છે. ગળામાં સર્પમાળા, સર્પના બાજુબંધ, હસ્તવલય ધારણ કરેલ છે. ધ્યાનસ્થભાવ યુક્ત મુખાકૃતિ છે. મસ્તિકાભરણ મધ્યે પદક છે. માપ : ૬૭x૪૯x૧૬ સે.મી. છે.

ઉપરોક્ત શિલ્પો ઉપરાંત ભગવાન વિષ્ણુનાં જુદાંજુદાં સ્વરૂપને વ્યક્ત કરતી સમભંગ સ્થિત પ્રતિમા યથોચિત અલંકાર સહિત જોવા મળે છે. ઉપરાંત અન્ય કોઈ મોટી પ્રતિમાનો પીઠિકાવાળો ભાગ, સ્તંભાવશેષો વગેરે આ જ સ્થળે છે.

સમયાંકન : ચર્ચિત શિલ્પોનાં સમયાંકન અંગે વિચારતાં તમામ શિલ્પો એક જ સ્થળે અને એક જ મંદિરનાં જણાતાં હોઈ સમયાંકન પણ સમાન છે. ચર્ચિત પ્રથમ શેષશાયી ભગવાન વિષ્ણુની પ્રતિમા ખંડિત, ઘસાયેલ તેમજ કેટલોક ભાગ જમીનમાં હોવા છતાં તેની દેહાંકન તથા અલંકરણ શૈલી વગેરે એવી વિગતો પૂરી પાડે છે, જે જોતાં ચર્ચિત પ્રતિમાની મુખાકૃતિ, મુકુટ, ગ્રીવાભૂષણ, પાદજાલક, ઊરુજાલક, ગદાનો ઘાટ વગેરે મહદ્ અંશે ખંભાત પાસે આવેલ નગરાની ઈ.સ.ની ૯-૧૦મી સદીની લક્ષ્મી-નારાયણની પાષાણ પ્રતિમા સાથે મળે છે. ઉપરાંત મુકુટ, મુખાકૃતિ, ગળાનું હારનું આભૂષણ સર ચીનુભાઈ બૅરોનેટના સંગ્રહમાંની અમદાવાદની ભગવાન વિષ્ણુની યોગમુદ્રામાં આસનસ્થ ઈસુની ૧૦મી સદીની પ્રતિમા સાથે પણ સામ્ય ધરાવે છે. એ જ રીતે અલંકારોની શૈલી ખેડા જિલ્લાના મહિષા ગામનાં શિલ્પો પૈકી વેદપુરુષ સત્ય (?) બ્રહ્મદેવ (?)નાં આભૂષણો સાથે મળતી આવે છે. જે શિલ્પો પણ ઈસુની ૧૦મી સદીના છે. આ તમામ શિલ્પો સાથે સરખાવતાં અત્રે ચર્ચિત શેષશાયી ભગવાન વિષ્ણુની પ્રતિમા પણ આશરે ઈસુની ૧૦મી સદીની ગણી શકાય.

આદિવરાહની પ્રતિમા ખંડિત હોઈ તેમજ ખાસ કોઈ અલંકરણ ન હોઈ સમયાંકન માટે આધાર ન હોવા છતાં તેના શરીરસૌષ્ઠવને આધારે ઉક્ત પ્રતિમા સાથે મૂકી શકાય. ગુજરાતમાં આદિવરાહ આ જ પરિપાટીની વધુ અલંકૃત પ્રતિમા ઉત્તર ગુજરાતના વિજાપુર પાસે વિહાર ગામે છે. જેનું શરીરસૌષ્ઠવ ખાસ કરીને મુખનો ઘાટ ચર્ચિત પ્રતિમા સાથે સરખાવી શકાય એમ છે.

અંતે આ શિલ્પસમૂહમાં જ નહીં, પરંતુ સમગ્ર ગુજરાતનાં શિલ્પોમાં નોંધપાત્ર ગણી શકાય એવી ગરુડપુરુષની પ્રતિમા પણ ખાસ કોઈ અલંકાર ધરાવતી ન હોવા છતાં તેનું શરીરસૌષ્ઠવ, મુખાકૃતિ, કાનનાં આભૂષણ, મસ્તક પાછળનું પ્રભામંડળ, ખભા-પાસે દર્શાવેલ પાંખો વગેરે નોંધપાત્ર છે. ગરુડપુરુષ અંજલીમુદ્રામાં હોઈ અને સ્વતંત્ર પ્રતિમા હોઈ આ પ્રતિમા ગર્ભગૃહની સન્મુખ મંડપમાં સ્થાપિત કરેલી હશે. ગરુડપુરુષની અંજલીમુદ્રામાં કંડારાયેલ નાની પ્રતિમા મથુરા સંગ્રહાલયમાં સંગૃહીત યોગનારાયણની પ્રતિમામાં છે, પરંતુ અહીં તે ભગવાન વિષ્ણુની પ્રતિમા નીચે મધ્યમાં દર્શાવેલ છે. અત્રે ચર્ચિત પ્રતિમા પણ ઉક્ત ચર્ચા મુજબ આ જ સમૂહની એટલે કે આશરે ઈ.સ.ની ૧૦મી સદીની ગણી શકાય. ❒

જાણીતા માણસની અજાણી વાતો

પુષ્કરભાઈ ગોકાણી

દ્વારકાધીશ મંદિરમાં હરિજન-પ્રવેશ સમયે પૂ. રવિશંકર મહારાજ હરિજનોને લઈ સને ૧૯૪૯માં મંદિરે આવ્યા. બ્રાહ્મણો અને પૂજારીઓ મંદિર આડા સૂઈ ગયા. આખર થાકી વડોદરાના દીવાન ડૉ. જીવરાજ મહેતાએ ૧૪૪મી કલમ લાગુ પાડી સૌને પકડી લીધા. અમારા પિતાશ્રીએ ત્યારે પૂ. શ્રી રવિશંકર મહારાજની સૌને સમભાવ સમજાવતી સભાનું પ્રમુખ સ્થાન લીધું હતું. બ્રાહ્મણોએ અમો વિદ્યાનગર ભણતા હતા તો પણ અમારા છ જીઆં લીધાં હતાં. પછી હરિજનોએ મંદિરમાં પ્રવેશ કર્યો. દર્શન કરી ધન્યતા અનુભવી પણ પૂ. રવિશંકર મહારાજ મંદિરમાં દર્શને ન આવ્યા. વ્યથાથી બોલી ઊઠ્યાં. 'ગાંધીજી કરાચીથી નેમાવતી સ્ટીમરમાં દ્વારકા બંદરે આવ્યા હતા. ભગતસિંહનાં અસ્થિ તેની સાથે આવેલ વૈદ્ય વસંત ઠાકુરે ગોમતીમાં પધરાવ્યાં ત્યારે મંદિરમાં હરિજન-પ્રવેશ કરવા દે તો પૂ. મહાત્માજી દ્વારકાધીશના દર્શને આવશે. પણ બ્રાહ્મણોએ ના પાડી. મંદિર બહાર પૂ. ઠક્કરબાપા અને રામેશ્વરી નેહરુએ આજીજી કરી. પણ તે શક્ય થયું નહિ. ગાંધીજી દર્શન કર્યા વિના ગયા, એમ કહીને કે દ્વારકાધીશ મારા હૃદયમાં વસે છે, હું તેનાં દર્શન કરી લઈશ. આમ, વ્યથાથી પૂ. મહાત્માજીને યાદ કરી પૂ. રવિશંકર મહારાજે પણ જણાવ્યું કે હું દ્વારકાધીશ પ્રભુને મારા અંતરમાં નમી લઉં છું. હરિજન પ્રવેશ બળજબરીથી થયો તેનું મને દુ:ખ છે. હવે હરિજનો સહજજ દર્શન

પ્રબુદ્ધતાનાં વિચારતત્ત્વો - ૧૧

યોગેન્દ્ર માંકડ

'સલોન'માં મહિલાઓ

અઢારમી સદીના મધ્ય ભાગમાં સલોન યુરોપમાં એક પ્રકારની પ્રભાવી અને પ્રતિષ્ઠિત સંસ્થા બની. તેનાં મહત્ત્વનાં શહેરોમાં આ સંસ્થા પાંગરી અને તેમનું અસ્તિત્વ યુરોપના બૌદ્ધિક અને સાંસ્કૃતિક જીવનનું દ્યોતક હતું. પરંતુ આ બધામાં ફ્રાંસમાં સલોનનું સંસ્થીકરણ તેની ચરમ સીમાએ પહોંચ્યું. ફ્રેંચ રાજદરબારમાં દરબારીઓ તરીકે મહિલાઓનો પ્રભાવ વધ્યો. પરંતુ સાથેસાથે રાજદરબારની બહાર - ખાસ કરીને સલોનમાં - તેમનો પ્રભાવ સવિશેષ વધ્યો. ક્રાંતિ પૂર્વે પ્રમાણમાં જડ કહી શકાય તેવી સામાજિક સૌપાનિક વ્યવસ્થાવાળા ફ્રેંચ સમાજમાં સલોને સામાજિક રીતે સક્રિય અને ગતિશીલ એવા પુરુષોને મળવા માટેનું સ્થળ પૂરું પાડ્યું. નોંધપાત્ર બાબત એ છે કે આવી સંસ્થાઓ યુરોપમાં બહુ ઓછી હતી. આ સલોનોમાં ઉમરાવો, પૂંજીપતિઓ અને બૌદ્ધિકો એમ ત્રણે પ્રકારનાં તત્ત્વો ભળેલાં હતાં, જેમણે કેટલીક મહિલાઓને લગ્ન અને વગ દ્વારા આગળ આવવાની તક પૂરી પાડી. એ રીતે જોતાં પ્રમાણમાં અલ્પજીવી, પરંતુ સ્ત્રીઉત્થાનની વાહક અને સંસ્થા તરીકે સલોનનું યુરોપમાં અને ખાસ કરીને ફ્રાંસમાં ક્રાંતિ પૂર્વેના સમાજમાં મહત્ત્વનું સ્થાન હતું.

આ સલોનોની માલિક અને યજમાન મહિલાઓને 'સલોનિએર' (**salonieres**) તરીકે ઓળખવામાં આવતી. બૌદ્ધિક દૃષ્ટિએ જે વિચારો અને દૃષ્ટિબિંદુઓને રાજદરબારમાં સ્વીકારવામાં આવતા નહોતા તેમનું સલોનમાં સ્વાગત થતું. ઉદાહરણ તરીકે પંદરમા લૂઈના શાસનકાળ દરમ્યાન વૉલ્તેરના રાજાશાહી વિશેના આલોચનાત્મક વિચારો માટે તેને જ્યારે **persona non grata** (પર્સોના નૉન ગ્રાટા - અનિચ્છનીય વ્યક્તિ) તરીકે જાહેર કરવામાં આવ્યો ત્યારે તેના મહેમાન થવા માટે પૅરિસના સલોનિએર તરફથી આમંત્રણોનો વરસાદ વરસ્યો. તે જ પ્રમાણે 'એન્સાઈક્લોપેડી'એ પ્રબુદ્ધતાના પ્રોજેક્ટ તરીકે જે તે સમયે અસ્તિત્વ ધરાવતા બધા જ જ્ઞાનને કોટિબદ્ધ (**catagorise**) કરવાનો, વ્યાખ્યાબદ્ધ કરવાનો અને તેનું મૂલ્યાંકન કરવાનો પ્રયત્ન કર્યો અને આ 'ગુના' માટે ફ્રેંચ રાજદરબારે રાજ્યની કાયદેસરતા-લેજિટિમસી - પર કુઠારાઘાત કરતા આ પ્રકારના વિચારોનું દમન કરવાનો પણ પ્રયત્ન કર્યો. આમ છતાં જ્ઞાનપ્રકાશ યુગના અભ્યાસીઓના મત પ્રમાણે રસપ્રદ બાબત એ છે કે જ્ઞાનપ્રકાશ યુગીન આ સૌથી મહત્ત્વનો પ્રોજેક્ટ કુમારી ગિઓફ્રાં (**Mme. Geofrin**)ની સામાજિક અને આર્થિક મદદ વગર પૂરો થઈ શક્યો ન હોત. (**Marie Therese Geofrin** - જન્મ ૨ જૂન, ૧૬૯૯, પૅરિસ અને મૃત્યુ ૬ ઑક્ટોબર ૧૭૭૯, પૅરિસ.) ગિઓફ્રાં સાહિત્યમાં રુચિ ધરાવનાર ફ્રેંચ મહિલા હતી. ૧૭૪૮માં તેણે અઠવાડિયાના બે ભોજન સમારોહની શરૂઆત કરી - એક સાહિત્યકારો માટે અને બીજો કલાકારો માટે. તે એન્સાઈક્લોપેડીની મોટી સમર્થક અને અંગ્રેજ સાહિત્યકાર હૉરેસ વૉલપોલની મિત્ર હતી. હ્યુમ અને તેનાં લખાણોથી પણ તે પરિચિત હતી. એન્સાઈક્લોપેડીના લેખકોને તેણે પોતાના સલોનમાં આવકાર્યા. આ લેખકોની માંગ અન્ય સલોનોમાં પણ ખૂબ જ હતી. પૅરિસની ખ્યાતનામ સલોનિએર એકબીજાંને મદદ કરતી અને એકબીજાં સાથે સ્પર્ધા પણ કરતી તેમજ પ્રતિષ્ઠિત પુરુષો તેમના સલોનમાં આવે તે માટે ક્યારેક તેમની યુવાન **protege** મનગમતી મહિલાને સલોન વારસામાં આપી જતી.

પુરુષો પણ સલોનના યજમાન બનવાનું પસંદ કરતા. સામાન્ય રીતે સલોનની મહેમાનગતિ માણવા માટે પુરુષોને આમંત્રણ આપવામાં આવતું. પુરુષની પુરુષ તરીકેની ઊંચી પ્રતિષ્ઠા અને શક્તિને કારણે સ્ત્રીની તુલનામાં તેમને અગ્રિમતા અપાતી. મોટા ભાગની સલોનિએર મહિલાઓ સુપ્રસિદ્ધ પુરુષોને આમંત્રણ આપી લોકપ્રિય બનવાનો પ્રયત્ન કરતી.

અલબત્ત, આનો અર્થ એવો નથી કે મહિલાઓનું સ્વતંત્ર સ્થાન એ સ્વીકૃત હકીકત હતી. વાસ્તવમાં મહિલાઓ 'ખોટા અને અયોગ્ય' સ્થાને હોય અથવા જે તે સરકારને પ્રભાવિત કરવાનો પ્રયત્ન કરે તો તેની અંતિમ પરિણતિ શું હોઈ શકે - ખાસ કરીને ફ્રેંચ રાજદરબાર અને રાજકારણના સંદર્ભમાં - તે વિશે અનેક શંકાકુશંકાઓ વ્યક્ત કરવામાં આવતી. ડૅવિડ હ્યુમના શબ્દોમાં 'ફ્રાંસમાં સ્ત્રીઓ રાજ્ય અને ચર્ચ સંલગ્ન બધા જ વ્યવહારો અને 'વ્યવસ્થાપન'માં સરળતાથી દાખલ થાય છે. જે પુરુષો સલુકાઈથી ન વર્તે અને તેમની કૃપાદૃષ્ટિ ન પ્રાપ્ત કરે તેમણે સફળ થવાની આશા બહુ રાખવી જોઈએ નહિ.'

હકીકતમાં બુદ્ધિનિષ્ઠ સંવાદ, સ્ત્રીઓ અને પુરુષોને સામાજિક સંસર્ગ અને મિલન તેમજ ઐહિક વિશ્વનાં સુખોમાં રાચતાં રહેવા માટે સતત પ્રયત્નશીલ રહેવું એ જ્ઞાનપ્રકાશ યુગીન સંસ્કૃતિનું આગવું લક્ષણ હતું. રસપ્રદ બાબત એ છે કે આ એ જ પુરુષો હતા જે ઉલ્લેખિત સલોનિએર સાથે મુક્ત રીતે હળતાભળતા અને જેમણે જ્ઞાનપ્રકાશ યુગને આકૃત અને ઝંકૃત કરવામાં પાયાની ભૂમિકા ભજવી. આ પ્રબુદ્ધ સલોનિએરને ઈંગ્લંડમાં બ્લુ સ્ટૉકિંગ્સ (**blue stockings**) કહેવામાં આવતી. પરંતુ આ મહિલાઓની સૌથી મોટી કરુણતા એ હતી કે જે પુરુષોને તેમણે અનેક રીતે મદદ કરી, પુરસ્કાર્યા અને જેમનાં તેમણે

યશોગાન ગાયાં તે પુરુષોએ - કેટલાક અપવાદો બાદ કરતાં - પોતાની કલા અને સાહિત્યસર્જનમાં તેમને સંપૂર્ણ રીતે અવગણી અથવા તો તેમના વિશેના પરંપરાગત વિચારોને જ પુષ્ટિ આપી. મહિલાઓ માટે જેમ 'નવજાગૃતિ' અને વૈજ્ઞાનિક ક્રાંતિ નહોતાં તેમ તેમને માટે 'પ્રબુદ્ધતા' પણ નહોતી. પ્રબુદ્ધ ચિંતકોએ પરંપરા દ્વારા પુરુષો પર લદાયેલી મર્યાદાઓનો વિરોધ કર્યો, સ્વયં મર્યાદાઓની પોતાની યથાર્થતાની પણ આકરી આલોચના કરી, સામાન્ય માણસોના અધિકારોની હિમાયત કરી, નાગરિકોના અધિકારોની હિમાયત કરી, ગુલામો, યહૂદીઓ, બાળકો અને અમેરિકાનાં મૂળ વતનીઓ સુધ્ધાંની હિમાયત કરી પરંતુ મહિલાઓના અધિકારોની બાબતમાં તેમણે સંપૂર્ણ મૌન સેવ્યું. માત્ર આટલું જ નહિ, પોતાના તર્ક અને રૅશનાલિટીને ભોગે તેમણે મહિલાઓ અંગેના વિચારો વિશે પરંપરાને સમર્થન આપ્યું. આ પરંપરાગત વિચારો પ્રમાણે બુદ્ધિ અને નીતિમત્તા જેવી અત્યંત મહત્ત્વની બાબતોમાં મહિલાઓ પુરુષોથી ઊતરતી કક્ષાની હતી. ફિલૉસૉફી અને કલાનાં ક્ષેત્રો જેવી બાબતોમાં પણ પ્રબુદ્ધ ચિંતકોએ પરંપરાગત વિચારોને સમર્થન આપ્યું : એટલે કે નારી મૌન સેવનારી, આજ્ઞાંકિત, હજૂરિયણ. વિનમ્ર અને 'પવિત્ર' હોવી જોઈએ. બીજી બાજુ તેમના મતે સલોનિએર સ્વતંત્ર મિજાજવાળી, શક્તિશાળી અને ક્યારેક સ્વેચ્છાચારી (**libertine**) પણ હતી. પ્રબુદ્ધ ચિંતકોના મતે આ બધાં નારીસહજ લક્ષણો નહોતાં અને ટીકાને પાત્ર હતાં. અલબત્ત, કેટલાક પ્રબુદ્ધ ચિંતકોએ મહિલાઓ વિશેના પરંપરાગત ખયાલોનો વિરોધ કર્યો, પરંતુ જે મહિલાઓએ બૌદ્ધિક રીતે પુરુષસમોવડી હોવાનો દાવો કર્યો તેમાં ઈંગ્લંડની મૅરી વૉલ્સ્ટનક્રાફ્ટ અને ફ્રાંસની મારકી દ કોંદોર્સેનો વિશેષ સમાવેશ થાય છે. તેમની સામે પણ વિરોધનો વાવંટોળ ઊભો કરવામાં આવ્યો. મોટા ભાગના ફિલૉસૉફરોએ સ્ત્રીઓ પર મર્યાદા મૂકનારી યુરોપીઅન સંસ્કૃતિની પરંપરાઓને જ ઉજાગર કરી. ઉદાહરણ તરીકે જ્હોન લૉક જેવા ફિલૉસોફરની પ્રબુદ્ધ ચિંતન પર સર્વગ્રાહી અને ઘેરી અસર હતી એ હકીકત છે. એ સ્પષ્ટપણે માનતો હતો કે પોતાનું કુદરતી સ્વાતંત્ર્ય ભોગવવાનો પ્રત્યેક વ્યક્તિનો અધિકાર છે અને આ સ્વાતંત્ર્ય કોઈની ઇચ્છા કે સત્તાને અધીન નથી છતાં તે એવું પણ માનતો હતો કે સ્ત્રીઓ અને પ્રાણીઓને આ લાગુ પડતું નથી ! એટલે કે પત્ની તેના પતિને આધીન હોવી જોઈએ ! તે જ પ્રમાણે સ્કોટિશ ફિલૉસૉફર ડૅવિડ હ્યુમે જ્યારે પૅરિસની મુલાકાત લીધી ત્યારે દફાં (**Deffand**), લેસ્પીનાઝ (**Lespinasse**) અને ગિઓફ્રાં (**Geofrim**)ના સલોનોમાં તેણે મોટું આકર્ષણ ઊભું કર્યું તેમજ પોતાની આત્મકથામાં નોંધ્યું કે સમગ્ર વિશ્વમાં પૅરિસમાં શાણા, પ્રબુદ્ધ અને સંસ્કૃત લોકોનો સંગાથ હોવાને કારણે શેષ જીવન ત્યાં ગાળવાની તેની ઇચ્છા હતી. છતાં 'જેમની ઊતરતી બૌદ્ધિક કક્ષા અને નબળાઈઓ જાણીતી છે અને જેનો ઈલાજ નથી અને જેમને કુદરતી રીતે પરાવલંબી ગણવામાં આવ્યાં હોવા છતાં ઊંચા સ્થાને બેસાડવામાં આવે છે અને સ્ખલિત હોવા છતાં જેમને સ્વામિત્વ આપવામાં આવે છે અને સાર્વભૌમ ગણવામાં આવે છે તે અત્યંત અનિચ્છનીય છે.' આમ કહી તેની ટીકા કરે. હ્યુમની માફક અન્ય પ્રબુદ્ધ ફિલૉસૉફરોએ પણ સ્ત્રીશાસનને સુશાસનના અંત સાથે જોડ્યું. જે સ્ત્રીઓ પરોક્ષ રીતે રાજદરબારમાં સત્તા ચલાવતી હતી અને જે સલોનિએરની રાજકીય વગ હતી તેમને 'દોષિત' ગણવામાં આવતી. અગાઉ ઉલ્લેખ થયો છે તે પ્રમાણે સલોનિએરના સમર્થન વગર એન્સાઈકલોપેડી લખાયું જ ન હોત છતાં સલોનિએરનો તેમાં કોઈ ઉલ્લેખ નથી. તેને બદલે સ્ત્રીઓની શારીરિક નબળાઈઓ, વધુ પડતી લાગણીશીલતા અને માતા તરીકેની તેમની ભૂમિકા પર વધુ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. સ્ત્રીસમાનતા અને પુરુષ જેટલી જ ક્ષમતા તે પણ ધરાવતી હોવાની વાત ક્યાંક ક્યાંક જ કરવામાં આવી છે. જે એકની બાબતમાં વિશિષ્ટ ગુણ છે તે બીજાની બાબતમાં તેટલી જ વિશિષ્ટ ક્ષતિ છે એ વિચાર અઢારમી સદી સુધીમાં લગભગ સર્વસ્વીકૃત થઈ ચૂક્યો હતો. તે જ પ્રમાણે માદામ દુ શાતેલે, જે પોતાના જમાનાની અત્યંત શિક્ષિત મહિલા હતી તેની સાથે વૉલ્તેરને ગાઢ સંબંધ હતો છતાં મુક્તાચારનાં લખાણો વિશે તેનાં ભાષ્યની વાત વૉલ્તેરને પ્રિયકર નહોતી. વૉલ્તેર પ્રામાણિક પણે એવું માનતો હતો કે દર્શનનું ક્ષેત્ર મહિલાઓ માટે હોઈ શકે નહિ. આવી સંસ્કૃત સ્ત્રી સાથેના સહવાસ અને સંસર્ગમાં હોવા છતાં વૉલ્તેરે સ્ત્રીશિક્ષણ, તેમનાં કાર્યો કે સમાજમાં તેમની ભૂમિકા પર પોતાના વિચારો ખાસ વ્યક્ત કર્યા નથી. જેનાં મોટા ભાગનાં લખાણોમાં પરંપરાગત સંસ્થાઓની આલોચના કરવામાં આવી છે તેનાં લખાણોમાં આવા મહત્ત્વના વિષયનો કોઈ ઉલ્લેખ જ ન હોય એ મોટી વક્રતા છે ! શાતેલેની બુદ્ધિપ્રતિભા માટે પણ કદાચ તેનો દ્વિમુખીભાવ પણ હતો. તેના પોતાના શબ્દોમાં 'એમિલી (શાતેલે) હકીકતમાં ડિવાઈન મિસ્ટ્રેસ છે. તે સૌંદર્યવાન, બુદ્ધિચતુર અને કરુણાસભર છે અને તેનામાં અન્ય સ્ત્રીસહજ ગુણો પણ છે. છતાં હું ક્યારેક ઇચ્છું છું કે તે ઓછી શિક્ષિત અને વિચક્ષણ હોય'. સ્વાભાવિક રીતે જ આ પ્રકારની માનસિકતામાં ઈર્ષાનું તત્ત્વ દેખા દેતું. રુસો સાથે તેના અનેક મતભેદ હોવા છતાં આ બાબતમાં બન્નેના વિચારોમાં સામ્ય હતું. પૅરિસમાં રુસોને સલોનિએર સાથે ૧૭૪૦માં ઓળખાણ કરાવનાર દિદેરો હતો. ૧૭૬૨માં પોતાની નૉવેલ 'એમિલી'માં તેણે લખ્યું : 'કોઈ પણ શિક્ષિત અને બુદ્ધિચાતુર્ય ધરાવતી સ્ત્રી મારા ઘરને સાહિત્યિક વર્તુળનો અડ્ડો બનાવી પોતાને તેના પ્રમુખ તરીકે સ્થાપે તેના કરતાં હું એવી સ્ત્રી

પસંદ કરું કે જે સરળ અને ઘરરખ્ખુ હોય. બુદ્ધિચાતુર્ય ધરાવતી સ્ત્રી તેના પતિ, બાળકો અને મિત્રો માટે અભિશાપ છે.' જ્ઞાનપ્રકાશ યુગીન બુદ્ધિજીવીઓએ પોતાને સ્પર્શતાં ચારિત્ર્યશુદ્ધિ અંગેનાં બેવડાં ધોરણો અકબંધ રાખીને સ્ત્રીના શુદ્ધ ચારિત્ર્યનો આગ્રહ રાખ્યો. હ્યુમે એવી દલીલ કરી કે આ પ્રકારનાં બેવડાં ધોરણો સમાજનાં હિતો માટે જરૂરી છે, જેની સાબિતી બધાં રાષ્ટ્રો અને યુગોના રિવાજો અને લાગણીમાં જોવા મળે છે! આમ છતાં હકીકત એ છે કે જ્ઞાનપ્રકાશ યુગીન અનેક મહિલાઓ અત્યંત શિક્ષિત હતી અને બૌદ્ધિક શક્તિમાં કોઈ પણ પ્રબુદ્ધ ચિંતકથી સહેજ પણ ઊતરતી નહોતી.

વાસ્તવમાં એકલા ઈંગ્લંડમાં જ ૧૬૬૦થી ૧૮૦૦ સુધીના સમયગાળા પર નજર નાખવામાં આવે તો જણાશે કે મહિલાઓ દ્વારા લેખન અને પ્રકાશનમાં વધારો એ એક અત્યંત મહત્ત્વની સાંસ્કૃતિક ઘટના હતી. આ સમયગાળા દરમ્યાન મહિલા પ્રકાશનોની માંગમાં અભૂતપૂર્વ વધારો થયો. આ લખાણોમાં મુખ્યત્વે કરીને આત્મકથાઓ, સ્મૃતિગ્રંથો, પત્રો, નાટક, બાળકો માટેની પરિકથાઓ, દાયણકાર્યોનાં લખાણો મિડવાઈફી મૅન્યુઅલ્સ-, કવિતા, ગીતો, સ્તોત્રો (hymns) વિજ્ઞાન-પુસ્તકો, યાત્રાકથાઓ, અનુવાદો, પત્રકારત્વને લગતાં પુસ્તકો તેમજ નૈતિક, શૈક્ષણિક અને રાજકીય ગ્રંથોનો સમાવેશ થાય છે. ટૂંકમાં, લેખનક્ષેત્રે આ મોટું જ્ઞાનાભિમુખ સ્થિત્યંતર હતું અને તેને પરિણામે મહિલાઓના રોજિંદા રાજકીય, સાંસ્કૃતિક જીવન પર મોટી અસર પડી. ઉદાહરણ તરીકે માર્ગરેટ કૅવેન્ડિશ ઉર્ફ ડચેસ ઑફ ન્યૂ કૅસલે (૧૬૨૩-૭૩) નૅચરલ ફિલૉસૉફીનો સઘન અભ્યાસ કર્યો અને ૧૬૬૪માં **Philosophical Letters** લખ્યા જે વાસ્તવમાં ટૉમસ હૉબ્સ, રેની દેકાર્ત અને હેન્રી મોરના વિચારો સામેના પ્રતિભાવ રૂપે હતા. તે જ પ્રમાણે ઍન ફિંચ **(Anne Finch)** નામની સન્નારી, જે ડચેસની સમકાલીન હતી. તેનો પત્રવ્યવહાર હેન્રી મોર સાથે ચાલતો. લૅટિન, ગ્રીક અને ગણિત પર તેમનું પ્રભુત્વ હતું અને તેમનાં લખાણોમાં દેકાર્તનાં લખાણોનો પણ સમાવેશ થાય છે. તેમના મૃત્યુ પછી ૧૬૯૦માં તેમણે લખેલાં પુસ્તક **The Principles of Most Ancient and Modern Philosophy**માં નવા વૈજ્ઞાનિક સિદ્ધાંતો અને ક્રિસ્ટિઅન પ્રાપ્ત જ્ઞાનના સમન્વયનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

તે જ પ્રમાણે ફ્રાંસમાં પણ લેખિકાઓના વૈચારિક પ્રભાવનો નવો સિલસિલો શરૂ થયો. આફ્રા બેહ્‌ન **(Afra Behn 1640-89)** એ પ્રગતિશીલ વિચારોની કદાચ સૌપ્રથમ મહિલા પ્રણેતા હતી. અનુવાદ દ્વારા કવયિત્રી અને નવા દાર્શનિક સિદ્ધાંતોની મીમાંસિકા તરીકે તેણે મહિલાઓ માટે નવી ભૂમિકા ઊભી કરી અને અનેક વિરોધો, ટીકાઓ અને આઘાતો છતાં તખ્તા માટે લખવાનું ચાલુ રાખ્યું. **A Discovery of New Worlds** નામના તેના પુસ્તકે દેકાર્તનું દર્શન અને વૈજ્ઞાનિક વિચારોને મહિલા વાચકવર્ગ માટે સુલભ બનાવ્યાં અને એમ દલીલ કરી કે સ્ત્રીઓએ પરંપરાગત અનુરૂપતાવાદી માનસિકતા ત્યજી દઈને શિક્ષણાભિમુખ થવું જોઈએ.

પરંતુ આ બધામાં અઢારમી સદીની મહિલા બુદ્ધિજીવીઓમાં પ્રમુખ સ્થાન લેડી મૅરી વૉર્ટ્‌લી મૉન્ટેગ્યુ **(Lady Mary Wortly Montagu - 1689 - 1762)**નું છે. પ્રબુદ્ધ પત્રવ્યવહારનો આ જમાનો હતો અને લેડી મૅરી તેના અત્યંત મહત્ત્વનાં મશાલચી હતાં. ૧૭૧૬માં તેમના પતિની બ્રિટિશ અલચી તરીકે નિમણૂક ટર્કી ખાતે કરવામાં આવી. તેમની સાથે રહીને લેડી મૅરીને ટર્કિશ સમાજને નજીકથી નિહાળવાની તક મળી, જેનું વર્ણન તેમણે લખેલા **Turkish Letters**માં જોવા મળે છે. શાણપણ, બુદ્ધિ અને મુક્ત વિચાર તેના લેખનનું પ્રધાન લક્ષણ હતું. ૧૭૩૭થી ૧૭૩૮ સુધી તેણે **Nonsense of Common Sense** નામના સામયિકનું પ્રકાશન કર્યું. જેમાં નારીવાદી વિચારોની ઝલક દૃષ્ટિગોચર થાય છે. લેડી મૅરીએ શરૂ કરેલા 'વૈશ્વિક પરિભ્રમણ'નું અનુકરણ કરવું સહેલું નહોતું. વાસ્તવમાં સતત આર્થિક સંકડામણ ભોગવીને પણ પોતાના વિચારોને વાચા આપનારી મૅરી કોલિએર નામની ધોબણ શ્રમજીવી વર્ગમાંથી આવનારી પ્રથમ લેખિકા હતી. તેની 'પ્રબુદ્ધ ભગિનીઓ'ની જેમ મહિલાઓની સ્થિતિ અને તેમનું સાંસ્કૃતિક અસ્તિત્વ ટકાવી રાખવાનો પ્રશ્ન તેની નિસબતનો મુખ્ય વિષય હતો. ૧૭૩૯માં તેણે **The Woman's Labour** લખ્યું જેમાં સંપન્ન વર્ગોનાં ઘરોમાં સ્ત્રીઓને ઘર અને ખતેરમાં જે રીતે બે પાળી મજૂરી કરવી પડતી હતી તેનું તાદૃશ વર્ણન નીચેની પંક્તિઓમાં વ્યક્ત થાય છે :

Our Toil and Labour's daily so extreme
That we have hardly ever Time to Dream.

અગાઉ ઉલ્લેખ થયો છે તે પ્રમાણે બ્લુ સ્ટૉકિંગ્સે મહિલા સંસ્કૃતિને આગળ કરવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો. આમાં અનેક સ્ત્રીઓનો સમાવેશ થાય છે. પરંતુ તેમાંય ઇલિઝાબેથ કાર્ટર (૧૭૧૭-૧૮૦૬)નો ઉલ્લેખ અનિવાર્ય બને છે. ઇલિઝાબેથ કાર્ટરે લૅટિન, ગ્રીક અને હિબ્રુ ભાષાઓનો અભ્યાસ કર્યો અને ફ્રેંચ હુગનો **(Huguenot**-ફ્રાંસના પ્રોટેસ્ટન્ટ અનુયાયીઓ) પાસે ફ્રેંચનો અભ્યાસ કર્યો. ત્યાર બાદ તેણે પોર્ચુગિઝ અને અરેબિક ભાષા સહિત ઇટાલિઅન, સ્પૅનિશ અને જર્મનનું શિક્ષણ આપ્યું. આ ઉપરાંત તેણે ગણિત, ઇતિહાસ, ભૂગોળ અને ખગોળશાસ્ત્રનો

ઊંડો અભ્યાસ કર્યો. ૧૭૩૮માં તેનો એક નાનકડો કાવ્યસંગ્રહ પણ પ્રકાશિત થયો. ગ્રીક ભાષાના અત્યંત ઊંચી કક્ષાની વિદુષી તરીકે તેને નવાજવામાં આવી અને એપિટેક્ટસના અનુવાદ માટે ૧૭૫૮માં તેને ૧૦૦૦ પાઉણ્ડનો પુરસ્કાર પણ મળ્યો. આ ઉપરાંત તે નિયમિતપણે **Gentleman's Magazine** અને **The Rambler** નામનાં સામયિકોમાં પોતાના લેખો પ્રકાશિત કરતી. તે જ પ્રમાણે ફ્રાંસમાં અગાઉ ઉલ્લેખિત માદામ દુ શાતેલે (**Gabrielle-Emilie Le Tonnelier marquise du Chatelet - 1706-1749**)નું સ્થાન પણ અદ્વિતીય હતું. મુક્તાચારની દાર્શનિક પદ્ધતિ વ્યવસ્થા વિશે પોતાના પુત્રને સંબોધતા તેણે ઇન્ટિટ્યુસિઓં દ ફિઝિક (**Institution de Physique**) નામના આઠ ગ્રંથો લખ્યા અને ન્યૂટનના 'પ્રિન્સિપિઆ મૅથેમેટિકા'નો અનુવાદ કરી તેના પર ભાષ્ય લખ્યું.

અઢારમી સદીના મધ્ય ભાગ સુધીમાં સામાજિક નિસબતો અને સ્ત્રીઓની પરિસ્થિતિ વિશે ઊઠેલો વિરોધનો સૂર અને તેનું શાબ્દિક આલેખન - ખાસ કરીને ઇંગ્લંડ અને ફ્રાંસમાં - સાંસ્કૃતિક દૃષ્ટિએ અત્યંત મહત્ત્વની ઘટના હતી. સ્ત્રીની સર્જનશક્તિ માટેનો દાવો અને કથિત દૈવનિર્મિત ભૂમિકા વચ્ચે અવ્યક્ત વિરોધાભાસે સર્જનસંલગ્ન સ્વાયત્તતા અને અર્પિત ભૂમિકા વચ્ચે એક નવા સંઘર્ષને જન્મ આપ્યો. ૧૭૮૯માં ફ્રેંચ ક્રાંતિનો વિસ્ફોટ થયા પછી ઍંગ્લો-સૅક્સન સ્ત્રીઓના અધિકારો પર ફરી એક વાર ધ્યાન કેન્દ્રિત થયું. અગાઉ ઉલ્લેખ થયો છે તે પ્રમાણે મૅરી વૉલ્સ્ટનક્રાફ્ટના **Vindication of the Rights of Women (1792)** અને કૅથેરાઈન મૅકૉલેના **Letters of Education** (૧૭૯૦)એ નારીવાદ અને માનવ અધિકારો માટેની ચર્ચાનું સૈદ્ધાંતિક નમૂનો પૂરો પાડ્યો. પરંતુ અઢારમી સદીના અંત સુધીમાં સલોનિએરની પ્રભાવક અસરનો અંત આવવાની પ્રક્રિયાની શરૂઆત થઈ ગઈ અને પરંપરાગત લક્ષણો ધરાવતી મહિલાઓ તરફનો ઝોક વધ્યો. ફ્રેંચ ક્રાંતિ અને ત્યાર બાદ નેપોલિઓનિક યુદ્ધો (૧૭૮૯-૧૮૧૫) દરમ્યાન તેની તીવ્રતા વધી. જે રાજકીય અને સામાજિક પ્રભાવ અને સત્તાનો ઉપયોગ સલોનિઅરોએ કર્યો તે હકીકત ફ્રેંચ રાજાશાહીની મોટી આલોચના બનીને રહી. ક્રાંતિએ રાજકારણ પર પુરુષની ઈજારાશાહીને પડકારતા મહિલાઓના 'અકુદરતી અને અનધિકૃત શાસન'નો અંત આણ્યો. ૧૭૯૩માં મહિલાઓની રાજકીય પ્રવૃત્તિ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો અને રાજકારણીઓ, અખબારનવેશો અને દાર્શનિકોએ - પછી તેઓ રિપબ્લિકન કે રાજાશાહીવાદી, ક્રાંતિવાદી કે પ્રતિક્રાંતિવાદી હોય - મહિલાઓની રાજકીય વગ પ્રત્યે પોતાનો આક્રોશ ચાલુ રાખ્યો.

(ક્રમશઃ)

ચિંતનિકા

પ્રગાઢ સંવેદનશીલતા – અધ્યાત્મનું દ્વાર

બહાદુરભાઈ જ. વાંક

એક દિવસ સાંજના ચારેક વાગ્યે શહેરના કેટલાક સત્સંગીઓ ગુરુ બજુવાને મળવા આવ્યા. હજુ આરામમાં હોઈ, પોતાના રૂમમાંથી બહાર આવ્યા નહોતા. એટલે બધા ગુરુની પ્રતીક્ષા કરતાં આશ્રમના બગીચામાં બેસી શિક્ષણની, સમાજની, રાજકારણ અને સિનેમાની વાતો કરવામાં વ્યસ્ત થઈ ગયાં. એક-દોઢ કલાક પછી ગુરુ બહાર આવતાં બધાં તેમની પાસે આવી ચૂપચાપ બેસી ગયાં.

બજુવા બોલ્યા : 'હું તમારાં બધાની ગપ્પાબાજી મારા રૂમમાં આરામ કરતાં કરતાં સાંભળતો હતો.'

'શરમ-ક્ષોભથી બધાંનાં મસ્તક નીચે નમી ગયાં. કોઈ કશું બોલી શક્યાં નહીં.'

'હવે આજે હું તમને શું કહું ? હું જે કંઈ બોલીશ એ સાંભળવા છતાં તમે સાંભળી નહીં શકો... જે મૌન પાળી શકે છે તે જ તો સાચી રીતે સાંભળી શકે છે. એટલે હવે આજે હું તમારી સાથે વાત નહીં કરી શકું...' બધાંને સમજાવતાં બજુવા બોલ્યા.

'અમારા અકારણ લવારા માટે અમે દિલગીરી વ્યક્ત કરી આપની ક્ષમા માગીએ છીએ. એટલે આજે કંઈક તો અમને કહો ને કહો જ...'

કરુણાવશ બજુવા બોલ્યા : 'તમે અકારણ જે કંઈ બોલો છો - શબ્દો ઉચ્ચારો છો તે પ્રત્યેક શબ્દ ઝેરી મચ્છર બનીને તમારી ચામડી ઉપર ડંખ માર્યા વગર રહેતો નથી. તમે અકારણ જે કાંઈ જુઓ છો, સાંભળો છો એ બધું જ ટેપ રૅકોર્ડરની જેમ તમારા ચિત્તમાં કોતરાઈ જાય છે. આ બધી જ બાબતો તમારી સંવેદનશીલતાને પાયામાંથી જ છિન્નભિન્ન કરી નાખે છે. એનો તમે લોકોએ ક્યારેય પણ વિચાર કર્યો છે ખરો ?'

કેટલાક નિખાલસ કબૂલાત કરતાં બોલ્યા : 'આપની વાત સાચી છે. ફૂલને સ્પર્શ કરવામાં પણ અમારી આંગળીઓ જાણે ઠરડાઈ જતી હોય તેવો જ અનુભવ અમને થાય છે.'

'ધ્યાન-પ્રાર્થનાથી સંવેદનશીલતાને વિકસાવી ન શકાય ?' એક ભાઈએ પૂછ્યું.

'બેશક વિકસાવી શકાય; પણ તમારી ઠરડાઈ ગયેલી આંગળીઓથી પ્રાર્થના પણ કેવી રીતે કરી શકવાના ?' ને જરા રહી બજુવાએ ઉમેર્યું, 'પ્રગાઢ સંવેદનશીલતા અધ્યાત્મનું, ધ્યાનનું દ્વાર છે. તમારામાં સંવેદનશીલતા હશે તો ફિલ્મનું ગીત પણ તમારા માટે પ્રાર્થના બની જશે, અન્યથા પ્રાર્થના પણ તમારા માટે ફિલ્મનું ગીત જ !'

અંગ્રેજી સાહિત્યનું આચમન

ડૉ. મધુસૂદન પારેખ

જ્હોન કીટ્સ (ચાલુ) : (૧૭૯૫ - ૧૮૨૧)

'ઇઝાબેલા' પછી કીટ્સની કવિપ્રતિભાનો સ્તુત્ય સ્પર્શ અનુભવી શકાય એ કૃતિ 'ધી ઈવ ઑવ્ સેન્ટ ઍગ્નિસ' (The Eve of St. Agnes) છે. ઈ. ૧૮૧૯માં - જીવનના લગભગ અંતિમ કાળમાં તે રચાઈ હતી. અહીં એણે પોતાની શક્તિનો અંદાજ પ્રાપ્ત કરી લઈને એક નાનકડી સાદી ઘટનાને જ કેન્દ્રમાં રાખી છે. એક જ ઊર્મિ તેણે ઘૂંટ્યા કરી છે. 'ઇઝાબેલા'માં છે તેમ આ કાવ્યમાં પણ કીટ્સે મધ્યકાલીન સૃષ્ટિ કથાવસ્તુ માટે પસંદ કરી છે. વિવેચકોએ એ કૃતિને કીટ્સની ઉત્તમ કૃતિ તરીકે બિરદાવી છે. રોમૅન્ટિક કવિતામાં પ્રગટ થતા કલાના અંશોની અદ્‌ભુત રજૂઆત માણવા માટે આ કથાત્મક કાવ્યનું અધ્યયન કરવું પડે. સ્પેન્સરનાં કલ્પનો, એણે અપનાવેલી પંક્તિયોજના, રંગદર્શિતા એ સર્વ અહીં છે. અલબત્ત, કાવ્યની ગતિની બાબતમાં કીટ્સ પોતાની આગવી રીતિએ વર્ત્યો છે. કાવ્યનું કથાવસ્તુ અત્યંત આકર્ષક શૈલીમાં રજૂ કરવામાં કીટ્સની ઉત્તમ શક્તિ પ્રતીત થતી જણાય છે. કાવ્યના બે સ્રોત છે : એક તો મધ્યયુગમાં સંત ઍગ્નિસની સંધ્યા વિશેનો પ્રચલિત લોકવહેમ અને બીજો સ્રોત તે શેક્સ્પીઅરે 'રોમિયો અને જુલિયેટ'માં કથાવસ્તુને જે કરુણાત્મક ઉઠાવ આપ્યો છે તે અને સ્કોટના 'યન્ગ લોકિન્વાર' કાવ્યમાં જે આશા-ઉન્માદયુક્ત રજૂઆત જોવા મળે છે તે - હૃદયનો આવેગ-આવેશ છે. એ પ્રેમાવેગ કૌટુંબિક કલહથી ઊંચે ઊઠે છે - રોમિયો-જુલિયેટમાં તે કરુણાન્ત પામે છે. લોકિન્વારમાં તેનો સુખાન્ત છે. કીટ્સે પણ સ્કોટના કાવ્યમાં છે તેમ સુખાંત સાધ્યો છે.

'ધી ઈવ ઑવ્ સેન્ટ ઍગ્નિસ'માં નાનકડા કથાવસ્તુની રમ્યતા છે - લિજ્જત છે તો સાથે સાથે ઈંદ્રિય-પ્રત્યક્ષ થાય તેવાં કલ્પનો, ચરિત્રો-વર્ણનો પણ અનેરી મહેફિલરૂપ છે. કલ્પનો અને ચિત્રોના આલેખનમાં એકસાથે સંવાદ અને વિસંવાદ બંને પ્રકાશી ઊઠે તેવી કલા કીટ્સે અહીં રચી છે - અને એ બધું જ ઈંદ્રિય-પ્રત્યક્ષ થાય છે. દૃષ્ટાન્તરૂપે કાવ્યનાયિકા ઘૂંટણીયે પડીને પ્રાર્થના કરી રહી છે તે સમયે બારીઓના રંગની તેના પર પડતી છાયા ઉત્સવ માટે રાખેલાં ફળના ગંજ... અને એવું બીજું ઘણું, જે અંગ્રેજી કવિતામાં વિરલ હોય તેવું અહીં ઈંદ્રિયગમ્ય બન્યું છે. ફળની મુલાયમતા-મીઠાશ ભાવક માણી શકે તેવી કળા નીચે પંક્તિઓમાં જોઈ શકાશે :

If candied apple, auience and plum and gourd.
with jellies soother than the creamy curd

શિયાળાની સાંજની ઠંડીનાં ચિત્રો ય કેવાં આબેહૂબ, ઇન્દ્રિયગમ્ય બની શક્યાં છે !

St. Agnes Eve Ah, bitter chill it was
The owl, for all his feathers was a cold !
The here limped trembling through the frozen grass.
And silent was the flock in wooly fold
Numb were the Beadman's fingers, while he told
His rosary and while his frosted breath
Like pious incense from a censer old
seemed taking flight for heaven without a death
Past the sweet Virgin's Picture while his prayer he saith.

ઓહ ! કેવી કાતિલ ઠંડી ત્યાં હતી ! ઘુવડ એનાં તમામ પીંછાં સાથે ઠરી ગયું હતું. થીજી ગયેલા ઘાસમાં સસલું ઠૂંઠવાતું હતું અને ઊનની રક્ષા હેઠળ ઘેટાનું ટોળું ચૂપચાપ હતું. (રોટલા માટે) ભગવાનને નામે દુઆ દેતા ભિખારીનાં આંગળાં ઠરી ગયાં હતાં અને એનો થીજેલો પાતળો શ્વાસ ધૂપદાનીમાંથી ધીમે ધીમે પવિત્ર ધૂપ જેવો પ્રસરી રહ્યો હતો. જાણે પ્રાર્થના કરતો, સ્વર્ગે સિધાવાની અકાળે તૈયારીમાં ન હોય !

કાવ્યમાં સમગ્ર વાતાવરણ મધ્યયુગીન છે - એ યુગની એક લોકમાન્યતા અથવા વહેમ (**superstition**) કે સેન્ટ એગ્નીસના તહેવારે જો કોઈ કુમારી નકોરડો પ્રાર્થનામય ઉપવાસ કરે તો રાત્રે સ્વપ્નમાં ભાવી પતિ સાથે તેનું મિલન રચાય એ કથાનું બીજ છે.

કાવ્યનાયિકા મેડેલિન પણ એ માન્યતા અનુસાર ઉપવાસ કરી પ્રાર્થનારત બની સ્વપ્નમાં પતિને પામે છે. કુટુંબકલહથી બચવા એ દૂર પ્રેમના પ્રદેશમાં પ્રયાણ કરે છે.

સમગ્ર કાવ્ય કોઈ મિત્ર મંજૂષા (**Album**) જેવું છે. મધ્યકાળની ભૂમિકા ઉચિત પરિવેશમાં ઊપસી છે. પ્રેમનો વિજય એ કાવ્યનો હેતુ કે મર્મ છે પણ કાવ્યને અંતે સમગ્ર વાતાવરણ અતીતમાં વીલીન થઈ જાય છે.

And they are gone, aye, ages long age.

કીટ્સની ઊંચી, પરિપક્વ સર્જકતાનો ગાળો બહુ ટૂંકો - માંડ ત્રણેક વર્ષનો છે પણ એ ગાળાની લગભગ બધી કૃતિઓ એની કવિપ્રતિભાની દ્યોતક છે. એ વાસંતીકાળમાં પ્રગટ થયેલું એ રમણીય, સમર્થ કાવ્ય તે **La Belle Dame Sans Merci** (લા બેલ ડેમ સાંન મેર્સી). ઈ. ૧૮૧૯માં એ પ્રગટ થયું. એમાં એક રૂપવતી (**Belle Dame**) પણ કૃતઘ્ન (**Sans merci**) સ્ત્રીનું કથાવસ્તુ છે. આ કાવ્યનું સ્વરૂપ બૅલડ (**Ballad**)નું છે.

રોમેન્ટિક કવિઓ માટે યુરોપનો મધ્યયુગ હંમેશાં કાવ્યસર્જન માટે ઉપકારક નીવડ્યો છે. 'લા બેલ...'માં ય સ્પેન્સરની 'ફેયરી ક્વીન'માં છે તેવું ભાવવિશ્વ કીટ્સે સર્જ્યું છે. લોકકથા પર આધારિત આ કૃતિમાં આતંક, ભય અને રહસ્યમયતાનું ધ્યાનપાત્ર નિરૂપણ છે. 'ધી ઈવ ઑવ્ સેન્ટ મૅગ્નિસ' કાવ્યના વાતાવરણમાંથી 'લા બેલ....'નો ઉદ્ભવ થયો છે. પણ અહીં મેડેલીન કરતાં જુદી જ - વિરોધી પ્રકૃતિ ધરાવનારી સ્ત્રીનું કીટ્સે નિરૂપણ કર્યું છે. મેડેલીન પ્રેમાળ, સન્નિષ્ઠ યુવતી છે. જ્યારે 'લા બેલ..'ની યુવતી નિષ્ઠુર, સ્વાર્થી છે. કલાદષ્ટિએ આ કૃતિ સમર્થ કહી શકાય તેવી નથી.

કીટ્સનું ઉત્તમ કાવ્યસર્જન તેનાં 'odes' (ઉદ્બોધન કાવ્યો)માં અને સૉનેટોમાં થયું છે. અલબત્ત, 'ધી ઈવ ઑવ્ સેન્ટ ઍગ્નિસ' એ સિવાયની એક અતિ લાક્ષણિક અને કીટ્સની યશસ્વી કૃતિ છે.

ઓડ્ઝ કાવ્યોમાં કવિ કીટ્સનો એક વિશિષ્ટ ભાવતંતુ - વિચારદોર - ગૂંથાતો જોવા મળે છે. એનાં મહત્ત્વનાં પાંચ ઓડ્ઝ કાવ્યો છે. એમાં વિવેચકોના મતે કદાચ 'ઓડ ટુ સાઈકિ' (**Ode to Psyche**) પહેલું અને 'ઓડ ઑન ઇન્ડોલન્સ' (**Ode on Indolence**) છેલ્લું છે.

'ઓડ ટુ સાઈકિ, (૧૮૧૯)માં કીટ્સે પુરાકલ્પનનો આશ્રય લઈ સાઈકિની મૃત્યુમાંથી અમૃત તરફની યાત્રાનો સંકેત રજૂ કર્યો છે અને એ યાત્રાના નિરૂપણ દ્વારા એ પોતાની મનોગત અપેક્ષા સૂચવે છે.

'ઓડ ઑન ઇન્ડોલન્સ'માં વ્યક્તિની મહેચ્છાઓ અને એના આવેગોને શાંત પાડીને એક અનોખી નિરામય માનસસૃષ્ટિમાં પહોંચવાના મનોરથનું સૂચન મળે છે.

કીટ્સનું એક વિખ્યાત ઓડ કાવ્ય 'ઓડ ટુ અ નાઈટિંગેલ (**Ode to a Nightingale**) છે. ઈ. ૧૮૧૯માં તે પ્રકાશિત થયું હતું. આ ઉદ્બોધન કાવ્યમાં ઘણુંખરું એના સમૃદ્ધ અને મંદગતિએ વિકસતા લયને કારણે તેમજ રોમૅન્ટિક કવિતાને સર્વથા ઉચિત એવી ઊર્મિને કારણે પ્રશંસા થઈ છે. પણ ખરેખર એ કાવ્યનું સાચું દૈવત તો નાઈટિંગેલના મધુર ગીતને પ્રતીક રૂપે યોજીને કવિએ એને સમયાતીત અને વિરૂપ સૃષ્ટિથી પલાયનતાનો સંકેત આપ્યો છે તેમાં છે. કલા અને મૃત્યુ બંને વ્યક્તિને સમયાતીત સૃષ્ટિમાં પલાયન કરવાની તક પૂરી પાડે છે. એ સંદર્ભમાં કલા, જીવન અને મૃત્યુ વચ્ચેના સંબંધનું ચિંતન એ જ કાવ્યનો સાચો મર્મ છે.

કવિ કહે છે : નાઈટિંગેલ ભલે નાશવંત છે, પણ તેનું ગીત અમર છે. એ સદાય ગુંજતું રહેશે અને એ જ સત્ય છે. દુઃખભરી દુનિયામાં એ જ સત્ય છે.

'ઓડ ઑન અ ગ્રેશિયન અર્ન' (**Ode on a Grecian Urn**) ઈ. ૧૮૨૦માં પ્રકાશિત થયેલું. એ પણ 'ઓડ ટુ અ નાઈટિંગેલ'માં છે તેમ કલા, જીવન અને મૃત્યુના સંબંધોને ચિંતવે છે. ગ્રીસના એક કલાત્મક કુંભ પર આલેખાયેલાં ચિત્રો કવિને રોમાંચિત કરી મૂકે છે. નાઈટિંગેલનું ગીત તો તેણે શ્રવણપ્રત્યક્ષ કરેલું. કુંભ પરનાં ચિત્રો ચક્ષુરિન્દ્રિયથી તે માણે છે. કલા જ રાગદ્વેષ અને દુઃખથી ભરેલી દુનિયામાંથી શાશ્વત આનંદની સૃષ્ટિમાં પલાયન થવા માટે વાહન છે. કુંભ પર ચિતરાયેલાં આલેખનોને એની સૌંદર્યદષ્ટિ સત્કારે છે ખરી. એ મિત્રો સુંદર અને શાશ્વત છે અને છતાં કીટ્સનો વિષાદ એ છે કે એ માત્ર પ્રાચીન નમૂના (**Attics**) છે.

But they are afterall only an `Attic shape', an 'Attitude', a brede of marble men and maidens, a 'cold pastoral.'

ધાતુપાત્ર પર બંસી બજાવતો કોઈ ગ્રામજન-ગોપાલ જોતાં કીટ્સ ચિંતવે છે :

Heard melodies are sweet, but those unheard
Are sweeter, therefore, ye soft pipes. play on.

બુલબુલનું ગીત તો સીધું શ્રવણને સ્પર્શતું હતું. એનો નાદ માણી શકાતો હતો. પણ કુંભપાત્રમાં બંસીમાંથી પ્રગટતું ગીત કલ્પનાથી માણવાનું છે. **unheard** છે એટલે વધુ મધુર લાગે છે. એ ગીત ક્યારેય પૂરું થવાનું નથી.

કાવ્યને અંતે કવિ ચિંતવે છે કે જીવન કાયમી-શાશ્વત નથી પણ કુંભ પરની કલા - કોઈ પણ કલા અનશ્વર છે. એ સૌંદર્ય સત્યની પ્રતીતિ કરાવે છે. સૌંદર્ય એ જ સત્ય છે-

When old age shall this generation waste,
Thou shalt remain, in midst of other woe
Than ours, a friend to man, to whom thou say'st,
Beauty is truth, truth beauty - that is all
Ye know on earth, and all ye need to know.

કવિ યેટ્સના 'બાયઝેન્શિયમ' (**Byzantium**)માં પણ આવું જ વિચારબીજ છે. કલા વિરૂપ જીવનમાંથી વ્યક્તિને આનંદથી સૃષ્ટિમાં આકર્ષી જાય છે.

All mere complisitces
The fury and the mire of human veins

કીટ્સનું 'ઓડ ટુ ઑટમ' (**Ode to Authumn**) ૧૮૧૯માં પ્રગટ થયેલું. અન્ય ઓડ કરતાં આ નિરાળું છે. અહીં એક દશ્ય, એક મોસમ અને એક મનઃસ્થિતિનું મનહર આલેખન છે. અંગ્રેજી કવિતામાં આ પ્રકારની પ્રકૃતિકવિતામાં આ એક સંપૂર્ણ સિદ્ધ થયેલી કૃતિ ગણાઈ છે.

(અનુસંધાન પૃ. ૧૦૬)

મેઘાલય

ડૉ. જયકુમાર ર. શુક્લ

ભારતના ઈશાન ખૂણે (ઉત્તર-પૂર્વ) મેઘાલયનું પહાડી રાજ્ય આવેલું છે. તેની ઉત્તરે અને પૂર્વે આસામ તથા દક્ષિણે અને પશ્ચિમે બાંગ્લાદેશની આંતર-રાષ્ટ્રિય સરહદ આવેલી છે. રાજ્યનું ક્ષેત્રફળ ૨૨,૪૨૯ ચોરસ કિ.મી. છે. ત્યાં મુખ્ય ભાષા તરીકે અંગ્રેજીનો ઉપયોગ થાય છે. ઈ.સ. ૧૯૯૧ની ગણતરી અનુસાર તેની વસતી ૧૭,૭૪,૭૭૮ની છે. તેમાંનાં ૧૯ ટકા લોકો શહેરોમાં તથા બાકીનાં ગામડાંમાં વસે છે. રાજ્યની કુલ વસતીમાંના ૮૫.૫૩ ટકા લોકો અનુસૂચિત જનજાતિ (શિડ્યુલ્ડ ટ્રાઈબ)નાં છે. રાજ્યમાં ચોરસ કિ.મી. દીઠ વસતીની ઘનતા ૭૯ માણસોની છે. વસતીનાં ૬૫ ટકા લોકો ખ્રિસ્તી, ૧૫ ટકા હિંદુ, ૩.૫ ટકા મુસ્લિમ અને બાકીનાં અન્ય ધર્મનાં છે. ત્યાંનાં લોકો ખાસ કરીને ખાસી, ગારો, હિંદી, બંગાળી, નેપાલી વગેરે ભાષાઓ બોલે છે. ત્યાંના ખેતમજૂરોનો લઘુતમ દૈનિક વેતનદર રૂપિયા ૩૫ છે. રાજ્યનાં ૮ ટકા લોકો ગરીબીરેખા નીચે જીવે છે. ત્યાંનાં લોકોની માથાદીઠ વાર્ષિક આવક રૂપિયા ૧૮૩૫ છે. રાજ્યમાં ૯૪૯૬ ચોરસ કિ.મી. વિસ્તારમાં જંગલો આવેલાં છે.

આ સુંદર પહાડી પ્રદેશમાં ઝડપથી વહેતી સંખ્યાબંધ નદીઓ, ધોધ (જલપ્રપાતો) અને શિખરો આવેલાં છે. મેઘાલય રાજ્યમાં સિમસાંગ, ભોગાઈ, માંડા, દામરિંગ, જંજીરામ, ગનોલ નદીઓ ગારો હિલ્સમાં તથા ઉમતરુ, ઉમિઅમ, ઉમખેન, કુપલી, કિંશી વગેરે નદીઓ ખાસી તથા જૈન્તિયા હિલ્સમાં આવેલી છે. મેઘાલયને સાત વહીવટી જિલ્લામાં વહેંચવામાં આવ્યું છે. તેમાં જૈન્તિયા હિલ્સ, ઈસ્ટ ગારો હિલ્સ, વેસ્ટ ગારો હિલ્સ, ઈસ્ટ ખાસી હિલ્સ, વેસ્ટ ખાસી હિલ્સ વગેરેનો સમાવેશ થાય છે. રાજ્યનું પાટનગર અને એરપોર્ટ શિલોંગ છે. તે ૧૯૭૨ સુધી આસામનું પાટનગર હતું. તે સમુદ્રની સપાટીથી ૧૪૯૬ મીટરની ઊંચાઈ પર આવેલું છે. તે હવા ખાવાનું સ્થળ પણ છે. ત્યાં પાણીના ધોધ, બગીચા, વગેરે આવેલા છે. ત્યાં આખું વર્ષ અનુકૂળ વાતાવરણ રહે છે. મેઘાલયની વિધાનસભાની સભ્ય-સંખ્યા ૬૦ની છે. ત્યાંથી બે સભ્યો લોકસભામાં તથા એક સભ્ય રાજ્યસભામાં ચૂંટીને મોકલવામાં આવે છે.

ઈતિહાસ : મ્યાનમાર (બર્મા)ની સમસ્યાને લીધે ભારતની બ્રિટિશ સરકારે ત્યાંનાં ખાસી, ગારો તથા જૈન્તિયા લોકોને પરસ્પર સહાય કરવાના કરારની ફરજ પાડી હતી. ભારતને ઑગસ્ટ ૧૯૪૭માં સ્વતંત્રતા મળી ત્યારે આદિવાસી મુખીઓ અને રાજાઓ ભારતના સંઘમાં જોડાયા. ઑલ પાર્ટી હિલ લીડર્સ



કૉન્ફરન્સ (૧૯૬૦)ની આગેવાની હેઠળ અલગ રાજ્યની રચના કરવા માટેની ચળવળ શરૂ કરવામાં આવી અને ૨૧ જાન્યુઆરી, ૧૯૭૨ના રોજ મેઘાલયનું અલગ રાજ્ય અસ્તિત્વમાં આવ્યું.

લોકો : મેઘાલયનાં લોકો ઑસ્ટ્રો-એશિયાટિક કુળનાં, જૈન્તિયા લોકો મોંગોલોઈડ કુળનાં અને ગારો લોકો તિબેટીઓનાં વંશજો છે. ત્યાંનાં બધાં આદિવાસી લોકો માતાના કુળથી ઓળખાય છે. તેમનો વારસો માતા પાસેથી સૌથી નાની પુત્રીને મળે છે.

મુખ્ય તહેવારો : મેઘાલયનાં લોકો પારંપરિક નૃત્યમાં વિશેષ રસ ધરાવે છે. ઑક્ટોબર-નવેમ્બર માસમાં પાક લણવાનો સમય થાય છે ત્યારે સારો પાક ઊતર્યાની ખુશીલામાં લોકો નોન્ગક્રેમ નૃત્ય કરે છે. પાક લણવાનો ઉત્સવ (**wangla**) સૂર્યદેવના માનમાં એક સપ્તાહ માટે ઊજવવામાં આવે છે. તે પ્રસંગે ગારો હિલ્સ વિસ્તારમાં યુવકો તથા વૃદ્ધો પારંપરિક પહેરવેશ પહેરીને ઢોલ તાલબદ્ધ રીતે વગાડીને ઉત્સાહપૂર્વક નૃત્ય કરે છે. જૈન્તિયા લોકોનો મુખ્ય તહેવાર બેહ દિનખલામ છે, તે પ્રતિવર્ષ જુલાઈ મહિનામાં બિયારણની વાવણીની ઋતુમાં ઊજવવામાં આવે છે. આ દરમિયાન પુરુષો કસબામાં ફરીને, મકાનોનાં છાપરાં ઉપર વાંસ પછાડીને, ખલામ એટલે રોગચાળાને જાકારો આપે છે.

મુખ્ય પાક : રાજ્યનાં લોકોનો મુખ્ય વ્યવસાય ખેતીનો છે. ત્યાંનાં લોકોનો મુખ્ય ખોરાક ચોખા તથા મકાઈનો છે. બીજા



મેઘાલયનું કુદરતી સૌન્દર્ય

પાકમાં શણ, બટાટા, કપાસ, રાઈ, આદુ, હલધર, પીપળ વગેરે પાકે છે. મેઘાલયમાં અનેનાસ, કેળાં, નારંગી, લીચી, જામફળ, પ્લમ્સ વગેરે ફળ થાય છે. ત્યાંનાં જંગલોમાં વાંસ, ટિમ્બર, નેતર, ઔષધિઓના છોડ વગેરે થાય છે. ત્યાં આદુ રેસા વિનાનું થાય છે.

ખનીજ : ખાસી અને જૈન્તિયા હિલ્સમાંથી કોલસો, ડોલોમાઈટ, ચૂનાના પથ્થરો, ફેલ્સ્પાર અને ક્વાર્ટ્ઝ નીકળે છે. રાજ્યમાં કોલસા ખોદીને કાઢવાનું મોટા ભાગનું કામ આદિવાસીઓ કરે છે. કોલ ઇન્ડિયા લિમિટેડે સિમસોંગમાં ખાણોમાંથી કોલસા કાઢવાનું શરૂ કર્યું છે. રાજ્યમાં ૫૬૨ મિલ્યન ટન અંદાજિત કોલસો તથા અંદાજિત ૪૫૦૦ મિલ્યન ટન ચૂનાનો પથ્થર છે.

ઉદ્યોગો : મેઘાલયમાં અનેક નાના ઉદ્યોગો વિકસ્યા છે. ઇમારતી લાકડાંની મિલો, સિમેન્ટનું ઉત્પાદન, વિવિધ પીણાં, ઘડિયાળો બનાવવી, ફર્નિચર, લોખંડ અને સ્ટીલનું ફેબ્રિકેશન વગેરે ત્યાંના મુખ્ય ઉદ્યોગો છે. વધુ ઉદ્યોગો વિકસાવવા સરકાર પ્રોત્સાહન આપે છે. ચેરાપુંજી, દમાસ તથા સુતંગામાં સિમેન્ટનાં કારખાનાં છે.

પ્રાણીજીવન : મેઘાલયમાં બે રાષ્ટ્રિય ઉદ્યાન તથા બે અભયારણ્યો આવેલાં છે. તુરાના અગ્નિ ખૂણે ૧૬૦ કિ.મી.ના અંતરે બાલપકરમા અભયારણ્યમાં ૨૦૦ જેટલા જંગલી હાથી રહે છે. મેઘાલયમાં વાઘ, રીંછ, ચિત્તા, જંગલી બિલાડી, હરણ, ઊડતી ખિસકોલી, હૂલૉક, લંગૂર વગેરે પ્રાણીઓનો વસવાટ છે. ત્યાં સોનેરી બિલાડી, તેતર, બતક, સારસ વગેરે પક્ષીઓ પણ જોવા મળે છે.

વિશિષ્ટતાઓ : મેઘાલયમાં આવેલ ચેરાપુંજી વિશ્વમાં સૌથી વધુ ભેજવાળું સ્થળ છે. તે સમુદ્રની સપાટીથી ૧૨૯૦ મીટરની ઊંચાઈ પર આવેલું છે. ત્યાં પ્રતિવર્ષ સરાસરી ૧૨૭૦ સેન્ટિમીટર વરસાદ પડે છે. ચેરાપુંજીથી માસિનરામની ખાસી હિલ્સની, દક્ષિણના ઢાળ તરફની પટીમાં વિશ્વમાં સૌથી વધારે વરસાદ પડે છે. જીવડાં ખાઈ જનાર પિચર (**Pitcher**) નામનો છોડ, વિશ્વમાં એક જ ઠેકાણે-મેઘાલયમાં ઊગે છે. કેટલાંક જવલ્લે ઊગતાં ફૂલના છોડ પણ મેઘાલયમાં જોવા મળે છે.

ખ્રિસ્તી મિશનરીઓના શરૂઆતના પ્રયાસોને કારણે ખાસી તથા ગારો ભાષાઓ અને તેના સાહિત્યનો આધુનિક ભારતીય ભાષાઓ તરીકે વિકાસ થયો છે. આ બેમાંથી એક પણ, મેઘાલયની અધિકૃત ભાષા ન હોવા છતાં, ખાસી સાહિત્ય અનુસ્નાતક કક્ષા સુધી તથા ગારો ભાષા સ્નાતક કક્ષા સુધી, ત્યાંની કૉલેજોમાં ભણાવાય છે.

મેઘાલયનું શ્રેષ્ઠ હિલસ્ટેશન શિલોંગ છે. ત્યાં આવેલ લ્યુ દુહ નામથી જાણીતું સૌથી મોટું બજાર છે. ત્યાંની મોટા ભાગની દુકાનોની માલિકી મહિલાઓ ધરાવે છે. મેઘાલય ઍડવેન્ચર્સ ઍસોસિએશનના સભ્યોએ ૧૮.૭ કિ.મી. લાંબી ગુફા શોધી કાઢી છે, જે એશિયામાં સૌથી લાંબી ગુફા છે. મેઘાલયમાં સૃષ્ટિ-સૌન્દર્યનાં ઘણાં સ્થળો છે. શિલોંગમાં વોર્ડનું જળાશય, લેડી હિદારી ઉદ્યાન, પોલો મેદાન, પ્રાણીસંગ્રહાલય, એલિફન્ટ ધોધ વગેરે જોવાલાયક સ્થળો છે. શિલૉંગથી ૫૫ કિ.મી.ના અંતરે આવેલ માસિનરામમાં શિવલિંગના આકારની ગુફા છે. તેના ઉપર ગાયના આંચળના આકારની છતમાંથી વર્ષભર પાણીનો અભિષેક થાય છે. તેથી અનેક ભક્તો ભગવાનનાં દર્શન માટે ત્યાં જાય છે.

મેઘાલયનાં મહત્ત્વનાં શહેરો શિલોંગ, તુરા, વિલિયમનગર, નોંગસ્ટોઇન વગેરે છે. ❐

પ્રસંગકથા

વિનોદ ભટ્ટ

'આ શી બદતમીઝી છે ? આ કોઈ બેન્ડવાળાનું ઘર નથી. ખાનદાની માણસો અહીં રહે છે. ખબરદાર, ફરી તને વાજું વગાડતાં જોયો છે તો તારી ખેર નથી. કોઈ સારું કામ કર.' હાર્મોનિયમ વગાડી રહેલા બાળ-નૌશાદને તેના પિતા વાજીદઅલીખાંએ ખખડાવી નાખ્યા. સંગીતને લીધે સારાય ખાનદાનની આબરૂ ધૂળમાં મળતી હતી, ને આ છોકરો સંગીતની લતે ચડી ગયો હતો. એક વાર ચેતવણી મળવા છતાં હાર્મોનિયમ વગાડતાં તે બીજી વાર રંગેહાથ પકડાઈ ગયો. અબ્બાજાને ગુસ્સે થઈને એ વાજાનો જમીન પર ઘા કર્યો. સૂરો વેરાઈ ગયા. આબરૂ અને સંગીત બન્ને આ ઘરમાં એકસાથે નહીં રહી શકે એની પાકી જાણ હોવાથી નૌશાદે મુંબઈની વાટ પકડી. પાસે પૈસા નહીં ને એવી કોઈ મોટી ઓળખાણ-પિછાણ પણ નહીં. ગોરખો ફિલ્મ સ્ટૂડિઓમાં ઘૂસવા ન દે, તેને રાજી કરવો પડે, પણ એનોય વેત હોવો જોઈએને. સામાન્ય માણસ તો આ બધાથી થાકી-હારીને ઘરભેગો થઈ જાય. પણ નૌશાદજી મોટા ગજાના સંગીતકાર થવા જન્મ્યા હતા એટલે આ બધાથી તે થાક્યા નહીં. સંગીતકારોનું એ જમાતમાં કંઈ માન-બાન નહીં – ગાવા-બજાવવાની વધારે કિંમત નહીં. રણજિત સ્ટૂડિઓના સરદાર ચંદુલાલ શાહનું શબ્દચિત્ર નૌશાદજીએ બહુ ઓછી શાહી બગાડીને ચોટદાર શૈલીમાં આપ્યું છે. મારા ગુરુ ખેમચંદ પ્રકાશ નીચે ચટાઈ પર બેસીને હાર્મોનિયમ પર ધૂન સંભળાવી રહ્યા હોય ત્યારે શેઠજી ફોન પર શેરબજારના લિયા-દિયાના સોદા કરતા હોય. એ ખુરસી પર બેઠા હોય, સંગીતકાર જમીન પર. ઘણી વાર શેઠને સોદામાં નુકસાન થાય ત્યારે તર્જ સુંદર હોવા છતાં ચંદુ શેઠ સંગીતકારને વિના કારણે તતડાવી નાખતા. 'કૂતરાની જેમ શું હાઉ હાઉ કરે છે ? આને તું સંગીત કહે છે ? ચાલ ભાગ અહીંથી ! કંઈક નવું બનાવીને આવજે.' આવી ભાષામાં શેઠ તાડૂકી ઊઠતા. સંગીતકાર નતમસ્તકે સાજિંદા સાથે તથા સંપૂર્ણ અપમાન સાથે બહાર નીકળી જતો...''

હું અને જ્યોતિષ

પ્રફુલ્લ રાવલ

બપોર હતી. સહુ મહોલ્લામાં કાલાં ફોલતાં'તાં, ત્યાં દક્ષિણી પાઘડીવાળો, બેઠી દડીનો એક વૃદ્ધ આવ્યો. એના હાથમાં પોથી હતી, ટીપણું હતું. એ ખાટલે બેસી ગયો અને બોલવા માંડ્યો - 'શનિ વક્રી થયો છે. થોડા દિવસમાં ગુરુ મહારાજ ઘર બદલશે, રાહુ ગુરુની યુતિ થશે.' કમળાકાકીએ ઊભા થઈને હાથ ધર્યો. વૃદ્ધ જ્યોતિષીએ ભવિષ્ય ભાખવાનું શરૂ કર્યું અને ખીલે બાંધેલી ભેંસ ભાંભરી. હું ય દોડી ગયો. મેં ડાબો હાથ ધર્યો, તો કહે કે જમણો હાથ બતાવ. મેં જમણો હાથ લાંબો કર્યો. 'તારો બુધ સારો છે.' એવું કહીને વળી બીજો હાથ જોવા માંડ્યો. પંદર-વીસ મિનિટમાં તો મહોલ્લાના સહુનું ભવિષ્ય ભાખી, કોઈને મંગળવાર, તો કોઈને શનિવાર કરવાનું કહીને, દાળ-ચોખા લઈને વૃદ્ધ જ્યોતિષીએ વિદાય લીધી હતી. અને મેં જ્યોતિષનું પહેલું જ્ઞાન મેળવ્યું તે મારો બુધ સારો હોવાનું.

એ પછી છેક મૅટ્રિકમાં આવ્યો ત્યારે ઓચિંતા એક સાંજે જ્યોતિષીનો ભેટો થઈ ગયો. એણે 'વિદ્યા મળશે. બુધ સ્વગૃહી છે.' એવું કહ્યું હતું, એ સાથે મારામાં જિજ્ઞાસા જન્મી હતી તે ગ્રહોની ગતિવિધિ જાણવાની. પણ ત્યારે શક્ય નહોતું. ભણવામાં ગ્રહનું ગણિત ભુલાઈ ગયું. વૅકેશન પડ્યું ત્યારે એક દિવસે કર્મકાંડી પંડિત પાસે જવાનું થયું. એ જન્માક્ષર બનાવતા હતા. હું સામે બેઠો બેઠો કુંડળીમાં પડેલા ગુરુ, રાહુશનિની શેતરંજની રમત જોતો રહ્યો. અને જ્યોતિષ શીખવાની ઇચ્છા થઈ અને ગ્રહોનું જ્ઞાન મેળવવા મેં પુસ્તકાલયમાં પૃચ્છા કરી. ગ્રંથપાલે મને 'બૃહત્સંહિતા'નો જાડો ગ્રંથ હાથમાં પકડાવી દીધો. એમાં અનેક કુંડળીઓ હતી. થોડાં પાનાં વાંચ્યાં, છતાં ય ખબર ન પડી. માન્યું કે આ ગૂઢ શાસ્ત્ર છે. ગ્રંથ તો પાછો જમા કરાવી દીધો. પણ મારી જિજ્ઞાસા સમાપ્ત ન થઈ. ઊંડે ઊંડે લાગતું હતું કે આ શાસ્ત્ર જાણવા જેવું તો છે જ. વળી, વાંચે કશું વળે તેમ ન લાગ્યું. સંસ્કૃત પાઠશાળામાં ગુરુજીને પૂછ્યું તો કહે - 'હજુ તું નાનો છું.' એથી જિજ્ઞાસા વધુ સતેજ થવા માંડી. એ જિજ્ઞાસા સંતોષાઈ એક જૈન સાધુ દ્વારા. જ્યોતિષનું પ્રારંભિક જ્ઞાન પ્રાપ્ત થયું. નવગ્રહ અને એનાં સ્થાન અંગે જાણકારી મળી. ગુરુ-રાહુ અને શનિ લાંબા સમય સુધી એક ઘરમાં રહેતા હોય છે તેની સમજ પડી. શુભ-અશુભ કે પાપગ્રહની અસરનું જ્ઞાન થયું.

કૉલેજમાં દાખલ થયો ત્યારે તર્કશાસ્ત્ર ભણવાનું આવ્યું. મને લાગ્યું કે તર્કને જ્યોતિષ સાથે કશોક સંબંધ જરૂર છે. વળી, બે-ચાર જ્યોતિષીઓને મળ્યો. મનમાં દૃઢ થઈ ગયું કે જ્યોતિષ એટલે તર્ક. જ્યોતિષ એ તો તર્કનો સહોદર. જેનો તર્ક ઊંચો એનું ભવિષ્ય ભાખવાનું જ્ઞાન ઊંચું. ત્યારે મને જ્યોતિષ સંભાવના પર ઊભેલું શાસ્ત્ર લાગ્યું હતું. સંભાવના સાચીએ પડે અને ખોટીએ પડે. સાચી પડે ત્યારે જ્ઞાન, ખોટી પડે ત્યારે તર્ક. વળી, જ્યોતિષ વિષે વિશેષ વાચન કર્યું. જૂનો ખયાલ બદલાતો ગયો. વરાહમિહિર અને કીરોની આગાહી સાચી પડ્યાનું વાંચ્યું એટલે જ્યોતિષમાં શ્રદ્ધા બેસવા માંડી. પણ મારા સ્વગૃહી બુધે મને માત્ર શ્રદ્ધાળુ ન બનવા દીધો. આજે જ્યોતિષનું જ્ઞાન વધ્યું છે ત્યારે ય હું કર્મમાં જ માનું છું. જ્યોતિષમાં માનું છું, છતાં ય કર્મ કરવાનું છોડી દેતો નથી. ગ્રહોનું ગણિત ખોટું પાડવા કર્મ કરું છું, દિલ દઈને. નિષ્ઠાપૂર્વક ક્યારેક કર્મ જીતે છે, તો ક્યારેક જ્યોતિષ. પણ જ્યોતિષ મારે મન ધર્મ નથી. હું ધર્મ સાથે એને જોડતો પણ નથી. જ્યોતિષ ધર્મ નથી, તો તાંત્રિકનું ઓશિંગણ પણ નથી. એ વિદ્યા છે, જ્ઞાન છે, શાસ્ત્ર છે. આથી જ્યોતિષ એ કોઈ એક સમુદાય કે જ્ઞાતિની જાગીર ન બની શકે. એના પર કોઈની હકૂમત ન હોય. જ્ઞાનના અધિકારી તો બધા જ. જેની જેવી ઉપાસના. વળી, જ્યોતિષ એ ઉપચાર નથી. એ માત્ર આવનાર કે થનાર પરિસ્થિતિનું અભિજ્ઞાન-એંધાણ આપે છે. એ અર્થમાં જ્યોતિષ પથદર્શક છે. વ્યવસાયી માણસોએ એ જ્ઞાનને કમાણીનું સાધન બનાવી દીધું છે. અને એની સાથે અનેક ભેળસેળ કરી છે. જ્યોતિષ મારા માટે ભોમિયાની ગરજ સારે છે. સામેની વ્યક્તિની રાશિ સાથે મારી રાશિનો શો મેળ છે એ હું જાણું છું. એટલે વ્યવહાર કેવો રાખવો તેનો ખયાલ રહે છે. છતાંય જ્યોતિષ મારા માટે કોઈ સમસ્યાનું અંતિમ ચરણ નથી. કોઈ પણ સમસ્યાનો ઉકેલ જ્યોતિષ આપે તેવું હું માનતો નથી. માત્ર અંગુલિનિર્દેશ એ જ જ્યોતિષના જ્ઞાનની પ્રાપ્તિ છે. 'શું છે અને શું થશે' એટલી જ જ્યોતિષની સીમા છે. હવે જ્યારે જાણકારી પ્રાપ્તિ થાય છે, ત્યારે મનુષ્ય માર્ગ કાઢવાની વૃત્તિમાં પરોવાય છે. આથી જ્યોતિષ સાથે અન્ય વિદ્યા આમેજ થઈ અને આખું માળખું એવું જટિલ બની ગયું કે એક બાજુ આંધળી શ્રદ્ધા-આસ્થા પાંગરતી ગઈ. એને પાખંડ-દંભ-બનાવટનું રૂપ મળતું ગયું. વિદ્યા છે એ વિસરાઈ ગયું. વળી, વિશ્વ નાનું નથી રહ્યું. એટલે જ્યોતિષના રાજયોગની પરિભાષા બદલવી પડે. વ્યક્તિની સમસ્યાની સીમા વિરાટ થતાં ગ્રહો અંગેનું પુરાણું ગણિત ખપ ન લાગે. રાહુ પાપ ગ્રહ ખરો પણ આજના યુગની તાસીર અલગ હોઈ, એ જ રાહુનું ફળ નોખું મળે. જ્યોતિષના ઉપલકિયા જ્ઞાને આ વિદ્યાને ભારે હાનિ પહોંચાડી છે. સ્થળ અને કાળ મુજબ જ્યોતિષનો વિનિયોગ થવો ઘટે.

(અનુસંધાન પૃ. ૧૦૬)

ઈતિહાસધારા

અશોક હર્ષ

કાશ્મીરની ભૌગોલિક સ્થિતિને લઈને તેની પર અવારનવાર આક્રમણો થતાં જ રહ્યાં છે. આવું એક આક્રમણ ઈ. ૧૩૧૯માં મંગોલ સરદાર દુલચાએ કરેલું. કાશ્મીરની ગાદી પરના એ વખતના રાજવી સહદેવે દુલચાને કીમતી ભેટસોગાદોથી મનાવી લઈ સરહદેથી જ પાછો વાળવા પ્રયત્ન કર્યો, પરંતુ એથી લોભાવ્યા વિના દુલચાએ પોતાની સેનાને આગળ વધવા હુકમ આપતાં સહદેવે નાસી છૂટીને કિશ્તવારનું શરણ લીધું ? કાશ્મીરને લૂંટાય એટલું લૂંટી દુલચા પાછો ફર્યો પરંતુ પાછા ફરતાં બરફના ભારે તોફાનમાં એ અને આખી સેના બરફમાં ફસાઈ પડી, દટાઈ ગઈ.

સહદેવ નાસી છૂટતાં રાજ્યના પુનઃ નિર્માણનું કાર્ય એના પ્રધાન રાયચન્દે હાથ ધર્યું. આ કાર્યમાં એની પુત્રી કોટા એને ખાસ મદદરૂપ થઈ પડી જે પાછળથી કોટારાણી તરીકે પ્રસિદ્ધ થઈ. એ વખતે એની ઉમર તો હતી માત્ર સોળ વરસની, પરંતુ એનાં સાહસ, સૌન્દર્ય અને બુદ્ધિચાતુર્ય ભલભલાને આંજી દે તેવાં હતાં. પિતાપુત્રીએ કાશ્મીરના પુનર્નિર્માણમાં લદાખના બૌદ્ધધર્મી રંચનની સહાય લીધી. પરંતુ તેણે આગળ જતાં પોતાના લદાખી ટેકેદારોને એકત્ર કરી રાયચન્દાની હત્યા કરી નાખી અને તેની પુત્રી કોટાને પોતાની રાણી બનાવી.

આગળ જતાં આ રંચને બૌદ્ધધર્મ ત્યજીને ઈસ્લામનો સ્વીકાર કર્યો. પરંતુ કોટા તેના શૈવધર્મમાં અડગ રહી. એક ફકીર સાથેની આધ્યાત્મિક ચર્ચાથી એટલો પ્રભાવિત થઈ ઊઠ્યો કે તેનું શિષ્યત્વ સ્વીકારી લીધું. ફકીરનું નામ હતું બુલ્બુલશાહ'. એ પછી થોડા સમયમાં આ ફકીરનું અવસાન થતાં રાજ્યની લગામ કોટાના હાથમાં આવી. જો કે રાજવી તરીકે તેણે પોતાના સગીર વયના પુત્રને જાહેર કરેલો, પરંતુ રાજ્યનું શાસન તે પોતે જ કરતી હતી. એકલા હાથે રાજ્ય-સંચાલનની અશક્તિને લઈને તેણે નાસી છૂટેલા સહદેવના નાના ભાઈ ઉદયનદેવને બોલાવીને તેની સાથે લગ્ન કરી દીધાં.

પરંતુ કોટારાણી માટે આ લગ્ન સુખદ ન નીવડ્યાં. ઉદયન માટે પણ રાજ્યનો તાજ કાંટાળો નીવડ્યો અને તુર્કોનાં ધાડાં ને ધાડાં કાશ્મીર પર ધસી આવ્યાં. આથી ગભરાઈને ઉદયન રાજ્યના ખજાનામાંથી જેટલું લઈ શકાય તેટલું ધન લઈને લદાખ નાસી છૂટ્યો. આથી તુર્ક આક્રમણ સામે કોટારાણી એકલી પડી ગઈ. રાજ્યનો ખજાનો પણ ઉદયન ઉશેટી ગયો હતો. આમ છતાં તે કાશ્મીરના રક્ષણ માટે ઉદ્યુક્ત થઈ અને પ્રજાને એવો તો પાનો ચઢાવ્યો કે તેના નેતૃત્વ નીચે ખેલાયેલા જંગમાં તુર્કોના છક્કા છૂટી ગયા. પરંતુ કોટારાણીને એમ છતાં ચેન ન હતું. પહેલેથી જ તેના જમણા હાથ જેવા શાહ મીરે ઉદયનદેવના અવસાન પછી પોતાની સાથે લગ્ન કરવા કોટારાણીને જણાવ્યું. આથી તેણે પોતાની રાજધાની બદલવાનો નિર્ણય કર્યો પણ શાહ મીરે તેને પરાજિત કરી વિવશ કોટારાણી પાસેથી પોતાની માગણીનો સ્વીકાર કરાવ્યો.

કોટારાણી શાહ મીરની બેગમ બની પણ તે એક જ દિવસ માટે. રાતે નવોઢાનો સાજ સજી તે શાહ મીર પાસે ગઈ, પણ શાહ મીર તેને સ્પર્શે તે પહેલાં તો સાથે રાખેલી કટાર પોતાના કલેજામાં ભોંકી દઈ તે ત્યાં જ ઢળી પડી. ❐

અનુસંધાન] હું અને જ્યોતિષ [પૃ. ૧૦૫ થી

જ્યોતિષમાં મને રસ છે. વારંવાર હું ગ્રહોની ગતિ અને અસર વિષે જ્ઞાત થતો રહું છું. મને બદલાતાં ગ્રહોની સમજ છે. હું મારા કામમાં ક્યારેક જ્યોતિષને ખપમાં લઉં છું. મને ખબર છે કે ચોથે-આઠમે અને બારમે આવેલો ચંદ્ર સારો નથી. આથી હું વિવાદ ટાળું છું. ગ્રહ અનુકૂળ હોય તો એનો લાભ લઉં છું. પ્રતિકૂળ ગ્રહ વખતે મૌન રહું છું. છતાં સફળતા-નિષ્ફળતા પામતો રહું છું. મને જ્યોતિષ પાસે જવું ગમે છે. પણ એને શરણે જવું ગમતું નથી. હું જ્યોતિષનો ચાહક છું, ઉપાસક નથી. જાણવા છતાં ય હું સામા પવને બાખડું છું, અને એમ મનુષ્ય તરીકેની મારી ઓળખ તાજી રાખવા મથું છું. હું એને મારા પર હાવી થવા દેતો નથી. છતાં ય જ્યોતિષ જ્ઞાન છે. એની સાચી સમજથી જ્યોતિર્મય તો બનાય જ છે. પણ અધૂરું જ્ઞાન, સિવાય વિવાદ, શું આપે ? ❐

અનુસંધાન] અંગ્રેજી સાહિત્યનું આચમન [પૃ. ૧૦૨થી

પાનખરના દૃશ્યને પ્રતીક તરીકે યોજીને કવિએ એની લાક્ષણિક સમર્થ ભાષામાં જીવન અને મૃત્યુના સંબંધની મીમાંસા કરી છે. જેમ ઋતુમાં તેમ જીવનમાં પણ પરિવર્તનની પ્રક્રિયા ચાલ્યા જ કરે છે. એ રુચિકર હોય અને ન પણ હોય. છતાં તે અ-નિવાર્ય છે. પાનખર પછી વસંતનું આગમન થવાનું જ છે.

If winter comes, can spring be far behind ?

જીવનમાં સુખ કરતાં દુઃખની માત્રા વિશેષ છે. કલા દ્વારા ઉત્તમ સુખ આનંદ પામી શકાય. સડેલી, વિરૂપ, પ્રપંચી દુનિયામાંથી થોડોક સમય છુટકારો મેળવી શકાય - જીવનનું એ ઉત્તમ પાથેય બની રહે. છતાં દુઃખ તો છે. વેદના ય જીવનને વળગેલી છે જ. કીટ્સ 'ઓડ ઑન મેલન્કલી' (**Ode on Melon choly**)માં આ વેદનાનું સત્ય પ્રગટ કરે છે.

કીટ્સ એ વેદનાને પણ સ્વીકારે છે - સત્કારે છે. વેદના છે તો જ જીવનમાં ઉત્સાહ અને આનંદનું મૂલ્ય પ્રમાણી શકાય છે. વેદના જ જીવન વિશેની સમજ પૂરી પાડે છે.

કીટ્સે કલા, જીવન અને મૃત્યુના સંબંધની છણાવટ જેમ નાઈટિંગેલ અને ગ્રિથિયન સર્ગમાં તેમ 'લેમિયા'માંય કરી છે. અહીં પણ એનો ગ્રીસ કલા-કથા પ્રત્યેનો અનુરાગ જોવા મળે. 'લેમિયા'ની કથા અતિ સરળ, સાદી છે. સૌંદર્ય અને ટાઢું તત્ત્વજ્ઞાન (**cold philosophy**) વચ્ચેના સંબંધને અભિવ્યક્ત કરવાનું તેને ફાવ્યું નથી અને કાવ્ય ગૂંચવણમાં સંડોવાઈ ગયું છે.

કવિની સર્જકતાનો ઉત્તમ પરિપાક એના જીવનના અંતિમ તબક્કામાં ઓડ્ઝ અને સૉનેટોમાં માણી શકાય છે. (ક્રમશઃ)

પસ્તીનાં પાનાં

ડૉ. પ્ર. ચુ. વૈદ્ય

મહાન સંગીતકાર બીથોવન

તા.૨૩-૫-૯૬. નોબેલ પારિતોષિક વિજેતા અને પ્રખર ખગોળવિદ્ પ્રો. સુબ્રહ્મણ્ય ચંદ્રશેખર વિષે મેં અગાઉ આ પત્રોમાં લખ્યું છે – ખાસ કરીને મારી તેમની સાથેની રૂબરૂ મુલાકાતમાં તેમનું વાક્ય **By the way where were you trained** અને મેં કહ્યું કે હું તો પૂરેપૂરો મેઇડ ઇન ઇન્ડિયા છું. ત્યારે તેમણે કહેલું **'Looks like it'**. (એવું જ લાગે છે !) એ ચંદ્રશેખર ૧૯૯૫ના ઑગસ્ટની ૨૧મી એ ગુજરી ગયા. તેના અનુસંધાનમાં કરંટ સાયન્સ સામયિકે ખાસ પૂર્તિ કાઢી છે. આ પૂર્તિમાં ૧૯૭૫માં ચંદ્રશેખરે કરેલું એક ભાષણ છપાયું છે. ભાષણનું શીર્ષક છે : **Shakespeare, Newton and Beethovan or Pattern of Creativity** (શેક્સપીઅર, ન્યૂટન અને બીથોવન, ભાતીગળ સર્જનપ્રતિભા). મોટાં ૧૩ પાનાંનો એ સરસ લેખ છે. મહાન કવિ, મહાન વિજ્ઞાનીક અને મહાન સંગીતકારની તેણે સરસ સરખામણી કરી છે. આમાંના શેક્સપીઅર અને ન્યૂટનને તો આપણે ઓળખીએ છીએ. પણ બીથોવનનો આપણને બહુ પરિચય નથી.

બીથોવન એ આજથી ૨૦૦ વર્ષ પહેલાંનો સંગીતકાર. બાવીસ વર્ષની વયે તે વિયેના ગયો, અને ત્યાં તેને થયું કે જાણીતા સંગીતકારો કરતાં તે તો ઘણો આગળ હતો. પીઆનો ઉપર તે ગમે તે રાગ, ધૂન કે તાલબદ્ધ સંગીત સરળતાથી ઉતારી શકતો. એટલે તેની આત્મશ્રદ્ધા ખૂબ વધી ગઈ. પણ ૨૮ વર્ષની ઉમરે તેને બહેરાશની અસર વર્તાવા લાગી. સંગીતની રચના કરનાર કાને ઓછું સાંભળે તો તો થઈ રહ્યું. બીથોવને લખ્યું છે, 'મારી પાસે ઊભેલો માણસ વાંસળીના સૂર દૂરથી આવતા ઓળખે અને મને કાંઈ સંભળાય નહિ... દૂર દૂર ભરવાડનું મધુર ગીત તે સાંભળે અને મને તેનો અણસાર પણ ન આવે... મને તો જાણે મારું કોઈએ અપમાન કર્યું હોય તેવું લાગી આવે – કેટલીક વાર તો એટલી નિરાશા વ્યાપે કે આપઘાત કરવાનું મન થઈ જાય. પણ મારી કળાએ મને રોકી રાખ્યો અને મેં નક્કી કર્યું કે મારા મનમાં ભરી રાખેલી અસંખ્ય સંગીત-રચનાઓને હું સ્વરબદ્ધ ન કરું ત્યાં સુધી આ દુનિયા હું ત્યાગી શકું નહિ....'

બહેરાપણાને કારણે તેનો આન્તરિક ઘમંડ ઊતરી ગયો અને પોતાની કળામાં આત્મશ્રદ્ધા અનેક ગણી વધી અને એ બહેરો બીથોવન દુનિયાનો મહાન સંગીતકાર થયો. તેનો જીવન-મુદ્રાલેખ હતો 'શું આમ થવું જોઈએ ? હા, આમ જ થવું જોઈએ !' **(Must it be ? Yes, it must be !)**

પક્ષીવિદ્ સલીમ અલી

તા.૨૩-૧૧-૯૬. તા. ૧૮-૧૧-૯૬ને રોજ સલીમઅલીની જન્મશતાબ્દી ગઈ. તમે સલીમ અલી (અંગ્રેજી જોડણીને કારણે કેટલાક સાલીમ અલ્લી કહે છે) વિષે કાંઈક સાંભળ્યું તો હશે. તે આપણો પ્રથમ અને મહાન્ પક્ષીવિદ્ **(ornithologist)** હતો. ૧૮૯૬માં જન્મેલો અને ૧૯૮૭માં ૯૧ વર્ષની ઉંમરે મૃત્યુ પામ્યો. સલીમ અલીએ પોતાની જીવનકથાનું પુસ્તક લખ્યું છે. પુસ્તકનું નામ છે **'Fall of a Sparrow** - સ્પેરો એટલે ચકલી. અને આવું નામ આપવાનું ખાસ કારણ છે. તે ૧૧ વર્ષનો હતો ત્યારે તેણે તેની નોટબુકમાં નોંધ્યું છે : 'એક ચકલી તેના માળામાં ઈંડાં સેવતી બેઠી હતી અને માળાના મુખ પાસે એક ખીલા પર ચકલો બેઠો હતો. હું છાનોમાનો પાછળથી ધસી ગયો અને ચકલાને ગોળીથી વીંધી નાખ્યો. થોડી વાર પછી ચકલી બીજા ચકલાને તેડી લાવી અને ચકલો ચોકી કરતો ખીલા પર બેઠો. પૂરા સાત દિવસ સુધી આ વિધિ ચાલતી રહી. મેં ૮ ચકલા માર્યા અને દર વખતે ચકલી એક નવા ચકલાને મરી ગયેલા ચકલાનું સ્થાન લેવા લઈ આવે...' આમ, પુસ્તકો વાંચીને નહિ પણ અવલોકનો કરીને તેણે પક્ષીઓ વિષે અભ્યાસ કર્યો. ૧૧વર્ષની ઉંમરે ૧૯૦૭માં ચકલા-ચકલીનાં વિશિષ્ટ અવલોકનથી શરૂ થયેલી તેની જિન્દગીની કહાનીનું નામ 'ચકલાનું પતન'. **Fall of a Sparrow'** રાખ્યું તે હવે સમજાય તેવું છે.

ચકલા-ચકલીનું આવું અવલોકન કરતાં બીજે વર્ષે (તેની ૧૨ વર્ષની ઉમરે) તેણે મારેલો એક ચકલો જુદી જ જાતિનો નીકળ્યો. પીળા કાંઠલાવાળો ચકલો. આ ચકલો લઈને તે મુંબઈની નૅચરલ હિસ્ટરી સોસાયટીમાં ગયો અને એમ તેની વિધિસરની વૈજ્ઞાનિક તાલીમ શરૂ થઈ. જીવવિજ્ઞાન **(Biology)**ના ક્ષેત્રમાં પુસ્તકો અને પ્રયોગશાળાઓનું વર્ચસ્ આપણા શાળા-કૉલેજના શિક્ષણમાં દેખાય છે. પણ સલીમ અલીનું સઘળું વિજ્ઞાન નોટબુક, પેન્સિલ, બાયનોક્યુલર અને તીવ્ર બુદ્ધિપ્રતિભાની મદદથી જ જાણી શકાય છે. અગાઉ મેં જંગલી કલકલીઆની વાત લખી હતી તે પ્રકારનું નિસર્ગનું અવલોકન કરી નિસર્ગ વિષે જાણકારી મેળવવાની રીત ભારતમાં સલીમઅલીએ શરૂ કરી છે.

સલીમઅલીની શતાબ્દી પ્રસંગે શાળા-કૉલેજના બાયોલોજી શિક્ષણમાં મરેલાં દેડકાંના ડિસેક્શન કરવા ઉપર ભાર દેવાને બદલે જીવંત પ્રાણી, પંખી, વનસ્પતિનાં અવલોકનો અને અભ્યાસ ઉપર ભાર દેવાનો એક પ્રોજેક્ટ સાયન્સ ઍકેડેમી શરૂ કરવા માગે છે. જોઈએ તે કેવો આકાર લે છે તે.

—————ધારાવાહી બંગાળી નવલકથા—————

સુખનું અસુખ

મૂ.લે. વિમલ મિત્ર /અનુ. ચન્દ્રકાન્ત મહેતા

મારી વાત સાંભળીને તમને જરૂર ઘણું આશ્ચર્ય થયું હશે, ડૉક્ટર ! ચારે બાજુ આજકાલ જ્યારે બધા ગરીબની બૂરી દશાની વાતો કરે છે, સામાન્ય માણસની વાત વિષે વિચાર કરે છે, અનાજતેલના વધતા જતા ભાવો એને મૂંઝવે છે, ત્યારે મારા જેવા મોટા માણસની આ સામાન્ય સમસ્યાની વાત શા માટે હું તમને કહું છું એમ તમને લાગતું હશે અને સાંભળતાં ત્રાસ થતો હશે.

પણ તમે જાણો છોને કે નિયતિ ધનવાન કે ગરીબ કોઈની પરવા નથી કરતી. આમ તો મારી સમસ્યા કેવી ગંભીર સમસ્યા છે તે તમે સમજી શકશો. પૈસા ન હોય તો એ સમસ્યા કેવી હોય છે તે લોકોને ખબર છે. મને પણ એ સમસ્યાની જાણકારી છે. મારી આ સમસ્યા કેવી કારમી સમસ્યા છે. તે તમે પછી સમજી શકશો. પૈસા ન હોય તો કેવી વેદના થતી હોય છે તે હું જાણું છું. મેં જાતે જ પૈસા ન હોવાને કારણે અંગેઅંગમાં બળતરા થતી અનુભવી છે. પણ પૈસા ન હોવા કરતાં વધુ પૈસા હોય તો કેવી મન ભાંગી જાય એવી અકળામણ કરાવે તે હવે અનુભવ્યું છે. જરૂરિયાત કરતાં વધારે પૈસા હોય તો ઉત્પાત થાય છે. નહિ તો મને આવી પત્ની કેમ ભટકાય અને છોકરાં ન હોવાના દુઃખને કારણે પારકા છોકરાને દત્તક લેવો પડે એવી પરિસ્થિતિ શા માટે ઉત્પન્ન થાય ?

મને વિચાર આવે છે કે જીવનમાં કશું ન હોવાની વિડંબના કરતાં જરૂરિયાત કરતાં વધારે હોવાની વિડંબના ઘણી મોટી હોય છે. નહિ તો જે ન હોવાને કારણે દુઃખ હતું, તે ઘણું બધું મળી જતાં બધાં દુઃખનો અંત આવત. ભૂખ્યા રહેવાનું દુઃખ કંઈક ખાવાનું મળે એટલે મટી જાય. પણ જે પામવાની ઇચ્છા કશાયથી પણ ન સંતોષાય એવી ઇચ્છા કોઈ રાખે તો ? મારી પણ એવી જ દશા હતી. પારકા છોકરાને પોતાનો કરવાની આકાંક્ષા કોઈ રાખે તો એ કંઈ સંતોષાય ? એ ઊણપ ક્યારેય પૈસા આપવાથી પૂરી થાય ખરી ?

હું તો પૈસા આપીને બાબલાનાં બધાં દુઃખ દૂર કરવાની ઇચ્છા રાખતો હતો. એનાં પાટલુન-ખમીશ, એનાં પગરખાં, રમકડાં, બાળકોની સાઇકલ એના નોકરો, આયા, એનું ભણતર. એ કશામાં પૈસા ખરચતાં મેં પાછું વાળીને જોયું નથી. આ કલકત્તા શહેરમાં કેટલા છોકરાઓને આવા વૈભવમાં જીવવાનું મળતું હશે ? તેમ છતાં શા માટે એ કોઈ માણિકને ઢૂંઢતો હતો ? કોણ હતો એ માણિક ? એનું આકર્ષણ શા માટે હશે, કોને ખબર ?

એ રાતે બાબલાને તાવ આવ્યો. એ તાવ ટાઈફોઈડ હતો.

ડૉક્ટર આવ્યા. ત્રણ દિવસ પછી એ તાવ ટાઈફોઈડ હતો એમ પૂરી તપાસ પછી નક્કી થયું. દવા આપવામાં આવી અને ડૉક્ટરના કહેવા પ્રમાણે ઉપચાર થવા લાગ્યા. એને સન્નિપાત પણ થયો. એમાં ગમે તેમ બોલવા લાગ્યો. હું રીટા અને ઘરમાં જેટલા માણસો હતા તે બધા જ બાબલાની સેવા કરવા લાગી ગયા. કોઈ માથા પર આઇસબૅગ ફેરવી, કોઈ ભીની વાદળીથી એના શરીરને ચોખ્ખું કરે. કોઈ દવાની દુકાને જઈ દવા લઈ આવે. કેટલાય દિવસો સુધી ઘરનાં બધાંને ઉજાગરા થયા. રીટા જે વાળ કપાવી ને કલબમાં દારૂ પીએ, તે સીધી કાલીમંદિરમાં ગઈ. ખાસ પૂજા કરાવી અને પાંચસો રૂપિયા દેવીને ચરણે મૂકીને આવી.

બાબલો વચ્ચે વચ્ચે ઊંઘમાં આંખ ઉઘાડે અને ધીમે સાદે ત્યાં જે હોય તેને કહે, 'પિયાનો આપો'.

એ વખતે ડૉક્ટર તાવ માપતા હતા. એમણે પૂછ્યું, 'એ પિયાનો કેમ માગે છે ?'

હું પાસે ઊભો હતો. મેં કહ્યું, 'તાવને જોરે વચ્ચે વચ્ચે ન સમજાય એવો બડબડાટ કરતો હોય છે.'

ડૉક્ટરે કહ્યું, 'તો એને પિયાનો લાવી આપો. એ જે માગે તે એને આપજો.'

મેં કહ્યું, 'એ તો અમે એને આપતાં જ આવ્યાં છીએ. તે દિવસે મામા કહીને બૂમો પાડવા લાગ્યો, રીટા કાલીમંદિરમાં પૂજા કરાવીને, નિરમાળનાં ફૂલ લાવી હતી. તે એને આંખે લગાડ્યાં. ને માથા પર ચઢાવ્યાં. આ કબાટમાં જુઓ. જેટલાં રમકડાં છે તે બધાં એને માટે જ ખરીદ્યા છે. આ વાયોલિન જુઓ. મેં વિચાર્યું હતું કે વાયોલિન જોઈને એ શાન્ત થઈ જશે. પણ એ વાયોલિન એણે લીધું નહિ, ફેંકી દીધું. એને તો એને પિયાનો જ જોઈતો હતો.

ડૉક્ટરે કહ્યું, 'તો એક પિયાનો લઈ આપોને.'

છોકરાને માટે હજારો રૂપિયાનો ખર્ચ કરવા છતાં એના મોઢા પર હસવું આવ્યું નહિ, પણ આખરે એક દિવસ અમને ખળભળાવી મૂકે એવો ન બનવા જેવો બનાવ બન્યો. તે દિવસે હું એકાદ કલાક માટે જરૂરી કામ સારુ બહાર ગયો હતો. બપોરે ત્રણ વાગે ઘેર પાછો આવ્યો. આળતાંવેંત બાબલાના ખંડમાં ગયો. ત્યાં એ જોયું કે બાબલો ઘણો ખુશ હતો. એ હસતો હતો.

એ જોઈને મને ઘણો આનંદ થયો. મારી પાસે જ રીટા ઊભેલી હતી. મેં એને પૂછ્યું, 'આજે બાબલાનો તાવ ઊતરી ગયો છે કે શું ?'

રીટાએ કહ્યું, 'જુઓ એનો પિયાનો, જુઓ.'

'પિયાનો ! મેં કહ્યું, ક્યાં છે પિયાનો ?'

મેં જોયું તો એક સોનાની સિગારેટની દાબડી હતી. મને

એમ લાગ્યું કે એ દાબડી મેં ક્યાંક જોઈ છે. જાણે હું પહેલાં વાપરતો હોઉં એમ મને લાગ્યું. પણ ક્યાં અને ક્યારે તે કંઈ યાદ ન આવ્યું.

રીટાએ કહ્યું, 'આ જુઓ. એની પર કોનું નામ કોતરેલું છે - બી.એચ. ગ્રીયરસન.'

મેં પણ જોયું કે દાબડી ઉપર સ્પષ્ટ અક્ષરે મારા સાહેબનું નામ કોતરેલું છે. એ સરસ વિદેશી દાબડી હતી. શેફિલ્ડમાં બનાવેલી. એ આટલા સમય પછી બાબલાના હાથમાં શી રીતે આવી ? એને આજે કોણ આપી ગયું ? મેં રીટાને પૂછ્યું, 'કોણ આપી ગયું ?'

રીટાએ કહ્યું, 'એ તો મને ખબર નથી. મેં આયાને અહીં બેસાડી. પછી હું નાહવા ગઈ હતી. નાહીને આવીને જોઉં છું તો એના હાથમાં આ દાબડી હતી. બાબલો ખુશખુશાલ હતો. એનું હસવું તો માય નહિ. એ દાબડી મને બતાવીને કહે, આ રહ્યો મારો પિયાનો.'

સિગારેટની એ દાબડી વિચિત્ર હતી. ઢાંકણું ખોલવું હોય તો બટન દબાવવું પડે. જેવું બટન દબાવીએ કે દાબડીમાંથી પિયાનોમાંથી આવતો હોય તેવો મધુર સૂર નીકળે. ગ્રીયરસન સાહેબ જ્યારે ભારત છોડીને ગયા ત્યારે વિદાયસમારંભ પછી. એમણે મને આ સિગારેટની દાબડી આપી હતી. એમણે કહ્યું, 'સેન ! આ મારી બહુ કિંમતી ચીજ તમને ભેટ આપું છું. લઈ લો.'

મને યાદ છે કે સાહેબના એ નિસ્વાર્થ પ્રેમનું પ્રમાણ મળતાં મારી આંખો આંસુથી છલકાઈ. એ વિદેશી સાહેબે મને પ્રેમથી નવડાવ્યો અને ઉપરથી છોગામાં આ કિંમતી ભેટ આપી.

મારાં આંસુ જોઈને સાહેબ મારા મનમાં શું ચાલે છે તે પારખી ગયા. એમણે કહ્યું, 'રડો નહિ. તમે એક દિવસ ગુંડાઓના જીવલેણ હુમલામાંથી મને બચાવ્યો છે. એ ઉપકાર મારાથી ભુલાય ?'

રીટાના અવાજે મને ભૂતકાળમાંથી વર્તમાનમાં ધકેલ્યો.

એણે મને પૂછ્યું : 'આની પર કોનું નામ કોતરેલું છે ? એ ક્યાંથી અહીં આવી ? કોણે બાબલાને આપી ?'

મેં કહ્યું, 'હું પણ એ જ વિચાર કરું છું. ક્યાંથી કોણ અહીં આવીને આ આપી ગયું ?'

બાબલાએ સૂતાં સૂતાં કહ્યું, 'આ જ છે મારો પિયાનો.'

મેં આયાને બોલાવી. એ આવી એટલે તરત જ મેં પૂછ્યું, 'આ દાબડી બાબલાને કોણે આપી તે તું જાણે છે ?'

આયાએ કહ્યું, 'મને તો ખબર નથી. ચોકીદાર અહીં આવીને મને આપી ગયો.' મેં ચોકીદારને બોલાવ્યો.

વીરસિંહે આવીને સલામ કરીને પૂછ્યું, 'હજૂર ! શો હુકમ છે ?'

મેં એને પૂછ્યું, 'આ સિગારેટની દાબડી કોણે તને આપી ? એ કોણ હતું ? એનું નામ શું ?' વીરસિંહને ગભરાટ થયો. જવાબ દેતાં દેતાં અચકાતો હતો.

એને ધમકાવતાં મેં પૂછ્યું. 'બોલ' કોણે તને આ દાબડી આપી ?'

વીરસિંહે કહ્યું, 'હજૂર ! હું એને ઓળખતો નથી.'

'એણે તને શું કહ્યું ?'

વીરસિંહે કહ્યું. 'એણે કહ્યું કે ઘરમાં જઈને આ બાબલાને આપી આવો.'

મેં પૂછ્યું, 'પછી ?'

એણે કહ્યું, 'પછી હું અંદર ગયો. અને આયાને આ દાબડી આપી.'

મેં પૂછ્યું, 'પછી પેલો માણસ ?'

વીરસિંહે કહ્યું, 'એ તો ચાલી ગયો.'

એ દાબડી કોણ આવીને આપી ગયું તે મને સમજાયુંનહિ. એ તો ઘણાં વર્ષો પહેલાંની વાત હતી. એ ગ્રીયરસન સાહેબે આપેલી સિગારેટની દાબડી આજે આટલાં વર્ષો પછી પાછી મારી પાસે જાણે કોઈએ જાદુથી મને પહોંચાડી. આ પણ એક ચમત્કાર જ કહેવાય.

બાબલો પથારીમાં પડ્યો હતો. એણે કહ્યું, 'મારો પિયાનો મને આપી દો.'

મેં બાબલાને એ દાબડી આપી દીધી. બાબલાએ એ લીધી અને એનું ઢાંકણું ઉઘાડઢાંક કરવા લાગ્યો. એટલે પિયાનોમાંથી નીકળે એવો મધુર સૂર આવવા માંડ્યો.

મેં એની તરફ જોયાં કર્યું. પણ મારું મન વર્તમાનભવિષ્યનો અસ્વીકાર કરીને ફક્ત દૂરના ભૂતકાળમાં જ ભટકતું હતું.

મારી પડખે રીટા ઊભી હતી, એનો મને ખયાલ ન રહ્યો. એકાએક એના સવાલે મને ભૂતકાળથી વર્તમાનમાં ખસેડ્યો. એ પૂછતી હતી, 'આટલાં વર્ષો પછી આપણને કોણ પાછું આપી ગયું ?' આમ જોવા જઈએ તો હું એ સિગારેટની દાબડીની વાત ભૂલી જ ગયો હતો.

રીટાએ પૂછ્યું, 'મિસ્ટર ગ્રીયરસનની આ સિગારેટ કેસ અહીં આવી શી રીતે ?'

હું જૂઠું બોલ્યો, 'કોને ખબર.'

રીટાને મારી પર વહેમ આવ્યો. એણે કહ્યું, 'તમને ખબર છે પણ મને કહેતા નથી. બોલો, એ આટલાં વર્ષો પછી કોણ ક્યાંથી આવીને આપી ગયું ?'

મેં કહ્યું, 'હું સાચું કહું છું કે મને ખબર નથી. મારા પર વિશ્વાસ રાખ. મને ખબર નથી. એટલે જ તો વીરસિંહને બોલાવીને તારા દેખતાં જ પૂછ્યું.'

રીટાએ પૂછ્યું, 'શું ગ્રીયરસને અહીંથી જતી વખતે તમને

આ ભેટ આપી હતી ?'

એને શો જવાબ દેવો તેની મૂંઝવણ મને થઈ. થોડો વિચાર કરીને મેં કહ્યું, 'ના.'

રીટા ગુસ્સે થઈ ગઈ. એણે કહ્યું, 'ના એટલે ? તમે મારાથી બધું છુપાવો છો ?'

'તારી પાસે છુપાવું શા માટે ? તારાથી છુપાવીને મને શો લાભ થાય ? જો ગ્રીયરસને મને આપી હોત તો મેં તને એ વાત કરી જ હોત. કદાચ આ કોઈકે ચોરી હશે.' રીટાએ કહ્યું, ચોરી કરીને કોઈ લઈ ગયું હોય તો એ પાછી તમારી પાસે આવી શી રીતે ? જે ચોરી કરે તે ચોરેલો માલ થોડો પાછો આપી જાય ? તો મને સાચી વાત કરો. આ કોણ આપી ગયું ?'

મેં કહ્યું, 'તું આમ ઘાંટાઘાંટ કેમ કરે છે ? જો તને મારી પર વિશ્વાસ ન હોય તો મારી સાથે લગ્ન શા માટે કર્યાં ?'

રીટાએ કહ્યું, 'શું કહ્યું ? મેં તમારી સાથે લગ્ન કર્યાં ?' બસ, મારા ધૈર્યના બંધ તૂટી ગયા ? મેં પણ ઘાંટા પાડ્યા, તેં મારી જોડે લગ્ન કર્યાં. તો શું હું તને મારી સાથે લગ્ન કરવા કરગર્યો હતો ?'

રીટાએ પણ બરાડા પાડવા માંડ્યાં. એણે મને કહ્યું, 'ઇડિયટ, જુઠ્ઠા; મેં શું મારી સાથે લગ્ન કરવા તારા પગ પકડીને તને આજીજી કરી હતી ?'

મેં પણ બરાડો પાડ્યો, 'ચૂપ કર.'

'શા માટે ચૂપ રહું ? હું શું તારું ખાઉં છું ? તારા પૈસાની પરવા કરું છું ? હું મારા બાપના પૈસાનું ખાઉં છું. એ ન ભૂલતો કે મારા બાપ કર્નલ ચેટરજી. એ પણ તારા કરતાં ઓછા પૈસાદાર નહોતા. એમના બધા પૈસા હવે મને મળ્યા છે. એ પૈસાની હું માલિક છું. તને ખબર છે, હું તારી ગ્રીયરસન કંપની ખરીદી શકું એમ છું !'

મેં કહ્યું, 'ગાંડાની જેમ કેમ બરાડે છે ? તારું મગજ બહેર મારી ગયું છે ?'

રીટાએ કહ્યું, 'મારું નહિ, તારું જ મગજ ફસકી ગયું છે. તું જ ગાંડાની માફક બકબક કરે છે. જા, તારું મોઢું કાળું કરું, કહીને રીટા એના ખંડમાં ચાલી ગઈ. મને શું કરવું તે સૂઝ્યું નહિ. અને પથ્થરની જેમ ત્યાં જ જડાઈ ગયો. મારા ખંડમાં ત્યારે વીરસિંહ, આયા, નોકર-નોકરાણી બધાં ઊભાં હતાં. અને અમારા બરાડા સાંભળતાં હતાં. ગુસ્સે થઈને લોકોની સામે હું શું કરી બેઠો, શું મારી અક્કલ થીજી ગઈ હતી ?

બાબલાની તરફ મેં નજર નાખી. એનું કશામાં ધ્યાન નહોતું. એ તો દાબડીનું ઢાંકણું ઉઘાડતો હતો અને બંધ કરતો હતો. એટલે અમારા ઝગડાની એની પર અસર થઈ નહોતી. હું રીટાના ખંડ તરફ ગયો. રીટાનો ખંડ અંદરથી બંધ હતો. બારણું ખખડાવતાં મેં કહ્યું, 'રીટા, બારણું ઉઘાડ.'

અંદરથી કશો જવાબ આવ્યો નહિ. મેં પાછું બારણું ખખડાવ્યું.

કહ્યું, 'રીટા, મારાથી ખરાબ વર્તન થઈ ગયું છે. તારી માફી માગું છું. બારણું ઉઘાડ.' તોયે અંદરથી કશો જવાબ મળ્યો નહિ.

ત્યારે હું ગભરાયો. રીટાને ઘાંટા પાડીને ગમે એમ કહ્યું તે ઠીક નહોતું. જો રીટાનો રોગ પાછો ઊથલો મારે તો ? ડૉક્ટરે મને નોકીનોકીને એની જોડે ઝગડો ન કરવા કહ્યું હતું. એણે કહ્યું હતું કે રીટા તમને ગમે તેટલા ઉશ્કેરે તોયે તમે નીચે મોઢે બધું સાંભળી લેજો. સામે કશું જ બોલશો નહિ.

પણ આ મેં શું કર્યું ? ગુસ્સામાં મારાથી ગમે તેમ બોલાઈ ગયું. જીભ પર કાબૂ રહ્યો નહિ. પાછી જોરથી એને બૂમ પાડી, 'રીટા રીટા ! બારણું ઉઘાડ હું તારી માફી માગું છું.'

હું જોરજોરથી બારણું ઠોકવા લાગ્યો. ચારે બાજુથી નોકરચાકર દોડી આવ્યા ને મઝા જોવા લાગ્યા. પણ એ સમયે મારી બીજે ક્યાંય નજર નહોતી. એ લોકો કદાચ અમારો વરવહુનો તમાસો જોઈ મનમાં હસતા હશે. આ દશ્ય અમારી લાજ લૂંટતું હતું. એથી મારા હૃદયને કેવી ઠેસ પહોંચી તે તમને શી રીતે સમજાવું હું એ લોકોનો માલિક, સાહેબ, પણ હું જ મજાકનો ખોરાક બની ગયો.

છેવટે જ્યારે રીટાએ બારણું ઉઘાડ્યું ત્યારે એનો ચહેરો જોતાં જ હું ડરી ગયો. આગલે દિવસે આખી રાત બાબલાની પાસે જાગતી બેઠી હતી તેમાં મારી સામે બૂમબરાડા. મેં જોયું કે એના બૉબ વાળ જથરવથર હતા. રડ્યાં કરવાને લીધે બન્ને આંખો લાલ થઈ ગઈ હતી. મેં અંદર જઈને બારણાંની કડી વાસી દીધી. તે પછી તમારી આગળ કહેતાં મને શરમ આવતી નથી કે મેં એની સામે ઊભા રહીને માફી માગી.

ત્યાં અચાનક બહારથી આયાએ બારણું ઠોક્યું. એણે કહ્યું, 'હજૂર ! થાણામાંથી પોલીસસાહેબનો તમારી પર ફોન છે.'

(ક્રમશઃ)

એકાંકી પારિતોષિક યોજના

ગુજરાતી મૌલિક એકાંકી-લેખનને પ્રોત્સાહન આપવાના હેતુસર 'કુમાર' માસિકમાં જે તે વરસ દરમ્યાન પ્રસિદ્ધ થયેલાં એકાંકીઓ પૈકી નિર્ણાયક મંડળે શ્રેષ્ઠ ઠરાવેલ એકાંકીને રૂ. ૧૦૦૦નું પારિતોષિક કુમાર કાર્યાલય લિ.ના ચેરમેનશ્રી હીરાલાલ ભગવતી તરફથી પ્રતિવર્ષ અપાશે.

ભારતની ગાયનશૈલીઓ

——ડૉ. ચંપકભાઈ ઈ. વસાવા——

ટપ્પા : આ શૈલીના જન્મદાતા શૌરીમિયાં નામના સંગીતજ્ઞ મનાય છે. તેની મહાન નવીનતા એ છે કે તેમાં ગીતના બોલ ઘણા ઓછા હોય છે. પણ તાનોનું મહત્ત્વ બહુ હોય છે, તેનો વહેવાર પંજાબથી શરૂ થયો. કહેવાય છે કે લખનઊના નવાબ આસિફઉદાલાના દરબારમાં એક પંજાબી હતા, જેનું નામ શૌરીમિયાં. તેમાં ગીતો શૃંગાર પ્રધાન હોય છે. કેટલાક વિદ્વાનોનું મંતવ્ય છે કે તેની વેસરા ગતિથી ઉત્પત્તિ મનાય છે. પિલુ-કાફી-ભૈરવી-ખમાજમાં ટપ્પા ગવાય છે.

ઠુમરી : જે રાગોમાં ટપ્પા ગવાય છે, તેમાં ઠુમરી પણ ગાઈ શકાય છે. તેમાં શબ્દો ઘણા ઓછા હોય છે. પરંતુ શબ્દોનું પ્રધાન સ્થાન હાવભાવ બતાવી ગીતનો અર્થ પ્રગટ કરવો. ઠુમરીનો જન્મ લખનઊના નવાબોના દરબારમાં થયો. તેણે મહારાષ્ટ્ર કરતાં ઉ.પ્ર.માં સારું સ્થાન પ્રાપ્ત કર્યું છે.

ખયાલ અને તેના પ્રકારો : ફારસી ભાષામાં ખયાલનો અર્થ વિચાર અથવા કલ્પના થાય છે. રાગના નિયમોનું પાલન કરતાં આપણી ઇચ્છા પ્રમાણે જુદી જુદી રીતે આલાપતાનનો વિસ્તાર કરતા જાઓ. ખયાલ એકતાલ ત્રિતાલ, ઝૂમરા, આડા, ચૌતાલ વગેરે તાલોમાં ગવાય છે ગમેતેમ પણ આજકાલ આ ગાયનપ્રકાર ખયાલ-ગાયન ધ્રુપદ-ધમારથી ચંચલ હોવાને લીધે તે વધારે લોક પ્રિય થયેલ છે. જેમ ધ્રુપદ ગાયકીમાં ચૌતાલ તેમ ખયાલ ગાયનમાં એકતાલ સમજવો નક્કી છે.

જે ખયાલ મંદ લયમાં ગવાય છે તેને વિલંબિત ખયાલ અથવા બડા ખ્યાલ તથા જે દ્રુતલયમાં ગવાય તેને છોટા ખયાલ કહે છે. બડા ખયાલનો પંદરમી શતાબ્દીમાં જોનપુરના સુલતાન હુસેન શર્કી મારફતે થયો. મોગલ બાદશાહ મુહમદશાહે રંગીલા (૧૭૧૯)ના દરબારમાંના પ્રસિદ્ધ ગાયક સદારંગે (ન્યામતખાં) ભેગા થઈને હજારો ખયાલ બનાવીને પોતાના શિષ્યોને શિખવ્યા. પરંતુ આશ્ચર્યની વાત તો એ છે કે તેઓએ પોતાના વંશજોને એક પણ ખયાલ ના બતાવ્યો કે ગાવાનું ન શીખવ્યું. રામપુરના વજીરખાં સદારંગના વંશજો અને મુહમદઅલીખાં તાનસેનના વંશજો હતા, તે બન્ને ધ્રુપદ ગાયક હતા. ખયાલ ગાયક નહીં.

તરાના : આ પણ ખયાલ પ્રકારની ગાયકી છે. તેમાં ગીતના બોલ એવા હોય છે, જેનો કોઈ અર્થ હોતો નથી. દા.ત. તા,ના દા.રે. તદારે, ઓદાની, દીમ, તનોન વગેરે જેમાં સ્થાઈ અંતરાનો ભાગ હોય. તાનપ્રયોગ થાય છે. કહેવાય છે કે જ્યારે અમિરખુશરુ હિન્દુસ્તાનમાં આવ્યા ત્યારે અહીંની સંસ્કૃત ભાષાથી તે અપરિચિત હતા. સ્વાભાવિક છે કે તે અરબી ભાષાના વિદ્વાન હતા, જેથી ગમે તેવા શબ્દો ગાઈને રાગ-તાલ લયનો ઉપયોગ કરીને આનંદ મેળવતા. તરાના ભારતમાં મનોરંજન માટે મનાય છે. બહાદુરહુસેનખાં, તાનરસખાં, નથ્થુખાં વગેરેના તરાના વધારે પ્રખ્યાત છે.

તિરવટ : આ પણ તરાનાની જેમ ગવાય છે, પરંતુ તરાનાથી તિરવટની ગાયકી ઘણી અઘરી છે. તિરવટમાં મૃદંગના બોલ વધારે હોય છે. તેને બધા રાગોમાં ગવાય છે. વર્તમાન સમયમાં તિરવટ ગાયકીનો પ્રચાર ઓછો છે.

હોરી-ધમાર : 'હોરી' નામના ગીતને ધમાર તાલમાં ગવાય છે ત્યારે તેને ધમાર કહેવાય છે. ધમાર ગાયનમાં ખાસ વ્રજની હોરીનું વર્ણન હોય છે. ધમારમાં દુગુન, ચૌગુન, બોલતાન, ગમક વગેરેનો પ્રયોગ થાય છે. તે અઘરી ગાયકી છે. ધમારના ગાયકોને સ્વરતાલ અને રાગનું સારું જ્ઞાન હોવું જોઈએ. ખાસ કરીને જોવામાં આવ્યું છે કે ધમારમાં ખયાલની જેમ તાનો લેવાતી નથી.

કવ્વાલી : તે મુસ્લિમ સમાજની ખાસ વિશેષતા ગણાય છે. તેમાં ફારસી અને ઉર્દૂભાષાનો વધારે પ્રયોગ થાય છે. સ્થાઈ-અંતરો તથા તેમાં કવ્વાલીની વચ્ચેવચ્ચે શેર હોય છે. હાલમાં હિંદુ-મુસ્લિમ તેમજ હિન્દુસ્તાનના અન્ય લોકોમાં પણ તેનો બહોળો પ્રચાર છે. તેમાં પણ કવ્વાલીનો જલસો હોય ત્યાં એકતાનું પ્રતીક જણાય છે, તેને ગાવાવાળા કવ્વાલ કહેવાય છે. તેમાં વધારે ઢોલક વગાડી શકાય છે. હાથથી તાલ આપી તાલને જાળવી શકાય છે. રૂપક, પસ્તા વગેરે તાલોનો પ્રયોગ વધારે જણાય છે.

ગઝલ : તે ખાસ કરીને ઉર્દૂ અથવા ફારસી ભાષામાં હોય છે. તેમાં વધારે આશિક-માશૂકનું વર્ણન દેખાય છે. એટલા માટે તે શૃંગારરસ પ્રધાન, ગાયકી છે. ગઝલ રૂપક, દાદરો કહરવો વગેરે તાલોમાં ગવાય છે. જેને ઉર્દૂ-હિંદીનું સારું જ્ઞાન હોય તેવા ગઝલ ગાયકો ગઝલ ગાવામાં સફળતા મેળવે છે.

દાદરા : દાદરા એક તાલનું નામ છે. તેનો બહોળો પ્રચાર છે. તેમાં એક વિશેષ ગાયકીને પણ દાદરા કહે છે, જેની ચાલ ગઝલને કંઈક મળતી છે. મધ્ય તથા દ્રુતલયમાં દાદરા સારો લાગે છે. તેમાં ખાસ કરીને શૃંગારરસપ્રધાન ગીતો હોય છે.

સાદરા : તેને ગાવાનો લય પણ દાદરા પ્રકારને મળતો છે સાદરાને ખાસ કરીને કથ્થક ગાયકો અથવા વારાંગનાઓ ગાય છે. કહરવો લય, ઝપતાલ તથા દાદરા તાલમાં તેને ગાવાનો પ્રયોગ થાય છે. ઠુમરીગાયક સાદરા સારી રીતે ગાઈ જાણે છે. તેમાં પણ શૃંગારરસ જ વધારે હોય છે.

ખમસા : ખમસા ગાવાનો પ્રચાર મુસ્લિમ જાતિમાં વધારે પ્રમાણમાં જણાય છે. તેનાં ગીતોમાં ઊર્દૂ ભાષાનો પ્રયોગ વધુ પ્રમાણમાં દેખાય છે. ખમસો ગાયકી કવ્વાલીને મળતી છે.

લાવની : *ચંગ* (એક પ્રકારના તાલવાદ્ય) સમૂહમાં વગાડતાં અથવા એકલા 'લાવની' ગાઈ શકાય છે. શૃંગાર તેમજ ભક્તિરસની છાંટ લાવવા ગીતો ગવાય છે, જેમાં કહરવા તાલનો પ્રયોગ વધારે પ્રમાણમાં જણાય છે.

ચતુરંગ : ખયાલ, તરાના, સરગમ અને તિરવટ એવા ચાર અંગો છે. જે ગાયનશૈલીમાં આ મળતા હોય છે. તેને ચતુરંગ કહે છે, પ્રથમ ભાગમાં ગીતના શબ્દો, બીજા ભાગમાં તરાનાના બોલ, ત્રીજા ભાગમાં કોઈ રાગની સરગમ અને ચોથા ભાગમાં મૃદંગ અથવા તબલાના બોલો નાની પરન હોય છે. ચતુરંગ ખયાલની જેમ ગવાય છે, પરંતુ તેમાં તાનનો પ્રયોગ ખયાલની જેમ ઓછા પ્રમાણમાં હોય છે.

સરગમ : તાલબદ્ધ અથવા રાગબદ્ધ સ્વરરચનાને સરગમ ગીત કહેવાય છે. તેમાં કોઈ પ્રકારની કવિતા નથી હોતી. ફક્ત સ્વરો હોય છે. સરગમ ગીત જુદા જુદા રાગો તથા બોલોમાં હોય છે, તેનાથી વિદ્યાર્થીનાં સ્વર-જ્ઞાન તથા રાગ-જ્ઞાનમાં ધરખમ વધારો થાય છે. પરિણામે વિદ્યાર્થી પોતાના જીવનને આગળ લઈ જાય છે.

રાગમાલા : જે ગીતમાં ઘણા રાગોનું વર્ણન આવે છે તે ગીતની એકએક પંક્તિમાં એક-એક રાગના સ્વરો લાગતા હોય છે. તેમજ તે રાગના નામ આવે છે, તેવી રચનાને રાગમાલા તરીકે ઓળખવામાં આવે છે.

લક્ષણગીત : કોઈ પણ ગીત કોઈ રાગમાં ગવાયું હોય અને તે રાગના શબ્દોમાં જે રાગના વાદી-સંવાદી અથવા વર્જિત સ્વરોનું વર્ણન કર્યું હોય તેને લક્ષણગીત કહેવાય છે. લક્ષણગીતથી રાગ સંબંધી અનેક ગીતો સહેલાઈથી ઓળખાય છે, ને યાદ રહે છે.

ભજન : નારાયણને ભજવું. જેવી રીતે ઉર્દૂભાષાની શબ્દાવલીમાં ગઝલો તૈયાર થાય છે તે જ પ્રમાણે હિંદી શબ્દાવલીથી ભજનો રચાય છે. ઈશ્વર-સ્તુતિ અથવા ભગવાનની લીલાનું વર્ણન ભજનોમાં થતું હોય છે. કોઈ ચોક્કસ અથવા મિશ્રરાગમાં બાંધીને ભજનો ગાવામાં આવે છે, ખાસ કરીને દાદરા, ખેમરા, ધુમાલી, કહરવા, રૂપક, ત્રિતાલ જેવા તાલોમાં તેને ગવાય છે,

કીર્તન : ભગવાનના ગુણગાન. ઝાંઝકરતાલ, મંજિરા તથા મૃદંગ-તબલાં જેવા તાલવાદ્યો સાથે ઉચ્ચ તાર સપ્તકના સમૂહ સ્વરોમાં ગાવામાં આવે છે. તેને કીર્તન અથવા હવેલી સંગીત પણ કહી શકાય છે.

ગીત : ઈશ્વર-પ્રાર્થના તથા ભગવાનની લીલાઅંગેનાં પદો-ને છોડી જે સાહિત્યરચનાને કોઈ તાલમાં બાંધીને ગવાતી હોય તેને ગીત કહે છે. તે ભાવવાહી હોઈ તેની અગત્ય વધારે જોવાય છે. ગીતોમાં ખાસ કરીને શૃંગારપ્રધાનતા તેમજ કરુણરસનું પ્રાબલ્ય વધારે જણાય છે. ગીતોમાં કોઈ પણ પ્રકારના સ્વરવિસ્તાર કે તાનોનો પ્રયોગ થતો નથી. 'આકાશવાણી' તેમજ ફિલ્મો દ્વારા આજ તેનો બહોળો પ્રચાર જોવામાં આવે છે.

રાસ-ગરબા : ગર્ભદીપનો અપભ્રંશ તે ગરબો. શક્તિ માતાજીનાં ગુણગાન દ્વારા ગુજરાતમાં ઘણાં ઉત્સાહ અને ભક્તિભાવથી ગરબા ગાવામાં આવે છે. કૃષ્ણ-રાધાના પ્રેમસંવાદોથી દાંડિયા વડે તેમજ તાલી સાથે ગાવામાં આવે છે.

કજલી (કજરી) : 'કજલી' ગીતોમાં વર્ષાઋતુનું વર્ણન, વિરહવર્ણન તેમજ રાધા-કૃષ્ણની લીલા આમાં વર્ણવવામાં આવે છે. કંજલીની પ્રકૃતિ શુદ્ધ છે. તેમાં શૃંગારરસની પ્રધાનતા છે. મિર્ઝાપુર તેમજ બનારસમાં કજલી (કજરી) ગાવાનો રિવાજ વધારે પ્રમાણમાં છે, આ ઉત્તર ભારતનો ગીત પ્રકાર છે.

ચૈતી-ચૌત્રી : હોળીના તહેવાર પછી ચૈત્રમાસની શરૂઆત થાય છે, તેવા સમયમાં ચૈત્રી-ચૈતી ગવાય છે. તેનાં ગીતોમાં રામચંદ્રની લીલાઓનું વર્ણન હોય છે. પૂર્વી બિહાર તરફ તેનો પ્રચાર વધારે જોવામાં આવે છે. ખાસ કરીને પૂર્વી (પૂરબી) ભાષામાં તેનો પ્રયોગ થાય છે. ઠુમરી ગાયકો ચૈત્રી ઘણી જ સારી રીતે ગાઈ શકે છે. ❐

ચટુકડી

'ગમ'

અશોક જોષી

મૂઢપર ગામમાં ભલોભાઈ નર્યો પરગજુ જીવ. પર-સેવામાં ખડે પગે. પદરને ખર્ચે પુસ્તકો લાવી વંચાવે. કોઈનું સંભાવિત અહિત ભાળે, ત્યાં વણમાગી સલાહ-શિખામણ પણ આપે. કોઈને કહેશે - 'સમયસર સૂઈ જાવ.' કોઈને કહેશે - 'ખોટા ખર્ચ ન કરો', તો વળી કોઈને કહેશે - 'ધૂમ્રપાન છોડો'. તો કોઈને કહેશે - 'સારું વાંચો, સત્સંગ કરો, વાજાં ધીમાં વગાડો...'

પણ આ મૂઢપરિયાઓને આવા 'ગુલાબના અત્તર'ની જો ગમ પડે, તો તે ગમે ને ! તેઓ તો બસ નાકનું ટીચકું ચડાવીને પીઠ ફેરવે, ચાલતી જ પકડે, કોઈ તો ગણગણે - 'પંચાતિયો છે.'

હા, ભલાની અન્ય સેવાઓ સૌ સ્વીકારે, પણ એની 'સલાહ' સૌને ખૂંચે. તો પણ ભલો એટલે ભલો ! કોઈના દુઃખમાં જઈને ઊભો રહે, કોઈનાં પંથમાં પ્રકાશ કરે, તો કોઈને કદીક લાલબત્તીય ધરે ! સમય જતાં આ ભલો ભાઈ ભલાઈ કરતો કરતો ઘસાયો ને ખાલી થઈ ગયો. પછી ખાલી મધપૂડાને માખીઓ છોડી જાય, એમ એના માઠા દિવસોમાં કોઈ એની પડખે ન રહ્યું. એની ભલાઈ કોઈને હૈયે ન વસી. કોણ અહીં એની વેદનાને જાણે ને કોણ એને સંવેદના જગાવે ! જ્યાં એની ચર્ચા નીકળતાંય હસી કાઢેછે : 'કોણ, પેલો પંચાતિયો ને ?'

પર્યાવરણ : સ્વાસ્થ્ય માટે ઘર

પ્રા. પ્રવીણ ન. શેઠ

મે માસમાં અમે 'મેઇનલૅન્ડ અમેરિકા'થી ૨૪૦૦ માઈલ દૂર અને પ્રશાંત મહાસાગરમાં આવેલ હવાઈ ટાપુસમૂહના કવાઈ ટાપુના પ્રવાસે ગયા. ત્યારે સ્વાસ્થ્યની જાળવણી અને પર્યાવરણ સાથે સંવાદ – એ બંને જરૂરિયાતોને બરાબર સંતોષી શકે તેવા 'ઈકો-હાઉસ'માં રહેવાનો અમને પ્રત્યક્ષ અનુભવ થયો.

રહેવાના ઘરને પર્યાવરણ સાથે સાંકળવાનો જે અભિગમ પ્રબુદ્ધ નાગરિકો અને સ્થપતિઓએ સ્વીકારવા માંડ્યો છે, તેનો અનુભવ કરવાનો લાભ ત્યાં અમને મળ્યો, 'પર્યાવરણીય ઘર' એટલે એવા ઘરની સંકલ્પના અને રચના, કે જેની આંતરિક અને (ઘર) બહારના પર્યાવરણ સાથે સંવાદિતા હોય, સમતુલા હોય. આવા ઘરને તેમાં રહેનાર માણસોની 'ત્રીજી ત્વચા' જેવું માનવામાં આવે છે, માનવીના શરીરની ત્વચા, તે તેની પહેલી ત્વચા. તે જે કપડાં પહેરે છે, તે તેની બીજી ત્વચા છે, અને તે જે ઘરમાં રહે છે, તે તેની ત્રીજી ત્વચા છે. માનવીની પોતાની ત્વચા જેમ તેનાં અગણિત છિદ્રો દ્વારા શ્વાસ લે છે, સૂક્ષ્મ રીતે હવાને આવવા-જવા દે છે, ઝેરી કે બિનજરૂરી તત્ત્વ (પરસેવો)ને શરીરની બહાર કાઢ્યે રાખે છે, તેવું જ સ્વાસ્થ્યસાધક કાર્ય તેનાં કપડાં અને ઘર કરે, તેવી પસંદગી થવી જોઈએ.

પણ આજનાં ઘર – ખાસ કરીને યુરોપ-અમેરિકાનાં તદ્દન બંધ અને પેટીપૅક જેવાં હોય છે, જેમાં 'વેન્ટ' (**vent**) યાંત્રિક પદ્ધતિ હોવા છતાં હવાની આવજા ભાગ્યે જ થાય છે. દક્ષિણ વિશ્વના દેશોનાં ઘરોમાં સ્થાનિક પેદા થતી કે મળતી સામગ્રીનો ઉપયોગ થાય છે, જ્યારે પશ્ચિમના અને ભારત સહિત પૂર્વના દેશોનાં સાધનસંપન્ન કુટુંબોનાં ઘરો સિન્થેટિક સાધનસામગ્રી (સિમેન્ટ, કલર, પ્લાસ્ટિક, વિનીલ, પીવીસી, બારી બારણાંની ફ્રેમ, પડદાઓ, ફ્લોર ટાઇલ્સ, સિલિંગ, વગેરે)થી સવિશેષ તૈયાર થતા હોય છે. ફર્નિચર, ગાદી-ગાદલાં, કારપેટ અને એવું બધું પણ આ બધાંમાં રાસાયણિક અને કૃત્રિમ, ઔદ્યોગિક પ્રક્રિયામાં વપરાતાં દ્રવ્યો હોય છે અને ફોમ, રેસીન જેવાં તત્ત્વોની વરાળ કે બીજી સૂક્ષ્મ અસર તેમાં રહેનાર પર થાય છે. ચુસ્ત રીતે બંધ બારીબારણાંવાળાં ઘરમાં, તેમાં વપરાતી કારપેટ, પથારી અને ઓઢવાનાં ગાદલાં, કમ્ફર્ટ વગેરેમાં જે સૂક્ષ્માતિસૂક્ષ્મ રજકણો અને જીવાણુ થતાં હોય છે તે સાથે એરકન્ડિશન અને હીટરની અને રહેનારના શ્વાસોચ્છ્વાસ જેવી કાર્યપ્રક્રિયાને (સાહજિક-શારીરિક પ્રક્રિયાઓને) કારણે આંતરિક પર્યાવરણમાં જે વિકાર થાય છે, તેને કારણે ઘણાને ઍલર્જી થાય છે. સ્ફૂર્તિ રહેતી નથી. શરદી, અસ્થમા, એક પ્રકારની સુસ્તી કે ઉદ્વેગ જેવી માનસિકતા આ ઘરોમાં રહેતાં લોકો માટે લાક્ષણિક બની ગયાં છે. કારણ આધુનિક આવા ઘરો કુદરતી ચામડીની જેમ શ્વાસ લઈ શકતાં નથી. આમાંથી સ્વાસ્થ્ય માટેની જે ચળવળ ઊપડી, તેણે 'સ્વાસ્થ્ય માટે ઘર'નો ખયાલ વિકસાવ્યો. '**sick building syndrome**'નો એ પર્યાવરણીય ઉત્તર, ઉકેલ અને ઉપચાર છે.

ઈકો-હાઉસનો અનુભવ


પર્યાવરણીય સ્થાપત્ય અને ઘર બને ત્યાં સુધી સ્થાનિક સ્તરે પેદા થતી સામગ્રી વાપરે છે. તળપદની માટી, સ્થાનીય પેદા થતું લાકડું, બિનરાસાયણિક રંગો, રૂનાં ગાદલાં, સૂતરાઉ કપડાનાં કવર, પ્લાસ્ટિક રબરફોમ, ફાઇબર ગ્લાસ, રેસીન જેવા કૃત્રિમ રેસાથી બનાવેલ ઘરવપરાશની ચીજો વગેરેને ટાળે છે. ઘરમાં હવાની અવરજવર થાય, તેવી તેની રચના અને ઉપયોગ હોય છે. અમે કવાઈના જે 'હાઉસ'માં આઠ દિવસ રહ્યા, તે આવું ઘર છે. પ્રકૃતિની વચ્ચે જ રહીએ છીએ, તેનો ભાવ જેમ લાકડાંની જ સીલિંગ, ફ્લોર, બારીબારણાં અને ફર્નિચરમાં વપરાયેલ લાકડાથી આવે, તેવી જ રીતે દીવાલોના રંગ પણ ઔદ્યોગિક રસાયણના નહિ. આ બધું તે જે તત્ત્વોમાંથી બનેલ છે, તે પરથી આવે. અને ઘરમાં બેઠાં બેઠાં પણ તદ્દન નજીકના અને બહારના પરિજીવન (ઈકોલૉજી) સાથે સંવાદમાં હોઈએ તેવું લાગે. કાચનાં બારીબારણાંમાંથી એક બાજુ વિશાળ ઘાસિયા જમીન દેખાય અને ત્યાં કોઈ વાર ફરતી ગાયો, તેની દૂર સમુદ્ર, પાછળ ખીણ અને પહાડો, બાજુમાં ઘન વૃક્ષરાજી, ઉપર આકાશ, સૂર્યોદય અને સૂર્યાસ્ત (વાદળ નહિ હોય ત્યારે)નાં દર્શન, આકાશમાંથી પડતી વર્ષાની જળધારા, બાગમાં ચણ ચણવા આવતાં પક્ષીઓ, સવારે કૂકડાની તાર સ્વરની 'અહાલેક' અને ત્યારે સંભળતાં પક્ષીઓનો કલરવ અને સાંજે ભાંભરતી ગાયો, ને પવનની લહરસર્જિત પત્રમર્મર, કે ઝાડનાં પાન પર પડતી વરસાદની ધારાથી સર્જાતો લયબદ્ધ ધ્વનિ સંભળાય. આમ, રહેવાના ઘરને નાના, 'ઈકો-સિસ્ટમના એકમ' તરીકે જોવાનો (માઇક્રો ઈકો-સિસ્ટમનો) ખયાલ આ રીતે અપનાવી શકાય છે, તેનો અમને પ્રત્યક્ષ અનુભવ કવાઈમાં થયો. આપણી ચામડીની જેમ જ આદર્શ ઘરે પણ સ્વાસ્થ્ય માટે આવશ્યક એવાં કાર્યો કરવાં જરૂરી છે. જેમ કે આપણી કુદરતી પ્રક્રિયાઓ (અતિ ગરમી, અતિ ઠંડી, વરસાદ, ધૂળ, વગેરે)થી રક્ષણ કરવું, બહારના પ્રતિકૂળ હોય તેવા વાતાવરણથી આપણને અળગા રાખવા, શ્વાસ લેવો (હવા આવવા દેવી), રંગ-પ્લાસ્ટિકની સૂક્ષ્મ રાસાયણિક વરાળને બહાર ફેંકી દેવી, અને પ્રકૃતિ સાથે સંવાદ સંવહન કરવાનું માધ્યમ બનવું. પશ્ચિમમાં ગ્રીક લોકોની ધરતીમાતા (સંવાદ)નો આદર કરવાના વૈચારિક આધાર પર પશ્ચિમમાં '**Deep ecology**'ની ચળવળ વિકસી છે. (ગ્રીક ભાષામાં '**oikos**' શબ્દનો અર્થ 'ઘર' થાય

છે, જેમાંથી 'ઈકોલૉજી' શબ્દ આવ્યો છે). ડેબ્રા ડેડના 'ધ નૉન-ટૉક્સિસ હોમ' પુસ્તકમાં નવા ઘરવપરાશ કરનાર માટે તથા સ્થપતિઓ માટે સ્વાસ્થ્યને હાનિકારક વસાહત સામે જે વિકલ્પી પસંદગીઓ અપાઈ છે, તેને આધારે અમેરિકામાં 'તંદુરસ્ત ઘરો' ક્રમશઃ આકાર લે, તેવી આશા વ્યક્ત થઈ છે.

સારા જીવનની સુવિધાઓ માટે જરૂરી આધુનિક સાધનો અલબત્ત, – સંગીત, રસોઈ, સાફસફાઈનાં યાંત્રિક સાધનો વગેરે હોય તે સમજી શકાય તેમ છે. પણ તે ઉપભોગવાદી સંસ્કૃતિનાં સાધનો તરીકે નહિ, પરન્તુ ઉચ્ચ ગુણવત્તાનું ધોરણવાળું જીવન અંકે કરવા માટે છે. અમારા મકાનમાલિક મહિલા ડોરીન હરિસ્યૂ તો કવાઈની પડોશના ટાપુમાં રહે છે. પણ કોઈ વાર કવાઈના એમના આ ઘરમાં પણ રહેવા આવે છે. આ ઘરમાં તેમનો જે નાનો પુસ્તકસંગ્રહ છે તેમાં કેવા પ્રકારનાં પુસ્તકો છે ? પર્યાવરણ પરનાં. કવાઈના પર્યાવરણની જાળવણી અંગેની યોજનાની પુસ્તિકાઓ છે. તેમાં બાળકો માટે **'I helped save the earth'** પુસ્તિકા પણ છે, અધ્યાત્મ અને યોગને લગતાં પુસ્તકો છે. હવાઈઅન લોકસંસ્કૃતિવિષયક વાર્તાપુસ્તિકાઓ છે. 'યોગ ઈન્ટરનૅશનલ' અને 'નૅચરલ જ્યોગ્રાફી' જેવા મેગેઝીનો છે. એટલે કે ૨૧મી સદીનો ભાવિ નાગરિક, ઉપભોગવાદી, ટેક્નોલૉજીકેન્દ્રી સમકાલીન અમેરિકનના વિકલ્પ રૂપે કેવો હોય શકે, તેનો ડોરીન કદાચ સંકેત રૂપે છે ? ડોરીન અમેરિકાની પ્રાણવાન અને સૌથી જૂની પર્યાવરણવાદી સંસ્થા 'સીએરા ક્લબ'ના સભ્ય છે, તે બાબત પણ સમગ્રતયા આવો સંકેત આપી જાય છે. અલબત્ત, અમેરિકામાં આવા નવા અભિગમની ડિઝાઈન પર આધારિત આવાસો તૈયાર થયેલા જોવા મળે છે. જગ્યા, સાધન, સંપત્તિ વગેરેની મર્યાદામાં રહીને, ઈકો-સ્થાપત્યને આધારે બનેલાં હોય તેવાં આવાં ઘર ટાઉનહાઉસ, અપાર્ટમેન્ટ જોવા મળે છે. જર્મની તો આ નવી દિશામાં ઠીકઠીક આગળ વધી ગયું છે. તો પણ પૂરતી જમીનનો અવકાશ નહિ હોય, કે નગરરચનાએ મર્યાદા ઊભી કરી દીધી હોય તેવા પશ્ચિમનાં મહાનગરો માટે આવો અભિગમ વ્યાપક ધોરણે અપનાવવો સરળ નથી. વળી બારીબારણાં અને ફ્લોર માટે સ્ટીલ, મિશ્ર ધાતુ, સિન્થેટિક ટાઈલ્સ કે પરગો વગેરે નહિ વપરાય તો તો ઉત્તમ. પણ તો તેને સ્થાને મોંઘું લાકડું વાપરવું, એ પર્યાવરણીય દૃષ્ટિએ નથી શક્ય, નથી હિતાવહ, કે નથી સ્વીકાર્ય. વળી, જ્યાં જમીનનો લગભગ અભાવ છે, વસતીવધારાને કારણે જમીન અને વસવાટની કટોકટી છે, અને ગરીબી (ખરીદશક્તિનો અભાવ) છે, ત્યાં 'પર્યાવરણીય ઘર'ના ખયાલને ચરિતાર્થ કરવો ખૂબ મુશ્કેલ છે. આમ છતાં ૨૧મી સદીમાં આવો અભિગમ વધુ ને વધુ વ્યાપક રીતે અપનાવાય, તેવી આશા રાખીએ. ❐

ચેસ-કૉર્નર : કોયડો-૧૫

કાળું



સફેદ

સફેદ મહોરાની ચાલ અને કાળા રાજાને બે ચાલમાં મહાત કરવાનો. **(White to play and mate in two).**

મહોરાની ગોઠવણી શબ્દોમાં નીચે મુજબ છે :

સફેદ : **Ke2,Be8,Nd3 Ne6.**

કાળાં : **Ke4, Ng4, Na6, P-f5, e5, d5.**

આ કોયડાનો ઉકેલ આગામી પંદરમી તારીખ સુધીમાં પહોંચે તે રીતે લેખિકાના સરનામે – અર્પી શાહ, ૧૦, મંગલમ્ સોસાયટી, ભગવાન નગરનો ટેકરો, પાલડી, અમદાવાદ ૩૮૦૦૦૭ (**e-mail - shaharpi@hotmail.com**) મોકલી આપવા વાચકોને નિમંત્રણ છે. જવાબમાં માત્ર ઉકેલ દર્શાવવાનો છે. કોયડાની ચર્ચા કરવાની જરૂર નથી. સાચો ઉકેલ મોકલનારનાં નામ ૨૦૦૨ના એપ્રિલ 'કુમાર'ના અંકમાં પ્રકટ કરવામાં આવશે.

*

'કુમાર'ના ડિસેમ્બર ૨૦૦૧ના અંકમાં આવેલા કોયડા નં. ૧૩નો ઉકેલ :

સફેદ	કાળું
(૧) **Qh5**	
જો....	**Ke6 કે Kd6 કે Kc6**
(૨) **Qd5#**	
જો....	**Kc8**
(૨) **Qe8#**	
જો....	**N - ગમે ત્યાં**
(૨) **P-e8 (=Q)#**	

આ વખતે સાચો ઉકેલ મોકલેલ છે તેમનાં નામ : (૧) ઝેડ.એલ. ઝાલાવાડિયા, (૨) ડૉ. દિલીપ આહલપરા, (અમદાવાદ) (૩) પી.પી. પંડિત (સુરેન્દ્રનગર) (અમદાવાદ), (૪) હર્ષદ દવે (રાજકોટ).

-અર્પી શાહ

(નોંધ : જાન્યુઆરી ૨૦૦૨થી ડિસેમ્બર ૨૦૦૨ સુધીમાં જે ઉત્તરદાતાના છ કે તેથી વધુ ઉત્તરો સાચા હશે તેમને ૨૦૦૩ના વર્ષ માટે 'કુમાર' એક વર્ષ માટે ભેટ મોકલાશે. ઉત્તરદાતા જો પોતે ગ્રાહક હશે તો તે જે નામ સૂચવશે તેને 'કુમાર' એક વર્ષ માટે ભેટ મોકલાશે.)

ડિજિટલ ફોટોગ્રાફી શું કરી શકે ?

ડિસેમ્બર-૨૦૦૧ના મુખપૃષ્ઠ પર છપાયેલ ફોટોગ્રાફ ફોટોગ્રાફીના માધ્યમમાં ફોટો-કલાકાર પેઇન્ટિંગ પણ બનાવી શકે છે તેનું ઉદાહરણ હતો. આ અંકમાં મુખપૃષ્ઠ પર છપાયેલ ફોટોગ્રાફ ડિજિટલ ફોટોગ્રાફીનું માધ્યમ ફોટોગ્રાફરની કલ્પનાશક્તિને સાર્થક બનાવવા માટે કેટલું શક્તિશાળી પુરવાર થઈ શકે છે તેનો નમૂનો છે. આ ફોટોગ્રાફ કેવી રીતે બન્યો તેની વિગત મેળવીએ :

સૌપ્રથમ તો આ ફોટોગ્રાફમાં જુદી જુદી જગ્યાઓએ પાડેલા પાંચ જુદા જુદા ફોટોગ્રાફનો ઉપયોગ કરવામાં આવેલો છે જે અહીં તેના મૂળ સ્વરૂપમાં નંબર ૧થી ૫માં બતાવેલા છે. નંબર (૧) ફોટોગ્રાફ રાજસ્થાનના પુષ્કરમાં સવારે સૂર્યોદય પહેલાં શિયાળાના ધુમ્મસમય વાતાવરણનો છે. નંબર (૨) ફોટોગ્રાફ ડાંગ જિલ્લામાં આવેલ એક કુદરતી ધોધનો છે જે લગભગ ૧૦૦ ફુટ કરતાં વધુ દૂરથી લેવાયેલ છે. નંબર (૩) ફોટોગ્રાફ મોઢેરાના સૂર્યમંદિરના પરિસરમાં આવેલા બગીચામાં વાઇડ ઍંગલ લેન્સની મદદથી લીધેલો છે. નંબર (૪) ફોટોગ્રાફ છોટા ઉદેપુરથી ક્વાંટના રસ્તે આવતા ખેતરમાં કેસૂડાના વૃક્ષની ડાળીનો છે નંબર (૫) ફોટોગ્રાફ કચ્છમાં આવેલ રવેચીમાતાના મંદિર પાસે ભરાતા રવેચીના મેળામાં લેવામાં આવ્યો છે.

આ બધા ફોટોગ્રાફનો ઉપયોગ કરીને એક ફોટો પેઇન્ટિંગ કેવી રીતે બનાવવું તેના માટે એક સ્કેચ તૈયાર કર્યો જેથી આખરી ચિત્ર કેવું બનશે તેનો ખયાલ આવે. હવે એક પછી એક પાંચેય ફોટોગ્રાફને સ્કૅન કરી તેની ઇમેજ કમ્પ્યૂટરમાં લીધી. પહેલા-બીજા અને ત્રીજા ફોટોગ્રાફને એકબીજામાં એવી રીતે ભેગા કર્યા કે જેથી ત્રણે ફોટોગ્રાફ એકબીજા સાથે બિલકુલ કુદરતી લાગે તે રીતે સંમિલિત થઈ જાય. ચોથા ફોટોગ્રાફની ફક્ત ડાળીને કટ આઉટ કરીને તેને સ્કેચ પ્રમાણેની જગ્યાએ ઉપરથી પેસ્ટિંગ કરી. પાંચમા ફોટોગ્રાફમાંથી ફક્ત બાળક સાથેના હીંચકાને કટ-આઉટ કરી તેની ગાંઠો ડાળી સાથે બાંધેલી હોય તે રીતે પેસ્ટિંગ કરી દીધો. અને તૈયાર થયું આખરી ફોટો-પેઇન્ટિંગ. ડિજિટલ ફોટોગ્રાફીની શોધ થઈ તે પહેલાં આવાં ફોટોચિત્રો બનાવવા સારી એવી આકરી મહેનત અને સારો એવો સમય જતો અને છતાં ક્યાંક ને ક્યાંક આપણી કલ્પનાશક્તિમાં હોય તે વસ્તુ સાથે બાંધછોડ કરીને ચલાવી લેવું પડતું પરંતુ; ડિજિટલની શોધ સાથે સાથે ફોટો-કલાકારોની કલ્પનાશક્તિને ખૂબ જ વિશાળ ફલક મળ્યાં છે. આશા રાખીએ કે ભવિષ્યમાં કલાની દુનિયામાં આ ટેક્નોલૉજીનો ભરપૂર લાભ ઉઠાવી નવીન ફોટો-કલાકારો અદ્વિતીય ચિત્રોનું સર્જન કરે તો કેવું સારું !

-વ્રજ મિસ્ત્રી



(૧) પુષ્કરમાં સવારે ધુમ્મસમય વાતાવરણ




(૨) કુદરતી ધોધ



(૩) મોઢેરાના પરિસરમાં આવેલો બગીચો



(૪) કેસૂડાના વૃક્ષની ડાળી



(૫) રવેચીના મેળામાંનો બાળહીંચકો

ગણિત-ગમ્મત

નૌતમભાઈ વખારિયા

'કુમાર'ના તંત્રીનો ઘરનો ટે.નં. ૬૪૬૦૬૬૦ છે. 'કુમાર' કાર્યાલયનો ટે.નં. ૨૧૪૩૭૪૫ છે. આ બન્ને આંકડાની ગમ્મત જોઈએ :

(૧) પ્રથમ બન્ને આંકડાનો સરવાળો કરો

```
  ૬૪૬૦૬૬૦
+ ૨૧૪૩૭૪૫
---------
  ૮૬૦ ૪૪૦૫
```

(૨) હવે આ સરવાળાના કોઈ પણ બે ઊભા ભાગ કરો. દા.ત. પહેલા ૩ અંકો અને પછીના ૪ અંકો એમ નીચે પ્રમાણે ઊભા ભાગ કરી શકાય :

રકમ	૬૪૬	૦૬૬૦
રકમ	૨૧૪	૩૭૪૫
સરવાળો	૮૬૦	૪૪૦૫

(૩) હવે ઉપરની બે રકમના જે ભાગ પાડ્યા છે તેના એક પછી એક નીચે પ્રમાણે ત્રણ સરવાળા કરો-

```
  ૬૪૬        ૨૧૪        ૧૩૦૬
+ ૦૬૬૦     + ૩૭૪૫     + ૩૯૫૯
------     ------     ------
  ૧૩૦૬       ૩૯૫૯       ૫૨૬૫
```

(૪) હવે ફકરા નં. ૨માં આપેલ સરવાળામાં નીચેની રકમના જે બે ભાગ પડ્યા તેનો સરવાળો કરો-

```
   ૮૬૦
+ ૪૪૦૫
------
  ૫૨૬૫
```

ઉપર ફકરા નં. ૩ અને ૪માં આવતી સરવાળાની રકમ એક જ સરખી એટલે કે ૫૨૬૫ આવે છે !

ફકરા નં. ૨માં રકમના સાત અંકોમાં, ડાબી બાજુ ત્રણ અંકો અને જમણી બાજુ ચાર અંકો રાખીને ઊભા ભાગો પાડવામાં આવેલ છે, પણ તેને બદલે ૧ અને ૬, ૨ અને ૫ એમ કોઈ પણ રીતે ભાગ પાડશો તો પરિણામના આંકડા સરખા જ આવશે અથવા તો બન્ને આંકડા વચ્ચેનો તફાવત ૯,૯૯,૯૯૯ એવો નવડાની બનેલી સંખ્યાનો જ આવશે !

હવે સરવાળાને બદલે ઉપરના ટેલિફોન નંબરો ઉપર બાદબાકીની પ્રક્રિયા કરીએ અને ઊભા ભાગ પાડવામાં ફેરફાર કરીને જમણી બાજુ ૨ અને ડાબી બાજુ ૫ એમ નીચે પ્રમાણે ઊભા ભાગો પાડીએ.

રકમ	૬૪	૬૦૬૬૦
રકમ	૨૧	૪૩૭૪૫
બાદબાકી	૪૩	૧૬૯૧૫

(૫) હવે ઉપરની બે રકમની ત્રણ બાદબાકીઓ નીચે પ્રમાણે કરો

```
  ૬૦૬૬૦       ૪૩૭૪૫       ૬૦૫૯૬
-    ૬૪     -    ૨૧     - ૪૩૭૨૪
-------     -------     -------
  ૬૦૫૯૬       ૪૩૭૨૪       ૧૬૮૭૨
```

(૬) હવે છેલ્લે બાદબાકીના બે ભાગોની નીચે પ્રમાણે બાદબાકી કરો-

```
  ૧૬૯૧૫
-    ૪૩
-------
  ૧૬૮૭૨
```

ખૂબી જુઓ કે ઉપર ફકરા નં. ૫ અને ૬માં બાદબાકીની રકમ ૧૬૭૮૨ એટલે કે સરખો જ આંકડો આવ્યો !

સરવાળાની જેમ બાદબાકીમાં પણ ઊભા ભાગો ગમે તે રીતે પાડશો તો પણ બાદબાકીની છેલ્લી રકમો સરખી જ આવશે. (અથવા તો બન્ને વચ્ચેનો તફાવત એકલા નવડાની બનેલી સંખ્યા જ આવશે.)

જુદી જુદી રીતે વારંવાર પ્રયત્ન કરશો એટલે ગણિતની ખૂબી માણવા ઉપરાંત વધારાનો ફાયદો એ થશે કે 'કુમાર'ના તંત્રીના ઘરના તથા 'કુમાર' કાર્યાલયના ટેલિફોન નંબરો તમને યાદ રહી જશે. ❐

'કુમાર'ના તદ્દન નવા એક વર્ષના ગ્રાહકની ભેટયોજના

'કુમાર'ના ૭૫ વર્ષના પ્રકાશન-પર્વ નિમિત્તે શ્રી નટુભાઈ પરીખ તરફથી 'કુમાર'ના તદ્દન નવા થતા ગ્રાહકને શ્રી હરિત પંડ્યા લિખિત વાર્તાઓનું પૃ. ૨૬૪નું 'હાર્બર' નામનું પુસ્તક ભેટ અપાશે. પુસ્તક બુકપોસ્ટથી જે તે ગ્રાહકની જવાબદારીથી મોકલાશે. રજિસ્ટર પોસ્ટથી મંગાવનારે રૂ. ૨૦/- લવાજમની રકમ સાથે વધુ મોકલવાના રહેશે. પુસ્તકો મર્યાદિત સંખ્યામાં હોવાથી વહેલો તે પહેલો એ ધોરણે પુસ્તક ભેટ અપાશે.

કલ્યાણમંદિરોનાં સર્જકની વિદાય

વડોદરાથી ૨૧ કિ.મી.ના અંતરે આવેલું વાઘોડિયા ગામ અને એ વાઘોડિયા ગામથી આઠ કિ.મી. દૂર આવેલ ગોરજ



ગામની સીમમાં ઘાસની ઝૂંપડી બાંધીને અનુબહેને આ ઉજ્જડ અને ઘરફોડ ચોરી તથા લૂંટફાટ માટે જાણીતા ગોરજ ગામમાં રહેવાનું સ્વીકાર્યું. પ્રારંભમાં પારાવાર કષ્ટોનો સામનો કરવો પડ્યો. પણ હરદ્વારથી આવીને સાણંદમાં વસેલા મુનિ મહારાજનો સત્સંગ થતાં કર્મ એ જ ધ્યેય એ સૂત્ર અનુબહેનના શ્વાસેશ્વાસમાં ગુંજતું હતું. આજુબાજુનાં ગામડાંમાં ફરીને એમણે લઘરવઘર ગોબરાં બાળકોને પોતાને ત્યાં મોકલવા એમનાં માતાપિતાને સમજાવ્યાં. એ બાળકોને માતાના વાત્સલ્ય સાથે રમાડે, ભોજન કરાવે અને ભણાવે પણ ખરાં ! આ રીતે અનુબહેન ઠક્કરનાં મુનિ સેવા આશ્રમનાં માનવમંદિરો વધતાં ગયાં. માનવતાયુક્ત પ્રત્યક્ષ સેવાકાર્યે અહીં મંદિરનું રૂપ ધારણ કર્યું. બાળમંદિર, આરોગ્યમંદિર, પરિવારમંદિર, શ્રમમંદિર, શારદામંદિર, વાનપ્રસ્થમંદિર, કૃષિમંદિર સર્જાતાં ગયાં. ગોમંદિરમાં ગિરની ગાયોની જાળવણી અને સંવર્ધનનું વિશેષ કાર્ય કરવામાં આવ્યું.

શ્રમમંદિરમાં કાર્પેટ વણાટ કેન્દ્ર, હાથશાળ અને વ્યવસાય તાલીમ કેન્દ્રનો પ્રારંભ કર્યો. કૃષિમંદિરમાં ખેતીવાડીની તાલીમ અને પ્રવૃત્તિ ચાલવા લાગી તો ભગિનીમંદિરમાં મંદબુદ્ધિની બહેનો માટે નિવાસસ્થાનો ઊભાં કરવામાં આવ્યાં. ૧૮થી ૪૫ વર્ષની ૧૦૦ મહિલાઓને રસોઈ, સીવણ, સંગીત વગેરે શીખવવામાં આવે છે. આવાં મંદિરોમાંથી માનવકલ્યાણની ભાવના આ વિસ્તારમાં મઘમઘવા લાગી. આરોગ્યમંદિરમાં મંદિરનો પ્રારંભ નાનકડા દવાખાનાથી થયો હતો. પણ તે નેવું પથારીની અદ્યતન હૉસ્પિટલ બની ગયો. અહીં દસ ડૉક્ટરો કાયમી રૂપે અને છત્રીસ ડૉક્ટરો વિઝિટિંગ ડૉક્ટર તરીકે આવે છે. નિરાધાર બાળકો માટેના પરિવારમંદિરમાં ૬૦ છોકરીઓ છે અને ૪૨ બાળશિશુઓ જુદા જુદા કુટુંબમાં દત્તક લેવાયાં છે. ગામડાંનાં ૪૫૦ કિશોરો પૈકી પ્રાથમિક સ્કૂલમાં ૧૨૫ વિદ્યાર્થીઓ અને હાઈસ્કૂલમાં ૨૪૦ વિદ્યાથીઓ શિક્ષણ લે છે. ગ્રામમંદિરમાં ખેતીવાડી, પશુપાલન વગેરેનું માર્ગદર્શન અપાય છે અને કૅન્સરના દર્દીઓને રાહત અપાય તે હેતુથી કૅન્સર હૉસ્પિટલ અને રિસર્ચનું કામ ચાલે છે. અનુબહેન ઠક્કરને રવિશંકર મહારાજ, બબલભાઈ મહેતા, જુગતરામ દવે અને અન્નપૂર્ણા મહેતા જેવાં ભેખધારી લોકસેવકોના સંપર્કમાં આવવાનું બન્યું અને એ સંપર્ક મુનિ મહારાજની પ્રેરણાથી માનવકલ્યાણનાં મંદિરોરૂપે, મુનિ સેવા આશ્રમરૂપે પ્રગટ્યો. આવા આ દરિદ્રનારાયણના સેવાધામનાં અનુબહેન ઠક્કરનું તાજેતરમાં અવસાન થયું છે. તેમની ચિરવિદાયથી સમાજે એક ઉમદા સેવિકા ગુમાવી. પણ કેટલાં બધાં બાળકોએ વહાલસોયી માતા ગુમાવી છે !

('વિશ્વવિહાર'માંથી)

શણગાર

શણગારનો મહિમા અપાર છે. રાજદરબારમાં જુઓ તો સોનારૂપાના તારથી ભરત ભરેલા કિનખાબનાં ઓછાડ, કોતરણીવાળી પાલખી વગેરેથી હાથી, ઘોડાને શણગારતા તો સામાન્ય માનવી ઘરની ભીંતો ઉપર સવાલાખનો હાથી ચીતરાવી કાચના હીરાથી શણગારીને મઢાવતો.

શણગાર અને સમૃદ્ધિને સંબંધ છે ખરો પણ હૃદયની કલાભાવનાને અને શણગારને જેટલો ગાઢ સંબંધ છે એટલો ઘેરો સંબંધ સમૃદ્ધિ સાથે નથી.

શણગાર તો સ્ત્રીઓના જીવનમાં તાણાવાણાથી વણાઈ ગયો છે. આભલાં ભરેલાં ઓછાડથી ઓછાડેલો ઢોલિયો જુઓ, સોનાનો આભાસ ઊભો કરી શકનારાં પિત્તળનાં ચકચકીત બેડાં જુઓ, ઝુલઝાલરથી શણગારેલી હિંડોળાખાટે હિંચકો કે ઘુઘરિયાળી, હાથી, ઘોડા અને પુતળીઓથી રૂમઝૂમતી સાંકળોવાળો હિંચકો જુઓ. રંગબેરંગી મેનાપોપટ લટકાવેલું બાળકનું પારણું જુઓ કે ભરત ભરેલી બાળકને સુવરાવેલી ઘોડિયાની ખોળ જુઓ - બધેય હૈયાનો ઉલ્લાસ શણગાર સજીને હિલોળે ચડ્યો વર્તાય.

યૌવન અને શણગાર અભિન્ન હોય એમાં કદાચ નવાઈ પામવા જેવું નથી. પણ દાદાજીની લાકડીમાંય ફૂલવેલના બુટ્ટા કોતરાયા હોય. વળી પાનસોપારીની પેટીના સૂડીના કેટકેટલા ઘાટ હશે કલ્પના કરી જુઓ. અરે રણમેદાને જંગે ખેલનારાનાં હથિયારો પણ જોવા જેવાં હોય છે. જાતજાતનાં ઘાટનાં ભાલાં, તલવાર, બરછી, કટારી એ બધાના ઘાટ પણ અવનવા અને એની મૂઠ પણ જાતજાતની. એના પરની નકશી જોઈએ તો ઘડીક વિચાર આવે કે હથિયારો વાપરી જાણનારા

(અનુસંધાન પૃ. ૧૨૦)

કલાસ્મૃતિ

યજ્ઞેશ્વર શુક્લ

ગુજરાતની ચિત્રકલાના ઇતિહાસમાં જે થોડાંક જાણીતાં નામો છે તેમાં સ્વ. યજ્ઞેશ્વર શુક્લનું નામ આદરથી લઈ શકાય. તેઓ



સતત ગુજરાતની બહાર, અન્ય રાજ્યો તેમજ દેશોમાં કાર્યરત રહેવાથી, ગુજરાત તેમજ અમદાવાદના કલારસિકો સમક્ષ તેમનું નામ અને કામ ઓછું જોવા મળે છે. જે કંઈ સ્મરણમાં છે તે 'કુમાર'નાં આગળનાં વર્ષોના અંકોમાં સમાવિષ્ટ હશે. એક ગુજરાતી કલાકાર તરીકે ચિત્રકલા ઉપરાંત સર્જનકલાની અન્ય શૈલીઓ દ્વારા તેમણે ગુજરાતને લલિત કલામાં ઘણો મોટો ફાળો આપેલ છે.

શ્રી યજ્ઞેશ્વર શુકલનો જન્મ સન ૧૯૦૭માં પોરબંદરમાં થયો હતો. સન ૧૯૩૪માં સર જે.જે. સ્કૂલ ઑફ આર્ટનો ચિત્રકલાનો ડિપ્લોમા મેયો ઍવૉર્ડ સાથે પ્રાપ્ત કર્યો. સન ૧૯૩૯માં, ઇટાલીની રૉયલ અકાદમીના ડિપ્લોમા સાથે, ભીંત ચિત્રો, ઇચિંગ્સ, એન્ગ્રેવિંગ્સ, અને વૂડકટ જેવી શૈલીઓનો અભ્યાસ કર્યો. સન ૧૯૪૮માં ચીની રાષ્ટ્રિય લલિતકલા અકાદમીનું માનદ્ સભ્યપદ, વીએનાના કલામેળામાં ભારતીય પ્રતિનિધિ તરીકે, ગ્રાફિક કલાકાર તરીકેની વરણી, બનારસ હિંદુ મહાવિદ્યાલયના કલાવિભાગના પ્રાધ્યાપક તરીકેની સેવાઓ આપી. સાથે ઘણાં બધાં પુરસ્કાર, ઍવૉર્ડ્ઝ અને માનદ્ સન્માનો પ્રાપ્ત કર્યાં. શ્રી શુક્લની કૃતિઓ ઘણીબધી સંસ્થાઓમાં સ્થાન પામી છે. તેમનાં ભીંતચિત્રો આજે પણ ઘણી જાહેર સંસ્થાઓની દીવાલો શોભાવે છે.

સન ૧૯૪૦નો જમાનો, જ્યારે આપણે આઝાદી પ્રાપ્ત કરી ન હતી, ચિત્રકલાના અભ્યાસ-ક્રમો બ્રિટિશ શૈલી પ્રમાણે ચાલતા હતા. મોટા ભાગના કલાના વિદ્યાર્થીઓને કલકત્તા અને મુંબઈની આર્ટ કૉલેજના અભ્યાસક્રમ ઉપર આધાર રાખવો પડતો હતો. આ બધા કલાકારો કાળક્રમ પ્રમાણેની શૈલીઓમાં સર્જનો કરતા હતા. જે થોડાક કલાકારો મોટાં શહેરોની આ કૉલેજોમાં કલાભ્યાસ કરવા ગયા તેઓએ વિવિધ શૈલીઓનાં સર્જનમાં પોતાનો હાથ અજમાવ્યો. તેમાં શ્રી શુક્લ એક જ ગુજરાતી ચિત્રકાર હતા એમ કહી શકાય. તેઓએ ચિત્રકલા ઉપરાંત, ગ્રાફિક કલાની શૈલીઓ, પેન ઍન્ડ ઇન્ક, ટેમ્પરા, લીનોકટ, વૂડકટ, ચાઇનીસ ઇન્ક સાથે રાઇસ પેપરનું કામ, પેપર કૉલાજ અને ઇચિંગ્સમાં સુંદર સર્જનો જોવા મળે છે. તેઓ વિવિધ પેસ્ટલ રંગોમાં પણ સુંદર



સૌરાષ્ટ્રનો ભરવાડ (એચિંગ)

કામ કરી શકતા. શ્રી યજ્ઞેશ્વર શુક્લના અતીતમાં ડોકિયું કરીએ તો આ કલાકારની એક સતત અભ્યાસ કરતા કલાકાર તરીકેની છાપ ઊપસી આવે છે. ગ્રાફિક કલાનો અભ્યાસ, ખજૂરાહો તેમજ ગુજરાતનાં મંદિરોની શિલ્પકલાનો અભ્યાસ, રાજસ્થાનનાં ભીંતચિત્રોનો અભ્યાસ, વગેરે.

અત્યારના વૈભવશાળી સમકાલીન ચિત્રકલાના જમાનામાં, કલાકારો તેમજ કલાવિવેચકો, શ્રી યજ્ઞેશ્વર શુક્લ તેમજ તેમના સમકાલીન ચિત્રકારોને, સર્જનોને અભ્યાસુ કામ તરીકે મૂલવે છે, જે યોગ્ય નથી. તેઓએ આવા કલાકારોની કૃતિઓને ૬૦ વર્ષ પુરાણી અતીતની કલ્પનાના સંદર્ભમાં મૂલવવી જોઈએ, જે યોગ્ય કહેવાશે અને તો જ આજની અને આવતી કાલની યુવા કલાકાર પેઢી આવા કલાકારોનાં સર્જનોનો આનંદ માણી શકશે. પેપર ઉપર, કૅનવાસ ઉપર સર્જન કરનારાને, તે જ્યારે ઇચિંગ્સ કે વૂડકટમાં કામ કરવાનો પ્રયત્ન કરે, ત્યારે જ ખબર પડે કે, માધ્યમ બદલવાથી શું પરિસ્થિતિ થાય છે.

શ્રી શુક્લનાં સર્જનો વિષે જે લખાણો પ્રગટ થયાં છે તેમાંથી શુક્લની ચિત્રકલા, (લેખક કાર્લ ખંડાલાવાલા સન ૧૯૬૮) સ્ટોરી ઑફ આર્ટ (ગુજરાતી) (સન ૧૯૭૫, રાજસ્થાનનાં ભીંત ચિત્રો) (સન ૧૯૮૦), શુક્લની ચિત્રકલા, (નાલંદા પ્રકાશન-સન ૧૯૮૨), યજ્ઞેશ્વર શુક્લ જીવન અને સર્જન, મોન્ટાજ પુસ્તિકા, (રાષ્ટ્રિય લલિતકલા અકાદમી, ન્યૂ દિલ્હી, સન ૧૯૮૭.)

આવા કલાકારો આજે આપણી વચ્ચે નથી, પણ તેમનાં સર્જનો એ આજના કલાકારોનાં સર્જન માટેની જમીન તૈયાર કરવામાં મહત્ત્વનો ફાળો આપે છે. આજે લાખોની કિંમતોમાં વેચાતાં ચિત્રો,

(અનુસંધાન પૃ. ૧૨૦)

અડકો દડકો


વેલિયો

ચંદ્રકાન્ત શેઠ

ડૉ. સતીશચંદ્રને કૂતરાં પાળવાનો ભારે શૉખ હતો. જાતભાતનાં કૂતરાં જુએ, ખરીદે ને પાળે. એમની કમાણીનો અર્ધો ભાગ તો કૂતરાંના પાલનપોષણમાં જ જતો. ડૉ. સતીશચંદ્રને જેટલું માણસને થતાં દર્દો વિશે હતું એટલું જ ઊંડું જ્ઞાન કૂતરાં વિશે હતું. કૂતરાંની જાતભાતની માહિતીથી સભર ગ્રંથોનો મોટો ભંડાર એમની પાસે હતો. કેટલીયે માહિતી તેમને જીભને ટેરવે હતી. તેઓ કૂતરાંઓ વિશે વાતો કરવાની શરૂ કરે તો સહેજેય બેઅઢી કલાક તો કાઢી નાખતા !

આ સતીશચંદ્રની પાસે પરદેશી કૂતરાંની મોટી ફોજ હતી. આલ્સેશિયન ને ગ્રેહાઉન્ડ, બીગલ અને બુલડૉગ, સ્નાઉઝર અને પૂડલ – આવી આવી કેટલીયે પરદેશી જાતોના કૂતરા તેમની પાસે હતા. દરેકની ખાસિયત નોખી, દરેકનો રુઆબ પણ નૉખો, સતીશચંદ્ર સૌની સાથે પ્રેમથી હળેભળે. સૌ સતીશચંદ્રને જુએ કે ઘેલા થઈ, એમની પાસે દોડી આવતા. ક્યારેક તેઓ મશ્કરીમાં પોતાની પત્નીને કહેતાયે ખરા, 'તમારા સૌના કરતાં આ કૂતરાંને મારું આકર્ષણ વધારે છે.' ને ત્યારે એમની પત્નીયે હસતાં હસતાં કહેતી, 'જેવો જેનો ઋણાનુબંધ !'

એક વાર સતીશચંદ્ર એમની વહાલી કૂતરાટોળી સાથે તુલસી-શ્યામના રસ્તેથી જતા હતા. રસ્તામાં ભરવાડના નેસ આવતા હતા. તેમાંના એક નેસમાં એમણે એક કદાવર કૂતરો જોયો. જાણે બીજો નાનકડો સિંહ જ જોઈ લો. શરીર ઊંચું ને પુષ્ટ, આંખો તેજદાર. ચપળતા તો વીજળી સરખી. સતીશચંદ્ર જેવા અનુભવીની આંખે કૂતરાનું પાણી તુરત જ માપી લીધું. તેઓ તો લીલી નોટો સાથે એના માલિક પાસે પહોંચી ગયા; પણ ભરવાડે એ નોટો પાછી વાળતાં કહ્યું, 'ઈ તો હાવજડો છે સા'બ હાવજડો. ઈ કાંઈ હટાણાનો માલ ન્હોય. ઈ તો મારા આખાયે નેહડાનો પીર-જોગંદર સે. મારાથી ઈને નહીં વેચાય.' સતીશચંદ્રે ભરવાડને ઘણું સમજાવ્યો પણ તે એકનો બે ન થયો. જ્યારે સતીશચંદ્રે બહુ વિનંતીઓ કરી ત્યારે ભરવાડે કહ્યું, ''સા'બ, પાંચપંદર દી આ પંથકમાં ર્‌યો, ત્યાં લગણ ક્‌યો'તો આને તમારી હંગાથે મોકલું, પણ પછી અહીં પાછો મેલી જાવાનો. ડૉ. સતીશચંદ્રે તુરત હા ભણી ને ભરવાડે 'વેલિયા' નામ દઈ જ્યાં હાકોટો કર્યો કે પેલો કૂતરો કૂદતોકને



ભરવાડની આગળ હાજર થઈ ગયો. ભરવાડે એને પંપાળ્યો, એના ગળામાં સાંકળ નાખી અને એને સતીશચંદ્રને હવાલે કર્યો. પણ વેલિયો તો સતીશચંદ્ર સાથે જવા તૈયાર જ નહોતો. એ તો જ્યાં ઊભો હતો ત્યાં જમીનમાં જાણે પગ ખોડીને ઊભેલો. ન ચસે કે ખસે. ઊંચી ડોકે ભરવાડને જોતો જાય ને ઉંકારા ભરતો જાય. ભરવાડનેય દુઃખ તો બહુ થયું; સતીશચંદ્રને કહે : 'એનું મન નથી માનતું તમારી હારે થાવાને.' સતીશચંદ્ર મૂંગા રહ્યા, ભરવાડે કંઈક ગુસ્સે થઈ હુકમ કરતો હોય એમ વેલિયાને જણાવ્યું, 'જા, આમની હારે થા.' ને છેવટે કેટલાયે ઉધામા બાદ વેલિયાએ સતીશચંદ્ર સાથે જવા પગ ઉપાડ્યા.

વેલિયો સતીશચંદ્રની પરદેશી કૂતરાંની ટોળીમાં નોખો તરી આવતો,

પારેવડું

હરિકૃષ્ણ પાઠક

પારેવડું ભીની ભીની ભોંયમાં
પગલાંની ભાત ભરી ચાલ્યું;
પારેવડું કોરી ખળીમાં વળી
ચપટીક ચણમાં મ્હાલ્યું.



પારેવડું આભલામાં ઊડ્યું
ને રાખોડી રંગ ગયું વેરી;
પારેવડું ઘેરાં ઘૂંટીને ગીત
ફેરવતું ઊંઘની ફેરી.
પારેવડું કૂઈની બખોલોમાં
પડઘા સંતાડીને બેઠું;
પારેવડું લઈને પરબડી ઊડ્યું
ઘડીકમાં ફડફડતું ઊતર્યું હેઠું.

પણ કોઈ કૂતરાનું ગજું નહોતું કે એની સામે થાય. વેલિયાની હોશિયારી ને હિંમતથી સતીશચંદ્ર તો ખુશખુશ થઈ ગયેલા; પણ એક વાત વેલિયાની બાબતમાં તેમને પરેશાન કરતી હતી. તે ખાસ કંઈ ખાતોપીતો નહીં; અવારનવાર ઉંકારા ભણતો અને ભરવાડના નેસની દિશામાં લાંબો સમય તાકી રહેતો. સતીશચંદ્ર તો આ બધી બાબતના પૂરા જાણકાર હતા. તુરત વેલિયાની પરિસ્થિતિ પામી ગયા. એમને મનમાં થયું, 'મેં ખોટું કર્યું: વેલિયાને ભરવાડ પાસેથી નકામો સાથે લીધો. એ હવે ભરવાડને નહિ મળે ત્યાં સુધી બેચેન રહેશે, આમ ઝૂરશે ને સરખી રીતે ખાશેપીશે નહીં, એમણે તુરત મનોમન પ્રવાસ ટૂંકાવી ભરવાડના નેસડે પાછા ફરવાનો નિર્ણય કર્યો. પત્નીએ તો કહ્યું પણ ખરું કે 'હજુ તો માંડ સાત દિવસ થયા છે. એટલામાં પાછા ફરવાનું ? આપણો કાર્યક્રમ તો પૂરા પંદર દિવસ ચાલવાનો હતો.' સતીશચંદ્રે કહ્યું કે 'વેલિયાને ખાતર પાછા ફરવું પડશે. વેલિયો ભરવાડના નેસ વિના રહી નહીં શકે. એ સૉરતો લાગે છે.' પત્ની સતીશચંદ્રનો કૂતરાં માટેનો પ્રેમ જાણતી હતી, તેથી કંઈ બોલી નહીં. બંનેય તેમની શ્વાન મંડળી સાથે - કૂતરાંની ટોળી સાથે પાછાં ફર્યાં. એ વખતે વેલિયો એવો તો ગેલમાં આવી ગયેલો કે વાત ન કરો ! સતીશચંદ્ર અને તેમનાં પત્ની સાથે એ મોકળા મને ગેલ કરતો અને સતીશચંદ્ર પણ આ કૂતરાનું મન જીતી લેવામાં ઓછાં કુશળ નહોતા. પ્રવાસ ટૂંકાવીને પાછા ફર્યા તેય વેલિયાને રીઝવવા જ; અને વેલિયાનેય હવે તો સતીશચંદ્ર આગળ લાડ કરવાનું ગમતું.

જ્યારે ભરવાડના નેસડે વેલિયો આવ્યો ત્યારે ભરવાડ તો રાજીનો રેડ થઈ ગયો. વેલિયાએ ભરવાડને કેટલું તો વહાલ કર્યું ને સામે ભરવાડે પણ. જ્યારે સતીશચંદ્રે ભરવાડની વિદાય લેવા માંડી ત્યારે વેલિયો સતીશચંદ્રના પગમાં લેટી પડ્યો. સતીશચંદ્રની વિદાય તેને ગમતી નહોતી. ભરવાડ અને સતીશચંદ્ર બંનેયે વેલિયાને પંપાળ્યો, થાબડ્યો ને બુચકાર્યો.

સતીશચંદ્રે વેલિયાને ગળે પહેરાવવા માટે ભરવાડને ઝીણી ઘૂઘરીવાળો ચામડાનો સુંદર પટ્ટો ભેટ આપ્યો. ભરવાડે તેના ગળામાં પહેરાવ્યો કે એ તો એને છમછમાવતો આમતેમ મહાલ્યો. સતીશચંદ્ર નીકળ્યા ત્યારે તે તેમની જોડે એકાદ ગાઉ સુધી સાથે ગયો ને પછીયે તે અને તેમની શ્વાનમંડળી દેખાતી બંધ થઈ ત્યારે ભરવાડના નેસડે પાછો ફર્યો. આજે એ વાતનેય કેટલોક સમય થયો. આજેય વેલિયાને કોઈ 'સતીશચંદ્ર' નામ દે છે ત્યારે તે તુરત જ સૂતો હોય ત્યાંથી એકદમ બેઠો થઈ જાય છે. સતીશચંદ્રના નામનો એવો જાદુ છે વેલિયા પર ! ❐

અનુસંધાન] કંકાવટી [પૃ.૧૧૭ થી

પણ કલાથી વેગળા ક્યારેય નથી બન્યા.

ઘરવપરાશનાં વાસણો હોય કે દેવસેવામાં વપરાતાં વાસણો હોય.ઘરમાં લટકતું ફાનસ, દેવના થાનકે થતા દીવાની દીવીઓ હોય, લખનવી સુરાહી અને જામ ભરવાની પ્યાલીઓ જુઓ, શણગાર, શૃંગાર અને કલા વિનાનું જગત કલ્પવું કઠિન છે.

સ્ત્રીઓએ પોતાના અવનવા આકર્ષક પોષાક અને કલાત્મક ઘરેણાંઓ પૂરતો જ મર્યાદિત શણગાર પસંદ નથી કર્યો. જીવન દરમ્યાનમાં આવતી પ્રત્યેક વસ્તુમાં પોતાની મનોભાવના રૂપ કલાને આળખીને જીવન પ્રફુલ્લિત ઉત્સાહ અને રસિક બનાવવાનું કાર્ય સ્ત્રીઓએ કર્યું છે.

પછી એ સ્ત્રી આદિવાસી કન્યા હોય, ગ્રામ્યનારી હોય, શહેરીકરણથી વધુ પડતી સુઘડ બનેલી સ્ત્રી હોય કે પાશ્ચાત્ય સંસ્કૃતિથી સંસ્કારાએલી કોઈ બાનુ હોય, પણ સુંદર, કલાત્મક વસ્તુઓ બનાવવાનું લક્ષ્ય તો બધાંનું એક સરખું. શૂન્યમાંથી સર્જન કરવાનું વરદાન સ્ત્રીઓને કુદરતે આપ્યું છે અને કથીરમાંથી કાંચન બનાવવાની આંતરસૂઝ પણ સ્ત્રીઓને મળેલી કુદરતદત્ત ભેટ છે. ❐

અનુસંધાન] કલાસ્મૃતિ [પૃ. ૧૧૮થી

વૈભવમાં મહાલતા કલાકારો, આ બધાંને રાતોરાત મહાન બનાવી દેતા કલાવિવેચકો, કલાસંસ્થાઓ, વગેરેના પ્રારંભિક ચણતરના પાયામાં, ક્યાંક ને ક્યાંક અતીત સંગ્રહાએલો છે જ તે ભૂલી શકાય તેમ નથી. શ્રી રવિશંકર રાવળ, નંદલાલ બોઝ કે યામિની રાયને ભૂલી શકાય તેમ નથી. આપણે બધા ભૂતકાળના ખભા ઉપર ઊભા છીએ.

વિવિધ કલા શૈલીઓના પ્રણેતા ચિત્રકાર શ્રી યજ્ઞેશ્વર શુકલનું સન ૧૯૮૬માં અવસાન થયું. તેમના આર્કિટેક્ટ પુત્ર શ્રી કાર્તિક શુક્લ વાય. કે શુક્લ ફાઉન્ડેશન નામે, તેમની યાદગીરીમાં કલાપ્રવૃત્તિના કાર્યક્રમો યોજે છે અને ગ્રાફિક કલાને ઉત્તેજન મળે તેવા પ્રયાસો કરતા રહે છે. ગ્રાફિક કલાનાં સર્જનોનાં દર્શન કરાવનાર શ્રી યજ્ઞેશ્વર શુકલને યાદોના ફૂલહાર અર્પણ.

-ગજેન્દ્ર શાહ

કલાવાર્તા

વિશ્વના મહાન ચિત્રકારો-૨ : દેગા

ચિત્રકલાની સાધનાને જીવન સમર્પિત કરનાર તથા તેમાં આવતાં વ્યવધાનોથી જોજનો દૂર ભાગનાર એડગર દેગાનો જન્મ ૧૮૩૪ના જૂનની ૧૯મીના રોજ



પૅરિસમાં થયેલો. નાનપણથી જ દેગા ચિત્રની નાની-મોટી સ્પર્ધાઓમાં ભાગ લેતો અને ઈનામોય જીતતો. રૂના વેપારમાં જોતરવાને ઈરાદે એના પિતાએ એને કાયદાની કૉલેજમાં દાખલ કરી દીધેલો, પણ દીકરાનો લગાવ ચિત્રકલા તરફ જોઈને એમણે એને ચિત્રકલાની તાલીમ મેળવવા **Ecole National des beaux Arts**માં પ્રવેશ અપાવી દીધો ને ઘરના એક ઓરડામાં નાનકડો સ્ટૂડિઓ ઊભો કરવાની મંજૂરીય આપી દીધી. પિતાના એક મિત્રને ત્યાં મહાન ચિત્રકાર



રેસ-કોર્સ (૧૮૭૯)

ઈન્ગ્રેસનાં ચિત્રો જોઈને દેગા ભારે પ્રભાવિત થયો. શરૂઆતનાં દેગાનાં ચિત્રોમાં ઈન્ગ્રેસની ભારોભાર અસર વરતાય છે.

૧૮૫૪માં દેગા નેપલ્સની મુલાકાતે ગયો. અહીં એને ચિત્રકાર અને ચિત્ર-સંગ્રાહક ગ્રીગોરિયો સૂઝો (soutzo)નો ભેટો થયો. સૂઝો સાથેની ચર્ચાઓએ દેગાની ચિત્રકલા વિષેની વિભાવના ઘડવામાં મહત્ત્વનો ફાળો આપ્યો છે. સૂઝોના પ્રભાવ હેઠળ દેગા નોંધે છે : **'Never compromise with the great order of nature.'** આમ નોંધવા છતાં પોતે તો સ્ટૂડિઓમાં બેઠો બેઠો જ ચીતરતો રહેલો.

રોમની મુલાકાત દરમિયાન દેગા ત્યાંના શિલ્પીઓ અને ચિત્રકારોને મળ્યો. ફ્લૉરેન્સમાં પંદરમી સદીની અદ્‌ભુત કલાકૃતિઓ ભાળીને એ ભારે રોમાંચિત થએલો જો કે એણે મનોમન નક્કી કરી નાખેલું કે મહાન સર્જકોથી ભિન્ન રીતે જ ચિત્રસર્જન કરવું. ટસ્કનીના રોકાણ દરમિયાન **Family Portrait** ચિતરાયું. ટસ્કનીની આ એક નોંધપાત્ર ઉપલબ્ધિ હતી. **Family Portrait** સર્જાયા પછી દેગાને વ્યક્તિચિત્રો દોરવામાં રસ જાગ્યો. દેગાની મૌલિકતા એના વ્યક્તિચિત્રોમાં સુપેરે મહોરી ઊઠે છે.

દેગાએ ઐતિહાસિક વિષયો પર પણ ચિત્રો કર્યાં છે. એ પોતાના સમયની પ્રચલિત માન્યતાઓથી ભિન્ન રીતે ચિત્રસર્જન કરતો. દેગા સ્વભાવે અંતર્મુખી હતો. એ સ્ટૂડિયોમાં બેસીને જ ચીતરતો. હા, ભૂચિત્રો પણ. વ્યક્તિચિત્રોમાં એ વ્યક્તિનાં ભાવોવલણો સહિત એના સમગ્ર વ્યક્તિત્વને કૅનવાસ પર ઉતારવા મથતો. છાયા-પ્રકાશની ગૂંથણીમાં એ પ્રયોગો કરતો રહેતો. દેગાએ સ્ત્રીઓનાં અસંખ્ય ચિત્રો કર્યાં છે. એણે નૃત્ય કરતી, સ્નાન કરતી, કપડાં પહેરતી, ઈસ્ત્રી કરતી, વાળ



રેસમાં ઊપડતાં પહેલાં (૧૮૭૮-૮૦)

ઓળતી સ્ત્રીઓનાં ચિત્રો કર્યાં છે. **Pavlova Zambell** ના ૧૮૭૦ના દેગાએ કરેલા વ્યક્તિચિત્રમાં ગતિનું માધુર્ય અનુભવાય છે. ફ્રાન્સ અને પ્રશિયાના યુદ્ધ ટાણે દેગા તોપદળમાં જોડાઈ ગયેલો. યુદ્ધ સમાપ્ત થતાં જ વળી એણે પોતાની જાતને પીંછી અને કૅનવાસને ખોળે ધરી દીધેલી. ૧૮૭૨માં એણે ઑપેરાની નર્તકીઓની આખી સિરીઝ ચીતરેલી. એ રેસકોર્સની મુલાકાતોય લેતો. એણે રેસના ઘોડાઓનાં ઘણાં ચિત્રો કર્યાં છે. પછી તો એને ફોટોગ્રાફીનોય શોખ જાગેલો. દેગા એટલે બેલે ડાન્સર્સના ચિત્રકાર. અમેરિકામાંના રોકાણ દરમિયાન દેગાએ **Woman with a Jar** તથા **Cotton Exchange in New Orleans** ચિત્રો સર્જ્યાં.

ડેન્માર્કના ચિત્રકાર લૉરેન્ઝને દેગાએ



વાળ ઓળતી સ્ત્રી (૧૮૮૦-૮૫)

એક પત્રમાં લખેલું, **'Art is not an enlargement but a concentration.'** આ સૂત્રને એ જીવનપર્યંત વળગી રહેલો. એ અપરિણિત હતો. એ બહાર જતો ત્યારે એને અંધારાનો ડર સતાવતો રહેતો. પોતે દૃષ્ટિહીન બની જાય એ પહેલાં એને એના સઘળા મનોરથો પૂરા કરવા હતા ને તેય ક્યાંય કશી બાંધછોડ કર્યા વિના. વિષયની પસંદગી તથા માવજતની બાબતે એ વાસ્તવવાદી બન્યો, વિવેચકોનો પ્રતિભાવ પ્રોત્સાહક રહેતો. એનાં ચિત્રો વેચાતાંય ખરાં. અન્ય કલાકારોની મનગમતી કૃતિઓ ખરીદવામાં દેગા લગીરે કરકસર કરતો નહીં. ૧૮૭૬માં યોજાએલા પ્રદર્શનમાં એણે ભાગ લીધેલો.

દેગા સારો શિલ્પી પણ હતો. રૉબર્ટ રેનો તો એ સદીના ઉત્તરાર્ધના શ્રેષ્ઠ શિલ્પીઓમાં દેગાની ગણના કરે છે. દેગાએ ઘોડાનાં, નગ્ન સ્ત્રીઓનાં તથા નર્તકીઓનાં ઘણાં શિલ્પો કર્યાં છે. એનાં ચિત્રોમાંય શિલ્પનાં લક્ષણો જોવા મળે છે.

પોતાની કલાકૃતિઓ બાબતે એ હંમેશાં અસંતુષ્ટ રહેતો. એની ઘણીબધી કૃતિઓનો એ જ કારણે, એણે પોતાને હાથે નાશ કરેલો. દેગા એનાં ચિત્રોમાં સફેદ તથા ભૂખરા રંગનું મિશ્રણ કરતો. ક્યારેક વિરોધી રંગોનો ઉપયોગ પણ કરતો. ચીતરતી વખતે વસ્તુ અથવા વ્યક્તિની નાનામાં નાની વિગતો પણ એના ધ્યાન બહાર રહેતી નહીં. એ આકાર અને સંરચનાના ક્ષેત્રે પ્રયોગો કરતો રહેતો. એના ચિત્રોમાં એ કૃત્રિમ પ્રકાશની આભા ઊભી કરતો. એની કૃતિઓમાં ગાણિતિક ચોકસાઈ જોવા મળે. ક્લોઝ-અપ અને લૉંગ-શૉટની ટેક્નિક પ્રયોજી એ નર્તકીઓનાં અંગોપાંગની ગતિને કૅનવાસ પર ઉતારતો. ગોન્કોર્ટ દેગાને અર્વાચીન યુગના આત્માને કૅનવાસ પર ઉતારનાર કલાકાર લેખે છે. દેગાનાં નર્તકીઓનાં ચિત્રોમાં છાયાવાદની અસર વરતાય છે. એ એના વિષય સાથે ઓતપ્રોત થઈ જતો એટલે જ એની કૃતિઓમાં જિવાતા જીવનનો ધબકાર પડઘાતો લાગે.

દેગાની સ્મૃતિ એને એના ચિત્રકર્મમાં સારી સહાયભૂત થતી. ઑપેરાની નર્તકીઓનાં ચિત્રો એણે સ્મૃતિને સહારે જ કરેલાં. જો કે એની કલ્પનાશક્તિ એની સ્મૃતિ કરતાંય પ્રબળ હતી. એણે થોડાંક સૉનેટ પણ રચ્યાં છે. ચિત્રના નિર્માણ કરતાં કાવ્યરચના કરવાનું એને વધારે કઠિન લાગેલું.

એક જ ચિત્ર દેગા દસ-વીસ વાર, ને ક્યારેક તો એથીય વધારે વાર ચીતરતો. એ કહેતો કે કલાકૃતિમાં કશુંય આગંતુક આકસ્મિક લાગવું ન જોઈએ. એણે સ્પેન, ઈંગ્લૅન્ડ તથા હોલેન્ડના પ્રવાસો ખેડેલા. ધીમેધીમે એ છાયાવાદની અસરમાંથી મુક્ત થઈ ગયેલો.

દેગાએ નારીના દેહનો અભ્યાસ કરીને એને એના નગ્ન સ્વરૂપમાં કૅન્વાસ પર ઉતારી છે, ચોખલિયાઓ ચોંકી ઊઠે એટલી નિર્લજ્જતાથી. સ્ત્રીને એના નર્યા પ્રાકૃત સ્વરૂપમાં કૅનવાસ પર ઝડપવા એ મથતો. એના જેટલો ખંત બીજા કોઈનામાં ભાગ્યે જ જોવા મળે.

આંખોએ ઝાંખપ આવ્યા પછીય દેગાએ કરેલાં ભૂચિત્રોની ચોકસાઈ આંખે ઊડીને વળગે એવી છે. ૧૯૦૪ પછી તો આંખોની તકલીફને કારણે પૅરિસની બહાર જવાનું એનું સદંતર બંધ થઈ ગયેલું. પછી તો દેગાને દેખાવાનું સદંતર બંધ થઈ ગયું. ને તોય એ પૅરિસની શેરીઓમાં ભટકવા નીકળી પડતો. ક્યારેક ગમે તે બસમાં બેસી જતો. સેચા ગુઈટ્રી એ અરસામાં **Our own people** નામની ફિલ્મનું નિર્માણ કરી રહ્યો હતો. એણે રેનો, મોનેટ તથા રોડિન ભેગા દેગાને પણ એની ફિલ્મ માટે કૅમેરામાં ઝડપવાની ઈચ્છા હતી. દેગાએ એને પરવાનગી ન આપી. દેગાની જાણ બહાર, સેચાએ એને પૅરિસની શેરીઓમાં ભટકતો ઝડપી લીધેલો, પોતાના કૅમેરામાં.

દેગાનો નિવાસ જમીનદોસ્ત કરવામાં આવ્યો ત્યારે એ ભાંગી પડેલો. એ રખડવા નીકળતો ત્યારે એના પગ ધ્વસ્ત થઈ ગયેલા એના નિવાસના કાટમાળના ઢગલા પાસે એને અનાયાસ લઈ આવતા. દિવસો સુધી ને ઉદાસ ચિત્તે અને અંધારી આંખે એ ઢેરની દિશામાં જોતો રહેતો. નવા નિવાસમાં એને ગોઠ્યું નહીં. એનો સામાન પૅક કરેલાં ખોખાં ખોલ્યા વિનાનાં એમ ને એમ પડ્યાં રહેલાં છેવટ સુધી.


૧૯૧૭ના સપ્ટેમ્બરની ૨૯મી તારીખે આ મહાન સર્જક એની અંતિમ યાત્રાએ નીકળી પડ્યો ત્યારે પહેલું વિશ્વયુદ્ધ પૂરજોશમાં ચાલી રહ્યું હતું. એથી એની વિદાયની નોંધ લેવાવી જોઈએ એવી ન લેવાઈ. **Huysman** દેગાને અનન્ય અને સબળ કલાકાર લેખે છે. ફોર્મ તથા કોમ્પોઝીશન બાબતે દેગા મૌલિક હતો એમ **Bonnard** નોંધે છે. નવી પેઢીના કલાકારોને નવી કેડીઓ કંડારવાનો રાહ દેગાએ એના યુગના યુવા કલાકારોને ચીંધ્યો છે. કલા પ્રતિ દેગા જેવી સમર્પણની ભાવના બહુ ઓછામાં જોવા મળે.

-નટુ પરીખ/ હરિત પંડ્યા


શિલ્પકાર રત્ના ભાવસાર



અમદાવાદ ખાતે યોજવામાં આવેલા ૪૪મા નૅશનલ એક્ઝિબિશન ઑવ્ આર્ટ માટે ભારતભરમાંથી જે શિલ્પકૃતિઓ પસંદગી પામી તેમાં વડોદરાની ફૅકલ્ટી આંવ્ ફાઇન આર્ટ્સના એમ.એ. ફાઇનના શિલ્પકલા વિભાગમાં અભ્યાસ કરતી આશાસ્પદ અને પ્રતિભાવંત વિદ્યાર્થિની રત્ના ભાવસારને તેની સર્જનાત્મક શિલ્પકૃતિ માટે ગૌરવવંતો



કૌટુંબિક આનંદ કરી રહેલી ત્રણ વ્યક્તિઓ



રાખથી રાખ સુધી (ફાઈબર ગ્લાસમાં)

રાષ્ટ્રિય ઍવૉર્ડ એનાયત થયો છે.

કેવળ બાવીસ વર્ષની રત્ના ભાવસારે પ્લાસ્ટર ફાઇબર ગ્લાસ જેવા માધ્યમમાં માનવકૃતિઓ તથા કોઈ પ્રસંગ યા ભાવને શિલ્પબદ્ધ કરતી ભાવાત્મક તથા પ્રતીકાત્મક કક્ષાની માનવ અસ્તિત્વ પર દૃષ્ટિ અને વિચાર વ્યક્ત કરતી શિલ્પકૃતિઓનું સર્જન કર્યું છે. રત્ના માટે શિલ્પકલા દૈનિક જીવનનું વિસ્તરણ છે. તે પ્રકૃતિ, વાતાવરણ, તેના જીવનમાંથી પસાર થતાં અસંખ્ય લોકો અને તેમનું જીવન તથા તેની આસપાસ બનતા પ્રસંગોમાંથી પ્રેરણા લે છે અને પોતાના અસ્તિત્વના આ સઘળા વાસ્તવને તેનાં શિલ્પોમાં રૂપાંતરિત કરે છે.

રત્નાએ પોતાની કથની રજૂ કરવા માટે કપડાની ગડી, ગડીદાર કપડાં તથા માનવરૂપોનો ભાવાત્મક તથા કલાત્મક વિનિયોગ કર્યો છે. દૃશ્યકલ્પનાઓને તેણે ઉજાગર કરી છે. દાખલા તરીકે તેની શિલ્પકૃતિ 'રાખથી રાખ સુધી'માં તે તમાકુના ઉપયોગની હાનિ વિશે વાત કરે છે. તે વર્ણવે છે કે તેને તમાકુનાં પાનની ગડી તથા પોતમાં ખૂબ રસ પડેલો, પરંતુ જે રીતે લોકો તેનો ઉપયોગ કરી તેમના જીવનને મૃત્યુ તરફ ધકેલી દે છે તેનાથી તે ખૂબ વિક્ષિપ્ત છે.



શિયાળાની સવાર (પ્લાસ્ટરમાં)

કલાકાર તરીકે પ્રકૃતિ સાથેનો રત્નાનો સંબંધ ઉત્કટ છે. તે કહે છે. 'જ્યારે કોઈ પાંદડું ફૂટી નીકળે છે ત્યારે હું નવજીવનની શરૂઆત જોઉં છું. પર્ણો જીવનચક્રના મુખ્ય દાખલા છે.' તેની અન્ય બે શિલ્પકૃતિઓ, 'પ્રસ્થાન-૧' અને 'પ્રસ્થાન-૨' આ પ્રક્રિયાને દર્શાવે છે.

માનવીય રૂપો માટેનો તેનો લગાવ એટલો બધો છે કે તેમનું સર્જન કરતાં કરતા તેને એમ લાગે છે કે તે સ્વયંનું સર્જન કરી રહી છે ! કપડાની ગડી તથા તેના લયનો કલાત્મક વિનિયોગ કરી તે માનવીય સંરચનાઓને ગતિ અને જીવંતતા અર્પે છે. તે 'શિયાળાની સવારે' નામક શિલ્પમાં ત્રણ વ્યક્તિઓના ચહેરાઓના ભાવને તેમના એકબીજાના ખભા પર માથું ટેકવી ઊંઘમાં હોય તે દશામાં દર્શાવ્યો છે. સ્થળ ટ્રેનનો ડબ્બો અને સમય શિયાળાની થીજાવી દે એવી એક સવાર. આ શિલ્પ જર્મનીના ફ્રેન્ક-ફર્ટમાં યોજાયેલા પ્રદર્શનમાં મુકાયેલું.

રત્નાએ અનેક પ્રદર્શનોમાં ભાગ લીધો છે. જહાંગીર આર્ટ ગૅલરી, મુંબઈમાં પણ તેનું વૈયક્તિક પ્રદર્શન યોજાયેલું. અમદાવાદમાં ૧૯૯૮માં ભરાયેલા ગ્રૂપ શોમાં પણ તેનું શિલ્પ પ્રદર્શિત થયેલું. આવી ગતિશીલ અને અનેકદેશીય પ્રતિભા ધરાવતી રત્ના પેપરના લેમ્પશેઈડ્ઝ, પેપિયર મશે તથા વાંસની વસ્તુઓ બનાવે છે, જ્વેલરી બનાવે છે તથા હૉબી વર્ગો ચલાવે છે. -બંસીલાલ દલાલ.

કલાવૃત્ત

રાજેશ ભૌમિકનું કલાજગત

૧૯૭૩માં ત્રિપુરામાં જન્મેલા રાજેશ ભૌમિકે ૧૯૯૮માં ચિત્રકલામાં બી.એફ.એ. પ્રથમ વર્ગમાં પ્રથમ આવીને ત્રિપુરા યુનિવર્સિટીની ફેકલ્ટી ઑવ્ વિઝ્યુલ આર્ટ્સમાંથી પસાર કરી. મધ્યપ્રદેશના ખેરાગઢના આઈ.કે.એસ. વી.વી.માંથી ચિત્રકલામાં ૧૯૯૯માં એમ.એફ.એ.ની પદવી મેળવી. ૧૯૯૯માં યુ.જી.સી.ના અભ્યાસ હેઠળ 'નેટ' ક્વોલિફિકેશન મેળવ્યું. રાજેશે

(અનુસંધાન પૃ. ૧૩૦)



સ્ત્રી-પુરુષ (રાજેશ ભૌમિક)

સાહિત્યસંપર્ક

સદ્‌ગત મોહનભાઈ શં. પટેલ
એક વિચક્ષણ વિદ્વત્પ્રતિભાની
વિદાય

આચાર્ય શ્રી મોહનભાઈ શંકરભાઈ પટેલ (જ.૮, જૂન, ૧૯૨૦, વડદલા, તા. પેટલાદ, જિ. ખેડા; ઉપનામ:



કૃષ્ણ દ્વૈપાયન, સનાતન યાત્રિક)નું તા. ૨, જૂન, ૨૦૦૨ના રોજ, મુ. હંસાબહેન સાથે અમદાવાદથી આણંદ જતાં સવારના સુમારે ૭-૩૦થી ૮-૦૦ના ગાળામાં હૃદયરોગના હુમલાથી મોટરકારમાં જ અવસાન થયું. જીવનના છેલ્લા શ્વાસ સુધી એમણે શિક્ષણ તેમ જ ભાષા-સાહિત્યની નિષ્ઠાપૂર્વક સેવા કરી. તેમના અવસાનથી શિક્ષણ અને ભાષા-સાહિત્યને મોટી ખોટ પડી છે. બાલપોથીના વર્ણોથી માંડીને પ્રાથમિક-માધ્યમિક તેમ જ ઉચ્ચતર માધ્યમિક ને ઉચ્ચ શિક્ષણ સુધીની પાઠ્યસામગ્રીનું નિર્માણ, પરિભાષા-ઘડતર, શબ્દકોશ અને જ્ઞાનકોશની પ્રવૃત્તિ, સંપાદન તથા અનુવાદકાર્ય, ગદ્યચિકિત્સા ને ગદ્યમીમાંસા, બાલકિશોર અને પ્રૌઢો માટેના સાહિત્યનું સર્જન-સંપાદન. પરિશીલન અને પરામર્શન, સાહિત્ય ઉપરાંત પર્યાવરણાદિ અનેકાનેક પ્રાકૃતિક-સાંસ્કૃતિક વિષયસંદર્ભોનું જ્ઞાનચિંતન-આસ્વાદ અને આચમન, લેખનકૌશલ અને પત્રકાર-પાટવ – આવાં આવાં ક્ષેત્રોને મોહનભાઈની વિદાયથી કશુંક બુનિયાદી ગુમાવ્યાની લાગણી થશે જ.

મોહનભાઈનું સમગ્ર જીવન સંઘર્ષ અને પુરુષાર્થની કથા છે. આર્થિક દૃષ્ટિએ સાવ સાધારણ એવા ખેડૂત-પરિવારમાં જન્મીને તેમણે જે સત્ત્વતેજ દાખવ્યું તે તો આનંદાશ્ચર્ય પ્રેરે તેવું છે. ૧૯૪૬માં મુંબઈ યુનિવર્સિટીમાંથી ગુજરાતી વિષય સાથે બી.એ.ની અને ૧૯૪૮માં ગુજરાતી-સંસ્કૃત સાથે એમ.એ.ની પરીક્ષાઓ તેમણે પ્રથમ વર્ગમાં પ્રથમ આવીને પાસ કરી અને વડોદરા કૉલેજમાં ૧૯૪૬થી ૧૯૪૭ દરમિયાન ફેલો તરીકે તેઓ નિમાયા. તેમની તેજસ્વી શૈક્ષણિક સિદ્ધિઓ માટે તેમને અનેક પારિતોષિકો પ્રાપ્ત થયાં હતાં; જેમાં બલવંતરાય ક. ઠાકોર સુવર્ણચંદ્રક, રમણભાઈ નીલકંઠ પ્રાઈઝ તેમ જ કે.હ. ધ્રુવ પ્રાઈઝ ઉલ્લેખનીય છે.

મોહનભાઈને નાનપણથી ભાષાસાહિત્ય ઉપરાંત વ્યાયામ, ચિત્ર જેવા વિષયોમાં પણ રસ પડતો હતો. ૧૯૪૧માં તેમણે 'વ્યાયામવિશારદ'ની ઉપાધિ પણ મેળવી હતી. આ ઉપરાંત મુંબઈ સરકારની ઇન્ટરમીડિયેટ ગ્રેડ ડ્રૉઈંગની પરીક્ષા પણ તેમણે પાસ કરી હતી. મોહનભાઈને વનસ્પતિજગત તેમ જ પક્ષીજગતમાંયે ઊંડો રસ હતો અને અવારનવાર એવા વિષયોમાં પણ એમની રસરુચિ અને વાચનગતિ તથા કલમગતિ વરતાયાં કરતાં હતાં.

મોહનભાઈ પોતાને કેળવતાં કેળવતાં આસપાસનાંને કેળવવામાં પણ ઊંડો રસ દાખવતા રહેલા. સાચા શિક્ષકની સજ્જતા, વત્સલતા ને ભદ્રિકતા એમનામાં ખરાં જ અને અવારનવાર એની મધુર પ્રતીતિ એમની નિકટમાં આવનારને થયાં કરતી. મોહનભાઈ આજીવન શિક્ષક-અધ્યાપક રહ્યા, એવા અધ્યાપક કે જેમનું અધ્યયન ને ચિંતન-મનન કદી વિરમેલાં નહીં. વલ્લભવિદ્યાનગરમાં ગુજરાતીના અધ્યાપક થયા ત્યારથી જ તેઓ શ્રી ડોલરરાય માંકડ અને પ્રા. સુરેશ જોષી જેવા વડીલો-મિત્રોના સત્સંગ-સાન્નિધ્યમાં મુકાયા. એક બાજુ ગાંધીજી અને બીજી બાજુ રવીન્દ્રનાથ – આ બંનેય વિભૂતિઓનો અક્ષર-વારસો ઝીલતાં ઝીલતાં તેઓ પોતાની જીવનદૃષ્ટિ અને સારસ્વત શક્તિનો વિકાસ સાધતા રહ્યા. ગ્રામપ્રસ્થાશ્રમી ડોલરરાય માંકડની સંનિધિમાં રહી આચાર્ય તરીકે અલિયાબાડાની વિદ્યાસંસ્થાનું તો ગૂજરાત વિદ્યાપીઠમાં મહાદેવ દેસાઈ સમાજસેવા મહાવિદ્યાલયનું સંચાલન કરતાં કરતાં વિદ્યા-સંસ્કારનાં કેટલાંક નૂતન પ્રસ્થાનો કરવાની મૂલ્યવાન મથામણ એમણે કરી બતાવી. અધ્યાપનકાર્ય સાથે જ પત્રકારત્વનું કાર્ય એમને કોઈ ને કોઈ રીતે વળગેલું રહ્યું. વલ્લભવિદ્યાનગરના નિવાસ દરમિયાન મોહનભાઈએ સાથી અધ્યાપક સુરેશ જોષી તથા ભવાનીશંકર વ્યાસ સાથે રહીને 'વાણી' નામનું માસિક પણ ચલાવ્યું. તે પછી ગૂજરાત વિદ્યાપીઠના મુખપત્ર 'વિદ્યાપીઠ'નું વર્ષો સુધી ખૂબ સુંદર રીતે સંચાલન-સંપાદન કર્યું હતું. તેમણે, પ્રસંગોપાત્ત, 'તથા' (સાઈક્લોસ્ટાઈલ્ડ પત્રિકા), 'ઝગમગ' (બાલસાપ્તાહિક) તેમ જ 'શિશુલોક' (અનિયતકાલીન)ના સંચાલન-સંપાદનમાં સક્રિય યોગદાન કરેલું. પાછલાં વર્ષોમાં બાલજગતની સેવા કરવામાં 'બાલભારતી', 'શિશુલોક' જેવાં સંપાદનો-પ્રકાશનો દ્વારા તેમણે મહત્ત્વનું પ્રદાન કર્યું છે. તેઓ ચિન્મય મિશનના 'પ્રમા' માસિકના તંત્રી રહી ચૂકેલા (૧૯૮૧). આ ઉપરાંત 'પાટીદાર પરિચય' (૧૯૯૧) તથા શૈક્ષણિક માસિક 'સેતુ'ને પણ તેમની તંત્રી તરીકેની સેવાઓ

પ્રાપ્ત થયેલી.

મોહનભાઈએ 'વાણી'નું કાર્ય હાથ ધર્યું ત્યારથી જ ભાષા-સાહિત્યની ઝીણી કહેવાય એવી બાબતોમાં રસ લેવાનું, એ અંગે ખણખોદ કે ઊહાપોહ કરવાનું શરૂ કરી દીધેલું. અધ્યયન-સંશોધન-સંપાદન અને અનુવાદનાં ક્ષેત્રોમાં મનોવિચરણ કરતાં જે કેટલીક ઉપલબ્ધિઓ તેમણે અંકે કરી તે તેમના 'ઉપનયન' (૧૯૬૬) અને 'ધૃતિ' (૧૯૭૫) જેવા વિવેચનગ્રંથોમાં સંગૃહીત થઈ છે. ગુજરાતી કહેવતો ને એમાં આવતા સગાઈસંબંધોની તો મધ્યકાલીન ફાગુના સ્વરૂપની અને પ્રેમાનંદની કવિતામાં આવતા સંસ્કૃતિ-સંદર્ભની વાત એમણે કરી છે. ગોવર્ધનરામભાઈ ને ગાંધીજી પ્રતિ તેમનું આકર્ષણ રહ્યું છે. તેમણે રાજેન્દ્રની કવિતા વિશે અને આધુનિક કવિતામાં થતા પ્રકૃતિચિત્રણ વિશે પણ પ્રસંગોપાત્ત ચર્ચા કરી છે. 'ધૃતિ'માં જીવનચરિત્રના સ્વરૂપ વિશેની તેમની ચર્ચા મહત્ત્વની છે. જીવનચરિત્ર અને આત્મચરિત્રમાં સત્યના નિરૂપણ વિશેનો તેમનો ઊહાપોહ ધ્યાનાર્હ છે. તેમણે આ ગ્રંથમાં મધ્યકાલીનથી માંડી આધુનિક કૃતિઓ સુધી પોતાના વિવેચનકર્મને વિસ્તાર્યું છે. ગુજરાતીમાં ગદ્ય, અનુવાદ, સંક્ષેપ જેવા વિષયો પરની એમની છણાવટ ઘણી ઉપયોગી થાય એવી છે. મોહનભાઈએ 'ચંદ્રવદન ચી. મહેતા' નામની પુસ્તિકા 'ગુજરાતી ગ્રંથકાર શ્રેણી'ના ૨૯મા મણકારૂપે આપી છે. તેમાં ચંદ્રવદનનાં નાટક, કવિતા, વાર્તા-નવલકથા, વિવેચન, આત્મચરિત્ર અને ગદ્ય જેવાં વિવિધ પાસાં લઈને તેમણે રસપ્રદ વિવેચના કરી છે. આ પૂર્વે 'ધૃતિ'માં તો ચંદ્રવદનના ગદ્ય વિશેનો તેમનો સ્વતંત્ર લેખ છે જ. મોહનભાઈએ ગુજરાતીમાં અનુવાદક્ષેત્રે જે કામગીરી કરી છે તે નવલરામ, નગીનદાસ, ઉમાશંકર જોશી જેવાની તદ્‌વિષયક ચર્ચા સાથે જ ધ્યાનમાં લેવી પડે એ પ્રકારની છે. તેમણે તૈયાર કરેલી 'અનુવાદવિજ્ઞાન' પુસ્તિકા રસિકલાલ પરીખના પુરોવચન સાથે ૧૯૭૦માં પ્રગટ થઈ હતી. તેમાં અનુવાદ-પ્રવૃત્તિને વિજ્ઞાનની ભૂમિકાએ જોવાનો ઉપક્રમ છે. ૧૯૭૫માં ગૂજરાત વિદ્યાપીઠમાં આ અનુવાદના વિષયને લઈને યોજાયેલી સંગોષ્ઠિમાંના લેખો એકત્રિત કરી મોહનભાઈએ સંપાદિત કરેલું 'અનુવાદની સમસ્યાઓ એક સંગોષ્ઠિ' પુસ્તક અનુવાદક્ષેત્રે કામ કરનાર અભ્યાસીઓને કેટલીક રીતે લાભપ્રદ થાય એવું છે.

આપણે ત્યાં પીઢ સાહિત્યકારોને બાલસાહિત્યનું ક્ષેત્ર કંઈક ઓરમાયું રહ્યું હોય એવું લાગ્યા કરે છે. એમના તરફથી બાલ- સાહિત્યના ક્ષેત્રે કામ કરનાર બાલસાત્યિકારોને બાલસાહિત્ય-વિષયક ચર્ચા-વિચારણા-વિવેચના આદિનો જરૂરી લાભ મળતો નથી એ હકીકત છે. મોહનભાઈએ એ શરમજનક' પરિસ્થિતિના પ્રતિકાર ને નિવારણ માટે હોય તેમ એ ક્ષેત્રે સર્જન-વિવેચન-સંપાદન-અનુવાદ આદિ વિવિધ પ્રકારની પ્રવૃત્તિ કરીને કેટલુંક ઉલ્લેખનીય કાર્ય મૂક્યું છે. 'બાલપોથી'થી 'બાલભારતી', સુધીના સીમાક્ષેત્રમાં એમનો જે ગતિસંચાર જોવા મળે છે તે પ્રશસ્ય છે. આણંદની ચરોતર એજ્યુકેશન સોસાયટી તરફથી સંયોજક શ્રી ઈશ્વરભાઈ પટેલની સૂચનાથી મોહનભાઈએ શ્રી રમેશભાઈ કોઠારીને સાથે રાખીને 'બાલભારતી'ના બાર ગ્રંથોની એક સુંદર આયોજના કરી હતી. તદનુસાર ૧૯૭૦થી બાલભારતીના જે મણકા પ્રગટ થતા રહ્યા તે બાળકના સર્વાંગીણ વિકાસમાં મદદ થાય એવી મનોહર લેખ અને ચિત્રસામગ્રી પીરસતા હતા. એ 'બાલભારતી'ના દસ મણકા પુનઃ પ્રકાશિત કરવા જેવા છે. મોહનભાઈએ બાળકો માટે થઈને 'પરાગની નોંધપોથી' (૧૯૯૮) જેવું રોજનીશી પ્રકારનું રૂપકડું પ્રકાશન ચિત્રકાર અને બાલસાહિત્યકાર વી. રામાનુજની મદદ લઈને કર્યું છે. એ અનેકધા બાલશિક્ષણકાર તરીકેની મોહનભાઈની વિચક્ષણ પ્રતિભા-છવિનું દ્યોતક બની રહે એવું છે. તેમણે 'ગુજરાતીમાં બાળસાહિત્ય' એ પુસ્તક બે વર્ષની જહેમતે તૈયાર કરી ૧૯૮૫માં આપ્યું. આ પુસ્તક 'બાળકોના સંદર્ભે બાળસાહિત્યનો વિચાર કરીને તે વિશેની અધ્યાપનસામગ્રીનું સંકલન કરવાના પ્રયત્નમાંથી નીપજી આવ્યું છે.' ગુજરાતી ભાષામાં આ પ્રકારનું સંભવતઃ આ પ્રથમ પુસ્તક છે. મોહનભાઈએ બાલસાહિત્ય અંગેના પરિસંવાદોના પરિપાકરૂપે 'શિશુલોક'નો પરિસંવાદ-વિશેષાંક ૧૯૯૧માં પ્રગટ કરેલો. એ જ રીતે ૮–૯, માર્ચ, ૧૯૯૨માં ભાવનગરમાં બાલકાવ્ય અંગે યોજેલા પરિસંવાદની ફળશ્રુતિરૂપે તેમણે 'બાળકાવ્ય 'સર્જન અને ભાવન' એ ગ્રંથ આપેલો. (સંપાદન, ડૉ. રજનીકાન્ત જોષી સાથે.) ગુજરાતીમાં બાલસાહિત્ય અંગેની કેટલીક માર્ગદર્શક વિચારસામગ્રી અને માહિતી એમાં સુલભ થઈ શકી છે. આ સિવાય આ બાલશિક્ષણને અનુલક્ષીને 'કાવ્ય અને બાળક' (૨૦૦૦) તો બાળકોને વ્યાકરણના પાઠ આપતી 'બાલ-આનંદ' ગુજરાતી વ્યાકરણ (ધો ૨-૩-૪ અને ૫)ની બે પુસ્તિકાઓ પણ તેમના તરફથી મળી છે. તેમણે આ લખનારની મદદ લઈ 'ગુજરાતીમાં વિરામચિહ્નો' (૧૯૭૩) જેવું આ વિષયક્ષેત્રનું આજ લગીનું લગભગ અનન્ય કહેવાય એવું પુસ્તક તો આપેલું, તે પછી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓને નજર સામે રાખી 'વિરામ-ચિહ્નો' (૧૯૯૨, બી. આ. ૧૯૯૫), તેમ જ 'સંક્ષેપીકરણ' (૧૯૯૯) પુસ્તિકાઓ પણ આપેલી છે. તેમણે યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડના નેજા હેઠળ 'લેખન માર્ગદર્શિની' નામની પુસ્તિકા પણ તૈયાર કરી હતી. મોહનભાઈએ ૧૯૯૬માં 'શિક્ષક નિર્દર્શિની' નામની ધોરણ ૧ અને

૨ માટેની અધ્યાપનપોથીઓ પણ તૈયાર કરી આપી હતી. આવાં તો અનેક કાર્યો તેમણે ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ તેમ જ અન્ય મંડળો—સંસ્થાઓ માટે અવારનવાર કર્યાં છે. વિદ્યાર્થીઓ માટેની પાઠ્યસામગ્રી તૈયાર કરવામાં મોહનભાઈની આગવી અને ઊંડી સમજદૃષ્ટિ હતાં તે આપણે સ્વીકારવું જ રહ્યું. છેલ્લે છેલ્લે મોહનભાઈ અને આ લખનારે સચિત્ર બાલકોશ માટેની હસ્તપ્રત પણ ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળને આપી હતી. એ નજીકના ભવિષ્યમાં પ્રકાશિત થાય એમ આપણે ઇચ્છીએ.

મોહનભાઈએ ૧૯૬૬માં નવલરામકૃત 'કવિજીવન'નું સંપાદન આપ્યું. તે પછી ચંદ્રવદન મહેતા સાથે 'વાગ્વ્યાપાર અને વાક્છટા' (૧૯૭૩) ગ્રંથનું તો આ લખનાર સાથે 'બૃહદ ગુજરાતી કાવ્યપરિચય'ના બે ભાગનું 'શ્રી નગીનદાસ પારેખના આમુખ સાથે સંપાદન કરેલું. આ ઉપરાંત ૧૯૭૭માં ભાષા-સાહિત્ય દ્વારા રાષ્ટ્રિય એકતા તથા 'બૃહદ ગુજરાતી ગદ્યપરિચય'ના બે ભાગનું એ નામનું પરિસંવાદગત લેખોનું સંપાદન પણ આ લખનાર સાથે કરેલું. ૧૯૭૫માં, ચંદ્રવદન મહેતાની કવિતામાંથી પસંદ-કરેલી કેટલીક કૃતિઓનું 'ચઢો રે શિખર રાજા રામના' નામે સંપાદન શ્રી ચિનુ મોદી સાથે તેમણે કરેલું. 'ચાર ફાગુ' (૧૯૬૨) એમનું મધ્યકાલીન ફાગુઓનું સંપાદન છે, જે તેમણે શ્રી કનુભાઈ જાની જોડે કર્યું હતું.

મોહનભાઈએ કોશપ્રવૃત્તિમાં પણ કેટલુંક નોંધપાત્ર પ્રદાન કરેલું છે. સાર્થ ગુજરાતી જોડણીકોશના કામમાં એમણે વિવિધ તબક્કે જોડાવાનું થયેલું. તેઓ વિનીત જોડણીકોશના કાર્યમાં શ્રી મગનભાઈ દેસાઈ સાથે રહ્યા હતા. છેલ્લે છેલ્લે તેઓ સાથે ગુજરાતી જોડણીકોશના નૂતન સંસ્કરણ માટે પણ દત્તચિત્ત હતા. તેમણે ગુજરાતી જોડણી સભાના અન્વયે પત્રિકાપ્રકાશન કરવા સાથે, કોશકાર્યના તાલીમાર્થીઓને ઉપયોગી થાય એવી પાઠ્યસામગ્રીના નિર્માણનોયે વિચાર કરેલો અને તેના અનુષંગે 'ફક્ત કોશકાર્યાલયના ઉપયોગ સારુ' એક હાથપોથી પણ તૈયાર કરી. આ ઉપરાંત તેમને આયુષ્યના અવશેષે ગુજરાતી ભાષા-સાહિત્યના ક્ષેત્રે, શિક્ષણના ક્ષેત્રે હજુયે કંઈક ને કંઈક નવું કરવાની ભાવના હતી. ગુજરાત માટે બાલવાર્તાઓ કેવી રીતે લખાવી જોઈએ તે અંગે તેમનું પોતાનું દર્શન હતું અને તદનુસાર આગવું એ દિશામાંયે એમણે કેટલુંક ધ્યાનાર્હ કાર્ય કર્યું. તેમણે નવનીત પ્રકાશન માટે 'વાર્તા લો, કોઈ વાર્તા' (ભાગ. ૧-૪), 'છોકરાં રે ! વાર્તા આવી' (ભાગ ૧-૪), – 'ચટપટી વાર્તાઓ' (ભાગ ૧-૪) અને 'લો કહું વાર્તા' (ભાગ, ૧-૪) એમ કુલ ૧૬ ભાગમાં ગુજરાતી બાલવાર્તા સાહિત્યની કેટલીક ઉત્તમ કૃતિઓ નવેસરથી, પોતાની રીતે લખીને ૧૯૯૮માં ગુજરાતના બાલજગતને આપી. એ વાર્તાઓ સદ્ભાગ્યે હિન્દી, મરાઠી તેમ જ અંગ્રેજીમાં પણ પ્રકાશન પામી છે. 'મહાજનમ્' જેવી સંસ્થાના નેજા હેઠળ બાળકો-કિશોરો માટેના સાહિત્યના કેટલાક નમૂનેદાર પાઠ તૈયાર કરી આપવાનો રસાત્મક પુરુષાર્થ કર્યો હતો. એમણે ૧૯૬૪માં 'આલ્બર્ટ સ્વાઈત્ઝર' જેવી એક કિશોરભોગ્ય સ-રસ ચરિત્રકથા આપેલી, એ રીતે તેમની પાસેથી ગાંધીકથા પણ આપણને મળી હોત તો ? પણ 'તો'ની વાત જવા દઈએ. તેમની તેજસ્વી દૃષ્ટિએ શિક્ષણ અને સાહિત્યનાં ક્ષેત્રોમાં કેટલાંક એવાં મજબૂત રેખાંકનો કરી આપ્યાં છે કે જો ભવિષ્યની પેઢી એમાં રંગપૂરણીનું કામ કરશે તો ઘણું ઘણું રળિયામણું ચિત્ર એમાંથી ઉપસાવી શકશે. એમનાં વિદુષી પત્ની ડૉ. હંસાબહેનની અને એમનાં સંસ્કાર અને કલારસિક સંતાનોની હવે મોટી જવાબદારી છે સદ્ગત મોહનભાઈનાં સ્વપ્નોને સિદ્ધ કરવાની. પરમાત્મા એમના પરિવારને એ માટે શક્તિ અને સુવિધા અર્પો એવી પ્રાર્થના.

મોહનભાઈની ગતિ અધ્યાત્મ પ્રતિ પણ કેન્દ્રિત થતી જતી હતી. હંસાબહેનની સાથે મોહનભાઈ પણ શ્રદ્ધેય શ્રી વિદિતાત્માનંદજીની અક્ષરસેવામાં સક્રિય રસ લેતા થયેલા. કેવળ સમર્પિત ભાવે જ્ઞાનવિદ્યા ને તત્ત્વવિદ્યાની પ્રવૃત્તિમાં રમમાણ રહેવામાં તેમને આનંદ આવતો હતો. આ મોહનભાઈ અનેકોના ઉત્તમ શિક્ષક અને માર્ગદર્શક હતા. તેમનો એક એવો બહોળો છાત્ર-પરિવાર પણ છે, જે તેમને ઓશિંગણભાવે યાદ કરતાં સહેજેય આર્દ્ર થઈ જાય છે. સદ્ગત મોહનભાઈને આપણી અંતઃકરણપૂર્વક શ્રદ્ધાંજલિ.

- ચંદ્રકાન્ત શેઠ

પ્રાપ્ત પ્રકાશનો

ખાલી ખિસ્સે મેળામાં (નવલકથા) લે. ભૂપત વડોદરિયા, પ્ર. નવભારત સાહિત્ય મંદિર, ૧૩૪, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ અને ગાંધીરોડ, અમદાવાદ-૧. ક્રાઉન સાઇઝ, પાકું પૂઠું. પૃ. ૨૭૨, રૂ. ૧૨૧. *આપણાં ઉપનિષદો* (એક ઝાંખી) લે. બકુલ રાવળ, પ્ર. પ્રતાપ વોરા, નૂતન કપોળ સમાજ, ભરત વિલા, ફડિયા રોડ, કાંદિવલી (પશ્ચિમ) મુંબઈ-૪०००૬૭, ડિમાઇ સાઇઝ, કાચું પૂઠું) પૃ. ૧૪૪, રૂ. ૭૦. *મગનું નામ મરી* (લેખસંગ્રહ) લે. વિનોદ ભટ્ટ, પ્ર. ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, રતનપોળ નાકા સામે, ગાંધીરોડ, અમદાવાદ-૧, ક્રાઉન સાઇઝ, કાચું પૂઠું, પૃ. ૧૫૨, રૂ. ૬૦. *પદ્મનિદ્રા* (કાવ્યસંગ્રહ) લે. રામચન્દ્ર પટેલ, પ્ર. ઉપરમુજબ, ડિમાઇ સાઇઝ, કાચું પૂઠું પૃ. ૧૩૬, રૂ. ૮૫. *અવધૂત* (કચ્છી નવલકથા) લે. ગૌતમ જોષી, પ્ર. ભુજ ટાઇમ્સ પબ્લિકેશન્સ, રૂબીવાળી શેરી, દરબારગઢ રોડ, ભૂજ-કચ્છ, ડિમાઇ સાઇઝ, કાચું પૂઠું, પૃ. ૮૦, રૂ. ૪૦.

મહેલોની નગરી મૈસૂર
(દેશાટન-૩૭)



પયટકોનું સ્વર્ગ મૈસૂર બેંગલોરથી ૧૪૦ કિ.મી. દૂર આવેલું છે. પહેલાં એ રાજધાનીનું શહેર હતું. પોતાની કુદરતી સુંદરતાને કારણે આજે પણ પર્યટકોને મંત્રમુગ્ધ કરી દે છે. ઓડયર રાજઘરાનાનું નિવાસસ્થાન મૈસૂરના રાજમહેલની કલાત્મક ભવ્યતાથી ભારતના મોટા રાજમહેલમાં એની ગણતરી થાય છે. આ કલાત્મક મહેલનું મુખ્ય આકર્ષણ તેનું સોનાનું સિંહાસન છે. દસ દિવસ સુધી ચાલતો દશેરાનો ઉત્સવ મૈસૂરનો વિખ્યાત તહેવાર છે. આ દિવસોમાં આખું શહેર સાંસ્કૃતિક કાર્યક્રમો, શોભાયાત્રા અને મશાલ-સરઘસ વગેરે કાર્યક્રમોથી ધમધમી ઊઠે છે. દશેરાના દિવસે હાથી પર સોનાની અંબાડી પર ત્યાંના રાજા બિરાજે છે અને શોભાયાત્રા નીકળે છે, પણ હવે શોભાયાત્રામાં રાજાને બદલે સોનાની અંબાડી પર ત્યાંની આરાધ્યદેવી ચામુંડેશ્વરીની મૂર્તિ પધરાવવામાં આવે છે. ચામુંડા પહાડની તળેટીમાં આવેલો 'લલિત મહેલ' જેમાં ઇટાલીના સંગેમરમરની સીડીઓ, સ્વાગત-હૉલ, ભોજન-હૉલ, વગેરે તેની વિશેષતા છે. જગમોહનમહેલ એક આર્ટગૅલરી બની ગયો છે અને તેમાં ચિત્રકાર રાજા રવિ વર્મા અને સ્વત્સલેવ રોરિકનાં ચિત્રોનું સંગ્રહસ્થાન છે.

એક સમયનું રાજઘરાનાનું નિવાસ સ્થાન 'ચેલુવામ્બા મેન્શન' સુંદર સ્થાન છે. હાલ એમાં સેન્ટ્રલ ફૂડ ઍન્ડ ટૅક્નોલૉજિકલ રિસર્ચ ઈન્સ્ટટ્યૂટ બેસે છે. ચામુંડા પર્વત પર વચ્ચે એક અખંડ પથ્થરમાં કોતરેલી ૪.૮ મીટરની નંદીની મૂર્તિ છે અને શિખર પર ચામુંડેશ્વરી માતાનું ભવ્ય મંદિર આવેલું છે. સેન્ટ ફિલોમિના ચર્ચના ચિત્રકલાયુક્ત કાચનાં બારણાં અને ઊંચો મિનારો જોવાલાયક છે. મૈસૂર અને તેની આસપાસનાં જોવાલાયક સ્થળોએ જવા માટે દરરોજ બસ-સેવા ઉપલબ્ધ છે. શહેરમાં રહેવા-ઊતરવા માટે સુવિધાયુક્ત હોટેલો છે. આખું વર્ષ અહીંનું વાતાવરણ મનોરમ્ય હોય છે.

('યોગક્ષેમ'ને આધારે)





દરદ ઘૂંટી ઘૂંટી દવા નીપજાવે :
કવિનું શું દિલ છે, ખુદાઈ ખરલ છે...
કહે કોણ 'ગાફિલ', કે ગઝલો લખાતી ?
જે ટપકે આંખથી એ આંસુ ગઝલ છે.

-મનુભાઈ ત્રિવેદી


સદ્‌ગત શ્યામ સાધુ

શ્યામ સાધુ એ ગુજરાતી ગઝલક્ષેત્રે ગરવું નામ છે. ગુજરાતી ગઝલને નિરાળી ગતિ અને ગરિમા બક્ષનારા આદિલ, રાજેન્દ્ર, મનોજ, મનહર, ચિનુ આદિની પંગતમાં શ્યામ સાધુ પણ આધિકારપૂર્વક બેસે છે. એ ગઝલકારોની માફક શ્યામ પણ પ્રયોગશીલ ગઝલની શક્યતાને પૂરા સામર્થ્ય સાથે તાગવા મથે છે.

શ્યામ સાધુને નામે કવિતાનો મબલખ ફાલ ઉતારનાર આ કવિનું મૂળ નામ તો છે શામળદા મૂળદાસ સોલંકી. પંદર જૂન ૧૯૪૧ના રોજ જૂનાગઢમાં તેમનો જન્મ. મૅટ્રિક સુધીનો અભ્યાસ કરીને કવિ વ્યવસાય તરફ વળે છે. થોડો વખત ઓક્ટ્રોય કલાર્ક તરીકેની જવાબદારી સંભાળે, તો કેટલોક સમય સસ્તા અનાજની દુકાને કે સાઈકલ રિપેરિંગની દુકાન સાથે પણ જાતને જોડે. પરંતુ મુક્તમિજાજી કવિ છેલ્લાં ઘણાં વર્ષોથી કેવળ શબ્દસાધનામાં જ વખત વિતાવતા. તાજેતરમાં જ રૂપિયા એક લાખનો ડૉ. બાબાસાહેબ આંબેડકર પુરસ્કાર પ્રદાન કરીને ગુજરાત સરકાર દ્વારા કવિની પ્રતિભાનાં પોખણાં પણ થયાં. પરંતુ આ કવિની ફળવતી કલમ ગુજરાતી ગઝલને હજુ પણ વધુ રસસમૃદ્ધ કરે એવું વિધાતાને જાણે કે મંજૂર ન હોય તેમ, કવિ કૅન્સરની અસાધ્ય બીમારીનો ભોગ બને છે અને-

'શ્વાસના રસ્તા અહીં પૂરા થયા, દ્વાર મૃત્યુનાં કહો તો ખોલીએ.'

એવું કહેનારો આ કવિ, એકાએક જ મોટે ગામતરે ચાલી નીકળે છે ! પોતાના અક્ષરદેહને સૌ સહૃદયોમાં વહેંચીને શ્યામ સાધુ તા. ૧૬-૧૨-૨૦૦૧ની રાત્રિએ



ક્ષરદેહે આપણી વચ્ચેથી વિદાય લે છે.

શ્યામ સાધુ પાસેથી 'યાયાવૅરી' (૧૯૭૩), 'થોડાં બીજાં ઇન્દ્રધનુષ્ય' (૧૯૮૭) તથા 'આત્મકથાનાં પાનાં' (૧૯૯૧) જેવા ત્રણેક કાવ્યસંગ્રહો સાંપડે છે. ચોથો સંગ્રહ પ્રગટ થવાને આરે છે. તેમણે કેટલાંક ગદ્યકાવ્યો આપ્યાં હોવા છતાંય તેમની પ્રથમ અને પ્રબળ ઓળખ તો એક બળૂકા ગઝલકાર તરીકેની જ રહી છે. શ્યામ સાધુ, ગઝલમાં અપેક્ષિત ગઝલિયત અને શેરિયત ઉભયને સહજ રીતે જ સિદ્ધ કરે છે, તો સાથોસાથ કશા જ

અભિનિવેશ વિના તેઓ પ્રયોગશીલ વલણ પણ દાખવે છે.

પ્રત્યેક સર્જકને માટે મહિમાવંત બનતા શબ્દનો મબલખ મહિમા શ્યામ સાધુ પણ સ્વીકારે છે. અબાબીલ અને ઝાકળપંખી જેવા શબ્દોનું કામણ આ કવિ પણ પહેલેથી જ પિછાણે છે, પ્રમાણે છે. શબ્દ જેવા શૂરવીર સાથીની સોડમાં રહ્યા પછી મૂંઝારો શાનો ? એવો પ્રશ્ન છેડીને, કવિ શબ્દની શક્તિનું સમુચિત મહિમાગાન કરે છે :

શબ્દ તો શૂરવીર બત્રીસ-લક્ષણો,
શી કમી છે, કેમ હું મૂંઝાઉં છું ?

શ્યામ સાધુ પ્રેમતત્ત્વને પોતીકી રીતે પરિભાષિત કરે છે. આપણા અનેક શાયરો એ ગઝલમાં પ્રણયાશ્રિત ભાવોનું આલેખન સ્વાભાવિક રીતે જ થયું છે ને એમના દ્વારા પ્રેમને પરિભાષિત કરવાના પ્રયત્નો પણ થયા કર્યા છે, પરંતુ આ શાયર, 'મહોબ્બત એટલે ફૂલોના જાસા' એવું સમીકરણ આપીને નિજી મુદ્રા આંકે છે, તો સાથે જ કવિકર્મનો પર્યાપ્ત પરચો પણ આપે છે :

પછી વનવન, નગર ચોમેર જઈ જઈને અને કીધું,
મહોબત કૈં નથી બીજું ફકત ફૂલોના જાસા છે !

શ્યામ સાધુની ગઝલોમાં પ્રણાયાનુભૂતિની નજાકત છે, તો અભિવ્યક્તિની તાજપ પણ છે. અહીં, લૌકિક પ્રણયના વિવિધ રંગોમાંથી કવિનું ઇશ્કેમિજાજી વલણ પ્રગટે છે, તો કેટલીક વાર સૂફીવાદના સંસ્પર્શને પરિણામે કવિ, ઇશ્કેહકીકી છટા પણ પ્રગટાવે છે. જેમકે -

લોહીમાં જઈ ભળ્યું તે તું,
સ્વપ્ન થઈ જે ઢળ્યું તે તું.

'ઉદાસીનો અર્થ કોણ કરે ?' એવો પ્રશ્ન છેડતા શ્યામ સાધુની ગઝલોમાં ઉદાસી એ જાણે કે સ્થાયીભાવ રૂપે અવારનવાર આવે છે. કવિની અનેકાનેક ગઝલોમાં ઉદાસીનો સૂર તારસ્વરે સંભળાય છે. સતત રહેતી ઉદાસીની આવજાથી અકળાયા પછી એ ઉદાસીથી અળગા થવાનું તો ઘણુંયે મન થાય, પણ ઉદાસીના ભરડામાંથી મુક્ત થવું એટલું સહેલું ક્યાં છે ? અને તેથી જ તો સર્જકચિત્તનો સવાલ છે કે-

વસ્ત્ર ભીનાં હો નિતારી નાખીએ,
પણ ઉદાસી ક્યાં ઉતારી નાખીએ !

કવિનું ચિત્ત પરબીડિયાની વચ્ચે ઉદાસી ઊગી નીકળતી કલ્પે છે. તો પથ્થરો વચ્ચે પડેલી ઝરણાંની ઉદાસીને પણ નિહાળે છે. પરંતુ ઉદાસીઘેર્યું સર્જકમન એમ મુરઝાય એવું નથી. કોઈ આશ્વાસકનું આગમન થાય તો ઉદાસી પણ અવસરમાં પરિણમે એવી શક્યતા પણ એ નકારતું નથી, અને એટલે જ ઉદાસીને અવસર બનાવવા માટે એમને આવવાનું ઈજન આપે છે :

આવો તો આ ઉદાસીને અવસર બનાવીએ,
બાકી તો આખી જિંદગી અવસર વગર પડી !

કોઈ પણ સર્જક સમકાલીન સમાજસંદર્ભથી અલિપ્ત કેમ રહી શકે ? અને તેથી જ તો શ્યામ સાધુની અનેક ગઝલોમાં પણ, નગરજીવનની નિષ્ઠુરતા અને યંત્રયુગે માનવની વિષમતાનું અવતરણ થાય છે. નગરજીવનની યાંત્રિકતાએ આજે માણસને બુઠ્ઠો અને બધીર બનાવી દીધો છે ત્યારે, ભરચક્ક ભીડ કે ભીંસમાં ભીંસાતા માણસ કે પાંચ-સાત તારીખની વચ્ચે અટવાયેલા રઘવાયા માણસની કરુણ સ્થિતિ પર મર્મવેધક કટાક્ષ કરતાં કવિ કહે છે :

માણસ ભીની મહેક નથી પણ અફવાઓ છે,
માણસ, માણસ વચ્ચે માણસ ખોવાયો છે.

આ નગરવાસીને ઋતુઓની રમણીય લીલાને માણવા કે પિછાણવાનો વખત જ ક્યાં છે ? ઉતાવળે અને ઊડતી નજરે વંચાતા અખબારની માફક જ ઋતુઓને પણ વાંચી કાઢવાની ચેષ્ટા છે આ નગરવાસીની ! નગરજનને મળેલા જીવવાના ચપટીક એવા અવકાશમાં ઋતુઓની રમણાને તો સ્થાન જ નથી. અહીં તો ઋતુઓ પણ માણસના સમયપત્રકમાં બંધિયાર બની જાય છે. આ કમનસીબી પ્રત્યે પણ કવિ માર્મિક પ્રહાર કરે છે :

અખબારોની જેમ ઋતુઓ વાંચી લઉં છું.
જીવી જવાનો પળ બે પળ જો સમય મળે છે !

શ્યામ સાધુના સંવેદનને મળેલી નૂતન અને તાજગીપ્રદ અભિવ્યક્તિ પણ એમની ગઝલનું નિરાળું ને નાજુક-નમણું રૂપ રચી આપે છે. કવિની મનોહર કલ્પનાનું રૂડું પરિણામ આવે છે ત્યારે, સહૃદયને સતત મમળાવવા ગમે એવા ઘણા શેર સાંપડે છે. નખશિખ ગઝલિયત અને શેરિયતને કારણે સ્મૃતિપટ પર અનિવાર્યપણે કોતરાઈ જાય અને કલ્પનાની મનોહારિતાને લીધે સીધા સ્પર્શી જાય એવા શેર ઓછા નથી.

કલ્પન, પ્રતીક અને પુરાકલ્પન જેવાં અભિવ્યક્તિનાં ઉપકરણો પણ શ્યામ સાધુની ગઝલોને આકર્ષક રૂપ બક્ષે છે. ઇન્દ્રિયસંતર્પક કલ્પનો, અર્થઘન પ્રતીકો, પુરાણનાં પાત્રો-પ્રસંગોને નૂતન અર્થઘટન સાથે પ્રયોજતાં પુરાકલ્પનો તેમની ગઝલોની આકર્ષકતામાં અતિવૃદ્ધિ કરે છે, અને કવિના કવિકર્મનો પર્યાપ્ત પરિચય પણ કરાવે છે. આ ઉપરાંત કવિનું ભાષાકર્મ, ભાવને દૃઢાવવા માટે અજમાવાતી વિવિધ પ્રયુક્તિઓ તેમજ બોલાતી ગઝલ નિપજાવવા માટે ખપમાં લેવાતા બોલચાલના લય-લહેકા પણ કવિના અંદાજ-એ-બયાંની મોંઘી મૂડી બની રહે છે.

શ્યામ સાધુની ગઝલોમાંનું કવિનું નિજી સંવેદન અને તાજગીપૂર્ણ અભિવ્યક્તિ, આમ, કવિના સર્જકકર્મનો સંતર્પક પરિચય કરાવે છે અને આ કવિને ગુજરાતી ગઝલના ઇતિહાસમાં પોતીકું સ્થાન અપાવે છે.

-નીતિન વડગામા

૧૨ કિલોનું ફ્લાવર ઉગાડતા શ્રી જગદીશપ્રસાદ પારીખ

ખેડૂત, કવિ અને હાડવૈદ્યની ત્રિવેણી પ્રતિભા ધરાવતા આ ખેડૂતની કોઠાસૂઝ શું કરી શકે ? તે અહેવાલ શ્રી પારીખના જ શબ્દોમાં : રાજસ્થાનના સિકર જિલ્લાના અજિતગઢ ગામમાં બ્રાહ્મણ પરિવારમાં ૪ ફેબ્રુઆરી ૧૯૪૭ના દિવસે જન્મ થયો. બાળપણમાં મામાના ઘરે રહી માધ્યમિક શાળા સુધીનું શિક્ષણ લીધું. ત્યાર બાદ આસામમાં સરકારી નોકરી કરવા ગયો. ત્યાં એક મુસ્લિમ હાડવૈદ પાસે હાડવૈદું શીખ્યો. ઘરે આવી મને ખેતીવાડીનું કામ સોંપાયું. આ જ અરસામાં લગ્ન થયાં. આજે મારે ચાર દીકરા છે.

અમારા ઘરની બાજુમાં જ ૧.૬ હેક્ટર ખેતીની જમીન છે. ખેતરના શેઢે લીમડા અને લીંબુડીઓ છે. લીમડાનાં પાનનું સેન્દ્રિય ખાતર બનાવીએ છીએ. અમારી મુખ્ય ખેતી ફ્લાવરની ઉપરાંત ઘઉં, જુવાર, દૂધી, રીંગણ, કોળું અને તૂરિયાંનો પાક પણ લઈએ છીએ. ફ્લાવરના પાકમાં વધુ ચીવટ રાખીએ છીએ કારણ, તેમાં વધુ નફો મળે છે. ૧૯૭૦માં હું જયપુરમાં બિયારણ ખરીદ કરવા ગયો. ત્યાં એક ખેડૂતના ખેતરમાં ફ્લાવરના ધરુરોપા જોયા. મેં ખેડૂતને વિનંતી કરી થોડા છોડ મેળવ્યા. જે ઘરે આવી કૂવા પાસે ફેર રોપણી કરી. આ છોડવાઓમાંથી કેટલાક છોડ વિશિષ્ટ જણાયા, જેનાં ફળ સફેદ હતાં અને સામાન્ય કરતાં કદમાં મોટાં હતાં. આ જોઈ મને પસંદગીના આ છોડમાંથી બિયારણ મેળવવાનો વિચાર થયો.

અમારા ગામમાં એ સમયે ફ્લાવરની ખેતી કોઈ કરતું નહોતું. તેથી બિયારણમાં શુદ્ધતા જળવાઈ રહી. સૌથી મોટા ફ્લાવરને બિયારણ તરીકે સાચવ્યાં અને બીજે વર્ષે ફરી તેનું વાવેતર કર્યું. આમ ને આમ સામાન્ય કરતાં મોટાં સરેરાશ આઠ કિલો વજનનાં ફળ આપતાં ફ્લાવરનું બિયારણ તૈયાર થયું છે. અત્યાર સુધીમાં સૌથી વધુ ૧૨ કિલો અને ૧૦૦ ગ્રામ વજનનું ફ્લાવર ઉગાડ્યું છે. ૧૯૯૯માં ૧.૨ હેક્ટર જમીનમાં ૬૧ ટન ફ્લાવરનો પાક મેળવ્યો છે.

અમે વિકસાવેલી ફ્લાવરની આ જાતને અમે અજિતગઢ સિલેકશન નામ આપ્યું છે. આ જાત અન્ય સંકર જાતો કરતાં ઘણી જુદી પડે છે. ગરમીની વધઘટની અસર તેને થતી નથી. ઉપરાંત રોગજીવાતનો ઉપદ્રવ ઓછો થાય છે. અમારી જાત રાસાયણિક દવા-ખાતર વાપરીને ઉગાડેલાં ફ્લાવર કરતાં ચઢિયાતી છે. આ જાત અમે બારેમાસ ઉગાડી શકીએ છીએ.

આગળના વર્ષના પાકમાંથી બીજ તૈયાર કરી રોપ ઉછેરીએ છીએ. સામાન્ય રીતે ૨૦થી ૨૨ દિવસે છોડ ત્રણ ઈંચના ફેરરોપણી કરવા જેવા થઈ જાય છે. વાવેતર-અંતર બે ચાસ વચ્ચે દોઢ ફૂટ અને બે છોડ વચ્ચે બે ફૂટ રાખવામાં આવે છે. ધરુ-ઉછેર સમયે જરૂરિયાત મુજબ દર ત્રીજા દિવસે પિયત આપવાનું હોય છે. વધુ પિયતથી ક્યારેક પાક બગડતો હોય છે.

ફ્લાવરમાં ઈયળ લાગતી હોય છે, જે પાનને કાતરી ખાય છે. તેના નિયંત્રણ માટે અમે ૨૫૦ ગ્રામ મોરથુથુ, એક કિલો ગ્રામ રાખ અને ૨૫૦ ગ્રામ ચૂનાનું મિશ્રણ-આ ત્રણેનો ભૂકો કરવામાં આવે છે. તેને એક પૂંઠા ઉપર રાખી ભૂંગળી અથવા પાઈપ વડે મોંથી ફૂંક મારી પાક ઉપર ઉડાડવામાં આવે છે. આ પદ્ધતિમાં લગભગ દોઢ કિલો મિશ્રણ એક હેક્ટરના પાક માટે પૂરતું છે. ફ્લાવરના પાકમાં વાદળછાયા વાતાવરણમાં તથા વધુ ઝાકળ હોય ત્યારે કાળી છાંટનો રોગ લાગે છે. પાકને આ રોગથી બચાવવા ફળને તેના પાનથી ઢાંકી દઈએ છીએ.

મારા આ સંશોધન-કાર્યમાં વીજળીનો અપૂરતો પુરવઠો સમસ્યારૂપ છે. બીજા બધા ખેડૂતો ઘઉંનો પાક કરે છે, જેમાં બારથી પંદર દિવસે પિયત આપવાનું હોય છે. જ્યારે મારે ફ્લાવરના પાકમાં પાંચ-છ દિવસે પિયત કરવું પડે છે. આ સમયે વીજળીનો અપૂરતો પુરવઠો સમસ્યારૂપ બને છે. બીજી એક સમસ્યા એ છે કે, આવડા મોટા કદનાં ફ્લાવર વેચવાનું મુશ્કેલ બને છે. ઘર ઉપયોગ માટે તો કોઈ ખરીદતું જ નથી. તેથી મોટી હોટેલો, છાત્રાલયનો આ ફ્લાવર ખરીદવા સંપર્ક કરવો પડે છે.

ફ્લાવરના વજનનો ૧૪ કિલોગ્રામનો વિશ્વ વિક્રમ તોડીને ગ્રીનીસ બુક ઑફ વર્લ્ડ રેકર્ડઝમાં સ્થાન પામવાની મહેચ્છા છે. આ ઉપરાંત ૧૦૦ કિલોગ્રામ વજનનું કોળું પેદા કરવાની ઈચ્છા છે. ('લોકસરવાણી'માંથી ટૂંકાવીને) -જગદીશપ્રસાદ પારીખ,

વૃદ્ધાવસ્થા અને સારું સ્વાસ્થ્ય

આપણે જુવાન હોઈએ છીએ ત્યારે મોજશૉખ તથા ખાણીપીણીની દરકાર કર્યા વિના અમુક કુટેવોને આવકારીએ છીએ. જુવાનીના જોશમાં આપણે એ ભૂલી જઈએ છીએ કે આ જ કુટેવો જો આપણા ઘડપણ સુધી ચાલુ રહી, તો તેનાં ભયંકર પરિણામો આવી શકે છે.

મીઠું એટલે નમક અને મીઠું એટલે ગળપણ બન્ને થાય છે અને આ બન્ને ચીજોનો અતિરેક માણસને અનેક દર્દોથી ઘેરી લે છે. ગળપણથી ડાયાબિટીઝ અને બાદમાં રક્તચાપ વધવાનો ભય રહે છે. જ્યારે નમકથી શરીરનું લોહી પાણી થતું જાય છે અને કિડની ઉપર ભયંકર અસર કરે છે. મોટા ભાગનાં કીડનીનાં દર્દો વધારે પડતા નમકના સેવનથી થાય છે.

આપણું દરેક અનાજ, ઘઉં બાજરો, જુવાર, કઠોળ તથા લીલાં શાકભાજી વગેરેમાં શર્કરા તથા નમકનું ઓછુંવત્તું પ્રમાણ હોય જ છે અને તેથી ઉપરથી રસોઈમાં નમક કે શર્કરા ન લો તો પણ ચાલી શકે છે. છતાં આપણામાંનાં લગભગ ૬૦ ટકા લોકો ઉપર મુજબ કરે છે અને રોગોને આમંત્રણ આપી, પોતાની

તબિયત બગાડતા જ રહે છે. અલબત્ત, દરેક માનવીને જીવવા માટે થોડા નમકની જરૂર પડે છે. નમકને સોડિયમ કહે છે. દાળ, ભાત, શાક, રોટલી વગેરે જેમાંથી બને છે તે દરેક અનાજમાં તથા દૂધમાં પણ અમુક પ્રમાણમાં સોડિયમ હોય જ છે. જે રોજિંદુ નમક આપણે વાપરીએ છીએ તેમાં એટલે કે સોડિયમ ક્લોરાઈડમાં સોડિયમની માત્રા ૪૦ ટકા અને ક્લોરાઈડની માત્રા ૬૦ ટકા છે. નમક-સોડિયમ શરીરમાં રહેલ લોહીમાં રક્તદાબ તથા તેના લોહીની વૉલ્યૂમ ઘટ્ટતાને સામાન્ય સ્થિતિમાં જાળવે છે.

નમક-સોડિયમની જરૂર છે, કારણ કે તે આપણા સ્નાયુઓ-જ્ઞાનતંતુઓને સરખી કામગીરી કરવા માટે પ્રતિબદ્ધ કરે છે. તદુપરાંત તે નસોમાં પાણીના સમતોલ પ્રમાણને જાળવી શકે છે. આહારમાં ૧૦૦૦ કેલરીએ ૧૦૦૦ મિલિગ્રામ સોડિયમ જરૂરી છે. પણ તેનો અતિરેક કરીએ તો ૨૦૦૦ મિલિગ્રામથી વધવું ન જોઈએ. જ્યારે આપણે મીઠું ખાવામાં જરા પણ કંજૂસાઈ કરતા નથી અને તેથી પક્ષઘાત, બ્લડપ્રેશર, હૃદયના રોગોનો સામનો કરવો પડે છે. નમકનો વપરાશ ખોરાકમાં ઓછો થાય તે માટે આપણે આહારમાં આપણી તબિયતને અનુકૂળ આવે તેવા પણ ખાસ જરૂરી ફેરફાર કરવા જોઈએ.

કાચાં અથાણાં-મીઠા વિનાનાં વધારે પ્રમાણમાં લ્યો અને તેમાં કાકડી, ટમેટાં, કોબી, મૂળા, મોગરી-મોગરા વગેરેને પ્રાધાન્ય આપો. આ કચૂંબરોમાં મરચાં તથા કોથમીર-ફુદીનો, તુલસીનાં પાનનો પણ મીઠું નાખ્યા વિના ઉપયોગ કરો તથા તેમાં વધારે સ્વાદ લાવવા માટે છાસ-દહીં કે લીંબુનો રસ નાખો. તીખાં, ખારાં ખાટાં અથાણાં, દરેક જાતના પાપડ (જેમાં સોડિયમનું ગુરુત્તમ પ્રમાણ છે), જાતજાતની સૉસની બનાવટો અને અલગ પ્રકારની ચટણીઓ ખાવાની બંધ કરો. દેખીતી રીતે તે સ્વાદિષ્ટ જરૂર લાગશે. પણ તબિયતને તે ઘણું નુકસાનકારક છે.

ખાસ કરીને વૃદ્ધોએ બહુ જ અલ્પ પ્રમાણમાં બજારની ખોરાકી વસ્તુઓનો ઉપયોગ કરવો. આ ચીજોમાં કંદોઈને ત્યાં મળતા દરેક જાતના સેવ-ગાંઠિયા-ચવાણું, ભુસું, દરેક જાતના ચેવડાને સદંતર બંધ કરવા જરૂરી છે. આમ, કરવાથી આપણી તબિયત જળવાશે. બજારમાં મળતા તૈયાર પદાર્થો, પૅક કરેલા ખાદ્યપદાર્થો, બિસ્કીટ ચીઝ-બટર, હળવાં તથા ભારે પીણાં દરેકમાં ઓછેવત્તે અંશે નમક આવે જ છે. વળી, ભારે પીણાંમાં તો ૩ ટકા આલ્કોહોલ પણ આવે છે તે શરીરને ધીમે ધીમે ગાળી નાખે છે.

વૃદ્ધ લોકોએ ફ્રીજનું પાણી, ઠંડાં પીણાં, આઈસક્રીમ વગેરેનો ત્યાગ કરવો જરૂરી છે. એને બદલે દૂધ, દહીં, લસ્સી કે લીંબુના કે ફક્ત થોડી સાકરના કે ગૉળના પાણીનો ઉપયોગ કરવો જોઈએ. તેઓએ ચા કે કૉફી યા ઉકાળો લેવો જ હોય, કે લેતા જ હોય તો, ચાલુ રાખી શકે છે. પણ તેના ઉપયોગનો અતિરેક ન થવો જોઈએ.

મીઠાંનો ઉપયોગ ધીમે ધીમે જ ઘટાડતા જવાનું હિતાવહ છે. મીઠું વધારે પડતું ખાવું એ ઝેર ખાવા બરાબર છે અને ડૉક્ટરો મીઠું ખાવાનું બંધ કરવા કહે ત્યારે બંધ કરવા કરતાં જ્યારે આપણી તંદુરસ્તી સારી છે, ત્યારે તેને ધીમે ધીમે ક્રમશઃ બંધ કરવું એ આપણા વયસ્કો-વૃદ્ધો માટે ખાસ જરૂરી છે.

('સ્વસ્થમાનવ'માંથી) -ડૉ. ચન્દ્રકાન્ત પાઠક

વિશ્વના મહાનુભાવો જેમની હત્યા કરવામાં આવી હતી

૧. ઈ.સ. ૧૮૬૫	અબ્રાહમ લિંકન	અમેરિકાના પ્રમુખ
૨. ઈ.સ. ૧૮૬૫	માલકોમ એક્સ	શ્યામ મુસ્લિમ નેતા
૩. ઈ.સ. ૧૮૮૧	જેમ્સ ગેરફીલ્ડ	અમેરિકાના પ્રમુખ
૪. ઈ.સ. ૧૮૮૧	ત્સાર એલેક્ઝાંડરબીજો	રશિયાના સર્વોપરી
૫. ઈ.સ. ૧૯૧૬	ગ્રીગોરી રેસ્પુતીન	—
૬. ઈ.સ. ૧૯૪૮	મોહનદાસ ગાંધી	ભારતના રાષ્ટ્રપિતા
૭. ઈ.સ. ૧૯૬૩	જ્હોન એફ કેનેડી	અમેરિકાના પ્રમુખ
*૮. ઈ.સ. ૧૯૬૮	માર્ટીન લ્યુથર કીંગ (જુનિયર)	અમેરિકાના શ્યામ અહિંસક નેતા
૯. ઈ.સ. ૧૯૮૦	સોમોઝા	નીકારા ગુઆના પદભ્રષ્ટ પ્રમુખ
૧૦. ઈ.સ. ૧૯૮૧	અનવર સદાત	ઈજીપ્તના પ્રમુખ
૧૧. ઈ.સ. ૧૯૮૩	બેનિગ્નો એકવીનો	ફીલીપાઈન્સનો વિરોધપક્ષનો વડો
૧૨. ઈ.સ. ૧૯૮૪	ઈંદિરા ગાંધી	ભારતના મુખ્ય પ્રધાન
૧૩. ઈ.સ. ૧૯૯૩	બંડારનાયક	શ્રીલંકાનાં વડાં પ્રધાન
૧૪. ઈ.સ. ૧૯૯૬	ઈટઝહક રેબિન	ઈઝરાઈલના મુખ્ય પ્રધાન

★ આઠમા ક્રમના માર્ટીન લ્યુથર જુનિ. ને ઈ.સ. ૧૯૬૪માં શાંતિ માટેનું નોબલ પ્રાઈઝ આપવામાં આવ્યું હતું. -સંજય ભટ્ટ

અનુસંધાન] કલાવૃત્ત [પૃ. ૧૨ઉથી

૧૯૯૧થી ૨૦૦૧ સુધીમાં નાનાંમોટાં અનેક ઇનામો મેળવ્યાં છે. અત્યાર સુધીમાં તેણે ત્રણ વૈયક્તિક પ્રદર્શનો યોજ્યાં છે અને બે ગ્રૂપ પ્રદર્શનોમાં ભાગ લીધો છે. તેનાં ચિત્રો જાહેર સંસ્થાઓમાં તથા ખાનગી સંગ્રહમાં સચવાયાં છે.

અમદાવાદની જાણીતી 'આર્ચર' સંસ્થાની નાની છતાં અદ્યતન ગૅલરીમાં રાજેશે તેનાં છેલ્લાં ચિત્રોનું વૈયક્તિક પ્રદર્શન યોજ્યું. નાનામોટા કદનાં આ ચિત્રોમાં રાજેશે એક્રિલિકનો કલાત્મક ઉપયોગ રંગરૂપો તથા પશ્ચાદ્ભૂ સર્જવામાં કર્યો છે. વળી, તે દ્વારા તેણે આકર્ષક વિવિધ પોતનું પણ સર્જન કર્યું છે. બહુધા તેણે પેલેટ નાઈફનો રંગરૂપવિધાન માટે આકર્ષક રીતે ઉપયોગ કર્યો છે. કલકત્તાના સમકાલીન ચિત્રકારોની સામાજિક સભાનતાથી પ્રભાવિત રાજેશે પણ તેનાં વર્તમાન ચિત્રોમાં શહેરની ફૂટપાટ પરના લોકોનું સંવેદનશીલ આલેખન કર્યું છે. -બં. દલાલ

તૃષ્ણાથી વાધતો શોક, તૃષ્ણાથી વાધતો ભય;
તૃષ્ણા જેની ગઈ છૂટી, એને ના શોક કે ભીતિ.

— ધમ્મપદ

દુષ્કાળના વખતમાં એક ખેડૂત મહારાજ સાહેબને બંગલે ગયો અને મહારાજના પગ પકડી ધ્રુસકે ધ્રુસકે રડવા લાગ્યો.

'ભાઈ, ઊભો થા.' મહારાજે કહ્યું અને રડવાનું કારણ પૂછ્યું. 'આ કપરા કાળમાં અમારા ખેતરની પરસેવાની નીપજ માથે જમાદારે દાનત બગાડી છે અને અડધો ભાગ રાજ માટે માગ્યો છે.' ખેડૂતે કહ્યું.

જમાદારની જોહુકમીથી મહારાજ સહસા ચોંકી ગયા અને જમાદારને તરત જ બોલાવી તેની પાસેથી રાજનો પટ્ટો પાછો લઈ લીધો અને નોકરીમાંથી રુખસદ આપી દીધી. આવા હતા ભાવનગરના મહારાજા કૃષ્ણકુમારસિંહજી

*

આજે ૨૨ દેશોમાં ૧૦,૦૦૦ આતંકવાદીઓ કાશ્મીરમાં આતંક ફેલાવી રહ્યાં છે. ઈ.સ. ૧૯૯૩થી આતંકવાદની પ્રવૃત્તિનો પ્રારંભ થયો. કાશ્મીરના આતંકવાદીઓમાં અફઘાનિસ્તાન, સુદાન, તુર્કસ્તાન, ઈરાક, ઈરાન, યમન, ચેચન્યા, સાઉદી અરેબિયા, બાંગ્લાદેશ, પાકિસ્તાન અને પાકિસ્તાન હેઠળના કાશ્મીર પ્રદેશના લોકો આતંકવાદ ફેલાવે છે. આમાં ધનની લાલચમાં કેટલાક માનવબૉમ્બ બને છે. ડૉક્ટરો અને ઇજનેરો પણ આ વિનાશકારી પ્રવૃત્તિમાં સંકળાયેલા છે.

*

કારેલાંનાં પાંદડાંના રસમાં મોટી હરડે ઘસીને તેનું મિશ્રણ સવાર-સાંજ પીવાથી કમળાના રોગમાં ઘણો ફાયદો થાય છે.

*

ડૉક્ટર : 'આ દવા લો અને અઠવાડિયું આરામ કરો.'
દર્દી : 'દવા લઉં કે આરામ કરું ?'
ડૉક્ટર : 'બન્ને કરો.' દર્દી : 'નહીં પોસાય સાહેબ. આ દવાના પૈસા ભેગા કરવા મારે મહિનો ઓવરટાઈમ કરવો પડશે.'

असंतोषमविश्वासमारम्भं दुःखकारणम् ।
मत्वा मूर्च्छाफलं कुर्यात् परिग्रहनियन्त्रणम् ॥

અસંતોષ, અવિશ્વાસનો આરંભ એ દુઃખનું કારણ છે તથા મૂર્ચ્છાનું ફળ છે, માટે તેના પરિગ્રહનું નિયંત્રણ કરવું. (હેમચન્દ્રાચાર્ય)

ઈંગ્લૅન્ડના માજી વડાપ્રધાન ચર્ચિલને જુદાજુદા પ્રકારની સિગારેટ અને હૅટ ભેગી કરવાનો ગજબનો શૉખ હતો. એ જ્યાં જ્યાં જતા ત્યાંથી સિગારેટ અને હૅટ એકત્ર કરતા. એક વાર એમને ત્યાં આવેલા મોંઘેરા મહેમાનના માથેથી એમણે હૅટ છીનવી લીધી હતી અને એ વિદેશી મહેમાનની નારાજગીની જરાય દરકાર કરી નહોતી.

*

ભારતમાં મોગલો આવ્યા પછી શિકારી પક્ષી પાળવાનો શૉખ વધ્યો હતો. મહારાજા રણજિતસિંહને બાજ પક્ષીનો શૉખ હતો અને તેમના ચીતરેલા દરેક ચિત્રમાં બાજનું ચિત્ર અવશ્ય જોવા મળતું. આજે પણ પંજાબનું રાજ્ય-પક્ષી 'ઈસ્ટર્ન ગોશ હૉક' છે.

*

વિજ્ઞાનીઓના કહેવા મુજબ વિશ્વનું સૌથી પ્રાચીન વૃક્ષ રૂજેન નામના બેટ પર આવેલું છે, જે આશરે ૭૦૦૦ વર્ષ કરતાં પણ જૂનું હોવાનું મનાય છે.

*

૧૧મી સપ્ટેમ્બર ૨૦૦૧ના ન્યૂ યૉર્કમાં આતંકવાદી હુમલો થતાં સી.એન.એને. એક સાથે ૩૪ સેન્ટરોમાં અંગ્રેજીમાં અવિરત પ્રસારણ કરવાની સૂચના આપી હતી. ડાયેનાની અંતિમવિધિ, અમેરિકાના પ્રમુખની ચૂંટણી તથા ફ્લોરિડાની પુનઃ મતગણતરી બાદ સતત એક જ વિષય પર સૌથી લાંબો સમય ચાલેલું આ લાઈવ કવરેજ છે.

*

ચાંદીનાં ઘરેણાં કાળાં પડતાં અટકાવવા તેની સાથે ફટકડીનો ટુકડો રાખી મૂકવો.



તમને કેવી રીતે ખબર પડી કે હું અમેરિકાની સાથે સાથે મૅક્સિકોની યાત્રાએ પણ જઈ આવ્યો ?

*

કલાકણિકા : જર્મનીમાં સોનબર્ગમાં રમકડાંના એક સંગ્રહાલયમાંની કાપડમાંથી બનાવેલી ભારતીય ઢીંગલી, જે સંભવતઃ વીસમી સદીના મધ્ય ભાગની છે.

